શ્રી વીતરાગાય નમઃ



ઉપ્પનેઈવા

વિગમેઈવા

ધુવેઈવા

# શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર

**ગુરુપ્રાણ આગમ બત્રીસી**

**આશીર્વાદ દાતા : તપસ્વી ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મહારાજ સાહેબ**

**પ્રધાન સંપાદિકા : અપૂર્વ શ્રુત આરાધક પૂ. શ્રી લીલમબાઈ મહાસતીજી**

# સ્વ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. ના હસ્તાક્ષરો

સએણ દુક્ખેણ મૂઢે વિપ્પરિયાસમુવેઇ

આચા. અ. ૨ ઉ. ૬

મોહ અને અજ્ઞાનના કારણે ભોગોમાં રહેલા મૂઢ પ્રાણી પોતાના કરેલા કર્મોને કારણે દુઃખ પામવા છતાં દુઃખનો [illegible] કરતા રહેલા દુઃખનો સંયોગ પામે છે કર્મોના કારણે આવું કરવાના પ્રયત્નમાં [illegible] સંયોગ પામે છે

પોતાના દુઃખથી મૂઢ વિપરીત સ્થિતિને પ્રાપ્ત કરે છે

॥ પવડ્ઢતી વેરં અસંજતસ્સ ॥ સૂય. અ. ૧૦ ગા. ૧૭

જે પોતાની ઈન્દ્રિયો અને મન પર કાબુ રાખતા નથી તે અસંયમી છે પ્રતિદિન વિવિધ પ્રાણીઓના સાથ [illegible] વૈર વિરોધ અને શત્રુતા અસંયમના કારણે તેનો વૈર વધતો રહે છે - (અસંજતીના કારણે વેર વધે છે.)

# આગમ શાસ્ત્ર

આગમ શાસ્ત્ર



શ્રી વીતરાગાય નમઃ

ગોંડલ ગચ્છ જયવંત હો

પૂ. શ્રી ડુંગર - દેવ - જય - માણેક - પ્રાણ - રતિ ગુરુભ્યો નમઃ

## શ્રી ગુરુ પ્રાણ આગમ બત્રીસી

સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. ની ચીર સ્મૃતિ તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ. સા. મહાપ્રયાણ દશાબ્દીવર્ષ ઉપલક્ષ

ગણધર રચિત નવમું અંગ

# શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર

(મૂળપાઠ, ભાવાર્થ, વિવેચન, પરિશિષ્ટ)

**: પાવન નિશ્રા :**
ગોંડલ ગચ્છ શિરોમણી પરમદાર્શનિક **પૂ. શ્રી જયંતમુનિ મ. સા.**

**: સંપ્રેરક :**
વાણીભૂષણ **પૂ. શ્રી ગિરીશમુનિ મ. સા.** અને આગમ દિવાકર **પૂ. જનકમુનિ મ. સા.**

**: પ્રકાશન પ્રેરક :**
ધ્યાનસાધક **પૂ. શ્રી હસમુખમુનિ મ. સા.** અને શાસનઅરુણોદય **પૂ. શ્રી નમ્રમુનિ મ.સા.**

**: શુભાશિષ :**
મંગલમૂર્તિ પૂજ્યવરા
પૂ. શ્રી મુક્તાબાઈ મ.

**: અનુવાદિકા :**
પૂ. શ્રી સન્મતિબાઈ મ.

**: પ્રધાન સંપાદિકા :**
અપૂર્વ શ્રુત આરાધક
પૂ. શ્રી લીલમબાઈ મ.

**: પરામર્શ પ્રયોજિકા :**
ઉત્સાહધરા
પૂ. શ્રી ઉષાબાઈ મ.

**: સહ સંપાદિકા :**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ.
તથા સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

: પ્રકાશક :
શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન

PARASDHAM

પારસધામ, વલ્લભબાગ લેન, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

: આગમ પ્રકાશન પ્રારંભ :
ઈ. સ. ૧૯૯૭ - ૧૯૯૮ **પૂ. શ્રી પ્રાણગુરુ જન્મશતાબ્દી વર્ષ• ગુરુપ્રાણ ફાઉન્ડેશન, રાજકોટ.**

---

પુનઃ પ્રકાશન - ઈ. સ. ૨૦૦૯
**પ્રકાશક : શ્રી ગુરુ પ્રાણ પ્રકાશન, પારસધામ, ઘાટકોપર**

પ્રથમ આવૃત્તિ પ્રત : ૧૦૫૦ ★ દ્વિતીય આવૃત્તિ પ્રત : ૧૦૦૮
પ્રકાશન તારીખ : આસોવદ અમાસ - વીર નિર્વાણ કલ્યાણક તથા
તપસમ્રાટ ગુરુદેવ પૂજ્ય શ્રી રતિલાલજી મ. સા. જન્મદિન

ગુરુ પ્રાણ પ્રકાશન

શ્રી પરાગભાઈ શાહ • શ્રી શૈલેષભાઈ દેસાઈ • શ્રી બર્જીશભાઈ દેસાઈ
શ્રી સુમતિભાઈ શાહ • શ્રી ગિરીશભાઈ શાહ • શ્રી જિતેનભાઈ શાહ

**પ્રાપ્તિ સ્થાન :**

**www.parasdham.org ★ www.jainaagam.org**

૧. મુંબઈ -

**પારસધામ**
વલ્લભબાગ લેન,
ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭
ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

2. U. S. A. -

**Girish P. Shah**
4048, Twyla Lane, Campbell
CA - 95008-3721. U.S.A.
Ph. : (India) 09867054439
(U.S.A) 001- 408-373-3564

૩. રાજકોટ -

**શેઠ ઉપાશ્રય**
પ્રસંગ હોલ પાછળ,
૧૫૦ ફુટ રીંગ રોડ,
કાલાવડ રોડ,રાજકોટ - ૩૬૦૦૦૫
ફોન - ૯૮૨૪૦૪૩૭૬૯

૪. વડોદરા -

**શ્રી હરેશભાઈ લાઠીયા**
ગૌતમ, ૧૨, પંકજ સોસાઈટી,
નર્મદા ગેસ્ટ હાઉસની સામે,
ઈલોરા પાર્ક, વડોદરા - ૩૯૦૦૨૩
ફોન - ૯૮૨૪૦૫૮૪૮૯

---

મુદ્રક : શિવકૃપા ઑફસેટ પ્રિન્ટર્સ, અમદાવાદ - ફોન : ૦૭૯-૨૫૬૨૩૮૨૮

અ ર્પ ણ

સૌરાષ્ટ્ર કેસરી

બા. બ્ર. પૂ. ગુરુદેવ

શ્રી પ્રાણલાલજી મ. સા. ને અનન્ય શ્રદ્ધાભાવે..

## સમર્પણ

મારા હૃદય સિંહાસને રાજ કરતા
રાજેશ્વરી ઓ ગુરુપ્રાણ !
આપે મને સંસારનો રાગ છોડાવી
સંયમના અનુરાગી બનાવી.
જડ–ચેતનની ભેદની ભીંતો
ભાંગવા ભૂષિત બનાવી
સંયમ બીજ રોપી આત્મવૃક્ષને
ફાલ્યું ફૂલ્યું બનાવ્યું.
મીનતા, સુવિનીતતી, શ્રેયતા, શ્વેતતાનાં
ફળ ફૂલ ખીલવ્યાં,
સંયમની સેજ પર સન્મતિના સાજ સજાવ્યા
ત્યાગનો તાજ પહેરાવી આત્મિક રાજ મેળવાવ્યા,
સ્વરૂપ રમણતાના સૂર સંભળાવી,
સ્વરૂપદષ્ટા બનાવ્યા અનંતની જ્યોતમાં
જ્યોત મિલાવવા તત્પર એવા મારા ગુરુદેવનાં
સ્મૃતિરૂપ કરકમલોમાં
અનુત્તરોપપાતિક સૂત્રના અનુવાદનું અર્ઘ્ય ધરું છું.

- પૂ. મુક્ત - લીલમ ગુરુણીના સુશિષ્યા
સાધ્વી સન્મતિજી

## તપ સમ્રાટ તપસ્વી ગુરુદેવ પૂ. રતિલાલજી મ. સા. ના

# આશીર્વચન

ગુરુ મહારાજની
જન્મ શતાબ્દી નિમિત્તે
આગમોનું પ્રકાશન થઈ રહ્યું છે,
તેનો મને આનંદ છે,
તમે સહુ સાધ્વીવૃંદ આગમનો અભ્યાસ કરી,
તેનાં મૂળભૂત તત્ત્વોને સમજો,
જીવનને પંચાચારમય બનાવો,
સમાજમાં જૈન ધર્મનો પ્રચાર કરો.
ગુરુ મહારાજના નામને અમર બનાવો અને
સંયમી જીવનને સફળ બનાવો.
એ જ મારા અંતરના આશીર્વાદ છે.

*મારી સાથે ચાતુર્માસ અર્થે રોયલ પાર્ક સંઘમાં બિરાજમાન સાધ્વીવૃંદ*
*ભગવાન મહાવીરની વાણીને સમગ્ર વિશ્વમાં*
*ગૂંજતી કરે તેવા શુભાશિષ.*

**– મુનિ રતિલાલ**
**તા. ૧૪/૯/૯૭**
**રોયલ પાર્ક ઉપાશ્રય,**
**રાજકોટ.**

ગોંડલ ગચ્છ શિરોમણિ પૂ. શ્રી જયંતમુનિ મ. સા. ના સ્વહસ્તાક્ષરે

# આશીર્વચન

ૐ હ્રીં

ૐ ણમો ણાણસ્સ

અત્ર અનુજ્ઞાપયતે વચંચ અનુમન્યતે ચ
યદ્ "ગુરુપ્રાણ આગમ બત્રીશી" પુનર્પ્રકાશનં
અવશ્યં કાર્યં । ઇદં મહા કાર્યં પૂજ્ય —
ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય
નમ્રમુનિના પ્રારભ્યતે ઇતિ મમ ભાવઃ
અત્ર કાઽપિ દોષો ન સ્યાત્ ઇતિ સદ—
વિશ્વાસેન અનુમોદનં ક્રિયતે—
શુભં સ્યાત્
ઇતિ આશીર્વચનં અપિ
સુન્દરં સ્યાત્
અર્પિતે —

આનંદ મંગલમ્

૨૭-૪-૨૦૦૯
અક્ષયતૃતીયા
સોમવાર

હું આજ્ઞા આપું છું તથા આ કાર્યને સ્વીકૃતિ આપું છું કે ગુરુપ્રાણ આગમ બત્રીસીનું પુનઃ પ્રકાશન અવશ્ય કરવું જોઇએ. આ મહાકાર્ય પૂજ્ય ગોંડલ ગચ્છ કીર્તિધર અરુણોદય શ્રી નમ્રમુનિ પ્રારંભ કરે, આ મારા ભાવ છે. આ કાર્યની અનુમોદના કરું છું.

આનંદ મંગલમ્.

શુભ થાઓ... સુંદર થાઓ...
આ આશીર્વચન અર્પિત કરું છું.

તા. ૨૭-૦૪-૨૦૦૯
અક્ષયતૃતીયા - સોમવાર.

# ગુરુપ્રાણ આગમ બત્રીસી
# અનુવાદિકા
# મહાસતીજીઓ

**પ્રધાન સંપાદિકા ભાવયોગિની**
બા. બ્ર. પૂ. શ્રી લીલમબાઈ મ.
**સહસંપાદિકા**
ડૉ. સાધ્વી શ્રી આરતીબાઈ મ. તથા
સાધ્વી શ્રી સુબોધિકાબાઈ મ.

**સાંનિધ્ય**
પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
પૂ. શ્રી ગિરીશચન્દ્રજી મ. સા.
**જ્ઞાનદાનના સંપૂર્ણ સહયોગી**
પૂ. શ્રી ત્રિલોકમુનિ મ. સા.

| સૂત્રનું નામ | અનુવાદિકા |
|---|---|
| શ્રી આચારાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. હસુમતીબાઈ મ., પૂ. પુષ્પાબાઈ મ. |
| શ્રી સૂયગડાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. ઉર્મીલાબાઈ મ. |
| શ્રી ઠાણાંગ સૂત્ર (ભાગ ૧–૨) | પૂ. વીરમતીબાઈ મ. |
| શ્રી સમવાયાંગ સૂત્ર | પૂ. વનીતાબાઈ મ. |
| શ્રી ભગવતી સૂત્ર (૧ થી ૫ ભાગ) | પૂ. ડૉ. આરતીબાઈ મ. |
| શ્રી જ્ઞાતા સૂત્ર | પૂ. સુમનબાઈ મ. |
| શ્રી ઉપાસકદશાંગ સૂત્ર | પૂ. ઉર્વશીબાઈ મ. |
| શ્રી અંતગડદશાંગ સૂત્ર | પૂ. ભારતીબાઈ મ. |
| શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર | પૂ. સન્મતિબાઈ મ. |
| શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર | પૂ. સુનિતાબાઈ મ. |
| શ્રી વિપાક સૂત્ર | પૂ. ઉષાબાઈ મ. |
| શ્રી ઉવવાઈ સૂત્ર | પૂ. કલ્પનાબાઈ મ. |
| શ્રી રાજપ્રશ્નીય સૂત્ર | પૂ. બિંદુ–રૂપલ દ્વય મ. |
| શ્રી જીવાભિગમ સૂત્ર | પૂ. પુનિતાબાઈ મ. |
| શ્રી પ્રજ્ઞાપના સૂત્ર (ભાગ–૧ થી ૩) | પૂ. સુધાબાઈ મ. |
| શ્રી જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂત્ર | પૂ. મુક્તાબાઈ મ. |
| શ્રી જ્યોતિષગણરાજ પ્રજ્ઞપ્તિ સૂત્ર (ચંદ્રપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ) | પૂ. રાજેમતીબાઈ મ. |
| શ્રી ઉપાંગસૂત્ર (શ્રી નિરયાવલિકાદિ) | પૂ. કિરણબાઈ મ. |
| શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર (ભાગ–૧, ૨) | પૂ. ડૉ. અમિતાબાઈ મ. પૂ. સુમતિબાઈ મ. |
| શ્રી દશવૈકાલિક સૂત્ર | પૂ. ગુલાબબાઈ મ. |
| શ્રી નંદી સૂત્ર | પૂ. પ્રાણકુંવરબાઈ મ. |
| શ્રી અનુયોગદ્વાર સૂત્ર | પૂ. સુબોધિકાબાઈ મ. |
| શ્રી નિશીથ સૂત્ર | પૂ. લીલમબાઈ મ. |
| શ્રી ત્રણ છેદ સૂત્ર | પૂ. ડૉ. ડોલરબાઈ મ. |
| શ્રી આવશ્યક સૂત્ર | પૂ. રૂપાબાઈ મ. |

**સિંહ સમા પરાક્રમી, હંસ સમા ઉજ્જવલ યશોમૂર્તિ, સૌરાષ્ટ્ર કેસરી પૂજ્ય ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા. નાં શ્રી ચરણોમાં શતગુણ**

# પ્રણામાંજલિ




**શતાદિ સદ્‌ગુણાલંકૃત તવ વપુઃ ભૂયાદ્ ભવાલંબનમ્**

પૂ. શ્રી ડુંગર-દેવ-જય-માણેક-પ્રાણ-રતિ-જગ-ગુરુભ્યો નમઃ

પૂ. હીર-વેલ-માન-દેવ-ઉજમ-ફૂલ-મોતી-આમ્ર-અમૃત-ગુરુણીભ્યો નમઃ

# ગોંડલ સંપ્રદાય-ગુરુપ્રાણ રતિ પરિવાર

## મંગલ મનીષી મુનિવરો
## શાસ્ત્ર શુશ્રૂષિકા શ્રમણીવૃંદ

૦૧. પૂ. શ્રી જયંતમુનિ મ. સા.
૦૨. પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ.સા.
૦૩. પૂ. શ્રી જનકમુનિ મ.સા.
૦૪. પૂ. શ્રી જગદીશમુનિ મ.સા.
૦૫. પૂ. શ્રી હસમુખમુનિ મ.સા.
૦૬. પૂ. શ્રી મનહરમુનિ મ. સા.
૦૭. પૂ. શ્રી ગજેન્દ્રમુનિ મ. સા.
૦૮. પૂ. શ્રી સુશાંતમુનિ મ. સા.
૦૯. પૂ. શ્રી નમ્રમુનિ મ. સા.
૧૦. પૂ. શ્રી પીયુષમુનિ મ. સા.

૦૧. પૂ. ગુલાબબાઈ મ.
૦૨. પૂ. પ્રાણકુંવરબાઈ મ.
૦૩. પૂ. લલિતાબાઈ મ.
૦૪. પૂ. લીલમબાઈ મ.
૦૫. પૂ. વિમળાબાઈ મ.
૦૬. પૂ. હંસાબાઈ મ.
૦૭. પૂ. પુષ્પાબાઈ મ.
૦૮. પૂ. વિજયાબાઈ મ.
૦૯. પૂ. તરૂલતાબાઈ મ.
૧૦. પૂ. જસવંતીબાઈ મ.
૧૧. પૂ. વસુબાઈ મ.
૧૨. પૂ. પ્રભાબાઈ મ.
૧૩. પૂ. લતાબાઈ મ.
૧૪. પૂ. ભદ્રાબાઈ મ.
૧૫. પૂ. સુમિત્રાબાઈ મ.
૧૬. પૂ. સાધનાબાઈ મ.
૧૭. પૂ. અરુણાબાઈ મ.
૧૮. પૂ. સરલાબાઈ મ.
૧૯. પૂ. વનિતાબાઈ મ.
૨૦. પૂ. દીક્ષિતાબાઈ મ.
૨૧. પૂ. ધીરમતીબાઈ મ.
૨૨. પૂ. રાજેમતીબાઈ મ.
૨૩. પૂ. હસુમતીબાઈ મ.
૨૪. પૂ. સુમતિબાઈ મ.
૨૫. પૂ. અનુમતિબાઈ મ.
૨૬. પૂ. વીરમતીબાઈ મ.
૨૭. પૂ. યશોમતીબાઈ મ.
૨૮. પૂ. જ્ઞાનશીલાબાઈ મ.
૨૯. પૂ. દર્શનશીલાબાઈ મ.
૩૦. પૂ. વિનોદીનીબાઈ મ.
૩૧. પૂ. પ્રજ્ઞાબાઈ મ.
૩૨. પૂ. પ્રિયદર્શનાબાઈ મ.
૩૩. પૂ. કૃપાબાઈ મ.
૩૪. પૂ. મીરાબાઈ મ.
૩૫. પૂ. કુંદનબાઈ મ.
૩૬. પૂ. જ્યોતિબાઈ મ.
૩૭. પૂ. પ્રીતિસુધાબાઈ મ.
૩૮. પૂ. મીનળબાઈ મ.
૩૯. પૂ. મનીષાબાઈ મ.
૪૦. પૂ. કિરણબાઈ મ.
૪૧. પૂ. હસ્મિતાબાઈ મ.
૪૨. પૂ. શૈલાબાઈ મ.
૪૩. પૂ. ઉર્મિબાઈ મ.
૪૪. પૂ. સુધાબાઈ મ.
૪૫. પૂ. ઉર્વશીબાઈ મ.
૪૬. પૂ. સ્મિતાબાઈ મ.
૪૭. પૂ. ઉર્મિલાબાઈ મ.
૪૮. પૂ. ડોલરબાઈ મ.
૪૯. પૂ. કલ્પનાબાઈ મ.
૫૦. પૂ. સંગીતાબાઈ મ.
૫૧. પૂ. નંદાબાઈ મ.
૫૨. પૂ. સુનંદાબાઈ મ.
૫૩. પૂ. જયેશાબાઈ મ.
૫૪. પૂ. અર્ચિતાબાઈ મ.
૫૫. પૂ. અજિતાબાઈ મ.
૫૬. પૂ. અમિતાબાઈ મ.
૫૭. પૂ. પુનિતાબાઈ મ.
૫૮. પૂ. સુનિતાબાઈ મ.
૫૯. પૂ. ગીતાબાઈ મ.
૬૦. પૂ. વિદુબાઈ મ.
૬૧. પૂ. તરુબાઈ મ.
૬૨. પૂ. મીનાબાઈ મ.
૬૩. પૂ. પૂર્ણાબાઈ મ.
૬૪. પૂ. રશ્મિતાબાઈ મ.
૬૫. પૂ. બિંદુબાઈ મ.
૬૬. પૂ. વિરલબાઈ મ.
૬૭. પૂ. રૂપલબાઈ મ.
૬૮. પૂ. તેજલબાઈ મ.
૬૯. પૂ. સુજીતાબાઈ મ.
૭૦. પૂ. સ્વાતિબાઈ મ.
૭૧. પૂ. શ્વેતાબાઈ મ.
૭૨. પૂ. રેણુકાબાઈ મ.
૭૩. પૂ. નલિનીબાઈ મ.
૭૪. પૂ. રક્ષિતાબાઈ મ.
૭૫. પૂ. રોશનીબાઈ મ.
૭૬. પૂ. અંજીતાબાઈ મ.
૭૭. પૂ. સંજીતાબાઈ મ.
૭૮. પૂ. સંઘમિત્રાબાઈ મ.
૭૯. પૂ. આરતીબાઈ મ.
૮૦. પૂ. રૂપાબાઈ મ.
૮૧. પૂ. મિતલબાઈ મ.
૮૨. પૂ. શ્રેયાબાઈ મ.
૮૩. પૂ. શ્રીદત્તાબાઈ મ.
૮૪. પૂ. શ્રુતિબાઈ મ.
૮૫. પૂ. ભાવનાબાઈ મ.
૮૬. પૂ. ભવિતાબાઈ મ.
૮૭. પૂ. જીજ્ઞેષાબાઈ મ.
૮૮. પૂ. શ્રેયાંસીબાઈ મ.
૮૯. પૂ. પરિજ્ઞાબાઈ મ.
૯૦. પૂ. શ્વેતાંસીબાઈ મ.
૯૧. પૂ. સુબોધિકાબાઈ મ.
૯૨. પૂ. શીલાબાઈ મ.
૯૩. પૂ. હેમાંશીબાઈ મ.
૯૪. પૂ. નમ્રતાબાઈ મ.
૯૫. પૂ. પત્રાબાઈ મ.
૯૬. પૂ. પૂર્વીબાઈ મ.
૯૭. પૂ. જાગૃતિબાઈ મ.
૯૮. પૂ. પ્રબોધિકાબાઈ મ.
૯૯. પૂ. પ્રિયલબાઈ મ.
૧૦૦. પૂ. સ્વરૂપાબાઈ મ.
૧૦૧. પૂ. સુહાનીબાઈ મ.
૧૦૨. પૂ. હૃદયાબાઈ મ.
૧૦૩. પૂ. વૈદેહીબાઈ મ.
૧૦૪. પૂ. ભવ્યાંશીબાઈ મ.
૧૦૫. પૂ. જયણાબાઈ મ.
૧૦૬. પૂ. સંબોહીબાઈ મ.
૧૦૭. પૂ. ભવ્યાનીબાઈ મ.

# શ્રુત સેવાનો સત્કાર

## શ્રુતાધાર (મુખ્યદાતા)

## કુમાર કુશાન ગિરીશભાઈ જોષી, કુ. વિધિ ગિરીશભાઈ જોષી
## શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોષી

અહંના અંધકારમાં અટવાયેલા અગિયાર – અગિયાર બ્રાહ્મણ પંડિતોના જીવનમાં પરમાત્મા મહાવીરનો પ્રવેશ પ્રભાત પ્રગટાવનારો બન્યો. અગિયારે બ્રાહ્મણો પરમાત્મા મહાવીરના જ્ઞાનપ્રકાશ દ્વારા ધબકતા – ચમકતા આત્મતત્ત્વને પામી ગણધર પદથી અલંકૃત બન્યા.

નિરાશા, હતાશાના, શોક – સંતાપના અંધકારમાં અટવાઈ ગયેલા, નિષ્પ્રાણ બની ગયેલા શ્રી ગિરીશભાઈ અને નીલાબેનના જીવનમાં પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. નો પ્રવેશ આત્મ ચેતનાને ઝંકૃત કરનારો બન્યો.

આ બ્રાહ્મણ દંપતીનું ગૃહસ્થ જીવનરૂપી વૃક્ષ ઈ.સ. ૧૯૭૭ માં કુમાર કુશાનના અને ૧૯૯૧ માં કુ. વિધિના જન્મે પલ્લવિત, પુષ્પિત, પ્રફુલ્લિત બની ગયું. લીલુછમ, હર્યું – ભર્યું આ વૃક્ષ કાળની થપાટે સુકાઈને શુષ્ક બની ગયું. અચાનક જ ઈ. સ. ૧૯૯૧ માં સુપુત્રી વિધિ અને ઈ. સ. ૨૦૦૧ માં કુશાને આ દુનિયામાંથી વિદાય લઈ લીધી અને આ દંપતિ પર વજ્રઘાત થયો.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ના પોઝીટીવ વાઈબ્રેશને તેઓના સંતપ્ત હૃદયને શીતલતાનો અનુભવ કરાવ્યો, સંવેદનહીન તેઓને સંવેદનશીલ બનાવ્યા, જડ જેવા બની ગયેલા તેમના જીવનમાં ચેતના પ્રગટાવી, હૃદયના શૂન્યાવકાશમાં પ્રાણ પૂરાયો અને તેમનું જીવન જ નહીં જીવ બદલાઈ ગયો. ગુરુદેવે ભ્રમ અને ભ્રમણામાંથી બહાર કાઢી જીવનની સત્યતાના, વાસ્તવિક્તાના દર્શન કરાવ્યા.

અનંત – અનંત ઉપકારી ગુરુદેવના ૩૯ મા જન્મદિને પરમાત્માના જ્ઞાનદીપને પ્રજ્વલિત રાખવા સવાયા જૈન બની આગમ પ્રકાશનના શ્રુતાધાર બની ધન્યભાગી બન્યા છો. તમારી શ્રુતભક્તિને લાખો – લાખો ધન્યવાદ છે.

**ગુરુપ્રાણ પ્રકાશન**

PARASDHAM

# શાસ્ત્ર સ્વાધ્યાય સદ્વિવેક

- તીર્થંકર પ્રભુના પવિત્ર ઉપદેશરૂપ આગમગ્રંથો દરેક ધર્મનિષ્ઠ સ્વાધ્યાયપ્રેમી શ્રમણોપાસકે પોતાના ઘરમાં વસાવવા જોઈએ.
- તીર્થંકરોની અનુપસ્થિતિમાં તીર્થંકરોના ઉપદેશરૂપ ગ્રંથો સાક્ષાત્ તીર્થંકર તુલ્ય માનીને આગમગ્રંથોને ઘરમાં કબાટ કે શોકેશમાં સુવ્યવસ્થિત રૂપે રાખવા.
- પ્રતિદિન તીર્થંકરોને સ્મૃતિપટ પર લાવી અહોભાવપૂર્વક ત્રણ ભાવ વંદન કરવા .
- ઘરના સદસ્યોએ સાથે મળી શ્રધ્ધાપૂર્વક આગમવાંચન કરવું.
- વિનય ધર્મનું મૂળ છે તેથી શાસ્ત્ર સ્વાધ્યાય માટે ગુરુની આજ્ઞા લેવી.
- ૩૨ આગમગ્રંથોમાંથી કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસના પ્રથમ અને ચોથા પ્રહરમાં અને ઉત્કાલિક સૂત્રના મૂળપાઠનો સ્વાધ્યાય અસ્વાધ્યાય કાલને છોડીને એટલે કે બે સંધ્યા અને બે મધ્યાહ્ન કાલીન ૪૮ મિનિટને છોડીને ગમે ત્યારે કરી શકાય છે.
- પ્રાતઃ ઉષાકાલ, સંધ્યાકાલ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિએ બે – બે ઘડી શાસ્ત્રનો મૂળપાઠ વાંચવો નહીં.
- ૩૨ અસ્વાધ્યાયમાં શાસ્ત્ર સ્વાધ્યાય થાય નહીં.
- ઘરમાં સંડાસ – બાથરૂમ હોય, સ્ત્રીઓને માસિકધર્મ હોય, વગેરે કારણોથી ઘરમાં આગમ રાખવાથી અશાતના થાય, તેવી માન્યતા યોગ્ય નથી કારણકે સાધ્વીજી પોતાની પાસે આગમ ગ્રંથો રાખે છે.
- માસિક ધર્મવાળા બહેનોએ શાસ્ત્રના મૂળપાઠનો સ્વાધ્યાય કરવો નહીં. તે વ્યક્તિની સામે પણ સ્વાધ્યાય કરવો નહીં. તેનાથી દૂર અલગ સ્થાનમાં બેસીને સ્વાધ્યાય કરી શકાય છે. ગુજરાતી અનુવાદ, ભાવાર્થ, વિવેચન, માસિક ધર્મમાં પણ બહેનો વાંચી શકે છે. તેમાં કોઈ જાતની અશાતના નથી.
- **આ સમસ્ત નિયમો મૂળપાઠ વાંચવા કે સ્વાધ્યાય કરવા માટેના છે.** કેવળ શાસ્ત્રોના ગુજરાતી ભાવાર્થ વાંચવા હોય, તો ઉપરોક્ત નિયમો લાગુ પડતા નથી.
- આગમગ્રંથોના આધારે જ ભૂતકાલમાં અનંત જીવોએ આત્મકલ્યાણ કર્યું છે. આગમગ્રંથોના આધારે જ પાંચમા આરાના અંત સુધી જિનશાસન જયવંતું રહેશે. તેથી આગમગ્રંથોનું સંપૂર્ણતઃ બહુમાન જાળવવું.

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ટાંક |
|---|---|
| પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા. જીવન દર્શન | 10 |
| પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા. જીવન દર્શન | 12 |
| પૂ. શ્રી રતિલાલજી મ. સા. જીવન દર્શન | 14 |
| પૂર્વ પ્રકાશકના બે બોલ | 16 |
| પુનઃ પ્રકાશકના બે બોલ | 18 |
| અભિગમ | 20 |
| સંપાદકીય | 25 |
| સંપાદન અનુભવ | 28 |
| અનુવાદિકાની કલમે | 30 |
| ૩૨ અસ્વાધ્યાય | 46 |
| **શાસ્ત્ર પ્રારંભ** | |
| **વર્ગ - ૧ અધ્યયન - ૧** | |
| અનુત્તરોપપાતિક સૂત્ર પરિચય | ૨ |
| જાલિકુમારનું પુણ્યશાળી જીવન | ૪ |
| જાલિકુમારની દીક્ષા – સંયમ સાધના | ૫ |
| જાલિ અણગારનું ભવિષ્ય | ૬ |
| **વર્ગ - ૧ - અધ્યયન : ૨ થી ૧૦** | |
| મયાલિ આદિ કુમાર | ૯ |
| **વર્ગ - ૨ - અધ્યયન : ૧ થી ૧૩** | |
| દીર્ઘસેન આદિ કુમાર | ૧૧ |
| **વર્ગ - ૩ - અધ્યયન : ૧** | |
| ધન્યકુમાર | ૧૪ |
| ધન્યકુમારની દીક્ષા, તપસ્યાનો અભિગ્રહ | ૨૭ |
| ધન્યકુમારની અંતિમ આરાધના અને સર્વાર્થસિદ્ધગમન | ૪૬ |
| ધન્યકુમારનું ભવિષ્ય | ૪૮ |
| **વર્ગ - ૩ - અધ્યયન : ૨** | |
| સનક્ષત્રની સમૃદ્ધિ અને સંયમ તપ | ૫૦ |
| **વર્ગ - ૩ - અધ્યયન : ૩ થી ૧૦** | |
| ઈસિદાસ આદિ | ૫૩ |
| **પરિશિષ્ટ** | |
| ૧. પ્રથમ વર્ગ કોષ્ટક | ૫૬ |
| ૨. દ્વિતીય વર્ગ કોષ્ટક | ૫૭ |
| ૩. તૃતીય વર્ગ કોષ્ટક | ૫૮ |
| ૪. અકારાદિ ક્રમથી કેટલાક શબ્દાર્થ | ૫૯ |
| ૫. વિવેચિત પારિભાષિક શબ્દો | ૭૫ |
| ૬. વિશિષ્ટ સ્થાન, વ્યક્તિ અને શબ્દનો પરિચય | ૭૭ |

# ગોંડલ ગચ્છાધિપતિ, એકાવતારી આચાર્ય પ્રવર
# પૂ. ગુરુદેવ શ્રી ડુંગરસિંહજી મ.સા.
# જીવન દર્શન

| | | |
|---|---|---|
| **નામ** | : | શ્રી ડુંગરસિંહભાઈ. |
| **જન્મ** | : | વિ. સં. ૧૭૯૨. |
| **જન્મભૂમિ** | : | માંગરોળ. |
| **પિતાશ્રી** | : | ધર્મનિષ્ઠ શ્રી કમળસિંહભાઈ બદાણી. |
| **માતુશ્રી** | : | સંસ્કાર સંપન્ના શ્રીમતી હીરબાઈ. |
| **જન્મ સંકેત** | : | માતાએ સ્વપ્નમાં લીલોછમ પર્વત અને કેસરી સિંહને પોતાની સમીપે આવતો જોયો. |
| **ભ્રાતૃ ભગિની** | : | ચાર બેન – બે ભાઈ. |
| **વૈરાગ્ય નિમિત્ત** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા.નો ઉપદેશ. |
| **સંયમ સ્વીકાર** | : | વિ. સં. ૧૮૧૫ કારતક વદ – ૧૦ દિવબંદર. |
| **સદ્ગુરુદેવ** | : | પૂ. શ્રી રત્નચંદ્રજી મ.સા. |
| **સહ દીક્ષિત પરિવાર** | : | સ્વયં, માતુશ્રી હીરબાઈ, બહેન વેલબાઈ, ભાણેજી – માનકુંવરબેન અને ભાણેજ – હીરાચંદભાઈ. |
| **સંયમ સાધના** | : | અપ્રમત્તદશાની પ્રાપ્તિ માટે સાડા પાંચ વર્ષ નિદ્રાત્યાગ, જ્ઞાનારાધના, ધર્મશાસ્ત્રો, દર્શનશાસ્ત્રો અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. |
| **તપ આરાધના** | : | રસેન્દ્રિય વિજયના વિવિધ પ્રયોગો, મિતાહાર. સ્વાધ્યાય, સાડાપાંચ વરસ નિદ્રાત્યાગ, ધ્યાનરૂપ આભ્યંતર તપ. |
| **ગોંડલ ગચ્છ સ્થાપના તથા આચાર્ય પદ પ્રદાન** | : | વિ. સં. ૧૮૪૫ મહાસુદ – ૫ ગોંડલ. |
| **જ્વલંત ગુણો** | : | વિનય, વિવેક, વિચક્ષણતા, વિરક્તિ, કરૂણા, સમયસૂચકતા વગેરે... |

| | | |
|---|---|---|
| **પ્રમુખ શિષ્ય** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **પ્રમુખ શિષ્યા** | : | પૂ. શ્રી હીરબાઈ મ., પૂ. શ્રી વેલબાઈ મ., પૂ. શ્રી માનકુંવરબાઈ મ. |
| **સાધુ સંમેલન** | : | વિ. સં. ૧૮૬૧માં આજ્ઞાનુવર્તી ૪૫ જેટલા સાધુ-સાધ્વીજીઓનું સંમેલન કરી સંતોની આચાર વિશુધ્ધિ માટે ૧૩ નિયમો બનાવ્યાં. |
| **વિહાર ક્ષેત્ર** | : | કાઠિયાવાડ, ઝાલાવાડ, કચ્છ, માંગરોળ, વેરાવળ, પોરબંદર, દીવબંદર આદિ કંઠાળ પ્રદેશમાં ગ્રામાનુગ્રામ. |
| **પ્રતિબોધિત શ્રાવકવર્ય** | : | શ્રી શોભેચંદ્ર કરસનજી શાહ – વેરાવળ. |
| **સ્થિરવાસ** | : | વિ. સં. ૧૮૭૧ ચૈત્ર સુદ – ૧૫ થી ગોંડલમાં. |
| **અનશન આરાધના** | : | વિ. સં. ૧૮૭૭ ફાગણ સુદ – ૧૩ થી અનશન પ્રારંભ, વૈશાખ સુદ – ૧૫ સમાધિમરણ. |
| **આયુષ્ય** | : | ૮૪ વર્ષ, સંયમ પર્યાય – ૬૨ વર્ષ, આચાર્ય પદ – ૩૨ વર્ષ. |
| **ઉત્તરાધિકારી** | : | આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી. |
| **ઉપનામ** | : | ગચ્છાધિપતિ, નિદ્રાવિજેતા, યુગપ્રધાન, એકાવતારી. |
| **પાટ પરંપરા** | : | ગોંડલ ગચ્છાધિપતિ આચાર્યપ્રવર ગુરુદેવ પૂ. શ્રી ડુંગરસિંહજી મ.સા.<br>દ્વિતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી ભીમજી સ્વામી.<br>તૃતીય પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી નેણસી સ્વામી.<br>ચતુર્થ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી જેસંગજી સ્વામી.<br>પંચમ પટ્ટધર – આચાર્ય પૂ. શ્રી દેવજી સ્વામી.<br>મહાતપસ્વી પૂ. શ્રી જયચંદ્રજી સ્વામી<br>યુગદૃષ્ટા તપસ્વી પૂ. શ્રી માણેકચંદ્રજી મ.સા.<br>સૌરાષ્ટ્ર કેસરી ગુરુદેવ પૂ. શ્રી પ્રાણલાલજી મ.સા.<br>તપસમ્રાટ ગુરુદેવ પૂ. શ્રી રતિલાલજી મ.સા. |
| **વિદ્યમાન વિચરતો પરિવાર** | : | ૧૧ સંતો, ૩૦૦ જેટલા સતિજીઓ. |

# સૌરાષ્ટ્ર કેસરી, મુનિપુંગવ
# પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા.
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | પ્રાણલાલભાઈ. |
| **જન્મભૂમિ** | વેરાવળ. |
| **પિતા** | શ્રીમાન શ્રી કેશવજીભાઈ મીઠાશા. |
| **માતા** | સંસ્કાર સંપન્ના કુંવરબાઈ. |
| **જ્ઞાતિ** | વીસા ઓસવાળ. |
| **જન્મદિન** | વિ. સં. ૧૯૫૪, શ્રાવણ વદ પાંચમ, સોમવાર. |
| **ભ્રાતૃ–ભગિની** | ચાર ભાઈ, ત્રણ બહેનો. |
| **વૈરાગ્ય બીજારોપણ** | બે વર્ષની બાલ્યવયે. |
| **વૈરાગ્ય ભાવ–પ્રગટીકરણ** | ૧૩ વર્ષની કુમાર અવસ્થામાં. |
| **સંયમ સ્વીકાર** | ૨૧ માં વર્ષે વિ. સં. ૧૯૭૬ ફાગણ વદ છઠ્ઠ, ગુરુવાર. તા. ૧૩–૩–૧૯૨૦ |
| **દીક્ષા ભૂમિ** | બગસરા–દરબાર વાજસુરવાળાના ઉદ્યાનમાં વટવૃક્ષ નીચે. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **સંયમદાતા** | મહાતપસ્વી પૂ. જયચંદ્રજી મ.સા. |
| **શિક્ષા દાતા** | પરમ શ્રદ્ધેય તપસ્વી માણેકચંદ્રજી મ. સા. |
| **ધાર્મિક અભ્યાસ** | આગમજ્ઞાન, તત્ત્વજ્ઞાન, કથા સાહિત્ય, રાસ સાહિત્ય, વ્યાકરણ, મહાકાવ્યો, કર્મસાહિત્ય, જૈનેતર ગ્રંથોનું વિશાળ અવલોકન, દર્શન શાસ્ત્રના તજજ્ઞ. |
| **સંઘ નેતૃત્વ** | ત્રણ વર્ષની દીક્ષા પર્યાયે તપસ્વી પૂ. માણેકચંદ્રજી મ. સા. ના સંથારાના સમયથી. |
| **સેવા શુશ્રૂષા** | વડીલ સાત ગુરુભ્રાતા અને અનેક સંતોની સેવા કરી. |

| | |
|---|---|
| **સમાજોત્કર્ષ** | ચતુર્વિધ સંઘ સમાધિ માટે તારવેલા ત્રણ સિદ્ધાંત (૧) લોકોના પરોપકાર માટે દાનધર્મની પ્રધાનતા (૨) અ ખંડન વાદ (૩)નીતિ અને પ્રામાણિકતાનું આંદોલન, જૈન–જૈનેતરો (કાઠી, દરબાર, આહિર)ને સપ્ત વ્યસનથી મુક્તિ, અનેક સ્થાને સાધર્મિક રાહત યોજના. |
| **જ્ઞાન પ્રસાર** | રાજકોટ, ગોંડલ, જેતપુર, ધોરાજી, વડિયા, વેરાવળ, પોરબંદર, માંગરોળ, જામનગર, ભાવનગર વગેરે અનેક સ્થાને જ્ઞાન ભંડાર, વિદ્યાલયની સ્થાપના અને જીર્ણોધ્ધાર. |
| **દેહ વૈભવ** | લાવણ્યમયી મુદ્રા, સૂર્ય સમ તેજસ્વી મુખ, ચંદ્રસમી શાંત આભા, વિશાળ ભાલ, નૂરભર્યા નયનો, ઘૂઘરાળા કેશ, વીણા જેવો સુમધુર કંઠ અને સિંહ જેવી ગર્જના. |
| **આભ્યંતર વૈભવ** | વિનય સંપન્નતા, વિવેક, સાદાઈ, પ્રેમ, વૈરાગ્ય, સેવા, પ્રવચન–પટુતા, ગુરુચરણ સેવા, દીર્ઘ દષ્ટિ, ત્યાગમસ્તી. |
| **વિહાર ક્ષેત્ર** | સૌરાષ્ટ્ર, ગુજરાત. |
| **ગોંડલ ગચ્છ સંમેલન** | વિ. સં. ૨૦૦૭માં ગચ્છ ઐક્યતા માટે મહત્ત્વનું યોગદાન. |
| **ઉપનામ** | પંજાબ કેસરી કાશીરામજી મ. સા. દ્વારા પ્રદત્ત **'સૌરાષ્ટ્ર કેસરી'** |
| **સ્વહસ્તે દીક્ષિત પરિવાર** | ચાર સંત– તપોધની પૂ. રતિલાલજી મ. સા., અનશન આરાધક તપસ્વી પૂ. જગજીવનજી મ. સા., પૂ. નાના રતિલાલજી મ. સા., પરમ દાર્શનિક પૂ. જયંતમુનિજી મ. સા., પૂ. મોટા પ્રભાબાઈ મ. આદિ ૧૫ સતીજી. |
| **અંતિમ ચાતુર્માસ** | બગસરા. |
| **દેહ વિલય** | વિ. સં. ૨૦૧૩ માગસર વદ તેરસ, શનિવાર પ્રાતઃ ૭–૩૦ કલાકે ઈ. સ. ૨૯–૧૨–૧૯૫૬. |
| **અંતિમ વિધિ** | સાતલડી નદીના કિનારે (બગસરા) |
| **શિષ્ય પરિવાર** | વર્તમાને ૧૧૮ સંત–સતિજીઓ 'પ્રાણ પરિવાર' ના નામે સમગ્ર ભારતમાં પ્રસિદ્ધ છે. |

# તપસમ્રાટ પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ.સા. નું
# જીવન દર્શન

| | |
|---|---|
| **શુભ નામ** | રતિલાલભાઈ |
| **જન્મસ્થાન** | પરબવાવડી (સૌરાષ્ટ્ર) |
| **જન્મદિન** | આસોવદ અમાસ વિ. સં. ૧૯૬૯ |
| **પિતા** | શ્રીમાન માધવજીભાઈ રૈયાણી |
| **માતા** | સદાચાર સંપન્ના જમકુબાઈ |
| **વૈરાગ્ય ભાવ** | ૧૭ મા વર્ષે |
| **દીક્ષા** | ફાગણ વદ પાંચમ, ગુરુવાર વિ. સં. ૧૯૮૯–જૂનાગઢ |
| **ગુરુદેવ** | સૌરાષ્ટ્ર કેસરી પૂ. પ્રાણલાલજી મ.સા. |
| **ગચ્છ પરંપરા** | ગોંડલ ગચ્છ. |
| **અભ્યાસ યોગ** | વ્યાવહારિક– પાંચ ધોરણ, ધાર્મિક– ૧૯ આગમ કંઠસ્થ, શ્વેતામ્બર–દિગંબર સાહિત્ય, કાર્મગ્રંથિક સાહિત્ય, દાર્શનિક સાહિત્ય, વ્યાકરણ સાહિત્ય |
| **સાધના યોગ** | રાત્રિ–દિવસ નિરંતર જાગૃતદશાએ આત્મસાધના અલ્પનિદ્રા. |
| **સેવાયોગ** | વડીલ વૃદ્ધ ૯ સંતોની સેવા કરી. |
| **તપયોગ** | ૧૯ વર્ષ એકાંતર ઉપવાસ, ૯૯૯ આયંબિલ તપ (સાગાર), ૧૯ વર્ષ પાણીનો ત્યાગ, ૯ વર્ષ મકાઈ સિવાય શેષ અનાજ ત્યાગ. |

| | |
|---|---|
| **મૌનયોગ** | દીક્ષા પછી ૯ વર્ષ એકાંત મૌન સાધના. ઈ. સ. ૧૯૯૨ નવેમ્બરથી આજીવન મૌન આરાધના. |
| **પુણ્ય પ્રભાવ** | ગુરુદેવના પુણ્ય પ્રભાવે અનેક આત્માઓએ માસખમણ આદિ નાની મોટી તપશ્ચર્યાઓ તથા હજારોની સંખ્યામાં વર્ષીતપની આરાધના કરી છે. તેમજ દાન, શીલ અને ભાવની વૃદ્ધિ થઈ છે. |
| **વિહાર ક્ષેત્ર** | ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, બિહાર, બંગાળ |
| **જ્ઞાન અનુમોદન** | શ્રમણી વિદ્યાપીઠના પ્રેરક બની ૩૦ શિષ્યાઓ અને ૩૦ વૈરાગી બહેનોને અભ્યાસાર્થે રહેવાની આજ્ઞા આપી. ત્રણ સામૂહિક ચાતુર્માસ કરાવી શાસ્ત્રવાચના કરાવી. |
| **દીક્ષા પ્રદાનસંખ્યા** | ૧૪૫ મુમુક્ષુઓને અણગાર બનાવ્યા. |
| **આચરિત સૂત્રો** | જતું કરવું, ગમ ખાવો, વાદ–વિવાદ કે દલીલ ન કરવા, જે થાય તે સારા માટે, કોઈ પણ જીવની ટીકા કે નિંદા ન કરવી. |
| **જીવંત ગુણો** | વિશાળતા, ઉદારતા, માધ્યસ્થતા, સહિષ્ણુતા, ભદ્રિકતા, સમાધાન વૃત્તિ, જ્ઞાનરુચિ. |
| **અનશન પ્રત્યાખ્યાન** | ઈ. સ. ૧૯૯૨ રાજકોટમાં પૂ. ભાગ્યવંતાબાઈ મ. ને ૫૯ દિવસની અનશન આરાધના કરાવી. |
| **અંતિમ ચાતુર્માસ** | રાજકોટ, શ્રી રોયલપાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત ઓમાનવાળા ઉપાશ્રય.(૧૯૯૭) |
| **મહાપ્રયાણ** | રાજકોટ, તા. ૮–૨–૧૯૯૮ મહા સુદ ૧૧ા રવિવાર મધ્યાહ્ન કાળે ૧.૩૫ કલાકે. |
| **અંતિમ દર્શન તથા પાલખી** | શ્રી રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘ, રાજકોટ. |
| **અંતિમક્રિયા સ્થાન** | 'તપસમ્રાટ તીર્થધામ', રાજકોટ–અમદાવાદ હાઈ–વે, સાત હનુમાન સામે, રાજકોટ. |

# પુનઃ પ્રકાશનના બે બોલ

(બીજી આવૃત્તિ)

તીર્થંકર ભગવાનના અમૃતસમા વચનોને 'આગમ' રૂપે ગણધર ભગવંતોએ ઝીલીને શિષ્ય પરંપરાને અર્પણ કર્યાઅને આપણને અમૃત વચનો પ્રાપ્ત થયા.

**તીર્થંકર ભગવાને અનંતજ્ઞાનને શ્રીમુખેથી પ્રગટકરી મહા ઉપકાર કર્યો...**

**ગણધર ભગવંતોએ આગમજ્ઞાનને હૃદયસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**શિષ્ય પરંપરાએ આગમ જ્ઞાનને કંઠસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

**દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે આગમજ્ઞાનને ગ્રંથસ્થ કરી મહા ઉપકાર કર્યો...**

ગ્રંથસ્થ આગમોને અનેક આચાર્યોએ સમયાનુસાર લોકભોગ્ય ભાષાશૈલીમાં અનુવાદ કરીને સર્વજન સહજ બનાવ્યા. આ જ પરંપરામાં **સૌરાષ્ટ્રકેસરી પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ. સા.** ની જન્મશતાબ્દી અવસરે તેમના જ પરિવારના મહાસતીજીઓએ ગુજરાતીમાં અનુવાદ કરીને જૈન સમાજની જ્ઞાન સાધનાને આગમિક બનાવવામાં બહુમૂલો ફાળો આપ્યો છે. આ મહા કાર્યમાં અપૂર્વ શ્રુત આરાધિકા પ્રધાન સંપાદિકા **ભાવયોગિની શ્રી લીલમબાઈ મ.** અને સહ સંપાદિકા **શ્રી આરતીબાઈ મ., શ્રી સુબોધિકાબાઈ મ.** ના સહયોગ મળ્યો છે.

આ આગમ બત્રીસીની પ્રથમ આવૃત્તિને ગુજરાતના દરેક સંપ્રદાયના સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો બહોળો પ્રતિસાદ મળતા ટૂંક સમયમાં ૧૦૦૦ આગમ ગ્રંથો અનુપલબ્ધ થઈ ગયા અને પુનઃ પ્રકાશનની આવશ્યકતા ઉભી થઈ.

અહીં એક ખાસ ઉલ્લેખ કરવાનો કે જ્યારે પ્રથમવાર આગમ પ્રકાશનની તૈયારી ચાલતી હતી ત્યારે જ તપસમ્રાટ **પૂ. ગુરુદેવ શ્રી રતિલાલજી મ. સા.** એ શાસન પ્રભાવક પૂ. શ્રી નમ્રમુનિ મ. સા. પર કૃપાદૃષ્ટિ વરસાવી. તેમણે પાટીમાં લખી આપ્યું કે **નમ્રમુનિ આગમ પ્રકાશનનું કાર્ય સંભાળશે.**

પૂ. ગુરુદેવની દીર્ઘદષ્ટિ અને કૃપાદષ્ટિને અનુભવતા પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. એ અમોને આજ્ઞા આપી કે આપણે આગમ ગ્રંથો પ્રકાશનની બીજી આવૃતિ 'પારસધામ' ના ઉપક્રમે પ્રગટ કરવી છે.

પૂ. ગુરુદેવ શ્રી નમ્રમુનિ મ. સા. ની આજ્ઞાને શિરોધાર્ય કરીને પારસધામ - ઘાટકોપરના ઉપક્રમે ગુરુપ્રાણ આગમ બત્રીસીને પુનઃ પ્રગટ કરતા આનંદ અનુભવીએ છીએ.

અમારા આ અણમોલ કાર્યમાં અમને શ્રી ગિરીશભાઈ શાહ (હેમાણી)-U.S.A. તથા શ્રી જિતેનભાઈ શાહ (કલકત્તા) નો અનન્ય સહકાર મળ્યો, જેના કારણે અમારું કાર્ય સરળ બન્યું છે. અમારા આ કોમપ્યુટર કાર્યમાં શ્રી અમીનભાઈ આઝાદ તથા સ્નેહા અમીત દર્જીનો પણ સહકાર પ્રાપ્ત થયો છે. તેવી જ રીતે ઉદારદિલા દાતાશ્રીઓ એ પણ અમને સહયોગ આપીને અમારું કાર્ય વેગવાન બનાવેલ છે.

અમે તે સર્વના આભારી છીએ.

અંતમાં આગમ પ્રકાશન આપણા સહુના આત્માને અનંતજ્ઞાન પ્રાગટ્યમાં સહયોગી બને એ જ ભાવના.


— શ્રી ગુરુપ્રાણ પ્રકાશન —

PARASDHAM

વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર(ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૭૭

ફોન - ૩૨૦૪ ૩૨૩૨.

# પૂર્વ પ્રકાશકના બે બોલ

(પહેલી આવૃત્તિ)

અનંત તીર્થંકર સહ પ્રભુ મહાવીરના અનંત જ્ઞાનની અમૂલ્ય નિધિ છે આપણા આગમગ્રંથો. જેના માધ્યમથી જ જિનશાસન જયવંતું રહ્યું છે, રહે છે અને રહેશે. તેને જીવંત રાખવા અને જન જનનાં મન સુધી પહોંચાડવા તે પ્રત્યેક જૈન નામ ધરાવતી વ્યક્તિની પવિત્ર ફરજ છે. આ પવિત્ર ફરજને જ ધર્મ સમજીને જે તેનું આચરણ કરે છે અને પોતાનાં તન–મન અને ધનને તે કાર્યમાં સમર્પિત કરે છે, તેનું મનુષ્ય જીવન સફળ થાય છે. એટલું જ નહીં પરંતુ તે સાધક જિનશાસનની પ્રભાવનાનો અમૂલ્ય લાભ પ્રાપ્ત કરે છે.

આવો જ અપૂર્વ લાભ પ્રાપ્ત કરવા આપણા ગુજરાતી સમાજને માટે આગમોના મૂળ પાઠ તથા સરળ ગુજરાતી અનુવાદ વિવેચન સહિત પ્રકાશન કરવા માટે પૂ. મુક્ત લીલમ પરિવારને એક ચિંતનધારા જૂનાગઢની પુણ્યભૂમિ પર સ્પર્શી અને જેને રાજાણા નગરી રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં સાકાર સ્વરૂપ મળ્યું.

આપણા સૌના પરમ ઉપકારી ગોંડલ ગચ્છાધિપતિ, નિદ્રા વિજેતા, એકાવતારી, યુગપુરુષ પૂ. શ્રી ડુંગરસિંહજી મ. સા.ની પાટ પરંપરાએ પૂ. શ્રી જય–માણેકના લાડીલા શિષ્યરત્ન સૌરાષ્ટ્ર કેસરી પૂ. શ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ શતાબ્દી નિમિત્તે આ વિરાટ આયોજન કર્યું. પૂ. મહાસતીજીઓએ પોતાની ચિંતનધારાને પૂજ્ય ગુરુવર્યોની સમક્ષ પ્રગટ કરી. સહુના હર્ષોલ્લાસ અને આશીર્વાદ સાથે સ્વીકૃતિના સમાચાર પ્રાપ્ત થયા. રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘની નિશ્રામાં અમે તુરંત સમિતિ રચવાની જાહેરાત કરી.

રાજકોટ પ્રાણ પરિવારના સામૂહિક ચાતુર્માસ દરમ્યાન જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે વિ. સં. ૨૦૫૩ સન્ ૧૯૯૭ માં "પૂ. પ્રાણગુરુ શતાબ્દી પ્રકાશન સમિતિ રાજકોટ"ની સ્થાપના થઈ. ત્યાર પછી તપસમ્રાટ શ્રી રતિલાલજી મ. સા., ગુજરાત કેસરી પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા. ઠા. પાંચ તથા પ્રાણ પરિવારના ૭૩ સાધ્વીજીઓના પાવન સાંનિધ્યમાં જન્મ શતાબ્દીના પ્રથમ ચરણની તપ–જપ, સાધના સાથે ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવી.

શ્રી ગુરુ પ્રાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા ૩૨ આગમો અને પ્રાણગુરુ સ્મૃતિ ગ્રંથનું પ્રકાશન કરવાનું નિશ્ચિત થયું. આગમોનું લેખન કાર્ય પ્રાણ પરિવારના સતીવૃંદે સહર્ષ સ્વીકારી લીધું. આ રીતે સર્વ સમવાયનો સુયોગ થતાં કાર્યનો પ્રારંભ વેગવંત થયો અને બત્રીસ આગમો ક્રમશઃ ગુજરાતી ભાષામાં અનુવાદિત થયા.

આ પ્રકાશનના અણમોલ અવસરે આશીર્વાદ વરસાવી સહર્ષ સ્વીકૃતિ આપનાર તપ સમ્રાટ ગુરુદેવ **પૂ. શ્રી રતિલાલજી મ. સા.** તથા દરેક આગમના રહસ્યોને પ્રગટ કરતો, તત્ત્વોનું વાસ્તવિક દર્શન કરાવતો, આશીષ વરસાવતો અમારા ઉત્સાહને વધારતો અભિગમ પ્રેષિત કરનારા ગોંડલ ગચ્છના સંત શિરોમણિ પરમ દાર્શનિક **પૂ. શ્રી જયંતીલાલજી મ. સા.**, અમ માર્ગદર્શક ગુજરાત કેસરી **પૂ. શ્રી ગિરીશચંદ્રજી મ. સા.**, તથા આગમ દિવાકર **પૂ. શ્રી જનક મુનિજી મ. સા.** નીડર વક્તા **પૂ. શ્રી જગદીશમુનિજી મ. સા.** આદિ મુનિ ભગવંતો તથા આગમને સુવ્યવસ્થિત સ્વરૂપ આપનાર, અથાગ પરિશ્રમ સહિત નિઃસ્વાર્થ ભાવે સંપૂર્ણ સહયોગ આપનાર આગમ મનીષી **પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.** ના પણ અમો ઋણી છીએ.

વાત્સલ્ય વરિષ્ઠા પૂજયવરા **પૂ. મુકતાબાઈ મ.**, પ્રધાન સંપાદિકા અપૂર્વશ્રુત આરાધક **પૂ. લીલમબાઈ મ.**, અમ પ્રકાશન કાર્યના ઉદ્ભાવિકા, ઉત્સાહધરા **પૂ. ઉષાબાઈ મ.**, સહ સંપદિકા **ડો. પૂ. શ્રી આરતીબાઈ મ.** તથા **પૂ. સુબોધિકાબાઈ મ.** અને પ્રાણ પરિવારના અનુવાદિકા સર્વ મહાસતીજીઓના અમે ઋણી છીએ.

શ્રુતાધાર સહયોગીઓ, અમ આગમ પ્રકાશનમાં નિષ્ઠાથી સેવા આપનાર શ્રી મુકુંદભાઈ પારેખ, શ્રી મણિભાઈ શાહ, શ્રી નવનીતભાઈ – તરૂબેન, કુમારી ભાનુબેન, શ્રી જયવંતભાઈ શાહ તથા આગમને કોમ્પ્યુટરાઈઝડ્ કરી મુદ્રણ કરી આપનાર ભાઈ શ્રી નેહલ હસમુખભાઈ મહેતાના અમો આભારી છીએ.

આગમ પ્રકાશન કાર્યમાં શુદ્ધિકરણનું ખૂબ જ ધ્યાન રાખવામાં આવ્યું છે. છતાં ક્યાં ય અશુદ્ધિ રહી ગઈ હોય તો શુદ્ધ વાંચી તે તરફ અમારું ધ્યાન દોરવા નમ્ર વિનંતી છે.

અંતમાં સૌના સહિયારા પુરુષાર્થ બદલ શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન સદાને માટે સૌના કૃતજ્ઞ બની રહેશે.

જય જિનેન્દ્ર

શ્રી ગુરુપ્રાણ ફાઉન્ડેશન – ટ્રસ્ટી મંડળ

શ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ (પ્રમુખ)
શ્રી રમણીકલાલ નાગરદાસ શાહ (ચેરમેન)
શ્રી અશ્વિનભાઈ કુંભાણી (ટ્રેઝરર)
શ્રી ટી. આર. દોશી (ઉપપ્રમુખ)
શ્રી કે. પી. શાહ (ટ્રસ્ટી)
શ્રી કીરીટભાઈ શાહ (ટ્રસ્ટી)

# અભિગમ

ગોંડલ ગચ્છ શિરોમણી પરમ દાર્શનિક
પૂ. શ્રી જયંતમુનિ મ.સા.

वासना क्षयार्थं क्रियते आत्यंतिकं तपः । तदपि अवशिष्ट वासना अंशेन साऽपि पुण्यरुपेण परिणता ददाति निर्दोषं निरवद्यं महाफलं महासुखं तदनन्तरं मुक्तो भवति जीवो ।

જૈન શાસ્ત્રમાં સમગ્ર જીવાત્માની આદિથી અતંકાલ સુધીની ચાર અવસ્થાઓનું કથન છે. જીવ આ અવસ્થાઓમાંથી પાર થાય છે અને લાખો કે અસંખ્ય વર્ષોની આ યાત્રા પૂરી કરી છેવટે મુક્ત થાય છે.

(૧) **પ્રથમ અવસ્થા :** અજ્ઞાત ભાવે, પરાધીનપણે દુઃખાત્મકરૂપે કરોડો વર્ષ પાર થયા પછી જીવની બીજી અવસ્થાની તૈયારી થાય છે. પ્રથમ અવસ્થામાં જે જીવે દુઃખાત્મકકાળ વ્યતીત કર્યો છે અને પરિણામ સ્વરૂપ કેટલાક કર્મોનો નાશ થતાં જીવ ઉત્ક્રાંતિની બીજી અવસ્થાનો સ્પર્શ કરે છે. પ્રથમ અવસ્થામાં તે સુષુપ્ત વાસનાના કારણે ભોગ – ઉપભોગથી રહિત કેવલ યાતનામય જન્મો ધારણ કરી હજારો જન્મોની યાત્રા પૂરી કરે છે.

(૨) **બીજી અવસ્થામાં** જીવ સશક્ત બની વાસનાની વૃધ્ધિ થતાં ભોગ – ઉપભોગની માયામાં સપડાઈને વાસનાની પૂર્તિ કરવા માટે હિંસા આદિ પાપકર્મોનું અવલંબન લઈ ઘણી અનર્થકારી જીવનલીલામાં જન્મો ગુજારી પુનઃ શક્તિનો હ્રાસ થતાં જીવ બીજી અવસ્થાથી આગળ વધી શકતો નથી. બીજી અવસ્થામાં તે હિંસાત્મક ભોગોપભોગથી ભરેલી અને વાસનાની પૂર્તિ માટે ઘણા પ્રયાસો કરી દુષિત જીવનને ધારણ કરે છે, જેને જૈન પરિભાષામાં સાવદ્ય જીવન કહેવામાં આવે છે.

(૩) **ત્રીજી અવસ્થામાં** જ્ઞાનનો ઉદય થતાં સ્વતઃ સ્વવિચારોથી કે ઉપદેશાત્મકભાવોથી જીવ વાસનામાંથી  મુક્ત થવા માટે વિચાર કરે છે. દુષિત જીવન તેને અકારું લાગે છે.

હવે જીવાત્મા આ પરિસ્થિતિને ટાળવા માટે તપનું અવલંબન કરે છે. તિતિક્ષાનું જીવન ધારણ કરે છે અને ઉપરના સંસ્થિત વાક્યમાં આપણે જે કહ્યું છે તે રીતે વાસનાના ક્ષય માટે આત્યંતિક તીવ્રતપની ઉપાસના કરે છે. જેને જૈન પરિભાષામાં ધાર્મિક ઉપાસનામય જીવન કહેવામાં આવે છે.

(૪) **ચોથી અવસ્થામાં** - આ જ્ઞાનના પ્રભાવે વાસનાનો ક્ષય થવા છતાં તેના કેટલાંક અંશો શેષ રહી જાય છે, અને સમગ્ર વાસના પુણ્યરૂપે પરિવર્તિત થઈ જાય છે. ત્યારે જીવ જેમાં બિલકુલ હિંસા નથી, કોઈ પાપ નથી છતાં પરમ સુખોપભોગ યુક્ત કરોડો વર્ષનું જીવન પ્રાપ્ત કરે છે. તેમાં જીવ નિષ્કામ હોવા છતાં પણ સુખમય અવસ્થામાં પોતાનો જીવનકાળ પૂર્ણ કરે છે અને આવું નિર્દોષ જીવન ભોગવ્યા પછી તે જીવ સહજ ભાવે મુક્ત થઈ જાય છે.

ઉપરમાં જે સૂત્ર આપ્યું છે, તે પ્રમાણે તે મુક્તિના ભાવોને ભજે છે.

અનુત્તરોવવાઈ સૂત્રમાં ઉપરોક્ત ચાર અવસ્થામાંથી અંતિમ બે અવસ્થાના આધારે જીવન વ્યાપન કરી જે પુણ્યાત્માઓ નિર્દોષ શાંતિમય અવસ્થા ભોગવી રહ્યા છે અને છેવટે મુક્ત થવાના છે તેવા પવિત્ર આત્માઓની જીવન લીલાના અનુપમ ઉદાહરણ રૂપ દૃષ્ટાંતો આપ્યા છે.

જીવનમાં જે કાંઈ દુ:ખમય અવસ્થાઓ છે તેમાંથી મુક્ત થવા માટે મનુષ્ય ધર્મનું અવલંબન ગ્રહણ કરે છે. ભોગના બે છેડા છે – એક તીવ્ર ભોગ અને બીજો તીવ્ર ત્યાગ અર્થાત્ એક છેડે આશક્તિ અને બીજે છેડે વિરક્તિ.

જે જીવો નાશવંત ભોગોના સ્વભાવથી જાણીતા થઈ તેમાંથી છૂટવા માટે એક અવનવો પ્રયોગ કરે છે, આ પ્રયોગમાં તે તિતિક્ષા અને તપશ્ચર્યા, તે બે મુખ્ય સાધનોનું અવલંબન ગ્રહણ કરે છે.

કેટલાંક ધર્મોએ તિતિક્ષાનો તીવ્ર માર્ગ ગ્રહણ ન કરતાં મધ્યમ માર્ગ ગ્રહણ કર્યો છે અને તીવ્રભોગ પણ નહીં અને તીવ્ર ત્યાગ પણ નહીં, મધ્યસ્થ ભાવે સાધના કરી છે. બૌધ્ધ ઉપાસના મધ્યમ માર્ગીય છે અને તે જ રીતે ગીતા દર્શન પણ મિત આહાર, મિત વ્યવહાર ઈત્યાદિ સિધ્ધાંતો પ્રમાણે મધ્યમ માર્ગથી જીવન વ્યાપન કરવાનું સૂચન આપે છે. જ્યારે

જૈન સાધના તીવ્રત્યાગની વાતને મહત્ત્વ આપે છે અને આંતરિક તિતિક્ષામય કઠોર તપને વાસના ક્ષય માટે એક પ્રબળ સાધન માને છે. તેઓ ખુલ્લી રીતે કઠોર તપની હિમાયત કરે, પછી આ તપ જ્ઞાનાત્મક હોય કે વ્રતાત્મક હોય પરંતુ તીવ્રભાવે આ તપશ્ચર્યા સાધના માર્ગનું અવલંબન કરી વાસનાનો જડ મૂળથી ક્ષય કરવા માટે પ્રેરણા આપે છે.

અનુત્તરોવવાઈશાસ્ત્રમાં આવા કઠોરતમ તિતિક્ષામય તપનું ઉદાહરણ ઉપસ્થિત કરતાં રાજકુમારોનું અદ્‌ભૂત પરાક્રમ પ્રગટ કર્યું છે. રાજના સુખોને તિલાંજલી આપી લોકો સામે લાલ બત્તી ધરી, સત્તા અને વૈભવનો ત્યાગ કરી, કઠોર વ્રત ધારણ કરી, સાંભળતા પણ આપણાં હાઝા ગગડી જાય છે તેવા મહાતપનું આરાધન કરી વિરક્તિના અંતિમ છેડાને સ્પર્શ કરે છે. આખું શાસ્ત્ર આવા પુણ્યાત્માના પરાક્રમથી ભરેલું છે.

આવું કઠોર તપ હોવા છતાં જે કાંઈ વાસનાના અંશો બાકી રહી ગયા છે, તેમની તે વાસના કે કર્મો પુણ્ય રૂપે પરિવર્તિત થઈ ગયા છે, તેના આધારે આ જીવાત્માઓ ઉપર આપણે જે ચોથી અવસ્થાનું વર્ણન કર્યુ, તે અવસ્થાને ભોગવવા માટે સ્વયં નિષ્કામ હોવા છતાં જ્યાં બિલકુલ હિંસા નથી કે જ્યાં કોઈ પાપ કર્મ નથી તેવા શાંતિમય ઉપભોગમય અવસ્થામાં લાખો વર્ષ વ્યતીત કરે છે. જૈન પરિભાષામાં સાગરોપમ જેવા શબ્દોથી આ સુખમય કાળનું પરિમાણ પ્રદર્શિત કરવામાં આવ્યું છે.

અનુત્તરોવવાઈ શાસ્ત્ર તે સંપૂર્ણ ત્રીજી અને ચોથી અવસ્થાનું નિર્મળ ચિત્ર પૂરું પાડે છે.

અભ્યાસીને શાસ્ત્ર વાંચન સમયે તીવ્ર તપ અને તેનું કઠોર વર્ણન જોવા મળશે. આ તપનું અવલંબન કરનારા તે ક્રાંતિકારી રાજકુમારો છે. એ સમયના રાજકુમારો વૈભવથી રંગાયેલા હતા, તેઓ આમ એકાએક જીવનમાં ક્રાંતિ કરે છે અને ત્યાગમય જીવનનો સ્પર્શ કરીને જનતા સામે રાજસુખ તે સાચું સુખ નથી પરંતુ ત્યાગમય જીવન એ મહત્ત્વપૂર્ણ જીવન છે, તેનું ઉદાહરણ પૂરું પાડે છે.

જૈન શાસ્ત્ર આ ઉદાહરણથી તીવ્ર વિરક્તિ અને કઠોર તપસ્યાની હિમાયત કરે છે. ઉપરમાં કહ્યું તેમ તીવ્ર આસક્તિ તે સંસારનો એક છેડો છે જ્યારે તીવ્ર વિરક્તિ તે સંસારનો બીજો છેડો છે. અનુત્તરોવવાઈસૂત્રના આ જ્વાજલ્યમાન રાજકુમારોનો ત્યાગ અને તેમની

તપશ્ચર્યા તે તીવ્ર વિરક્તિ સાથે કઠોરતમ તપશ્ચર્યાના અંતે પણ વાસનાના કેટલાંક અંશો અવશિષ્ટ રહી જાય છે, તે તપોબળના આધારે વાસના અને કર્મોનું સમગ્ર કાર્મણ શરીર પુણ્યમય બની જાય છે અને મુક્તિની યાત્રા પરિપૂર્ણ થતાં પહેલાં જે કાંઈ કચાશ રહી ગઈ તેના ફળ સ્વરૂપ આપણે બતાવેલી ચોથી અવસ્થામાં આ પુણ્યાત્માઓ પ્રવેશ કરે છે અને કરોડો વર્ષો સુધી નિષ્કામ ભાવે નિરવદ્ય પુણ્યમય ભોગોપભોગની પ્રાપ્તિ થાય છે. એકાંતિક સુખનો અનુભવ કરતાં આવા લાંબા આયુષ્યનો ભોગ કરી અંતે દિવ્ય શરીરનો ત્યાગ કરી યાત્રાની અંતિમ કડી પૂર્ણ કરે છે અર્થાત્ મુક્ત થાય છે.

સમગ્ર શાસ્ત્ર તપ આરાધનાનો મહિમા પ્રગટ કરે છે. અહીં એ પ્રશ્ન થશે કે શાસ્ત્રમાં આવા તપોમય જીવનચરિત્ર આપવાનું પ્રયોજન શું છે ? શું તેઓ રાજકુમારો હતાં એટલે તેમના તપનું આલેખન કર્યું છે ? સમગ્ર શાસ્ત્રનો અભ્યાસ કરતાં જણાય છે કે જૈન શાસ્ત્ર સાહિત્ય આવા કોઈપણ પક્ષપાતથી દૂર છે. તે બધી માવનજાતિને તથા સમસ્ત જીવોને સમાન દૃષ્ટિથી જુએ છે. શાસ્ત્રમાં માણસ તો શું પરંતુ પશુ - પક્ષીઓના તપોમય જીવનનો ઉલ્લેખ છે. કરોડો તિર્યંચ પણ વ્રતોની આરાધના કરી દેવગતિ પામે છે. આ શાસ્ત્રમાં રાજકુમારોની સાથે સાર્થવાહ પુત્રોનું જીવનચરિત્ર પણ ઘણી ઉંચાઈથી આલેખ્યું છે. સાર્થવાહો મધ્યમ જાતિના, મધ્યમ વર્ગના લોકો પરિશ્રમ કરીને જીવન જીવનાર છે એટલે એમ કહેવું અનુચિત છે કે રાજકુળો માટે શાસ્ત્રકારને વિશેષ આકર્ષણ છે.

આ શાસ્ત્રમાં આ પુણ્યાત્માઓના જીવન ચરિત્ર આપવાનું મુખ્ય પ્રયોજન આરાધક વ્યક્તિઓ અને તે કાલના તથા ત્યાર પછીના વર્તમાનકાલ સુધીના બધાં સંત- સંતીજીઓને તિતિક્ષા તથા તપની પ્રેરણા આપવાનું છે તથા તેનું મુખ્ય પ્રયોજન જૈન સાધના તે મધ્યમમાર્ગીય આરાધના નથી એટલે તેમાં મધ્યમ માર્ગીય આરાધનાનો પરિહાર કરી ઉત્કૃષ્ટ તીવ્ર આરાધનાને પ્રધાનતા આપવાનું છે. આનો અર્થ એવો પણ નથી કે મધ્યમ માર્ગથી આરાધના ન કરવી. પરંતુ તીવ્ર આરાધના આવશ્યક છે, તે જ તાત્પર્ય છે.

બીજું પ્રયોજન ભારતીય સંસ્કૃતિમાં પુણ્યાત્માઓનું નામસ્મરણ કરવાથી જીવન પાવન બને છે. આ સિદ્ધાંત સાર્વભૌમ છે. આ શાસ્ત્રમાં જે પવિત્ર આત્માઓના મંગલ નામ જોડાયેલા છે અને શાસ્ત્રપાઠમાં જેના નામની સ્થાપના થઈ છે તેવા મંગલમય તપસ્વીઓના નામ અને ચરિત્ર જીવનને પાવન કરે છે. આ શાસ્ત્રનો સ્વાધ્યાય કરવાથી આત્મા વીર્યાંતરાય

કર્મનો ક્ષયોપક્ષમ કરી તપોમય તેજસ્વી શક્તિનો વિકાસ કરી શકે છે.

આ શાસ્ત્રનું અનુત્તરોવવાઈ એવું નામ અંકિત કરીને ઉવવાઈ સાથે સંબંધ સ્થાપિત કર્યો છે. ઉત્તરાધ્યયન સૂત્રના આમુખમાં આપણે ઉત્તર અને ઉત્તમ એવા બે શબ્દની વિવેચના કરી છે. ઉત્તમ શબ્દ એ અંતિમ બિંદુને સ્પષ્ટ કરે છે જ્યારે ઉત્તર શબ્દ વચગાળાની ઊંચી ભૂમિકાને સ્પષ્ટ કરે છે.

અહીં આ બધા મહાતપસ્વી આત્માઓ ઉત્તમ ભૂમિકામાંથી પસાર થઈ રહ્યા છે. પરંતુ આ જેવી તેવી ઉત્તમ ભૂમિકા નથી, જેની બરાબરી કરી શકાય તેવી સામાન્ય ભૂમિકા નથી. જેમ અનુપમ અને ઉપમ તેમાં, અનુપમનો અર્થ છે કે જેની ઉપમા આપવી દુર્લભ છે. તે જ રીતે આ મધ્યગાળાના ઉત્તર આત્માઓ હોવા છતાં અનુત્તર છે અર્થાત્ સામાન્ય ઉત્તર આત્માઓ નથી પરંતુ અતુલનીય ઉત્તર આત્માઓ છે અને હવે તેઓ ક્યાંય પણ રોકાયા વિના ઉત્તમ દશાને પ્રાપ્ત થવાના જ છે. આ અનુત્તર શબ્દ અનુત્તમ દશાનો દ્યોતક છે અર્થાત્ હવે તેઓ મોક્ષના મોતી બની ગયા છે. આપણી વ્યવહારિક ભાષામાં તેમને સિધ્ધના પાડોશી કહેવાય છે.

ઉવવાઈ સૂત્ર ક્રમિક વિકાસના દષ્ટાંતો પૂરા પાડે છે. જ્યારે અનુત્તરોવવાઈ સૂત્ર વિકાસની અંતિમ સ્થિતિના દષ્ટાંતો પર પ્રકાશ પાડે છે. ધન્ય છે આ મહાન તપસ્વીઓની શુભ નામાવલીને... જેના પવિત્ર નામનો ઉદ્દ્ઘોષ કરવાથી સમગ્ર અમંગલ તત્ત્વોનો પરિહાર થાય, તેવું આ શાસ્ત્ર અનુપમ શાસ્ત્ર છે.

અહીં આ આમુખ પૂરો કરતાં પહેલા અમારી પ્રમોદ ભાવના સંપાદક મંડળ પ્રત્યે પ્રગટ કરતાં સ્નેહાશ્રુત છલકે છે. આવી જ્ઞાનારાધના કરી મહાયોગિની જેવા લીલમબાઈ મ. ના સાંનિધ્યમાં આરતીબાઈ મ.સ. અને સુબોધિકાબાઈ મ. ઈત્યાદિ જે જે વિદૂષી સાધ્વીઓ જ્ઞાનયજ્ઞમાં જોડાયેલા છે, તેઓને ખરેખર વધાઈ આપવા શબ્દો અપૂર્ણ લાગે છે. તેઓએ આ વિરાટ કાર્ય કરીને ફક્ત જિનશાસનની સેવા કરી છે તેમ નહીં, પરંતુ સમગ્ર ગુજરાતી સાહિત્યને સમૃધ્ધ બનાવ્યું છે અને સાહિત્ય ક્ષેત્રે ગુજરાત ગૌરવ લઈ શકે તેવું સાહિત્ય તૈયાર કરી આગમ સાહિત્ય પર કળશ ચઢાવ્યો છે.

- જયંતમુનિ

પેટરબાર.

# સંપાદકીય

અપૂર્વ શ્રુતઆરાધક ભાવયોગિની
બા. બ્ર. પૂ. લીલમબાઈ મ. સ.

**મુમુક્ષુ પાઠક !**

આ નવમું અંગ અનુત્તરોપપાતિક સૂત્ર ગુજરાતી અનુવાદ સહિત પ. પૂ. વાચના પ્રવર ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મહારાજ સાહેબની જન્મશતાબ્દીનું નિમિત્ત પામી પ્રસિદ્ધ થઈ રહેલું છે. કેવું સુંદર નામ છે તેનું ! તેમાં બધી જ ક્રિયા અનુત્તર–ઉચ્ચ પ્રકારની છે. તેનું કદ બહુ મોટું નથી તેમજ સાવ નાનું પણ નથી. ફક્ત ત્રણ વર્ગમાં વહેચાયેલું છે. પ્રધાન ધર્મકથાનુયોગ છે, ગૌણતાએ ત્રણે ય યોગ સમાય જાય છે. કોઈ વસ્તુ એવી નથી કે જેમાં ચારે ય અનુયોગ, સાત નય, ચાર નિક્ષેપ, અનંત ભાવભેદ ભરેલા ન હોય, કારણ કે વસ્તુ પોતે જ અનંત ધર્મયુક્ત છે.

આ અંગ તીર્થંકર ભાષિત છે અને ત્રિપદી સાંભળીને સૂત્ર રૂપે ગ્રથિત ગણધર કરે છે. તેને શાસ્ત્રમાં અંગપ્રવિષ્ટ કહેલ છે.

અંગ પ્રવિષ્ટ શ્રુતની વ્યાખ્યા નીચે પ્રમાણે છે–

(૧) શ્રુતરૂપ પુરુષના અંગમાં પ્રવેશી અંગરૂપ બનેલું શ્રુત તે અંગ પ્રવિષ્ટ છે.

(૨) ગણધરોએ સાક્ષાત્ રચેલું શ્રુત તે અંગ પ્રવિષ્ટ છે.

(૩) પ્રશ્નત્રય અને ત્રિપદી રૂપ આદેશ દ્વારા ઉત્પન્ન થયલું શ્રુત તે અંગપ્રવિષ્ટ છે.

(૪) સર્વ તીર્થંકરોના તીર્થમાં નિયત એવું શ્રુત તે અંગપ્રવિષ્ટ છે.

આ સૂત્રમાં ૩૩ આત્માઓનું પ્રયોગ સિદ્ધ જીવન કવન છે. આ ૩૩ આત્માઓ આઠ કર્મથી બદ્ધ છે. તેઓ મનુષ્ય જન્મ ધારણ કરી શરીરાદિ નામકર્મના ઉદયને પામી, મોહાદિ ઘાતિકર્મને આધીન વેદત્રયના ફળ સ્વરૂપે વાસનાજનિત ભાવોને ભોગવતાં સંસાર વૃક્ષની વૃદ્ધિ ન થઈ જાય તેની સાવધાની રાખતાં, અનંત સંસારમાં પાછું ધકેલાઈ ન જવું પડે તેવો સત્સંગ પામતાં, પંચ પરમેષ્ઠી પુરુષનું આલંબન લેતાં, ભુક્ત ભોગી

બની, સંસાર ત્યાગી, યથાતથ્ય અણગાર ભાવમાં લીન બનવા પૂર્ણ પુરૂષાર્થ કરતાં અનુત્તરયોગી બની જાય છે. અનુત્તરયોગીની સત્ક્રિયા કલાપ નીચે પ્રમાણે છે–

દીક્ષા ગ્રહણ કર્યા પછી અપ્રમત્તપણે ત્રણ યોગને શુદ્ધ કરવા, ચિત્તને સ્વરૂપમાં સ્થિર કરવા, કાયયોગને બાહ્યતપ, ગુણસંવત્સર તપ, છઠના પારણે આયંબિલ તપ, અવશિષ્ટ વધેલું, તુચ્છ–ફેંકી દેવા યોગ્ય આહાર લાવીને કાયાનું પોષણ કરવું, વેદ મોહજન્ય ઉત્પન્ન થયેલ વાસનાને ઉપાસનામાં સ્થિર કરવા પાંચે ય ઈન્દ્રિયના વિષયોને જીતવા, દિવસમાં સૂર્ય સન્મુખ આંખોને ખુલ્લી રાખી, પગને ઉત્કટ આસન બદ્ધ રાખવા અને રાત્રે ઠંડીની શીત આતાપના લઈ વીરાસને સ્થિત રહેવું. છઠ, અઠ્ઠમ, ચોલા, પંચોલા વગેરે તપ કરી કાયયોગને શુદ્ધ, અનુત્તર કરવો. વચન યોગને મૌન દ્વારા જલ્પના, કલ્પના છોડી ગુપ્ત બ્રહ્મચારી અનુત્તર બનાવવો. મનયોગને વિકલ્પના કુતર્ક ખોટા વિચારોના વમળમાંથી રોકી ધર્મધ્યાન શુક્લધ્યાનવાળો અનુત્તર બનાવવો.

મુખ્યરૂપે ત્રણ યોગને ત્રણ કરણથી પાપાશ્રવથી મુક્ત બનાવી, પગથી લઈને મસ્તક સુધીના વીસે અંગોને અર્થાત્ સંપૂર્ણ શરીરને કૃશ બનાવી મૃતપ્રાયઃ કરી, આભ્યંતર તપ દ્વારા કષાય કૃશ કરી, આત્માનું ઔજસ પ્રાપ્ત કરવાની અનુત્તર ક્રિયાનો પ્રયોગ છે જેમાં, તેનું નામ છે અનુત્તર. આયુકર્મ ઓછું પડે અને મોક્ષ જવા યોગ્ય આત્મા શુદ્ધ ન બને પરંતુ અનંત ભવોના પરિભ્રમણની વાસનાનો સદંતર નાશ કરી એક ભવથી લઈને તેર ભવમાં મોક્ષ થઈ જાય તેવો આત્માને અનુત્તર બનાવવો. મૃત્યુ પામ્યા પછી અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થવાય, તેવી ક્રિયાનું સંપૂર્ણ જ્ઞાન આપે અને પ્રયોગ કરવાની વિધિ વિધાન દેખાડે તેનું નામ છે અનુત્તરોપપાતિક સૂત્ર.

આ સૂત્રનો અનુવાદ કરવાનું સૌભાગ્ય મારી શિષ્યા વિદુષી બા. બ્ર. સાધ્વી સન્મતિને ફાળે જાય છે અને સંપાદન સમાર્જન સાધ્વીરત્ના ડૉ. આરતીશ્રીને ફાળે જાય છે. તેઓએ પોતાની યથા શક્તિ અને વિલક્ષણતા સહયોગ પુરુષાર્થ કરીને સંપાદન, અનુવાદ કરેલ છે. તેને ઓપ આગમ મનીષી પૂ. ત્રિલોકમુની મહારાજે આપ્યો છે. તેઓને મારા શત શત પ્રણામ. અમારી શિષ્યા સાધ્વી સન્મતિને અભિનંદન સહ આશીર્વાદ આપું છું કે આવું અત્યંત સુંદર કામ કરી તારા આત્મામાં અનુત્તર સાધક દશા પ્રગટાવી તેનામય બની સદાય સન્મતિ સાથે પ્રયાણ કરતાં આત્માને શુદ્ધ, બુદ્ધ, મુક્ત બનાવવા માટે અપ્રમત્ત દશા કેળવો અને મળેલા સંયમ જીવનને સફળ અને

સાર્થક બનાવો.

આગમ અવગાહન કરવામાં સહયોગી સાધ્વીવૃંદનું અભિવાદન કરું છું તથા આ અનુવાદને તપાસવામાં મુકુલી કરણ કરી ઓતપ્રોત બની જનારા મુકુન્દભાઈ શ્રમણોપાસક વગેરેએ તેમજ ઉજ્જવળ ભાવોને સંકલન સાથે પ્રેષિત કરનાર ચંદ્રકાંતભાઈ વગેરે પ્રકાશન સમિતિના સુસભ્યો તથા આવું સુંદર કાર્ય કરી આપનાર નેહભર્યા ભક્તિવાન નેહલભાઈ સર્વનું અભિવાદન કરું છું.

શ્રુતાધાર બની અર્થ સહયોગી શ્રી રતિગુરુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના દાનને તથા શ્રુત સેવાને પણ અભિનંદુ છું. નામી, અનામી સર્વ સહયોગીઓનો આભાર માનું છું.

આગમ અવગાહનમાં કંઈ ઓછું, અધિક થયું હોય તો વીતરાગની સાક્ષીએ મિચ્છામિ દુક્કડં.

બોધિ બીજ દીક્ષા–શિક્ષા દોરે બાંધી, "મુક્ત લીલમ" તણા તારક થયા,
એવા ગુરુણી "ઉજમ–ફૂલ–અંબામાત"ને વંદન કરું ભાવભર્યા;
વીતરાગ વચન વિરુદ્ધ લખાયું હોય તો માગું પુનઃ ક્ષમાપના,
મંગલ મૈત્રી પ્રમોદ ભાવમાં વહો સહુ, એવી કરું વિજ્ઞાપના.

**–આર્યા લીલમ.**

# સંપાદન અનુભવ

ડો. સાધ્વી આરતી તથા સાધ્વી સુબોધિકા

कृत्स्नकर्मक्षयः मोक्षः । તત્ત્વાર્થ સૂત્ર. જ્યારે સર્વ કર્મોનો ક્ષય થાય ત્યારે જીવનો મોક્ષ થાય છે. ક્યારેક સાધનામાં પુરુષાર્થ કરવા છતાં સર્વ કર્મોનો ક્ષય ન થાય અને કોઈ પણ કારણથી કેટલાંક કર્મો શેષ રહી જાય, ત્યારે તે શેષ રહેલા કર્મો જીવની સાધનાના પ્રભાવે પુણ્યકર્મો જ હોય છે અને તે કર્મોના ભોગવટા માટે જીવ સંસારના અનુપમ સ્થાન રૂપ અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થાય છે. શ્રી અનુત્તરોપપાતિક સૂત્રમાં આ પ્રકારના અનુત્તર વિમાન ને પ્રાપ્ત ૩૩ પુણ્યવાન આત્માઓના જીવનચરિત્રનું નિરૂપણ છે, જે સાધકોને સમ્યક્ચારિત્રની પ્રેરણા આપે છે.

આ શાસ્ત્રમાં ધન્યમુનિની તપસ્યાનું અને તપસ્યાથી થયેલી કાયાની કૃશતાનું વિસ્તૃત વર્ણન છે . જે વાચકોને કર્મક્ષય માટે અનશન આદિ બાહ્યતપની પ્રેરણા આપે છે. શાસ્ત્રમાં અનેક સ્થાને અતિદેશાત્મક પાઠ છે. જેમ કે જાલિકુમારનો જન્મોત્સવ, પાલનપોષણ, આઠ કન્યાઓ સાથે લગ્ન, પ્રીતિદાન વગેરે પ્રસંગો માટે શાસ્ત્રકારે जहा मेहो । પાઠ આપ્યો છે. વિવેચનમાં અથવા પરિશિષ્ટમાં તે સંક્ષિપ્ત પાઠને સ્પષ્ટ કર્યા છે.

પરિશિષ્ટમાં, ગૌતમસ્વામી, સુધર્માસ્વામી, મેઘકુમાર, મહાબલકુમાર જેવી શાસ્ત્રપાઠમાં પ્રયુક્ત વિશિષ્ટ વ્યક્તિઓ તથા રાજગૃહી, કાકંદી, વિપુલગિરિ વગેરે વિશિષ્ટ સ્થાનનો પરિચય આપ્યો છે. તે જ રીતે છટ્ઠં છટ્ઠેણં – છઠના પારણે છઠ, આયંબિલ વગેરે પારિભાષિક શબ્દોની સમજણ ટીકાગ્રંથોના આધારે આપી છે.

આ રીતે કથાનુયોગની પ્રધાનતા ધરાવતા આ શાસ્ત્રમાં કથાનક સાથે સાધકોને ઉપયોગી અનેકવિધ વિષયોનો સમાવેશ થયેલો છે.

આ શાસ્ત્રના સંપાદન સમયે અમારો પણ આ ક્ષેત્રમાં પ્રવેશ માત્ર હતો. તેમ છતાં ગુરુવર્યોની કૃપાએ પૂર્વ પ્રકાશિત ગ્રંથોના આધારે તેમ જ આગમ મનીષી પૂ. ત્રિલોકમુનિ મ. સા. ના સંપૂર્ણ સહયોગે શાસ્ત્રના ભાવોને સરળ રીતે સમજાવવાનો યત્કિંચિત પ્રયત્ન કર્યો છે.

કાર્ય સફળતાની પાવન પળે સાધકની શ્રધ્ધા સાથે ગુરુકૃપાનું અજબ – ગજબનું સામર્થ્ય

અનુભૂતિમાં આવે છે.

સર્વ ઉપકારી ગુરુ ભગવંતો, ગુરુણીમૈયા તથા સહવર્તી સહયોગી સર્વ રત્નાધિકો તથા અનુજ સતિવૃંદ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી વિરામ પામીએ છીએ.

અલ્પજ્ઞતાને વશ થઈને સર્વજ્ઞ કથિત શાસ્ત્રના ભાવોને યથાર્થ રીતે સમજી શક્યા ન હોય અને જિનવાણીથી ઓછી – અધિક કે વિપરીત પ્રરૂપણા થઈ હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્...

સદા ઋણી માત-તાત **ચંપાબેન-શામળજીભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **આરતી**એ પામું આત્મદર્શન.

સદા ઋણી માત-તાત **લલિતાબેન-પોપટભાઈ !**
કર્યું તમે સંસ્કારોનું સિંચન,
અનંત ઉપકારી ઓ તપસમ્રાટ **ગુરુદેવ શ્રી !**
આપ્યું અણમોલું સંયમ જીવન
શરણુ ગ્રહ્યું પૂ. **મુક્ત - લીલમ - વીર** ગુરુણીશ્રી !
ખોલ્યા આપે દિવ્ય જ્ઞાનરૂપ નયન
દેવગુરુ-ધર્મની મળે એવી કૃપા
શ્રુત **સુબોધે** કરું કષાયોનું શમન.

# અનુવાદિકાની કલમે

– સાધ્વી શ્રી સન્મતીબાઈ મ.

## ઉપલબ્ધ જૈનાગમોનો ક્રમિક ઈતિહાસ :–

જૈન ધર્મ, દર્શન અને સંસ્કૃતિનો મૂળ આધાર વીતરાગ સર્વજ્ઞની વાણી છે. સંપૂર્ણ રૂપે આત્મદર્શન કરનાર જ સમગ્ર વિશ્વનું દર્શન કરી શકે છે. જે સર્વને જાણે છે તે જ તત્ત્વજ્ઞાનનું યથાર્થ નિરૂપણ કરી શકે છે અને પરમહિતકારી યથાર્થ ઉપદેશ આપી શકે છે.

સર્વજ્ઞો દ્વારા કથિત તત્ત્વજ્ઞાન, આત્મજ્ઞાન અને આચાર વ્યવહારનો સમ્યક્ પરિબોધ તે જ આગમ, શાસ્ત્ર અથવા સૂત્રના નામથી પ્રસિદ્ધ છે.

તીર્થંકરની વાણી જાણે મુક્ત સુમનોની વૃષ્ટિ સમાન હોય છે. મહાન પ્રજ્ઞાવાન ગણધર તે ભાવોને સૂત્ર રૂપે ગ્રથિત કરી વ્યવસ્થિત આગમોનું રૂપ આપે છે.

આજે આપણે જેને આગમ નામથી ઓળખીએ છીએ, તે પ્રાચીન સમયમાં 'ગણિપિટક' કહેવાતા હતા. 'ગણિપિટક'માં સમગ્ર દ્વાદશાંગીનો સમાવેશ થઈ જાય છે. પછીના સમયમાં તેનાં અંગ, ઉપાંગ, મૂળ, છેદ આદિ અનેક ભેદ થયા છે.

જ્યારે લખવાની પરંપરા ન હતી, ત્યારે આગમોને સ્મૃતિપટ પર અથવા ગુરુ પરંપરાથી સુરક્ષિત રાખવામાં આવતા હતા. ભગવાન મહાવીર સ્વામી પછી લગભગ એક હજાર વર્ષ સુધી 'આગમ' ગુરુ–શિષ્ય પરંપરામાં સ્મૃતિ રૂપે સુરક્ષિત રહ્યાં ત્યાર પછી સ્મૃતિદુર્બળતા, ગુરુ પરંપરાનો વિચ્છેદ તથા બીજાં અનેક કારણોથી ધીરે ધીરે આગમજ્ઞાન પણ લુપ્ત થતું ગયું. મહાસરોવરનું જળ સુકાતાં સુકાતાં ગોષ્પદ જેટલું જ માત્ર રહી ગયું. ત્યારે દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણે શ્રમણોનું સંમેલન બોલાવી, સ્મૃતિ દોષથી લુપ્ત થતાં આગમજ્ઞાનને, જિનવાણીને સુરક્ષિત રાખવાના પવિત્ર ઉદ્દેશ્યથી લિપિબદ્ધ કરવાનો ઐતિહાસિક પ્રયાસ કર્યો અને જિનવાણીને પુસ્તકારૂઢ કરી, આવનારી નવી

પેઢી પર અવર્ણનીય ઉપકાર કર્યો. આ જૈનધર્મ, દર્શન અને સંસ્કૃતિની ધારાને પ્રવાહમાન રાખવાનો અદ્ભુત ઉપક્રમ હતો. આગમોનું આ પ્રથમ લેખિત સંપાદન વીરનિર્વાણના ૯૮૦ વર્ષથી પ્રારંભ થઈ ૯૯૩ વર્ષ સુધીમાં સંપન્ન થયું. પુસ્તકારૂઢ થયા બાદ જૈન આગમોનું સ્વરૂપ મૂળ રૂપમાં તો સુરક્ષિત થઈ ગયું પરંતુ કાળદોષ, બહારનું આક્રમણ, આંતરિક મતભેદ, વિગ્રહ, સ્મૃતિ દુર્બળતા અને પ્રમાદ આદિ કારણોથી આગમજ્ઞાનની શુદ્ધ ધારા, અર્થબોધની સમ્યક્ ગુરુ પરંપરા ધીરે ધીરે ક્ષીણ થતી ગઈ.

ઓગણીસમી શતાબ્દીના પ્રથમ ચરણમાં જ્યારે આગમ મુદ્રણની પરંપરા ચાલી તો પાઠકોને થોડી સુવિધા પ્રાપ્ત થઈ, આગમોની પ્રાચીન ટીકાઓ, ચૂર્ણિ અને નિર્યુક્તિ જ્યારે પ્રકાશિત થઈ તથા તેના આધાર પર આગમોનો સરળ અને સ્પષ્ટ ભાવબોધ મુદ્રિત થઈ પાઠકોને સુલભ થયો, ત્યારે આગમજ્ઞાનનું પઠન–પાઠન સ્વાભાવિક જ વધ્યું. સેંકડો જિજ્ઞાસુઓમાં આગમ સ્વાધ્યાયની પ્રવૃત્તિ જાગી. જૈનેત્તર દેશી–વિદેશી વિદ્વાન પણ આગમોનું અનુશીલન કરવા લાગ્યા. આ છે અમારી ઉપલબ્ધ આગમોની ક્રમિક પરંપરા.

## આગમોનો પરિચય :-

જૈન આગમ સાહિત્ય ભારતીય સાહિત્યની વિરાટ નિધિનો એક અણમોલ ખજાનો છે. તે અંગપ્રવિષ્ટ અને અંગબાહ્યના રૂપમાં ઉપલબ્ધ છે. અંગપ્રવિષ્ટ સાહિત્યના સૂત્ર રૂપમાં રચયિતા ગણધર છે અને અર્થના પ્રરૂપક સાક્ષાત્ તીર્થંકર હોવાના કારણે તે મૌલિક અને પ્રમાણભૂત માનવામાં આવે છે. દ્વાદશાંગી અંગ પ્રવિષ્ટ છે. તીર્થંકરો દ્વારા પ્રરૂપિત અને ગણધરો દ્વારા ગ્રથિત સૂત્ર અને અર્થના આધારે સ્થવિર જે સાહિત્યની રચના કરે છે તે અનંગ પ્રવિષ્ટ છે, તેને અંગબાહ્ય પણ કહે છે.

સ્થાનાંગ, નંદી આદિ શ્વેતાંબર આગમ સાહિત્યમાં તે વિભાગ પ્રાચીનતમ છે. દિગંબર સાહિત્યમાં પણ આગમોના આ બે વિભાગ ઉપલબ્ધ છે. અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય. અંગબાહ્યનાં નામોમાં કંઈક અંતર છે.

અંગ પ્રવિષ્ટનું સ્વરૂપ સદા, સર્વદા દરેક તીર્થંકરોના સમયમાં નિયત હોય છે.

તે ધ્રુવ છે, નિયત છે, શાશ્વત છે. તેને દ્વાદશાંગી અથવા ગણિપિટક પણ કહે છે. અંગ સાહિત્ય ૧૨ વિભાગોમાં વિભાજિત છે (૧) આચારાંગ (૨) સૂયગડાંગ (૩) ઠાણાંગ (૪) સમવાયાંગ (૫) ભગવતી (૬) જ્ઞાતાધર્મકથાંગ (૭) ઉપાસકદશાંગ (૮) અંતગડદશાંગ (૯) અનુત્તરોવવાઈદશાંગ (૧૦) પ્રશ્નવ્યાકરણ (૧૧) વિપાક (૧૨) દૃષ્ટિવાદ. દૃષ્ટિવાદ વર્તમાનમાં અનુપલબ્ધ છે.

અનુત્તરોવવાઈદશાંગ નવમું અંગ છે. પ્રસ્તુત આગમમાં એવા મહાન તપોનિધિ સાધકોનો ઉલ્લેખ છે કે જેઓએ ઉત્કૃષ્ટતમ તપની સાધના–આરાધના કરી, આયુષ્ય પૂર્ણ થવા પર અનુત્તરવિમાનમાં જન્મ ગ્રહણ કર્યો. વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ; એ પાંચ અનુત્તર વિમાન છે. અન્ય બધાં વિમાનોમાં શ્રેષ્ઠ હોવાથી તેને અનુત્તર વિમાન કહેલ છે. અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થનારા અનુત્તરોપપાતિક કહેવાય છે. પ્રથમ વર્ગમાં દસ અધ્યયન છે, માટે તેને અનુત્તરોવવાઈયદશા કહ્યું છે. બીજા શબ્દમાં એમ પણ કહી શકાય કે એવા માનવોની દશા એટલે અવસ્થાનું વર્ણન હોવાથી પણ તેને અનુત્તરોવવાઈયદશા કહેલ છે. અનુત્તર વિમાનવાસી દેવોની એક વિશેષતા એ છે કે તે પરિત (અલ્પ) સંસારી હોય છે. પ્રસ્તુત આગમમાં સમ્રાટ શ્રેણિકના જાલિ આદિ ત્રેવીસ રાજકુમારોનાં સાધનામય જીવનનું વર્ણન છે.

## રાજા શ્રેણિક :–

સમ્રાટ શ્રેણિક મગધના અધિપતિ હતા. જૈન, બૌદ્ધ અને વૈદિક, આ ત્રણેય પરંપરાઓમાં શ્રેણિકના સંબંધમાં પર્યાપ્ત માહિતી પ્રાપ્ત થાય છે. ભાગવત મહાપુરાણ અનુસાર તે શિશુનાગવંશીય કુળમાં ઉત્પન્ન થયા હતા, મહાકવિ અશ્વઘોષે તેનું કુળ હર્યંગ લખ્યું છે. આચાર્ય હરિભદ્રે તેનું કુળ યાહિક માન્યું છે. રાયચૌધરીનું મંતવ્ય છે કે બૌદ્ધ સાહિત્યમાં જે હર્યંગ કુળનો ઉલ્લેખ છે તે નાગ વંશનો જ દ્યોતક છે. કોવિલ્લે હર્યંગનો અર્થ સિંહ કર્યો છે પરંતુ તેનો અર્થ નાગ પણ છે. પ્રોફેસર ભાંડારકરે નાગદશકમાં બિંબિસારની ગણના કરી છે અને તે બધા રાજાઓનો વંશ પણ નાગવંશ માન્યો છે. બૌદ્ધ સાહિત્યમાં આ કુળનું નામ શિશુનાગવંશ લખ્યું છે. જૈન ગ્રંથોમાં વર્ણિત વાહિક કુળ પણ નાગવંશ જ છે. વાહિકજનપદ નાગજાતિનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે. તેનું કાર્યક્ષેત્ર પ્રમુખ રૂપથી તક્ષશિલા હતું, જે વાહિક જનપદમાં હતું. માટે શ્રેણિકને શિશુનાગ વંશીય માનવા

અસંગત નથી.

પંડિત ગેગર અને ભાંડારકરે સિલોનના પાલી વંશાનુક્રમ અનુસાર બિંબિસાર અને શિશુનાગવંશને અલગ બતાવેલ છે. બિંબિસાર શિશુનાગની પહેલાં હતા. ડૉ. કાશીપ્રસાદનું મંતવ્ય છે કે શ્રેણિકના પૂર્વજોનો કાશીના રાજવંશની સાથે પૈતૃક સંબંધ હતો, જ્યાં તીર્થંકર પાર્શ્વનાથે જન્મ ગ્રહણ કર્યો હતો. માટે શ્રેણિકનો કુળધર્મ નિર્ગ્રંથ (જૈન) ધર્મ હતો. આચાર્ય હેમચંદ્રે પણ રાજા શ્રેણિકના પિતા પ્રસેનજિતને ભગવાન પાર્શ્વનાથની પરંપરાના શ્રાવક ગણ્યા છે.

શ્રેણિકનું જન્મ નામ શું હતું ? આ સંબંધમાં જૈન, બૌદ્ધ અને વૈદિક પરંપરાના ગ્રંથ મૌન છે. જૈન આગમોમાં શ્રેણિકનાં ભંભસાર, ભિંભસાર, ભિંભીસાર; એ નામો મળે છે. શ્રેણિક બાળક હતા તે સમયે રાજમહેલમાં આગ લાગી. બધા રાજકુમારો વિવિધ બહુમૂલ્યયુક્ત વસ્તુઓ લઈને ભાગ્યા, પરંતુ શ્રેણિકે ભંભાને રાજચિહ્નના રૂપમાં સારભૂત સમજી ગ્રહણ કરી માટે જ તેનું નામ ભંભસાર પડ્યું. અભિધાન ચિંતામણી, ઉપદેશ માળા, ઋષિમંડલ પ્રકરણ, ભરતેશ્વરબાહુબલી વૃત્તિ, આવશ્યક ચૂર્ણિ પ્રભૃતિ પ્રાકૃત અને સંસ્કૃતના ગ્રંથોમાં ભંભસાર શબ્દ મુખ્યરૂપથી પ્રયુક્ત થયો છે. ભંભા, ભિંભા અને ભિંભી એ સર્વ શબ્દો ભેરીના અર્થમાં પ્રયુક્ત છે.

બૌદ્ધ પરંપરામાં શ્રેણિકનું નામ બિંબિસાર પ્રચલિત છે. બિંબિનો અર્થ સુવર્ણ છે. સુવર્ણની સમાન વર્ણ હોવાના કારણે તેનું નામ બિંબિસાર પડ્યું છે. તિબેટી પરંપરા માને છે કે શ્રેણિકની માતાનું નામ બિંબિ હતું માટે તેને બિંબિસાર કહેવામાં આવેલ છે.

જૈન પરંપરાનું મંતવ્ય છે કે સૈનિક શ્રેણિઓની સ્થાપના કરવાથી તેનું નામ શ્રેણિક પડ્યું. બૌદ્ધ પરંપરાની માન્યતા છે કે પિતા દ્વારા અઢાર શ્રેણીઓના સ્વામી બનાવ્યાના કારણે તે શ્રેણિક કહેવાયેલ છે.

જૈન, બૌદ્ધ અને વૈદિક વાઙ્મયમાં શ્રેણિ અને પ્રશ્રેણીની સર્વત્ર ચર્ચા આવી છે. જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ, જાતક, મૂગપક્ખ જાતકમાં શ્રેણિની સંખ્યા ૧૮ માની છે. મહાવસ્તુમાં ત્રીસ શ્રેણિઓનો ઉલ્લેખ અને યજુર્વેદમાં ૫૩ નો ઉલ્લેખ છે. કોઈ કોઈની માન્યતા છે કે

મોટી સેના હોવાથી અથવા સેનિય ગોત્ર હોવાથી તેનું નામ શ્રેણિક પડ્યું. શ્રીમદ્ ભાગવત પુરાણમાં શ્રેણિકનાં 'અજાતશત્રુ' 'વિધિસાર' નામ પણ આપ્યાં છે. બીજાં સ્થળોમાં વિંધ્યસેન અને સુબિન્દુ નામનો પણ ઉલ્લેખ થયો છે.

આવશ્યક હરિભદ્રીય વૃત્તિ અને ૬૩ શલાકાપુરુષ ચરિત્ર અનુસાર શ્રેણિકના પિતા પ્રસેનજિત હતા. દિગંબર આચાર્ય હરિષેણે શ્રેણિકના પિતાનું નામ ઉપશ્રેણિક લખ્યું છે. આચાર્ય ગુણભદ્રે ઉત્તરપુરાણમાં શ્રેણિકના પિતાનું નામ કુણિક લખ્યું છે, જે અન્યોન્ય આગમ અને આગમેતર ગ્રંથોથી સંગત નથી. તે શ્રેણિકના પિતા નથી પરંતુ પુત્ર છે. અન્યત્ર ગ્રંથોમાં શ્રેણિકના પિતાનું નામ મહાપદ્મ, હેમજિત, ક્ષેત્રોજા, ક્ષેત્પ્રોજા પણ મળે છે.

જૈન સાહિત્યમાં શ્રેણિકની ૨૬ રાણીઓનાં નામ ઉપલબ્ધ છે. તેના ૩૫ પુત્રોનું પણ વર્ણન મળે છે. જ્ઞાતાસૂત્ર, અંતકૃતદશાંગ, નિરયાવલિકા, આવશ્યકચૂર્ણિ, નિશીથચૂર્ણિ, ૬૩ સલાકા પુરુષ ચરિત્ર, ઉપદેશમાળા, શ્રેણિકચરિત્ર પ્રભૃત્તિમાં તેના અધિકાંશ પુત્ર, પૌત્ર અને મહારાણીઓનો ભગવાન મહાવીર પાસે પ્રવ્રજ્યા લેવાનો ઉલ્લેખ છે. તે બધા જ્ઞાન, ધ્યાન અને ઉત્કૃષ્ટ તપ–જપની સાધના કરી સ્વર્ગવાસી થયા છે. ઉત્તરાધ્યયન સૂત્ર અનુસાર શ્રેણિક સમ્રાટે અનાથીમુનિ પાસે સનાથ અને અનાથના ગંભીર રહસ્યને સમજીને જૈન ધર્મનો સ્વીકાર કર્યો હતો. સમ્રાટ શ્રેણિક ક્ષાયિક સમ્યકત્વધારી હતા તેવી ધારણા છે. તેઓએ તીર્થંકર નામ કર્મ પ્રકૃતિનો પણ બંધ કર્યો હતો. જોકે ન તો તેઓ બહુશ્રુત હતા અને ન તો તેઓ પ્રજ્ઞપ્તિ જેવા આગમોના વેત્તા (જાણકાર) હતા તો પણ સમ્યકત્વના કારણે જ તેઓ તીર્થંકર જેવા ગૌરવપૂર્ણ પદને યોગ્ય થયા.

બૌદ્ધગ્રંથો અનુસાર શ્રેણિકની ૫૦૦ રાણીઓ હતી. તેઓને તથાગત બુદ્ધના ભક્ત માનવામાં આવે છે. જ્યારે રાજા પ્રસેનજિતે શ્રેણિકને નિર્વાસિત કર્યા હતા તે સમયે તેઓએ પ્રથમ વિશ્રામ નંદીગ્રામમાં લીધો હતો. ત્યાંના પ્રમુખ બ્રાહ્મણોએ રાજકોપના ભયથી ન તેને ભોજન આપ્યું અને ન વિશ્રાંતિ માટે આવાસ પણ આપ્યો. વિવશ થઈને નંદીગ્રામની બહાર બૌદ્ધ વિહારમાં તેને રોકાવું પડ્યું અને ત્યાંના બૌદ્ધ

ભિક્ષુઓએ તેને સ્નેહ આપ્યો. તેનાથી તેના અંતરમાનસમાં બૌદ્ધ ધર્મના પ્રતિ સહજ અનુરાગ જાગૃત થયો. ચેલના રાણી સાથે થતી ચર્ચાઓમાં તેઓ બૌદ્ધ ધર્મનો પક્ષ લેતા હતા. અંતે અનાથી મુનિથી બોધ પામતાં તેઓ જૈનધર્મી થયા.

રાજા શ્રેણિક ઘણા તેજસ્વી શાસક હતા. તે જિનશાસનની મહાન પ્રભાવના કરનારા હતા. દેવો દ્વારા કરવામાં આવેલી પરીક્ષામાં પણ તે સમુત્તીર્ણ થયા હતા. તેઓનું અનોખું કર્તવ્ય જૈન ધર્મની ગૌરવ–ગરિમામાં ચાર ચાંદ લગાવનારું હતું. તેમણે રાજ્યમાં અમારી પડહ–પ્રાણી વધ ન કરવાની ઘોષણા કરાવી હતી.

પ્રસ્તુત આગમમાં શ્રેણિક સમ્રાટના રાજકુમારોનું વર્ણન છે. તેમના જીવન પ્રસંગો વિષયક ચર્ચાઓ છે. વિહલ્લકુમારનાં સંબંધમાં હાર– હાથીના પ્રસંગને લઈને તે યુગના રથમૂસળ અને મહાશિલા કંટક મહાસંગ્રામનું કથન છે પરંતુ વિસ્તાર ભયથી તે બધાનો ઉલ્લેખ ન કરતાં અભયકુમારના સંબંધમાં જ અહીં કંઈક ચિંતન પ્રસ્તુત કરીએ છીએ.

## અભયકુમાર :-

અભયકુમાર પ્રબળ પ્રતિભાના ધારક હતા. જૈન અને બૌદ્ધ બન્ને પરંપરાઓ તેને પોતાના અનુયાયી માને છે. જૈન આગમ સાહિત્ય અનુસાર તે ભગવાન મહાવીરની પાસે આર્હતી દીક્ષા સ્વીકાર કરે છે અને ત્રિપિટક સાહિત્ય અનુસાર તે બુદ્ધની પાસે પ્રવ્રજિત થાય છે.

જૈન સાહિત્યની દષ્ટિથી તે શ્રેણિક રાજાની નંદા નામની રાણીના પુત્ર હતા. નંદા વેન્નાતટપુરના ધનાવહની પુત્રી હતી. કુમારાવસ્થામાં શ્રેણિક ત્યાં પહોંચ્યા હતા અને તેમણે નંદાની સાથે પાણિગ્રહણ કર્યું હતું. આઠ વર્ષ સુધી અભયકુમાર પોતાની માતાની સાથે, નાનાને ઘરે રહ્યા હતા અને ત્યાર પછી તે રાજગૃહમાં આવ્યા હતા.

અભયકુમારનું રૂપ અત્યધિક સુંદર હતું. તે સામ, દામ, દંડ, ભેદ, પ્રધાન રાજ્ય નીતિમાં નિષ્ણાત હતા. તેઓ ઈહા, અપોહ (અવાય), માર્ગણા, ગવેષણા અને અર્થશાસ્ત્રમાં કુશળ હતા; ચારે પ્રકારની બુદ્ધિઓના ધણી હતા. તે શ્રેણિક સમ્રાટના પ્રત્યેક કાર્યને માટે સાચા પરામર્શક હતા. તે રાજ્યધુરાને ધારણ કરનારા હતા. તે રાજ્ય

(શાસન) રાષ્ટ્ર (દેશ) કોષ, કોઠાર (અન્નભંડાર) સેવા, વાહન, નગર અને અંતઃપુરની સારી રીતે સંભાળ રાખતા હતા.

અભયકુમાર રાજા શ્રેણિકના માનીતા મંત્રી હતા. તે જટિલમાં જટિલ સમસ્યાઓને પોતાની કુશાગ્ર બુદ્ધિથી એક ક્ષણમાં ઉકેલી દેતા હતા. તેઓએ મેઘકુમારની માતા ધારિણી અને કુણિકની માતા ચેલ્લણાનો દોહદ પોતાની કુશાગ્ર બુદ્ધિથી પૂર્ણ કર્યો હતો. પોતાની નાની માતા ચેલ્લણા અને શ્રેણિકનો વિવાહ સંબંધ પણ આનંદ સહિત પૂર્ણ કરાવ્યો હતો. તેની બુદ્ધિના ચમત્કારની અનેક ઘટનાઓ જૈન સાહિત્યમાં અંકિત છે. તેઓએ ઉજ્જયિનીના રાજા ચંડપ્રદ્યોતના વિકટ રાજ નૈતિક સંકટથી શ્રેણિકને મુક્ત કર્યા હતા.

શ્રમણધર્મને ગ્રહણ કરવું અત્યધિક કઠિન છે, તે અભયકુમાર સારી રીતે જાણતા હતા. એકવાર એક દ્રુમકે (લાકડા લેવા જનારો કઠિયારો) ગણધર સુધર્મા સ્વામીની પાસે પ્રવ્રજ્યા ગ્રહણ કરી. લોકોએ તેની મશ્કરી કરી. અભયકુમારને જાણ થઈ ત્યારે તેમણે સાર્વજનિક સ્થાન પર એકેક કરોડ સુવર્ણમુદ્રાઓના ત્રણ ઢગલા કરીને ઉદ્‌ઘોષણા કરી કે ત્રણ કરોડ સુવર્ણમુદ્રાઓને તે જ વ્યક્તિ લઈ શકે છે કે જે વ્યક્તિ જીવનભર સ્ત્રી, અગ્નિ અને કાચા પાણીનો પરિત્યાગ કરે. સુવર્ણમુદ્રાઓને જોઈને બધાનું મન લલચાયું પરંતુ શરત સાંભળીને કોઈ આગળ ન આવ્યું. અભયકુમારે એ બધાની સામે કહ્યું કે દ્રુમકમુનિ કેટલા મહાન છે કે જેણે જીવનભર સ્ત્રી, અગ્નિ અને કાચા પાણીને છોડી દીધું છે પરંતુ તમે બધા તેની મશ્કરી કરો છો. બધા દ્રુમકમુનિના મહાન ત્યાગથી પ્રભાવિત થયા અને તેઓને શ્રમણ ધર્મના મહત્વનું જ્ઞાન થયું.

સૂયગડાંગ નિર્યુક્તિ તથા ૬૩ શલાકાપુરુષ ચરિત્ર અનુસાર અભયકુમારે આર્દ્રકુમારને ધર્મ ઉપકરણ ઉપહારના રૂપમાં મોકલ્યા હતા. જેનાથી આર્દ્રકુમાર પ્રતિબુદ્ધ થઈને શ્રમણ બન્યા હતા, અભયકુમારના સંપર્કમાં આવીને રાજ્યગૃહના ક્રૂર કસાઈ કાલસૌરિકના પુત્ર સુલસકુમાર ભગવાન મહાવીરના પરમ ભક્ત બન્યા હતા. અભયકુમારની ધાર્મિક ભાવનાનાં અનેક ઉદાહરણ જૈન સાહિત્યમાં ઉપલબ્ધ છે. કથાકાર કહે છે– એકવાર અભયકુમારે ભગવાન મહાવીર સ્વામીની સમક્ષ જિજ્ઞાસા

પ્રગટ કરી કે અંતિમ મોક્ષગામી રાજા કોણ હશે ? ભગવાને કહ્યું કે વીતભયના રાજા ઉદાયન જે મારી પાસે સંયમ સ્વીકાર કરી ચૂક્યા છે, તે રાજા રૂપે અંતિમ મોક્ષગામી છે. ભગવાનની આ વાત સાંભળીને અભય મનોમન વિચારવા લાગ્યા. જો હું રાજા બની જાઉં તો મોક્ષ નહીં મેળવી શકું, તેથી કુમારાવસ્થામાં જ દીક્ષા ગ્રહણ કરી લઉં. એણે સમ્રાટ શ્રેણિક પાસે આજ્ઞા આપવા માટે નમ્ર વિનંતી કરી. શ્રેણિકે કહ્યું કે હમણાં તમારી ઉંમર દીક્ષા લેવા જેવડી નથી, દીક્ષા લેવાની ઉંમર મારી છે. તમે રાજા બનીને આનંદનો ઉપભોગ કરો. અભયકુમારના ખૂબ જ આગ્રહથી શ્રેણિકે કહ્યું જે દિવસે હું દુઃખી થઈને તને કહી દઉં કે દૂર ચાલ્યો જા, મને કયારે ય તારું મોઢું દેખાડતો નહીં; તે દિવસે તું શ્રમણ બની જજે.

કેટલાક સમય પછી ભગવાન મહાવીર સ્વામી રાજગૃહમાં પધાર્યા. ભગવાનના દર્શન કરી મહારાણી ચેલ્લણાની સાથે રાજા પાછા આવી રહ્યા હતા. સરિતાના કિનારે રાજા શ્રેણિકે અને ચેલ્લણાએ એક મુનિને ધ્યાનસ્થ જોયા. ઠંડી ઘણી હતી. રાત્રિએ મહારાણીનો હાથ નિંદરમાં ઓઢવાના વસ્ત્રથી બહાર રહી ગયો અને હાથ ઠૂઠવાઈ ગયો, તેની નિંદર ઊડી ગઈ અને મુનિનું સ્મરણ થતાં અચાનક મુખમાંથી શબ્દ નીકળી પડ્યા, "તે શું કરતા હશે ?" રાણીના શબ્દોએ રાજાના મનમાં અવિશ્વાસ પેદા કરી દીધો. સવારમાં તે ભગવાનના દર્શન કરવા ગયા. ચાલતાં સમયે અભયકુમારને આદેશ આપ્યો કે ચેલ્લણાના મહેલને સળગાવી દો. અભયકુમારે રાજમહેલમાંથી રાણીઓને અને બહુમૂલ્યવાન વસ્તુઓને બહાર કાઢી, તેમાં આગ લગાવી દીધી. રાજા શ્રેણિકે ભગવાન મહાવીરને પ્રશ્ન કર્યો કે ચેલ્લણા આદિ બધી રાણીઓ પૂર્ણ પતિવ્રતા અને શીલવંતી છે ? ભગવાને કહ્યું હા. ત્યારે રાજા શ્રેણિક મનોમન પશ્ચાતાપ કરવા લાગ્યા. તે સમવસરણમાંથી જલ્દીથી નીકળી રાજભવન તરફ પાછા ફર્યા. રસ્તામાં અભયકુમાર મળી ગયા. રાજાના પ્રશ્ન પૂછવા પર અભયકુમારે મહેલને સળગાવી દીધાની વાત કરી. રાજાએ કહ્યું શું તમે પોતાની બુદ્ધિથી કામ ન કર્યું ? અભયકમાર બોલ્યા, રાજન્ ! રાજાની આજ્ઞાનો ભંગ કરવો કેટલો ભયંકર છે, એ હું સારી રીતે જાણતો હતો.

રાજાને પોતાના અવિવેક પૂર્ણ કૃત્ય પર ક્રોધ આવી રહ્યો હતો. તે પોતાના

ક્રોધને વશમાં ન રાખી શક્યા અને તેના મુખમાંથી એકદમ શબ્દ સરી પડ્યા કે અહિંયાથી ચાલ્યો જા, ભૂલથી પણ મને મોઢું ન બતાવતો. અભયકુમાર તો આ શબ્દોની જ પ્રતીક્ષા કરી રહ્યા હતા. તેમણે રાજાને નમસ્કાર કર્યા અને ભગવાનના ચરણોમાં પહોંચીને દીક્ષા ગ્રહણ કરી લીધી. રાજા શ્રેણિક મહેલમાં પહોંચ્યા. બધી રાણીઓ અને બહુમૂલ્ય વસ્તુઓ સુરક્ષિત જોઈને પોતાનાં વચનો માટે અપાર દુઃખ થયું. તે ભગવાનની પાસે પહોંચ્યા પરંતુ રાજા શ્રેણિક પહોંચ્યા, તે પહેલાં જ અભયકુમાર દીક્ષિત થઈ ગયા.

અંતગડદશાંગ સૂત્રમાં અભયકુમારની માતા નંદાનો પણ દીક્ષિત થઈ મોક્ષ પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ છે. અભયકુમાર મુનિએ ૧૧ અંગોનું અધ્યયન કર્યું. ગુણરત્ન સંવત્સર તપની આરાધના કરી. તેનું શરીર અત્યંત કૃશ થઈ ગયું તો પણ સાધનાનું અપૂર્વ તેજ તેના મુખ પર ચમકી રહ્યું હતું. અભયકુમારમાં પ્રબળ પ્રતિભા હતી, કુશાગ્ર બુદ્ધિના ધારક હતા. બુદ્ધિની સાર્થકતા તેમાં છે કે જ્યાં આત્મજ્ઞાનની વિચારણા કરવામાં આવે. **बुद्धे फलं तत्त्व विचारणं च**, આજે પણ વ્યાપારીવર્ગ અભયકુમારની બુદ્ધિનું સ્મરણ કરે છે. નૂતનવર્ષના અવસર પર જમા ખાતામાં લખાય છે કે અભયકુમારની જેવી બુદ્ધિ હોજો.

## વિષય વસ્તુ :-

પ્રસ્તુત અનુત્તરોપપાતિક સૂત્રના પ્રથમ વર્ગમાં ૧૦ અધ્યયન છે, દ્વિતીય વર્ગમાં ૧૩ અધ્યયન છે અને તૃતીય વર્ગમાં ૧૦ અધ્યયન છે. આ પ્રમાણે ત્રણે વર્ગોનાં અધ્યયનની સંખ્યા ૩૩ થાય છે. પ્રત્યેક અધ્યયનમાં એક એક મહાપુરુષના જીવનનું વર્ણન છે. આ સૂત્ર ૨૯૨ શ્લોક પ્રમાણ માનવામાં આવેલ છે.

પ્રથમ વર્ગમાં જાલિ, મયાલિ, ઉપજાલિ, પુરુષસેન, વારિસેણ, દીર્ઘદંત, લષ્ટદંત, વિહલ્લ, વેહાયસ, અને અભયકુમાર આ દશ રાજકુમારોનું, તેનાં માતા– પિતાનું, નગર, જન્મ આદિનું તથા ત્યાંના રાજા, ઉદ્યાન, આદિનો પરિચય આપ્યો છે. ઉક્ત દશે રાજકુમાર ભગવાન મહાવીરની પાસે સંયમ સ્વીકારીને તથા ઉત્કૃષ્ટ તપ–ત્યાગની આરાધના કરીને અનુત્તર વિમાનમાં દેવ થયા અને ત્યાંથી ચ્યવી મનુષ્ય જન્મ પ્રાપ્તકરી સિદ્ધ, બુદ્ધ, મુક્ત થશે.

દ્વિતીય વર્ગમાં દીર્ઘસેન, મહાસેન, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત, હલ, દ્રુમ, દ્રુમસેન, મહાદ્રુમસેન, સિંહ, સિંહસેન, મહાસિંહસેન અને પુષ્પસેન, આ ૧૩ રાજકુમારોનાં જીવનનું વર્ણન, જાલિકુમારના જીવનની જેમ સંક્ષેપમાં કર્યું છે. આ વર્ગમાં વર્ણિત મહાપુરૂષોનું જીવન પહેલા ભોગમય અને પછી તપોમય હતું તથા સર્વ રાજકુમાર પોતાની તપસાધના દ્વારા પાંચ અનુત્તર વિમાનમાં ગયા. ત્યાંથી ચ્યવી, મનુષ્ય જન્મ પામી, સિદ્ધ બુદ્ધ અને મુક્ત થશે.

અહીં પ્રથમ વર્ગના દશ અધ્યયનોમાંથી સાતમું અધ્યયન લષ્ટદંત રાજકુમારનું છે અને બીજા વર્ગમાં પણ ત્રીજું અધ્યયન લષ્ટદંતકુમારનું છે. બન્નેની માતા ધારિણી અને પિતા શ્રેણિક સમ્રાટ છે. તેની હકીકત શું છે તે અન્વેષણીય છે. સંભવ છે કે લષ્ટદંત નામના બે રાજકુમારો હોય.

તૃતીય વર્ગમાં ધન્યકુમાર, સુનક્ષત્રકુમાર, ઋષિદાસ, પેલ્લક, રામપુત્ર, ચંદ્રિક પૃષ્ટિમાતૃક, પેઢાલપુત્ર, પોટ્ટિલ્લ, તથા વેહલ્લ, આ દશ કુમારોનું ભોગમય જીવન, અને તેના પછી તપોમય જીવનનું સુંદર વર્ણન છે. આ દશ કુમારોમાં ધન્યકુમારનું વર્ણન વિસ્તાર પૂર્વક છે.

અનુત્તરોપપાતિક સૂત્રના પ્રમુખપાત્ર ધન્યકુમાર, કાકંદીની ભદ્રા સાર્થવાહીના પુત્ર હતા. અપરિમિત ધન–ધાન્ય અને સુખ–ઉપભોગના સાધનોથી સંપન્ન હતા. ધન્યકુમારનું લાલન–પાલન ખૂબ સારી રીતે થયું હતું. તે સાંસારિક સુખોમાં લીન હતા. એક દિવસ શ્રમણ ભગવાન મહાવીરના ત્યાગ–વૈરાગ્યયુક્ત દિવ્ય પાવન પ્રવચન સાંભળી વૈરાગ્યની ભાવના જાગૃત થઈ ગઈ અને તે અનુસાર તે પોતાના વિપુલ વૈભવને છોડી સંયમી બની ગયા.

સંયમના કઠોર માર્ગ પર એક વીર સૈનિકની જેમ આગળ વધ્યા હતા. તેના તપોમય જીવનનું અદ્ભુત વર્ણન કરવામાં આવ્યું છે. ધન્ય અણગારનું તપવર્ણન સાંભળી દરેકનું મસ્તક શ્રદ્ધાથી નતમસ્તક બની જાય છે. તેઓએ જિંદગી પર્યંત છઠ–છઠનું તપ કરવાની પ્રતિજ્ઞા કરી હતી. પારણામાં માત્ર આયંબિલવ્રતના રૂપમાં લૂખું ભોજન લેતા હતા. તેમાં પણ ગૃહસ્થ જે ભોજનને બહાર ફેંકવા યોગ્ય સમજતા તેને જ

લેવાની તેઓએ પ્રતિજ્ઞા કરી હતી. આ પ્રકારની તપશ્ચર્યાથી તેનું શરીર હાડપિંજર જેવું થઈ ગયું હતું. તેના તપનું અલંકારિક વર્ણન આ શાસ્ત્રમાં છે. તે કથનમાં પર્યાપ્ત યથાર્થતાના દર્શન થાય છે, જેમ કે–

તપસ્વી ધન્યમુનિનાં વાંસાનાં હાડકાં અક્ષમાલાની જેમ એક એક કરીને ગણી શકાતાં હતાં, છાતીનાં હાડકાં ગંગાની લહેરો (મોજાં) સમાન અલગ–અલગ પ્રતીત થતાં હતાં. તેમની ભુજાઓ સુકાયેલા સાપની જેમ કૃશ થઈ ગઈ હતી, હાથ ઘોડાના મોઢા પર બાંધવાના તોબરો જેવા શિથિલ થઈને લટકી ગયા હતા અને વાયુરોગથી જેમ અંગોપાંગ કંપે તેમ તેમનું મસ્તક કંપી રહ્યું હતું. આ રીતે તે વર્ણનમાં અનેક ઉપમાઓ અને દષ્ટાંતો ભરેલાં છે.

આગમ સાહિત્યમાં વર્ણિત શૈલી અને વિષયવર્ણનની અપેક્ષાએ એક સમાન પ્રતીત થતી કથાઓનું ઊંડાણથી અવગાહન કરવામાં આવે તો તે કથાઓમાંથી નવું નવું તથ્ય પ્રગટ થાય છે. ભારતીય સંસ્કૃતિ સંરચના અને ભારતીય વિદ્યાઓના વિકાસમાં તેનું અપૂર્વ યોગદાન રહ્યું છે. આધુનિક વાર્તાઓ અને નવલકથાઓની જેમ ભલે તે દિલચસ્પીવાળી ન હોય, પાઠકોના મનને ભલે તે પકડીને રાખતી ન હોય, પરંતુ તેમાં જીવન ઉત્થાનની પ્રેરણાઓ રહેલી છે. તે સાંસ્કૃતિક દષ્ટિથી અપૂર્વ છે. તેમાં પ્રાકૃતિક તત્ત્વો ભરપૂર છે.

પ્રસ્તુત આગમનો વિષય કથા પ્રધાન છે તથાપિ ચારિત્રનું પ્રતિનિધિત્વ પણ કરે છે. સાથે જ તેમાં તપનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. જૈન સંસ્કૃતિમાં તપની સાધના મુખ્યરૂપે રહેલી છે. જેટલા પણ તીર્થંકર થયા છે તેણે તપની સાથે જ દીક્ષા ગ્રહણ કરી છે, તપની સાથે જ કેવળજ્ઞાન, કેવળદર્શન પ્રાપ્ત કર્યું છે અને તપ સાથે જ તેમનો પ્રથમ ઉપદેશ પ્રારંભ કરે છે. ભગવાન મહાવીર તપો વિજ્ઞાની અદ્વિતીય મહાપુરુષ હતા. તેઓએ પોતાના સમયમાં પ્રચલિત દેહદમનરૂપ બાહ્ય તપની પણ આધ્યાત્મિક સાધનાની સાથે સમજૂતી સ્થાપિત કરી હતી. ભગવાન મહાવીરે પોતે અને તેમના શિષ્યોએ પણ ઉત્કૃષ્ટ તપની આરાધના કરી હતી. તેનો ઉલ્લેખ આ આગમમાં મળે છે. અન્ય આગમોમાં પણ આ જ કારણથી મહાવીરના શિષ્યો માટે તપસ્વી અને

દીર્ઘતપસ્વી વિશેષણનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે અને અણગારને તપમાં શૂરવીર કહ્યા છે. સુપ્રસિદ્ધ ટીકાકાર મલયગિરિએ તપની પરિભાષા કરતાં લખ્યું છે કે જે આઠ પ્રકારના કર્મને તપાવી તેનો નાશ કરે તેનું નામ 'તપ' છે. વાસ્તવમાં તપથી કર્મનો નાશ થાય છે, ઢાંકેલી શક્તિઓ પ્રગટ થઈ જાય છે. જેમ પવનથી જ કાળાં ડિબાંગ વાદળો એક ક્ષણમાં વિખરાઈ જાય છે તેમ તપરૂપી પવનથી કર્મરૂપી વાદળાંઓ વિખરાવાં લાગે છે.

પ્રસ્તુત આગમમાં અનશન તપનું વિસ્તૃત વર્ણન છે. અનશન તપ તે જ સાધક કરી શકે છે કે જેને શરીરની આસક્તિ ઓછી હોય. અનશનમાં અશન અર્થાત્ ખાદ્ય વસ્તુનો ત્યાગ તો કરવામાં આવે જ છે, સાથે જ ઈચ્છાઓ, કષાયો અને વિષયવાસનાનો ત્યાગ પણ કરવામાં આવે છે. શરૂઆતમાં સાધક અમુક સમય માટે આહાર આદિનો ત્યાગ કરે છે, તે ઈત્વરિક તપના નામથી પ્રખ્યાત છે અને જીવનના અંતિમ સમયમાં જિંદગીપર્યંત આહાર આદિનો ત્યાગ કરે છે, તે યાવત્કથિત (આજીવન)તપ કહેવાય છે. ધન્ય અણગાર અને અન્ય સાધુઓએ આ બન્ને પ્રકારનાં તપની આરાધના કરી હતી. સંલેખના જૈન સાધના વિધિની એક પ્રક્રિયા છે. જે સાધકે આધ્યાત્મિકતાની ગહન સાધના કરી છે, ભેદ વિજ્ઞાનની સૂક્ષ્મતાને જેણે સારી રીતે આત્મસાત્ કરીછે, તે સંલેખના અને સમાધિ દ્વારા મરણનું વરણ કરી શકે છે. મરણના સમયે જે આહાર આદિનો ત્યાગ કરવામાં આવે છે તે ત્યાગમાં મૃત્યુની ચાહના હોતી નથી. સંયમી સાધકની દરેક ક્રિયાઓ સંયમના માટે જ હોય છે. જે શરીર સાધનામાં સહાયક ન હોય તે બાધક બની જાય છે. તેનું વહન કરવાથી આધ્યાત્મિક ગુણોની શુદ્ધિ અને વૃદ્ધિ ન થાય માટે તે ત્યાગવા યોગ્ય બની જાય છે. તે સમયે સ્વેચ્છાએ મરણને વરણ કરવામાં આવે છે. એક ભ્રાંત ધારણા છે કે સંથારો આત્મહત્યા છે, પરંતુ આ સત્ય નથી. આત્મહત્યા તે વ્યક્તિ જ કરે છે જે પરિસ્થિતિઓથી ત્રાસેલા હોય છે, જેની મનોકામના પૂર્ણ થતી નથી હોતી. જેનું ઘોર અપમાન થયા કરે છે, જે તીવ્ર ક્રોધના કારણે વિક્ષિપ્ત થઈ ગયો હોય છે, તે વ્યક્તિ વિવિધ પ્રકારના પ્રયોગ કરી જીવનનો અંત લાવે છે. તેના અંતરમનમાં ભય, કામનાઓ, વાસનાઓ, ઉત્તેજનાઓ અને કષાય રહેલાં હોય છે. જ્યારે સંથારામાં આ બધાંનો અભાવ હોય છે, આત્માનાં નિજ ગુણોને પ્રગટ કરવાની તીવ્રતર ભાવના હોય છે માટે જો પૂર્વકાળમાં કોઈની સાથે દુર્ભાવનાઓ અથવા વૈમનસ્ય થયું હોય તો તે સ્વયં ક્ષમાયાચના

કરે છે અને પોતાના તરફથી ક્ષમા પણ પ્રદાન કરે છે. સંથારામાં ન કોઈ પ્રકારની કીર્તિની કામના હોય છે અને ન કોઈ ચાહના હોય છે, માટે તે આત્મહત્યા નથી પરંતુ સાધનાનો મંગલમય પાવન માર્ગ છે.

## આગમોનાં સંસ્કરણ :-

પ્રસ્તુત આગમની ભાષા અને વિષય અત્યધિક સરળ હોવાના કારણે તેના પર નિર્યુક્તિ, ભાષ્ય કે ચૂર્ણિઓ પણ લખાઈ નથી. સર્વપ્રથમ આચાર્ય અભયદેવે જ તેના પર સંસ્કૃત ભાષામાં વૃત્તિ લખી છે, જે શબ્દાર્થ પ્રધાન અને સૂત્રસ્પર્શી છે. વૃત્તિનું ગ્રંથમાન ૧૯૨ શ્લોક પ્રમાણ છે. તે વૃત્તિ સને ૧૯૨૦માં આગમ સમિતિ સુરતથી પ્રકાશિત થઈ અને તેની પૂર્વે ૧૮૭૫ માં કલકત્તાથી ધનપતસિંહે પ્રકાશિત કરી હતી. આ આગમનો અંગ્રેજી અનુવાદ ૧૯૦૭ માં એલ. ડી. બાર્નેટથી પ્રકાશિત થયો છે. પી.એલ. વૈદ્યએ પ્રસ્તાવનાની સાથે સન્ ૧૯૩૨માં તેનું પ્રકાશન કરાવ્યું. સને ૧૯૨૧માં તેનો કેવળ મૂળ પાઠ આત્માનંદ સભા ભાવનગરથી પ્રકાશિત થયો છે. વિક્રમ સંવત ૧૯૯૦ માં ભાવનગરથી અભયદેવ વૃત્તિ સાથે ગુજરાતી અનુવાદનું એક સંસ્કરણ પ્રકાશિત થયું. વીર સંવત ૨૪૪૬ માં આચાર્ય અમોલખઋષિએ ૩૨ આગમોનાં પ્રકાશનની સાથે તેનું પણ પ્રકાશન કરાવ્યું હતું. ૧૯૪૦ માં ગોપાલદાસ જીવાભાઈ પટેલે જૈન સાહિત્ય પ્રકાશન સમિતિ અમદાવાદથી અને શ્રમણી વિદ્યાપીઠ ઘાટકોપર મુંબઈથી તેના મૂળની સાથે ગુજરાતી અનુવાદ પ્રકાશિત કર્યો છે. આચાર્ય શ્રી ઘાસીલાલજી મ.સા.એ સંસ્કૃત ટીકાની સાથે હિન્દી અને ગુજરાતી અનુવાદ સને ૧૯૫૯ માં જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ દ્વારા પ્રકાશિત કરાવ્યો.

આચાર્ય શ્રી આત્મારામજી મ.સા.એ વિવેચન યુક્ત એક શાનદાર સંસ્કરણ જૈન શાસ્ત્રમાળા કાર્યાલય લાહોરથી સને ૧૯૩૬ માં પ્રકાશિત કર્યું છે. શ્રી વિજયમુનિ શાસ્ત્રીએ મૂળ, હિન્દી ટિપ્પણ અથવા વૃત્તિની સાથે સંપાદિત કરી એક મનમોહક સંસ્કરણ પ્રકાશિત કર્યું છે. આ પ્રમાણે આજ સુધી આ સૂત્રનાં અનેક સંસ્કરણ પ્રકાશિત થયાં છે. બ્યાવરથી યુવાચાર્ય મધુકરમુનિજીએ જે આગમ બત્રીસી સંપાદન કરાવી છે તેમાં પણ આ સૂત્રનું અભિનવ સંસ્કરણ છે. તેમાં મૂળ પાઠ સાથે અર્થ તથા ટૂંકમાં

વિવેચન પણ છે. જેનું સંપાદન વિવેચન વિદુષી મહાસતીજી મુક્તિપ્રભાજીએ કર્યું છે. આગમ મનીષી શ્રી ત્રિલોકમુનિએ બત્રીસ શાસ્ત્રોનો સારાંશ હિંદીમાં સંપાદિત કરી ૩૨ નાની પુસ્તિકાઓના રૂપમાં પ્રકાશિત કરાવ્યો છે, જે સામાન્ય અને પ્રૌઢ બંને સ્વાધ્યાયીઓને ઉપયોગી છે.

આ રીતે આગમ સાહિત્યને જીવંત અને ચિરકાલીન રાખવા, સમયે સમયે આગમપ્રેમી સાધકોએ વિધવિધ પ્રયત્નો કર્યા છે. પ્રત્યેક પ્રકાશનોની પોતપોતાની આગવી વિશેષતા છે. અમારા સંપાદનને સુંદરતમ બનાવવામાં આમાંના અનેક સંસ્કરણોનો પૂરેપૂરો સહયોગ મળ્યો છે.

## પ્રસ્તુત સંસ્કરણ :-

ગુજરાતી ભાષી સ્વાધ્યાય પ્રેમી વિશાળ સમાજની જ્ઞાન પિપાસાને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત સંસ્કરણ પ્રકાશિત કરી રહ્યા છીએ. પૂ. ગુરુદેવ શ્રી પ્રાણલાલજી મ.સા. ની જન્મ શતાબ્દી નિમિત્તે કંઈક નવીન અને સમાજોપકારક કાર્ય કરવું કે જે ભાવિ પેઢીના માટે યુગો સુધી ઉપયોગી અને ઉપકારી બને. આ વિચાર વિ. સં. ૨૦૫૨ જુનાગઢ મુકામે પૂ. તપસ્વી ગુરુદેવ રતિલાલજી મ. સા.ના સાનિધ્યમાં પૂજ્યવરા મંગલમૂર્તિ પૂ.મુક્તાબાઈ મ. પોતાના વિશાળ પરિવાર સાથે પધારેલાં તે સમયે વિદુષી સાધ્વી રત્ના પૂ. ઉષાબાઈ મ.ને અંતઃસ્ફૂરણા થઈ કે જો આપણે નાના મોટા દરેક સાધ્વીઓ જહેમત ઉઠાવીએ તો ગુરુદેવની અને ગુરુણીમૈયાની અસીમ કૃપાથી આ કાર્યનું સ્વપ્ન સાકાર કરી શકીએ. આ વાત તેમણે પૂ. તપસ્વી ગુરુદેવ અને પૂ. ગુરુણીમૈયા મુક્ત–લીલમ ગુરુણી પાસે વ્યક્ત કરી અને પૂ. તપસ્વી ગુરુદેવ અને ગુરુણીમૈયાની સહર્ષ અનુમતિ મળી ગઈ. તુરંત શિષ્ય શિષ્યાઓ ઉત્કટ ઉત્કંઠા સાથે સરળ ગુજરાતી ભાષામાં બત્રીસ શાસ્ત્રોનું વિવેચન કરવા તૈયાર થઈ ગયાં. પૂજ્ય ગુરુણીમૈયાએ દરેક સાધ્વીની યોગ્યતા જોઈને આ લખાણનું કાર્ય પોતાના સાધ્વી સમુદાયમાં વિભક્ત કર્યું અને સમય જતાં ઘણું ખરું લખાઈ ગયું. પુણ્ય યોગે રાજકોટ રોયલપાર્ક ઉપાશ્રયમાં પૂજ્ય તપસ્વી ગુરુદેવની પાવન નિશ્રામાં સમ્મિલિત વિશાળ સાધુ–સાધ્વી વૃંદનું ચાતુર્માસ થયું. સ્વ. પૂજ્ય ગુરુદેવશ્રી પ્રાણલાલજી મ. સા.ની જન્મ દિવસની ઉજવણીના દિવસે સૌરાષ્ટ્ર કેસરી પૂજ્યશ્રી પ્રાણગુરુની સ્મૃતિરૂપે આ પ્રકાશન કાર્યનો પાકો નિર્ણય

થયો, શ્રી રોયલ પાર્ક સ્થા. જૈન મોટા સંઘે સ્વપ્ન સાકાર કરવાનું બીડું ઝડપ્યું અને તે સમયે ઉદાર દાનવીર શ્રાવક શ્રી રમણિકભાઈ નાગરદાસ શાહ(ભામાશા), રાજકોટ શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘના પ્રમુખશ્રી ચંદ્રકાંત માણેકચંદ શેઠ, રાજકોટ, જુનાગઢ સંઘ પ્રમુખશ્રી વૃજલાલ શાંતિલાલ દામાણી, જુનાગઢ સંઘ મંત્રીશ્રી સુરેશચંદ્ર પ્રભુલાલ કામદાર વગેરે ઘણા શ્રાવકોએ મળીને એક પ્રકાશન સમિતિનું નિર્માણ કર્યું અને ઉદાર શ્રીમંતોને આ કાર્યમાં સહયોગ આપવાની પ્રેરણા થઈ. તે જ દિવસે કેટલાક આગમોનાં પ્રકાશન માટે સહયોગ મળી ગયો, ઉત્સાહ વધ્યો અને પૂર જોશથી લેખનકાર્ય આગળ વધવા લાગ્યું.

રાજકોટના ચાતુર્માસમાં જ આસો સુદી ૧૦ "વિજયા દશમી"ના દિવસે આ પ્રકાશન કાર્ય ચાલુ કરવામાં આવ્યું.

મારા પુણ્યોદયે મને આ નવમું અંગ આગમ અનુત્તરોપપાતિક સૂત્ર લખવાનો સુયોગ સાંપડેલ છે.

આ આગમ સેવાનો આદેશ પૂ. "મુક્ત–લીલમ" ગુરુણી મૈયા પાસેથી મળતાં મેં સહર્ષ આજ્ઞા શિરોધાર્ય કરી અને લખવાનું કાર્ય પ્રારંભ કર્યું. અનુક્રમે અનુવાદનું કાર્ય મારા ક્ષયોપશમ અનુસાર પૂર્ણ કરેલ છે.

આ અનુવાદ કાર્યમાં પૂર્વ પ્રકાશિત થયેલ સૂત્રોનો આધાર લીધેલ છે. જેમાં મુખ્યત્વે બ્યાવરથી પ્રકાશિત પૂજ્ય યુવાચાર્ય શ્રી મધુકર મુનિજીના અને લાડનૂથી પ્રકાશિત આચાર્ય તુલસી તથા યુવાચાર્ય મહાપ્રાજ્ઞના અનુત્તરોપપાતિક સૂત્રનો ખૂબ જ ઉપયોગ કર્યો છે, માટે તે સંપાદકો અને પ્રકાશકોનો પણ હૃદયથી આભાર માનું છું.

આગમ મનીષી પૂ. શ્રી ત્રિલોકમુનિજી મ. સા.એ શાસ્ત્રના સંપાદનનું કાર્ય કરવામાં ખૂબ જ જહેમત ઉઠાવેલ છે, પૂરેપૂરો સહયોગ આપી ખૂબ જ પરિશ્રમ સાથે અપ્રમત્ત દશાથી આ મારા અનુવાદને સૈદ્ધાંતિક દષ્ટિથી તપાસી આગમને અનેરો ઓપ આપેલ છે. તે બદલ તેમની પણ હું ઋણી છું. મારા તેમને લાખ લાખ વંદન.

ભાવયોગિની મમ ગુરુણી મૈયા પૂ. લીલમબાઈ મ. એ મારા લખેલા આ અનુત્તરોપ–

પાતિક સૂત્રને ખૂબ જીણવટભરી દષ્ટિથી જોઈને મારા ઉપર મહાન ઉપકાર કરેલ છે. તેમના શ્રી ચરણોમાં મારી કોટી કોટી વંદના.

આ અનુત્તરોપપાતિક સૂત્રનું મુખ્ય સંપાદન સાધ્વીશ્રી આરતીએ કર્યું છે. તેમને અનેકશઃ સાધુવાદ અર્પું છું.

મારી અંતેવાસિની શિષ્યાઓનો મને આ કાર્યમાં પૂરેપૂરો સહયોગ મળ્યો છે તે બધાને આભાર સહ અંતરના આશીર્વાદ.

મારા ક્ષયોપશમ પ્રમાણે પૂરી સજાગતાથી આ અનુત્તરોપપાતિક સૂત્રનું લેખન સંપાદન કરતાં અને પૂરું ધ્યાન આપવા છતાં છદ્મસ્થપણાથી ક્યાંક ભૂલો રહી ગયેલ હોય તો જિજ્ઞાસુઓ ભૂલોને સુધારીને વાંચશો અને સત્યને ગ્રહણ કરશો, એ જ અભ્યર્થના.

**પૂ."મુક્ત–લીલમ" શીશુ**
**સાધ્વી સન્મતિ**

# ૩૨ અસ્વાધ્યાય

## શાસ્ત્રના મૂળપાઠ સંબંધી

| ક્રમ | વિષય | અસ્વાધ્યાય કાલ |
|---|---|---|
| | **આકાશસંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧ | આકાશમાંથી મોટો તારો ખરતો દેખાય | એક પ્રહર |
| ૨ | દિગ્દાહ–કોઈ દિશામાં આગ જેવું દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૩ | અકાલમાં મેઘગર્જના થાય [વર્ષાઋતુ સિવાય] | બે પ્રહર |
| ૪ | અકાલમાં વીજળી ચમકે [વર્ષાઋતુ સિવાય] | એક પ્રહર |
| ૫ | આકાશમાં ઘોરગર્જના અને કડાકા થાય | આઠ પ્રહર |
| ૬ | શુક્લપક્ષની ૧, ૨, ૩ની રાત્રિ | એક પ્રહર |
| ૭ | આકાશમાં વીજળી વગેરેથી યક્ષનું ચિહ્ન દેખાય | જ્યાં સુધી દેખાય ત્યાં સુધી |
| ૮ | કરા પડે | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૯ | ધુમ્મસ | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૦ | આકાશ ધૂળ–રજથી આચ્છાદિત થાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| | **ઔદારિક શરીર સંબંધી દસ અસ્વાધ્યાય** | |
| ૧૧ | તિર્યંચ, મનુષ્યના હાડકાં બળ્યા, ધોવાયા વિના હોય, | ૧૨ વર્ષ |
| ૧૨–૧૩ | તિર્યંચના લોહી, માંસ ૬૦ હાથ, મનુષ્યના ૧૦૦ હાથ [ફૂટેલા ઈંડા હોય તો ત્રણ પ્રહર] | દેખાય ત્યાં સુધી |
| ૧૪ | મળ–મૂત્રની દુર્ગંધ આવે અથવા દેખાય | જ્યાં સુધી રહે ત્યાં સુધી |
| ૧૫ | સ્મશાન ભૂમિ [૧૦૦ હાથની નજીક હોય] | – |
| ૧૬ | ચંદ્રગ્રહણ–ખંડ/પૂર્ણ | ૮/૧૨ પ્રહર |
| ૧૭ | સૂર્યગ્રહણ–ખંડ/પૂર્ણ | ૧૨/૧૬ પ્રહર |
| ૧૮ | રાજાનું અવસાન થાય તે નગરીમાં | નવા રાજા થાય ત્યાં સુધી |
| ૧૯ | યુદ્ધસ્થાનની નિકટ | યુદ્ધ ચાલે ત્યાં સુધી |
| ૨૦ | ઉપાશ્રયમાં પંચેન્દ્રિયનું કલેવર | જ્યાં સુધી હોય ત્યાં સુધી |
| | **ચાર મહોત્સવ–ચાર પ્રતિપદા** | |
| ૨૧–૨૮ | અષાઢ, આસો, કારતક અને ચૈત્રની પૂર્ણિમા અને ત્યાર પછીની એકમ | સંપૂર્ણ દિવસ–રાત્રિ |
| ૨૯–૩૨ | સવાર, સાંજ, મધ્યાહ્ન અને અર્ધરાત્રિ. | એક મુહૂર્ત |

[**નોંધ :–** પરંપરા અનુસાર ભાદરવા સુદ પૂનમ અને વદ એકમના દિવસે પણ અસ્વાધ્યાય મનાય છે. તેની ગણના કરતાં ૩૪ અસ્વાધ્યાય થાય છે.]

# શ્રી અનુત્તરોવવાઈ સૂત્ર

ગણધર રચિત નવમું અંગ

મૂળપાઠ,

ભાવાર્થ,

વિવેચન,

પરિશિષ્ટ

: અનુવાદિકા :

પૂ. શ્રી સન્મતિબાઈ મ.

આ કાલિકસૂત્ર છે. તેના મૂળપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પહેલા તથા ચોથા પ્રહરમાં થઈ શકે છે.

# વર્ગ–૧ અધ્યયન–૧

## જાલિકુમાર

**ઉત્ક્ષેપ :–**

**१ तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे । अज्ज सुहम्मस्स समोसरणं । परिसा णिग्गया** *जाव* **जंबू पज्जुवासमाणे एवं वयासी– जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अट्ठमस्स अंगस्स अंतगडदसाणं अयमट्ठे पण्णत्ते, णवमस्स णं भंते ! अंगस्स अणुत्तरोववाइयदसाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :** તે કાળે –વર્તમાન અવસર્પિણીના ચોથા આરામાં, તે સમયે– પ્રભુ મહાવીર સદેહે બિરાજમાન હતા ત્યારે, રાજગૃહ નામનું એક નગર હતું. આર્ય સુધર્માસ્વામીનું ત્યાં આગમન થયું. ધર્મદેશના સાંભળવા માટે પરિષદ આવી અને ધર્મદેશના સાંભળીને પાછી ફરી ***યાવત્*** જંબૂસ્વામીએ પર્યુપાસના કરતાં આ પ્રમાણે પૂછ્યું–

જંબૂ– હે ભંતે ! જો નિર્વાણ પ્રાપ્ત **શ્રમણ** ભગવાન મહાવીર સ્વામીએ આઠમા અંગ શ્રી અંતગડદશાંગ સૂત્રમાં આ અર્થની પ્રરૂપણા કરી છે, તો હે ભંતે ! નવમા અંગ શ્રી અનુત્તરોપપાતિકદશાંગ સૂત્રનો શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ શું અર્થ કહ્યો છે ?

**વિવેચન :–**

અગિયાર અંગસૂત્રોમાં અંતકૃતદશાંગ સૂત્ર આઠમું અને અનુત્તરોપપાતિકદશાંગ સૂત્ર નવમું **અંગ** છે, સૂત્રોના ક્રમમાં **અંતકૃતદશાંગ** સૂત્ર પછી અનુત્તરોપપાતિક સૂત્ર છે. બંને સૂત્રોમાં મહાપુરુષોનાં જીવનનું અને તપ–ત્યાગનું સુંદર વર્ણન છે. અંતકૃતદશાંગ સૂત્રમાં તપ–ત્યાગ દ્વારા મુક્ત થયેલા ૯૦ મહાપુરુષોનું વર્ણન છે. જ્યારે અનુત્તરોપપાતિક દશાંગમાં તપ સાધના દ્વારા અનુત્તર વિમાનમાં ગયેલા ૩૩ મહાપુરુષોનું જીવન કવન છે.

આ સૂત્રની ઉત્થાનિકા **શ્રી જંબૂસ્વામી**ના પ્રશ્ન અને **સુધર્મા સ્વામી**ના ઉત્તરના રૂપમાં છે. શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના શાસનમાં દીક્ષિત ધન્ના અણગારે અગિયાર અંગ સૂત્રોનો અભ્યાસ કર્યો હતો અને પ્રસ્તુત સૂત્રમાં મુખ્યરૂપે ધન્ના અણગારનું જ વિશેષ વર્ણન છે, માટે પ્રશ્ન એ ઉપસ્થિત થાય

છે કે તેમણે કયા નવમા અંગ સૂત્રનો અભ્યાસ કર્યો હશે ? વર્તમાને જે અનુત્તરોવવાઈ અંગ સૂત્ર છે, તેમાં તો ધન્ના અણગારના સંયમ, તપનું અને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા સુધીનું સંપૂર્ણ વર્ણન પ્રાપ્ત થાય છે. તેનું કારણ એ છે કે વર્તમાને ઉપલબ્ધ ધર્મકથાઓ અને ઘટનાઓનું ઉપયોગી અને પ્રાસંગિક વર્ણન લેખનકાળ પહેલાં પૂર્વધરો દ્વારા સંપાદિત કરવામાં આવેલ છે. ઉત્થાનિકાઓમાં જંબૂસ્વામી અને સુધર્માસ્વામીના ગુણોનું વિસ્તૃત વર્ણન પણ આ વાતની સાક્ષી પૂરે છે એટલે ઉત્થાનિકાઓ પણ સુધર્મા સ્વામી અને જંબૂ સ્વામીના સમય પછી સંપાદિત કરેલી હશે તેમ જણાય છે.

આ સૂત્રની હસ્તલિખિત પ્રતોની ઉત્થાનિકામાં પાઠભેદ મળે છે. જેમ કે– **तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे होत्था, तस्सणं रायगिहे णाम णयरे सेणिए णामं राया होत्था । वण्णओ । चेलणाए देवी । तत्थणं रायगिहे णामं णयरे बहिया उत्तर पुरत्थिमे दिसीभाए गुणसिलए णामं चेइए होत्था । तेणं कालेणं तेणं समएणं रायगिहे णामं णयरे अज्ज सुहम्मे णामं थेरे** *जाव* **जेणेव गुणसिलए णामं चेइए तेणेव समोसढे । परिसा णिग्गया, धम्मो कहिओ, परिसा पडिगया । तेणं कालेणं तेणं समएणं जंबू** *जाव* **पज्जुवासमाणे एवं वयासी ।**

આ પાઠમાં વર્ણિત શ્રેણિક રાજા અને જંબૂસ્વામીનું એકી સાથે કથન ઉપયુક્ત નથી, કારણ કે શ્રેણિક રાજા તો શ્રમણ ભગવાન મહાવીર સ્વામી જ્યારે વિદ્યમાન હતા ત્યારે જ મૃત્યુ પામ્યા હતા અને જંબૂસ્વામી ભગવાનના નિર્વાણ પછી દીક્ષિત થયા હતા, માટે પાઠભેદ સમજી ઉપરોક્ત પાઠ પ્રસ્તુત સંસ્કરણમાં સ્વીકારેલ નથી.

આ સૂત્રમાં ધન્ના અણગારના જીવનની વિશિષ્ટતાઓને જ પ્રાધાન્ય આપ્યું છે. તે વિષયને અનેક ઉપમાઓથી સમજાવ્યો છે. શેષ સૂત્રો સરળ હોવાથી તેનું વિશેષ વિવેચન કર્યું નથી. આ આગમ અર્થની દષ્ટિએ સુગમ હોવા છતાં ઐતિહાસિક દષ્ટિએ તેનું ઘણું મહત્ત્વ છે.

પ્રસ્તુત આગમમાં રાજગૃહ નગરનો માત્ર નામોલ્લેખ છે. જિજ્ઞાસુઓએ નગરનું વિશેષ વર્ણન ઔપપાતિક સૂત્રથી જોઈ લેવું જોઈએ.

### અનુત્તરોપપાતિકસૂત્રનો પરિચય :–

**२ तए णं से सुहम्मे अणगारे जंबू अणगारं एवं वयासी– एवं खलु जंबू! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं णवमस्स अंगस्स अणुत्तरोववाइयदसाणं तिण्णि वग्गा पण्णत्ता ।**

**जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं णवमस्स अंगस्स अणुत्तरोववाइयदसाणं तओ वग्गा पण्णत्ता, पढमस्स णं भंते ! वग्गस्स अणुत्तरोववाइयदसाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं कइ**

**अज्झयणा पण्णत्ता ?**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अणुत्तरोववाइय- दसाणं पढमस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता, तं जहा–**

**जालि–मयालि–उवयाली, पुरिससेणे य वारिसेणे य ।**

**दीहदंते य लट्ठदंते य, वेहल्ले वेहायसे अभए इ य कुमारे ।।**

**जइ णं भंते! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पढमस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :** ત્યાર પછી સુધર્મા અણગારે જંબૂ અણગારને આ પ્રમાણે પૂછ્યું– હે જંબૂ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ નવમા અંગ શ્રી અનુત્તરોપપાતિકદશાંગસૂત્રના ત્રણ વર્ગ કહ્યા છે.

જંબૂ– હે ભંતે ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિક દશાંગસૂત્રના ત્રણ વર્ગ કહ્યા છે, તો હે ભંતે ! પ્રથમ વર્ગનાં પ્રભુએ કેટલા અધ્યયન કહ્યાં છે ?

સુધર્મા– હે જંબૂ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિકદશાંગ સૂત્રના પ્રથમ વર્ગનાં દશ અધ્યયન કહ્યાં છે, તે આ પ્રમાણે છે–

(૧) જાલિકુમાર (૨) મયાલિકુમાર (૩) ઉપજાલિકુમાર (૪) પુરુષસેનકુમાર (૫) વારિષેણ કુમાર (૬) દીર્ઘદંતકુમાર (૭) લષ્ટદંતકુમાર (૮) વેહલ્લકુમાર (૯) વેહાયસકુમાર (૧૦) અભયકુમાર.

જંબૂ– હે ભંતે ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પ્રથમ વર્ગનાં દશ અધ્યયન કહ્યાં છે, તો હે ભંતે ! અનુત્તરોપપાતિકદશાંગસૂત્રના પ્રથમ અધ્યયનનો પ્રભુએ શો અર્થ કહ્યો છે ?

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં આગમના અભિધેય વિષય વસ્તુનું પ્રતિપાદન કર્યું છે. સૂત્રનો વિષય અત્યંત સંક્ષિપ્ત છે. જંબૂસ્વામીએ અત્યંત ઉત્કૃષ્ટ ભાવથી પોતાની જિજ્ઞાસા આર્ય સુધર્માસ્વામી સમક્ષ પ્રગટ કરી અને સુધર્માસ્વામીએ તેના પ્રત્યુત્તર રૂપે આ સૂત્રના ત્રણ વર્ગ અને પ્રથમ વર્ગનાં દશ અધ્યયનોનાં નામનું કથન કર્યું છે.

પ્રસ્તુત સૂત્રની સાર્થકતા કે સપ્રયોજનતા ક્યા પ્રકારે સિદ્ધ થાય છે ? આ વિષયમાં દષ્ટિપાત કરતાં સ્પષ્ટ થાય છે કે જે ભવ્ય જીવ પોતાના વર્તમાન જન્મમાં કર્મોનો સંપૂર્ણરૂપથી ક્ષય કરવામાં અસમર્થ છે તે આ જન્મ પછી પાંચ અનુત્તર વિમાનોમાં પરમ શાતાવેદનીય જનિત સુખોનો અનુભવ કરીને

આગામી ભવમાં નિર્વાણપદની પ્રાપ્તિ કરી શકે છે.

તેમજ પ્રસ્તુત સૂત્રમાં શિષ્યની ગુરુભક્તિ અને વિનયનું દર્શન થાય છે. વિનયવંત શિષ્ય જ ગુરુ પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે અને તે જ જ્ઞાન સફળ થાય છે.

**જાલિકુમારનું પુણ્યશાળી જીવન :–**

**३ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे, रिद्धित्थिमिय समिद्धे । गुणसिलए चेइए । सेणिए राया, धारिणी देवी । सीहो सुमिणे । जालीकुमारो । जहा मेहो अट्ठट्ठओ दाओ *जाव* अण्णं च विपुलं धण कणग–रयण–मणिमोत्तिय–संख–सिलप्पवाल–रत्तरयण–संतसार–सावएज्जं अलाहि *जाव* आसत्तमाओ कुलवंसाओ पकामं दाउं, पकामं भोत्तुं, पकामं परिभाएउं ।**

**तए णं से जालीकुमारे एगमेगाए भारियाए एगमेगं हिरण्णकोडिं दलयइ, एगमेगं सुवण्णकोडिं दलयइ, *जाव* एगमेगं पेसणकारिं दलयइ, अण्णं च विउलं धणकणग *जाव* परिभाएउं दलयइ ।**

**तए णं जाली कुमारे उप्पिं पासाय वरगए *जाव* माणुस्सए कामभोगे पच्चणुभवमाणे विहरइ ।**

**ભાવાર્થ :** તે કાળે અને તે સમયે **રાજગૃહ** નામનું નગર હતું. તે સમૃદ્ધ, સ્થિર અને ઋદ્ધિ સંપન્ન હતું. ત્યાં **ગુણશીલ** નામનું ચૈત્ય હતું. **શ્રેણિક રાજા** અને તેની **ધારિણી** નામની રાણી હતી. ધારિણી રાણીએ સ્વપ્નમાં સિંહને જોયો. થોડા સમય પછી રાણીએ **મેઘકુમાર**ની સમાન જાલિકુમારને જન્મ આપ્યો. મેઘકુમારની જેમ જ જાલિકુમારનો જ જન્મોત્સવ, **પાંચ ધાઈ માતા** દ્વારા લાલન પાલન, બોંતેર કળાઓનું અધ્યયન તથા આઠ કન્યાઓ સાથે વિવાહ આદિ કાર્યો સંપન્ન થયાં અને આઠ–આઠ વસ્તુઓનો કરિયાવર આપ્યો અર્થાત્ આઠ કરોડ ચાંદી, આઠ કરોડ સોનું આદિ સમજી લેવું જોઈએ ***યાવત્*** બીજું પણ ઘણું ધન, કનકરત્ન, મણિ, મોતી, શંખ, પ્રવાલ લાલરત્ન આદિ ઉત્તમ કિંમતી દ્રવ્ય આપ્યાં કે જે સાત પેઢી સુધી દાન દેવા માટે, ઉપભોગ કરવા માટે અને ભાગ કરવા માટે પર્યાપ્ત હતાં.

ત્યાર પછી જાલિકુમારે પ્રત્યેક પત્નીને એક–એક કરોડ ચાંદી આપી, એક–એક કરોડ સુવર્ણ આપ્યું. ***યાવત્*** એક–એક પ્રેષ્ય કર્મ કરનારી(દાસી) આપી. તે સિવાય બીજું ઘણું ધન–સોનું આદિ આપ્યું કે જે દાન દેવામાં, ભોગ–ઉપભોગ કરવામાં અને ભાગ કરવા માટે સાત પેઢીઓ સુધી પર્યાપ્ત હતું.

ત્યાર પછી જાલિકુમાર ઉત્તમ મહેલમાં ઉપરના વિભાગમાં રહી મનુષ્ય સંબંધી સુખોનો અનુભવ કરતા રહેવા લાગ્યા.

**જાલિકુમારની દીક્ષા અને સંયમ સાધના :-**

**૪** **सामी समोसढे । सेणिओ णिग्गओ । जहा मेहो तहा जाली वि णिग्गओ, तहेव णिक्खंतो जहा मेहो । एक्कारस अंगाइं अहिज्जइ ।**

**गुणरयणं तवोकम्मं जहा खंदगस्स । एवं जा चेव खंदगस्स वत्तव्वया, सा चेव चिंतणा, आपुच्छणा, थेरेहिं सद्धिं विउलं पव्वयं तहेव दुरूहइ । णवरं सोलस वासाइं सामण्ण परियागं पाउणित्ता कालमासे कालं किच्चा उड्ढं चंदिमसूर** *जाव* **णवगेवेज्जयविमाणपत्थडे उड्ढं दूरं वीईवइत्ता विजय विमाणे देवत्ताए उववण्णे ।**

**तए णं थेरा भगवंतो जालिं अणगारं कालगयं जाणित्ता परिणिव्वाणवत्तियं काउस्सग्गं करेंति, करित्ता पत्तचीवराइं गेण्हंति तहेव उत्तरंति जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छंति, समणं भगवं महावीरं वंदंति णमंसंति, वंदित्ता णमंसित्ता एवं वयासी- एवं खलु देवाणुप्पियाणं अंतेवासी जाली णामं अणगारे पगइभद्दए पगइविणीए पगइउवसंते पगइपयणुकोहमाण- माया- लोभे मिउमद्दवसंपण्णे अल्लीणे भद्दए विणीए । से णं देवाणुप्पिएहि अब्भणुण्णाए समाणे सयमेव पंच महव्वयाणि आरोवित्ता, समणा य समणीओ य खामेत्ता, अम्हेहिं सद्धिं विपुलं पव्वयं दुरूहइ, तं चेव णिरवसेसं** *जाव* **इमे य से आयारभंडए ।**

**भंते! त्ति भगवं गोयमे समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी-**

**ભાવાર્થ :** ભગવાન મહાવીર સ્વામી રાજગૃહી નગરીમાં પધાર્યા. આ જાણીને રાજા શ્રેણિક ભગવાનના દર્શન કરવા ગયા. જાલિકુમારે પણ મેઘકુમારની જેમ ભગવાનના દર્શન કરવા માટે પ્રસ્થાન કર્યું. દર્શન કર્યા પછી મેઘકુમારની જેમ જાલિકુમારે પણ માતાપિતાની અનુમતિ લઈ દીક્ષા અંગીકાર કરી. સ્થવિરોની સેવામાં રહીને **અગિયાર અંગ સૂત્રો**નો અભ્યાસ કર્યો.

તેણે સ્કંદક મુનિની જેમ **ગુણરત્ન સંવત્સર** નામનું તપ કર્યું. સંલેખના, સંથારાની ચિંતવના, પૃચ્છનાનાં સંબંધમાં જે વર્ણન સ્કંધક મુનિનું ભગવતી સૂત્રમાં છે, તે વર્ણન જાલિકુમારના સંબંધમાં પણ સમજવું જોઈએ. તે **સ્થવિર** મુનિઓની સાથે વિપુલગિરિ પર ગયા. વિશેષતા એ છે કે સોળ વર્ષ સુધી જાલિકુમારે શ્રમણપર્યાયનું પાલન કર્યું, આયુષ્યના અંતે મૃત્યુ પામી, ઉપર ચંદ્ર, સૂર્ય ***યાવત્*** નવ ગ્રૈવેયક વિમાનોને પાર કરી વિજય નામના અનુત્તર વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

તે સમયે સ્થવિર ભગવંતોએ જાલિ અણગારને દિવંગત જાણી તેના મૃત્યુ નિમિત્તે **કાયોત્સર્ગ** કર્યો. ત્યાર પછી તે સ્થવિરોએ જાલિ અણગારનાં પાત્ર અને વસ્ત્રોને ગ્રહણ કર્યાં, પછી વિપુલગિરિથી નીચે ઊતર્યા, ઊતરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર સ્વામી બિરાજતા હતા ત્યાં આવ્યા. ભગવાનને વંદન નમસ્કાર કરી તે સ્થવિર ભગવંતોએ આ પ્રમાણે કહ્યું– હે ભગવન્ ! આપના શિષ્ય જાલિ અણગાર જે પ્રકૃત્તિથી ભદ્ર, વિનયી, શાંત, અલ્પક્રોધ, માન, માયા, અને અલ્પ લોભવાળા, કોમળતા અને નમ્રતા વગેરે ગુણોથી યુક્ત, ઈન્દ્રિયોને વશમાં રાખનાર, ભદ્ર અને વિનીત હતા. તે આપની આજ્ઞા લઈને સ્વયંમેવ પાંચ મહાવ્રતોને ગ્રહણ કરીને, સાધુ–સાધ્વીઓને ખમાવીને અમારી સાથે વિપુલ પર્વત પર ચઢ્યા હતા ***યાવત્*** તે સંથારો કરીને કાળધર્મ પામી ગયા. આ તેનાં **સંયમાચારના ઉપકરણો** (વસ્ત્ર–પાત્ર) છે.

ત્યાર પછી ગૌતમસ્વામીએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને વંદન નમસ્કાર કરી આ પ્રમાણે પૂછ્યું–

**જાલિ અણગારનું ભવિષ્ય :–**

**૫** **एवं खलु देवाणुप्पियाणं अंतेवासी जाली णामं अणगारे पगइभद्दए** *जाव* **विणीए, से णं जाली अणगारे कालगए कहिं गए, कहिं उववण्णे ?**

**एवं खलु गोयमा ! ममं अंतेवासी जाली णामं अणगारे पगइभद्दए** *जाव* **विणीए मम अब्भणुण्णाए समाणे सयमेव पंच महव्वयाइं आरुहेत्ता, तं चेव सव्वं अवसेसियं णेयव्वं,** *जाव* **कालगए उड्ढं चंदिम सूर- गहगण- णक्खत्त- तारारूवाणं बहूइं जोयणाइं, बहूइं जोयणसयाइं, बहूइं जोयणसहस्साइं, बहूइं जोयणसयसहस्साइं, बहूइं जोयणकोडीओ, बहूइं जोयणकोडाकोडीओ उड्ढं दूरं उप्पइत्ता सोहम्मीसाणसणंकुमार माहिंदबंभलंतगमहासुक्कसहस्साराणय- पाणयारणच्चुए तिण्णि य अट्ठारसुत्तरे गेवेज्ज विमाणावाससए वीईवइत्ता विजए महाविमाणे देवत्ताए उववण्णे ।**

**जालिस्स णं भंते ! देवस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! बत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**से णं भंते ! ताओ देवलोयाओ आउक्खएणं, भवक्खएणं, ठिइक्खए णं कहिं गच्छिहिइ, कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ ।**

**ભાવાર્થ :** ગૌતમ– હે ભંતે ! આપના અંતેવાસી જાલિ અણગાર જે પ્રકૃત્તિથી ભદ્ર હતા ***યાવત્***

વિનીત હતા, તે જાલિ અણગાર પોતાનું આયુષ્ય પૂર્ણ કરી ક્યાં ગયા છે ? અને ક્યાં ઉત્પન્ન થયા છે ?

હે ગૌતમ ! મારા અંતેવાસી પ્રકૃતિભદ્ર ***યાવત્*** વિનીત જાલિ અણગાર મારી અનુમતિ લઈને સ્વયંમેવ પાંચ મહાવ્રતનું આરોપણ કરી વગેરે સમસ્ત વર્ણન જાણવું ***યાવત્*** યથા સમયે કાળ કરી, ઉપર ચંદ્ર–સૂર્ય–ગ્રહ– નક્ષત્ર અને તારારૂપ જ્યોતિષ ચક્રથી ઘણાં યોજન, ઘણાં સેંકડો યોજન, ઘણાં હજારો યોજન, ઘણાં લાખો યોજન, ઘણાં ક્રોડી યોજન અને ઘણાં ક્રોડાક્રોડી યોજનને પાર કરીને, ઉપર જઈ, સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આણત, પ્રાણત, આરણ અને અચ્યુત દેવલોકને તથા ત્રણસો અઢાર નવ ગ્રૈવેયક આવાસોને પાર કરીને વિજય નામના મહાવિમાનમાં દેવના રૂપમાં ઉત્પન્ન થયા છે.

હે ભંતે ! જાલિદેવની આયુમર્યાદા ત્યાં કેટલી છે ?

ગૌતમ ! તેની આયુમર્યાદા ૩૨ **સાગરોપમ**ની છે.

હે ભંતે ! દેવલોકનું **આયુષ્ય, ભવ** અને **સ્થિતિનો ક્ષય** કરીને તે જાલિદેવ ક્યાં જશે ? અને ક્યાં ઉત્પન્ન થશે ?

પ્રભુ મહાવીર– હે ગૌતમ ! ત્યાંથી તે મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધિ પ્રાપ્ત કરશે.

## નિક્ષેપ :–

**૬ एवं खलु जंबू समणेणं भगवया महावीरेणं *जाव* संपत्तेणं अणुत्तरोववाइयदसाणं पढमस्स वग्गस्स पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते ।**

**ભાવાર્થ :** હે જંબૂ ! આ પ્રમાણે નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે અનુત્તરોપપાતિકદશાંગસૂત્રના પ્રથમ વર્ગના પ્રથમ અધ્યયનનો આ અર્થ કહ્યો છે.

## વિવેચન :–

પ્રથમ અધ્યયનમાં જાલિકુમારનું જીવન દર્શન કરાવ્યું છે, જે અત્યંત સંક્ષિપ્ત છે. તેના જીવનની કેટલીક ઘટનાઓ મેઘકુમારની સમાન છે, જે જ્ઞાતાસૂત્રના પ્રથમ મેઘકુમારના અધ્યયન અનુસાર જાણવી જોઈએ.

અહીં પ્રશ્ન થાય છે કે મેઘકુમાર અને જાલિકુમાર બંને અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થયા છે. તો મેઘકુમારનું વર્ણન જ્ઞાતાસૂત્રમાં અને જાલિકુમારનું વર્ણન અનુત્તરોપપાતિકસૂત્રમાં છે, તે ભેદનું કારણ શું ?

સમાધાન :– મેઘકુમારના જીવનમાં કેટલીક વિશિષ્ટ ઘટનાઓ છે, જે સાધકો માટે શિક્ષાપ્રદ છે, સાધકો માટે પ્રેરક છે. અનુત્તરોપપાતિક સૂત્રમાં કેવળ સમ્યક્ ચારિત્રના પાલનનું ફળ પ્રદર્શિત કર્યું છે. જ્યારે જ્ઞાતા સૂત્રમાં પ્રેરક દષ્ટાંતો છે. આ કારણે મેઘકુમારનું ચરિત્ર જ્ઞાતા સૂત્રમાં છે અને જાલિકુમારનું ચરિત્ર અનુત્તરોપપાતિક સૂત્રમાં છે.

પ્રસ્તુત સૂત્રને જોતા જણાય છે કે લગ્નના વિસ્તૃત વર્ણનમાં પિતા દ્વારા પુત્રને પ્રીતિદાન દેવાનો પાઠ આવે છે અને સંક્ષિપ્ત પાઠમાં **'अट्ठट्ठओ दाओ'** એટલો જ પાઠ આવે છે. તે પણ પ્રીતિદાનનું સંક્ષિપ્ત કથન જ છે. માટે શાસ્ત્રમાં તો પિતા દ્વારા પુત્રને જીવનપર્યંત અને સાત પેઢી સુધી ન ખૂટે તેટલી સંપત્તિ પ્રીતિદાન રૂપે દેવાનું કથન છે પરંતુ તેના સ્વસુર પક્ષ તરફથી મળનાર કરિયાવરની કશીય ચર્ચા નથી.

અર્થ તાત્પર્ય કરવામાં એમ સમજાય છે કે આઠ આઠ પદાર્થ લગ્નમાં તેના સ્વસુર પક્ષ તરફથી પ્રાપ્ત થાય છે. તેને જ પિતા પુત્રને આપી દે છે અને સાથે બીજી પણ ઘણી સંપત્તિ પ્રીતિદાન રૂપે આપી દે છે, જેમ કે– **''तएणं तस्स मेहस्स अम्मापियरो इमं एयारूवं पीइदाणं दलयंति''**

*–[જ્ઞાતા ધર્મકથા સૂત્ર. અ.૧]*

**॥ વર્ગ–૧ / ૧ સંપૂર્ણ ॥**

# વર્ગ–૧ અધ્યયન ૨ થી ૧૦

## મયાલિ આદિ કુમાર

**१** **एवं सेसाणं वि णवण्हं भाणियव्वं । णवरं सत्त धारिणिसुआ, वेहल्ल–वेहायसा चेल्लणाए । अभओ णंदाए ।**

**आइल्लाणं पंचण्हं सोलस वासाइं सामण्णपरियाओ । तिण्हं बारस वासाइं । दोण्हं पंच वासाइं ।**

**आइल्लाणं पंचण्हं आणुपुव्वीए उववाओ विजए वेजयंते जयंते अपराजिए सव्वट्ठसिद्धे ।**

**दीहदंते सव्वट्ठसिद्धे । उक्कमेणं सेसा । अभओ विजए । सेसं जहा पढमे ।**

**२** **एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अणुत्तरोववाइय दसाणं पढमस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते ।**

**ભાવાર્થ :** આ નવ અધ્યયનોનું વર્ણન પણ પ્રથમ અધ્યયનની જેમ જાણવું જોઈએ. વિશેષતા છે કે મયાલી આદિ સાત પુત્ર ધારિણી રાણીના છે. વેહલ્લ અને વેહાયસ બંને **ચેલણા**ના પુત્ર છે. અભયકુમાર **નંદા** રાણીનો પુત્ર છે.

પહેલાં પાંચ કુમારોની શ્રમણ પર્યાય ૧૬–૧૬ વર્ષની છે. ત્યાર પછીના ત્રણ કુમારોની શ્રમણ પર્યાય ૧૨–૧૨ વર્ષની છે અને અંતિમ બે કુમારોની શ્રમણ પર્યાય પાંચ વર્ષની છે.

પહેલાંના પાંચ અણગારોનો ઉપપાત–જન્મ અનુક્રમથી વિજય, વૈજયંત, જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ વિમાનમાં થયો છે.

છઠ્ઠા દીર્ઘદંત અણગાર સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા. શેષ **ઉત્ક્રમ**થી અપરાજિત આદિ વિમાનમાં ઉત્પન્ન થયા છે તથા દસમા અભયકુમાર વિજય વિમાનમાં ઉત્પન્ન થયા. શેષ વર્ણન પ્રથમ અધ્યયનની સમાન સમજી લેવું જોઈએ.

સુર્ધમાસ્વામી એ કહ્યું, હે જંબૂ ! આ પ્રકારે નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિકદશાંગસૂત્રના પ્રથમ વર્ગનો આ અર્થ કહ્યો છે.

**વિવેચન :–**

આ સૂત્રમાં પ્રથમ વર્ગનાં શેષ રહેલાં નવ અધ્યયનોનું વર્ણન કર્યું છે. તેનો વિષય પણ પ્રાયઃ પહેલા અધ્યયનની સાથે સામ્ય ધરાવે છે. વિશેષતા ફક્ત એટલી છે કે તેમાંથી સાત તો ધારિણી દેવીના પુત્ર હતા અને વેહલ્લકુમાર અને વેહાયસકુમાર બન્ને ચેલણા દેવીના તથા અભયકુમાર નંદાદેવીના પુત્ર હતા. પહેલાંના પાંચ કુમારોએ ૧૬ વર્ષ સંયમનું પાલન કર્યું હતું. ત્રણ કુમારોએ ૧૨ વર્ષ સુધી અને બાકીના બે કુમારોએ પાંચ વર્ષ સુધી સંયમ પર્યાયનું પાલન કર્યું. પહેલાં પાંચ કુમારો અનુક્રમથી પાંચ અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયા અને પાછળના પાંચ કુમારો અક્રમથી અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયા. એકંદરે આ દશે ય મુનિઓએ ઉત્કૃષ્ટ સંયમનું પાલન કર્યું, તેના ફળ સ્વરૂપે એકાવતારી પદને પ્રાપ્ત કર્યું. સમ્યક્ ચારિત્રનું ફળ તો એકાંત નિર્જરા અને મોક્ષ જ છે, તેમ છતાં કર્મો શેષ રહેવાથી આ બધા મુનિઓ અનુત્તર વિમાનવાસી દેવ બન્યા છે. ત્યાં અનાસક્ત ભાવે ઉત્તમ પ્રકારનાં પુણ્યનો ભોગવટો કરીને, મનુષ્ય જન્મ ધારણ કરીને તેઓ સિદ્ધ થશે. આ રીતે સમ્યક્ ચારિત્રનું પાલન તે જ મનુષ્ય જન્મની સફળતા છે.

**॥ વર્ગ–૧ / ૨ થી ૧૦ સંપૂર્ણ ॥**

# વર્ગ–૨ અધ્યયન ૧ થી ૧૩

## દીર્ઘસેન આદિ કુમારો

**ઉત્ક્ષેપ :–**

**१** **जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अणुत्तरोववाइयदसाणं पढमस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते, दोच्चस्स णं भंते ! वग्गस्स अणुत्तरोववाइयदसाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अणुत्तरोववाइयदसाणं दोच्चस्स वग्गस्स तेरस अज्झयणा पण्णत्ता । तं जहा–**

**दीहसेणे महासेणे, लट्ठदंते य गूढदंते य सुद्धदंते य ।**
**हल्ले दुमे दुमसेणे, महादुमसेणे य आहिए ।।**
**सीहे य सीहसेणे य, महासीहसेणे य आहिए ।**
**पुण्णसेणे य बोधव्वे, तेरसमे होइ अज्झयणे ।।**

**जइ णं भंते! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अणुत्तरोववाइयदसाणं दोच्चस्स वग्गस्स तेरस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते! अज्झयणस्स समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ।**

**ભાવાર્થ :** જંબૂ– ભંતે ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિક દશાંગસૂત્રમાં પ્રથમ વર્ગનો આ અર્થ કહ્યો છે તો હે ભંતે ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિકદશાંગસૂત્રના દ્વિતીય વર્ગનો શો અર્થ કહ્યો છે ?"

સુધર્માસ્વામી– હે જંબૂ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિક દશાંગસૂત્રના બીજા વર્ગનાં તેર અધ્યયન કહ્યાં છે, જે આ પ્રમાણે છે–

(૧) દીર્ઘસેન (૨) મહાસેન (૩) **લષ્ટદંત** (૪) ગૂઢદંત (૫) શુદ્ધદંત (૬) હલ્લ (૭) દ્રુમ (૮)

દ્રુમસેન (૯) મહાદ્રુમસેન (૧૦) સિંહ (૧૧) સિંહસેન (૧૨) મહાસિંહસેન (૧૩) પુણ્યસેન (પૂર્ણસેન).

જંબૂ– હે ભંતે ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિકદશાંગ સૂત્રના બીજા વર્ગનાં તેર અધ્યયન કહ્યાં છે, તો હે ભંતે ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ પ્રથમ અધ્યયનનો શો અર્થ કહ્યો છે ?

## દીર્ઘસેન આદિ :–

**२ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे, गुणसिलए चेइए । सेणिए राया । धारिणी देवी । सीहो सुमिणे । जहा जाली तहा जम्मं, बालत्तणं, कलाओ । णवरं दीहसेणे णामं कुमारे ।**

**सच्चेव वत्तव्वया जहा जालिस्स** *जाव* **अंतं काहिइ ।**

**एवं तेरस वि रायगिहे । सेणिओ पिया । धारिणी माया । तेरसण्हं वि सोलस वासा परियाओ । आणुपुव्वीए विजए दोण्णि, वेजयंते दोण्णि, जयंते दोण्णि, अपराजिए दोण्णि, सेसा महादुमसेणमाई पंच सव्वट्ठसिद्धे ।**

**ભાવાર્થ** : સુધર્માસ્વામી– હે જંબૂ ! તે કાળે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં ગુણશીલક નામનું ચૈત્ય હતું. ત્યાંના રાજા શ્રેણિક હતા. ધારિણીદેવી રાણી હતી. તેણે સિંહનું સ્વપ્ન જોયું. જાલિકુમારની જેમ જન્મ, બાલ્યકાળ અને કળાગ્રહણ આદિ વર્ણન જાણી લેવું જોઈએ. વિશેષ એ છે કે કુમારનું નામ દીર્ઘસેન હતું.

શેષ સમસ્ત વર્ણન જાલિકુમારની સમાન છે ***યાવત્*** સર્વ દુઃખોનો અંત કરશે.

આ રીતે તેર રાજકુમારોનું નગર રાજગૃહ હતું. પિતા શ્રેણિક હતા અને માતા ધારિણી હતી. તેર રાજકુમારોની દીક્ષા પર્યાય ૧૬ વર્ષની હતી. અનુક્રમથી તે બે કુમારો વિજય વિમાનમાં, બે કુમારો વૈજયંત વિમાનમાં, બે કુમારો જયંત વિમાનમાં, બે કુમારો અપરાજિત વિમાનમાં અને શેષ મહાદ્રુમસેન આદિ પાંચ કુમારો સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા.

## નિક્ષેપ :–

**३ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अणुत्तरोव- वाइयदसाणं दोच्चस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते ।**

**मासियाए संलेहणाए दोसु वि वग्गेसु ।**

**ભાવાર્થ** : સુધર્માસ્વામી– હે જંબૂ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિક દશાંગસૂત્રના બીજા વર્ગનો આ અર્થ કહ્યો છે.

આ પહેલા અને બીજા, બન્ને વર્ગોના દરેક અણગારની એક એક માસની સંલેખના સમજવી જોઈએ.

**વિવેચન :–**

અહીં એક વાત વિશેષ જાણવાની છે કે આ સૂત્રના બન્ને વર્ગોમાં કહેવાયેલા ત્રેવીસ મુનિઓએ એક એક માસનો પાદપોપગમન સંથારો કર્યો હતો અને ત્યાર પછી તે અનુત્તર વિમાનોમાં ઉત્પન્ન થયા.

આ વર્ગમાં સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનપૂર્વક સમ્યક્ ચારિત્રની આરાધનાનાં શુભ ફળ પ્રદર્શિત કર્યાં છે. એ વાત સર્વ વિદિત છે કે સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાનપૂર્વક કરેલી સમ્યક્ક્રિયા જ કર્મક્ષય કરવામાં સમર્થ થઈ શકે છે.

વિભિન્ન હસ્તલિખિત પ્રતોમાં સંક્ષિપ્ત અને વિસ્તૃત પદ્ધતિના કારણે ક્યાંક પાઠભેદ જોવા મળે છે.

**॥ વર્ગ–૨ / ૧ થી ૧૩ સંપૂર્ણ ॥**

# વર્ગ–૩ અધ્યયન–૧

## ધન્યકુમાર

**ઉત્ક્ષેપ :–**

**१ भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अणुत्तरोववाइयदसाणं दोच्चस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते, तच्चस्स णं भंते ! वग्गस्स अणुत्तरोववाइयदसाणं समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**एवं खलु जंबू! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अणुत्तरोववाइय–दसाणं तच्चस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता । तं जहा–**

**धण्णे य सुणक्खत्ते य, इसिदासे अ आहिए ।**
**पेल्लए रामपुत्ते य, चंदिमा पिट्ठिमा इ य ।।**

**पेढालपुत्ते अणगारे, णवमे पोट्टिले वि य ।**
**वेहल्ले दसमे वुत्ते, इमे य दस आहिया ।।**

**जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं अणुत्तरोववाइय–दसाणं तच्चस्स वग्गस्स दस अज्झयणा पण्णत्ता, पढमस्स णं भंते ! अज्झयणस्स समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं के अट्ठे पण्णत्ते ?**

**ભાવાર્થ :** જંબૂ– હે ભંતે ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિક દશાંગસૂત્રના બીજા વર્ગનો આ અર્થ કહ્યો છે, તો હે ભંતે ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિકદશાંગસૂત્રના ત્રીજા વર્ગનો શો અર્થ કહ્યો છે ?

સુધર્માસ્વામી– હે જંબૂ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિક દશાંગસૂત્રના ત્રીજા વર્ગના દશ અધ્યયન કહ્યાં છે, તે આ પ્રમાણે છે– (૧) ધન્યકુમાર (૨) સુનક્ષત્ર (૩) ઋષિદાસ (૪) પેલ્લક (૫) રામપુત્ર (૬) ચંદ્રિમ(ચંદ્રિક) (૭) પૃષ્ટિમ (૮) પેઢાલપુત્ર (૯) પોષ્ટિલ્લ (૧૦) વેહલ્લ.

જંબૂ– હે ભંતે ! જો નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ અનુત્તરોપપાતિકદશાંગ

સૂત્રનાં ત્રીજા વર્ગનાં દશ અધ્યયન કહ્યાં છે, તો હે ભંતે ! પ્રથમ અધ્યયનનો પ્રભુએ શો અર્થ કહ્યો છે ?

## વિવેચન :-

જંબૂસ્વામીએ અનુત્તરોપપાતિક સૂત્રના બે વર્ગના અર્થ શ્રવણ પછી ત્રીજા વર્ગના અર્થ શ્રવણની જિજ્ઞાસા સુધર્માસ્વામીની સમક્ષ પ્રગટ કરી. સુધર્માસ્વામીએ તેના પ્રત્યુત્તર રૂપે ત્રીજા વર્ગનાં દશ અધ્યયનનો નામોલ્લેખ કર્યો છે. આ પ્રથમ અધ્યયનમાં ધન્યકુમારનું જીવન વૃતાંત છે.

## ધન્યકુમારની જન્મનગરી અને માતા ભદ્રા :-

**૨ एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं काकंदी णामं णयरी होत्था, रिद्धित्थिमियसमिद्धा । सहस्संबवणे उज्जाणे सव्वोउय पुप्फ-फल-समिद्धे । जियसत्तू राया ।**

**तत्थ णं काकंदीए णयरीए भद्दा णामं सत्थवाही परिवसइ । अड्ढा दित्ता वित्ता वित्थिण्ण-विउल-भवण-सयणासण-जाणवाहणा बहुधण जायरूव-रयया आओग-पओग-संपउत्ता विच्छड्डिय-पउर-भत्तपाणा बहुदासी-दास-गो-महिस- गवेलग प्पभूया बहुजणस्स अपरिभूया ।**

**ભાવાર્થ :** સુધર્માસ્વામી– હે જંબૂ ! તે કાળે અને તે સમયે કાકંદી નામની નગરી હતી. તે નગરી સ્થિર અને સમૃદ્ધ હતી. ત્યાં સહસ્રામ્રવન નામનું એક ઉદ્યાન હતું. જેમાં સર્વ ૠતુઓનાં ફળ અને ફૂલ હંમેશાં ખીલતાં હતાં. તે સમયે ત્યાં **જિતશત્રુ** નામના રાજા રાજ્ય કરતા હતા.

તે **કાકંદી** નગરીમાં **ભદ્રા** નામની **સાર્થવાહી** રહેતી હતી. તે અત્યંત ૠદ્ધિસંપન્ન, ધનસંપન્ન, તેજસ્વી, તથા અનેક વિશાળ ભવનો, શય્યાઓ, આસનો, યાનો અને વાહનોથી સંપન્ન હતી તથા સોના ચાંદી આદિ વિપુલ ધનથી યુક્ત હતી. તેણી વ્યાજ વટાવના ધંધામાં પ્રવૃત્ત હતી. તેને ત્યાં ભોજન કર્યા પછી પણ પ્રચુર માત્રામાં ભોજન પાણી શેષ રહેતાં હતાં. તેનાં ઘરમાં ઘણા દાસ–દાસી આદિ સેવક અને ગાય, ભેંસ, બકરી આદિ પશુઓ હતાં. તે સમાજમાં સમ્માનનીય હતી.

## વિવેચન :-

પ્રસ્તુત સૂત્રમાં ભદ્રા સાર્થવાહીના જીવનની વિશેષતાનું દર્શન થાય છે. તેના પરથી તે સમયની સ્ત્રી જાતિની ઉન્નતિનો પરિચય થાય છે. તે સમયે સ્ત્રી પુરુષ સમોવડી હતી. વ્યાપાર, વ્યાજ–વટાવ આદિ દરેક ક્ષેત્રમાં સ્ત્રીનો પ્રવેશ હતો.

ભદ્રા સાર્થવાહી એક સાધન સંપન્ન સન્નારી હતી. પ્રચુર ધનસંપત્તિ, વિપુલ ગોધન અને અનેક

દાસ–દાસી તેની સંપદા હતી. તે કુશળતાપૂર્વક આદર્શ ગૃહસ્થ જીવન વ્યતીત કરતી હતી.

અહીં શાસ્ત્રમાં તેના પતિનું વર્ણન કરવામાં આવેલ નથી. પ્રસ્તુત અધ્યયનનું સર્વ વર્ણન ભદ્રા સાર્થવાહીને લક્ષ્યમાં રાખીને જ કરેલ છે. તેથી એમ સમજાય છે કે ધન્યકુમારના પિતા તેની નાની ઉંમરે જ કાળ કરી ગયા હોય, અને તેની લગ્ન અને દીક્ષાની બધી જવાબદારી માતા ભદ્રાએ જ નિભાવી હોય, માટે અહીં શાસ્ત્રકારે માતાનું જ કથન કરેલ છે.

### ધન્યકુમારનું રૂપ અને શિક્ષણ :-

**૩ तीसे णं भद्दाए सत्थवाहीए पुत्ते धण्णे णामं दारए होत्था । अहीण पंचिंदियसरीरे लक्खण-वंजण-गुणोववे एमाणुम्माणपमाणपडिपुण्ण सुजायसव्वंग सुंदरंगे ससिसोमाकारे कंते पियदंसणे सुरूवे पंचधाईपरिगहिए, जहा महब्बलो तहा धण्णं कुमारं अम्मापियरो सातिरेगट्ठवासजायं सोहणंसि तिहिकरणणक्खत्त मुहुत्तंसि कलायरियस्स उवणेंति । तए णं से कलायरिए धण्णं कुमारं लेहाइयाओ गणियप्पहाणाओ सउणरुतपज्जवसाणाओ बावत्तरिं कलाओ सुत्तओ य अत्थओ य करणओ य सेहावेइ, सिक्खावेइ । तं जहा–**

**(१) लेहं (२) गणियं (३) रूवं (४) णट्टं (५) गीयं (६) वाइयं (७) सरगयं (८) पोक्खरगयं (९) समतालं (१०) जूयं (११) जणवायं (१२) पासयं (१३) अट्ठावयं (१४) पोरेकच्चं (१५) दगमट्टियं (१६) अण्णविहिं (१७) पाणविहिं (१८) वत्थविहिं (१९) विलेवणविहिं (२०) सयणविहिं (२१) अज्जं (२२) पहेलियं (२३) मागहियं (२४) गाहं (२५) गीइयं (२६) सिलोयं (२७) हिरण्णजुत्तिं (२८) सुवण्णजुत्तिं (२९) चुण्णजुत्तिं (३०) आभरणविहिं (३१) तरुणीपडिकम्मं (३२) इत्थिलक्खणं (३३) पुरिस लक्खणं (३४) हयलक्खणं (३५) गयलक्खणं (३६) गोणलक्खणं (३७) कुक्कुडलक्खणं (३८) छत्तलक्खणं (३९) दंडलक्खणं (४०) असिलक्खणं (४१) मणिलक्खणं (४२) कागणिलक्खणं (४३) वत्थुविज्जं (४४) खंधारमाणं (४५) णगरमाणं (४६) वूहं (४७) पडिवूहं (४८) चारं (४९) पडिचारं (५०) चक्कवूहं (५१) गरुलवूहं (५२) सगडवूहं (५३) जुद्धं (५४) णिजुद्धं (५५) जुद्धातिजुद्धं (५६) अट्ठिजुद्धं (५७) मुट्ठिजुद्धं (५८) बाहुजुद्धं (५९) लयाजुद्धं (६०) ईसत्थं (६१) छरुण्णवायं (६२) धणुव्वेयं (६३) हिरण्णपागं (६४) सुवण्णपागं (६५) सुत्तखेडं (६६) वट्टखेडं (६७) णालियाखेडं (६८) पत्तच्छेज्जं (६९)**

**कडगच्छेज्जं (७०) सजीवं (७१) णिज्जीवं (७२) सउणरुतं ।**

**ભાવાર્થ :** તે ભદ્રા સાર્થવાહીને ધન્યકુમાર નામનો પુત્ર હતો. તે પાંચે ય ઈન્દ્રિયોથી પરિપૂર્ણ હતો અર્થાત્ તેનું શરીર લક્ષણની અપેક્ષાએ ખામીઓથી રહિત અને સ્વરૂપની અપેક્ષાએ પરિપૂર્ણ હતું, તે સ્વસ્તિક આદિ લક્ષણ, તલ, મસો આદિ ચિહ્ન અને ગુણોથી યુક્ત હતું ; માપ, ભાર, વજન અને આકારથી પરિપૂર્ણ અને સુંદર બનેલાં સમસ્ત અંગોવાળું હતું. તેનો આકાર ચંદ્રની સમાન સૌમ્ય દર્શન પ્રિય અને મનોહર હતો. આ પ્રકારે તેનું રૂપ ઘણું સુંદર હતું. દૂધ પીવડાવનારી આદિ પાંચ ધાવમાતાઓ તેનું પાલન પોષણ કરતી હતી. આમ મહાબલકુમારની જેમ માતાપિતાએ શુભ તિથિ, કરણ અને મુહૂર્તમાં ધન્યકુમારને કલાચાર્યની પાસે મોકલ્યો. ત્યાર પછી કલાચાર્યે ધન્યકુમારને ગણિત જેમાં પ્રધાન છે એવી લેખ આદિ શકુનિરુત (પક્ષીઓના શબ્દ) સુધીની બોંતેર કળાઓ સૂત્રથી, અર્થથી અને પ્રયોગથી સિદ્ધ કરાવી તથા શીખડાવી. બોંતેર કલા આ પ્રકારે છે–

(૧) લેખન (૨) ગણિત (૩) રૂપ પરિવર્તન (૪) નાટક (૫) ગાયન (૬) વાદ્ય વગાડવું (૭) સ્વર જાણવા (૮) વાદ્ય સુધારવું (૯) સમાન તાલ જાણવા (૧૦) જુગાર ખેલવો (૧૧) લોકોની સાથે વાદ–વિવાદ કરવો (૧૨) પાસા નાંખીને રમવું (૧૩) ચોપાટ રમવી (૧૪) નગરની રક્ષા કરવી (૧૫) પાણી અને માટીના સંયોગથી વસ્તુનું નિર્માણ કરવું (૧૬) ધાન્ય ઉપજાવવું (૧૭) પાણી ઉત્પન્ન કરવું અર્થાત્ સંસ્કારિત કરવું વગેરે (૧૮) નવાં વસ્ત્રો બનાવવાં, રંગવાં, સીવવાં અને પહેરવાં (૧૯) સાબુની વસ્તુને જાણવી, તૈયાર કરવી, લેપન કરવી આદિ (૨૦) પથારી બનાવવી વગેરે અને સૂવાની વિધિ જાણવી (૨૧) આર્ય છંદને જાણવો અને બનાવવો (૨૨) પ્રહેલિકા (ઉખાણાં) બનાવવી (૨૩) માગધી ભાષામાં અર્થાત્ મગધદેશની ભાષામાં ગાથા આદિ બનાવવી (૨૪) પ્રાકૃત ભાષામાં ગાથા આદિ બનાવવી (૨૫) ગીતિકા છંદ બનાવવો (૨૬) શ્લોક (અનુષ્ટુપ છંદ) બનાવવો (૨૭) ચાંદી બનાવવી, તેનાં આભૂષણ બનાવવાં, પહેરવાં આદિ (૨૮) સોનુ બનાવવું, તેના આભૂષણ બનાવવાં અને પહેરવાં આદિ (૨૯) ચૂર્ણ–ગુલાબ (અબીર) આદિ બનાવવું અને તેનો ઉપયોગ કરવો (૩૦) ઘરેણાં તૈયાર કરવાં, પહેરવાં આદિ (૩૧) સ્ત્રીની પ્રસાધન–શ્રૃંગાર વિધિ (૩૨) સ્ત્રીનાં લક્ષણ જાણવાં (૩૩) પુરુષોનાં લક્ષણ જાણવાં (૩૪) ઘોડાનાં લક્ષણ જાણવાં (૩૫) હાથીનાં લક્ષણ જાણવાં (૩૬) ગાય–બળદનાં લક્ષણ જાણવાં (૩૭) મરઘીનાં લક્ષણ જાણવાં (૩૮) છત્રનાં લક્ષણ જાણવાં (૩૯) દંડ લક્ષણ જાણવાં (૪૦) ખડગ લક્ષણ જાણવાં (૪૧) મણિનાં લક્ષણ જાણવાં (૪૨) કાકણી રત્નનાં લક્ષણ જાણવાં (૪૩) વાસ્તુવિદ્યા, મકાન દુકાન આદિ ઈમારતોની વિદ્યા જાણવી (૪૪) સેનાના પડાવનું પ્રમાણ આદિ જાણવું (૪૫) નવું નગર વસાવવાની કળા જાણવી (૪૬) (વ્યૂહ) મોરચા બનાવવા (૪૭) વિરોધીના વ્યૂહની સામે પોતાની સેનાનો મોરચો રાખવો (૪૮) સૈન્ય સંચાલન કરવું (૪૯) (પ્રતિચાર) શત્રુ સેનાની સમક્ષ પોતાની સેનાને ચલાવવી (૫૦) ચક્રવ્યૂહ–ચાકના આકારમાં મોરચો બનાવવો (૫૧) ગરુડના આકારનો મોરચો બનાવવો (૫૨) શકટ વ્યૂહ રચવો (૫૩) સામાન્ય યુદ્ધ કરવું (૫૪) વિશેષ યુદ્ધ કરવું (૫૫) અત્યંત વિશેષ યુદ્ધ કરવું (૫૬) લાકડીથી યુદ્ધ કરવું (૫૭) મુષ્ટિ યુદ્ધ કરવું (૫૮) બાહુયુદ્ધ કરવું (૫૯) લતા યુદ્ધ કરવું (૬૦) ઘણાંને થોડું અને થોડાને ઘણું બતાવવું (૬૧) ખડ્ગ મૂઠ બનાવવી (૬૨) ધનુષબાણ વિદ્યામાં કુશળ થવું (૬૩)

ચાંદીનો પાક બનાવવો (૬૪) સોનાનો પાક બનાવવો (૬૫) સૂત્રનું છેદન કરવું (૬૬) ખેતર ખેડવું (૬૭) કમળની નાળનું છેદન કરવું (૬૮) પત્ર છેદન કરવું (૬૯) કડા–કુંડલ આદિનું છેદન કરવું (૭૦) મૃત–મૂર્ચ્છિતને જીવતા કરવા (૭૧) જીવતાને મૃતતુલ્ય કરવા અને (૭૨) કાગડા, ઘુક (ઘૂવડ) આદિ પક્ષીઓની બોલી જાણવી.

**૪ तए णं धण्णे कुमारे बावत्तरिकलापंडिए णवंगसुत्तपडिबोहिए अट्ठारसविह–देसिप्पगारभासाविसारए गीयरई गंधव्वणट्टकुसले हयजोही गयजोही रहजोही बाहुजोही बाहुप्पमद्दी अलं भोगसमत्थे जाए यावि होत्था ।**

**ભાવાર્થ :** આ રીતે ધન્યકુમાર બોત્તેર કલાઓમાં પારંગત થઈ ગયા. તેના નવ અંગ– બે કાન, બે આંખ, બે નાક, જીભ, ત્વચા અને મન બાલ્યાવસ્થામાં જે સુપ્ત હતાં–અવ્યક્ત ચેતનાવાળાં હતાં; તે જાગૃત થઈ ગયાં, તે અઢાર પ્રકારની દેશી ભાષાઓમાં કુશળ થઈ ગયા; ગીત અને રતિમાં અનુરાગવાળા થઈ ગયા; ગંધર્વ ગાનમાં અને નાટ્યક્રિયામાં પારંગત થઈ ગયા; અશ્વયુદ્ધ, ગજયુદ્ધ, રથયુદ્ધ અને બાહુયુદ્ધ કરનારા બની ગયા; પોતાના બાહુબળથી વિરોધીઓનો નાશ કરવામાં સમર્થ બની ગયા; ભોગ ભોગવવાનાં સામર્થ્યવાળા થઈ ગયા એટલે કે યૌવનવયમાં પ્રવેશી ગયા.

**વિવેચન :–**

પ્રસ્તુત બે સૂત્રમાં ધન્યકુમારના વ્યક્તિત્વ વિકાસને પ્રદર્શિત કર્યું છે.

ધન્યકુમારનો જન્મ સમૃદ્ધ ઘરમાં થયો હતો. તેનું શરીર પરિપૂર્ણ અને સુંદર હતું. એક રાજકુમારની જેમ પાંચ ધાત્રીઓ દ્વારા તેનું પાલન પોષણ થયું હતું. તે ઉપરાંત તેના વ્યક્તિત્વના સંપૂર્ણ વિકાસ માટે માતાપિતાએ તેને કલાચાર્ય પાસે મોકલી ૭૨ કલાઓનું જ્ઞાન પ્રાપ્ત કરાવ્યું હતું.

## ભદ્રા સાર્થવાહી દ્વારા પ્રાસાદોનું નિર્માણ :–

**૫ तए णं सा भद्दा सत्थवाही धण्णं दारयं उम्मुक्कबालभावं विण्णाय परिणयमित्तं जोव्वणगमणुपत्तं बावत्तरिकलापंडियं णवंगसुत्तपडिबोहयं अट्ठारसविहदेसिप्पगार भासाविसारयं गीयरइं गंधव्व–णट्ट–कुसलं सिंगारागार चारुवेसं संगयगय–हसिय– भणिय–चिट्ठिय–विलास–णिउणजुत्तोवयारकुसलं हयजोहिं गयजोहिं रहजोहिं बाहुजोहिं बाहुप्पमद्दिं अलं भोगसमत्थं यावि जाणित्ता बत्तीसं पासाय वडिंसए कारेइ, अब्भुगयमूसिए पहसिए विव मणिकणगरयणभत्तिचित्ते वाउद्धूयविजय वेजयंतिपडागाछत्ताइच्छत्तकलिए, तुंगे, गगणतलमभिलंघमाणसिहरे, जालंतर रयण पंजरुम्मिल्लियव्व मणिकणगथुभियाए, वियसिय सयपत्तपुंडरीए तिलय रयणद्ध– चंदच्चिए**

**णाणामणिमयदामालंकिए, अंतो बहिं च सण्हे तवणिज्ज रुइल वालुयापत्थडे, सुहफासे सस्सिरीयरूवे पासादीए** *जाव* **पडिरूवे ।**

**ભાવાર્થ :** ત્યાર પછી ધન્યકુમાર બાલભાવથી ઉન્મુક્ત થયા; જ્ઞાન, વિજ્ઞાનની પરિપક્વ અવસ્થાને પામ્યા, યૌવનઅવસ્થાને પ્રાપ્ત થયા; ૭૨ કળાઓમાં વિશેષરૂપથી નિષ્ણાત થયા. તેના નવ અંગ (બે કાન, બે આંખ, બે નાકના છિદ્ર, એક જીભ, એક સ્પર્શન અને એક મન) વ્યક્ત (જાગૃત) થઈ ગયાં. તેઓ ૧૮ પ્રકારની ભાષાઓમાં વિશારદ બની ગયા; ગીત અને કામભોગોમાં અનુરાગયુક્ત થયા; ગાંધર્વ–ગાયનમાં અને નાટ્યક્રિયામાં પારંગત થયા તથા શૃંગાર ધારણની જેમ સુંદર વેષયુક્ત થયા; સમુચિત ચેષ્ટાઓમાં, સમુચિત વિલાસમાં–આંખો જનિત વિકારમાં તથા સંલાપમાં અને અવ્યક્તભાષણમાં દક્ષ થયા, અશ્વયુદ્ધમાં તથા ગજયુદ્ધમાં કુશળ થયા; બાહુપ્રમર્દી અર્થાત્ બાહુથી કઠોર વસ્તુના પણ ટુકડે–ટુકડા કરવામાં સમર્થ થયા; માનુષિક સુખ ભોગવવા યોગ્ય થયા. એ પ્રકારે જાણીને માતા ભદ્રા સાર્થવાહીએ બત્રીસ સુંદર મહેલ(પ્રસાદ) બનાવ્યા. જે વિશાળ અને ઊંચા હતા. તે ભવન પોતાની ઉજ્જવળ કાંતિના સમૂહથી હસતાં હોય તેવાં પ્રતીત થતાં હતાં, મણિ, સોનું અને રત્નોની રચનાથી વિભૂષિત હતાં. પવનથી આંદોલિત, વિજય સૂચિત કરનારી વૈજયંતિ પતાકાઓથી તથા એકબીજા ઉપર રહેલાં છત્રોથી યુક્ત હતાં, તે એટલાં ઊંચા હતાં કે તેના શિખર જાણે આકાશતલનું ઉલ્લંઘન કરતાં હોય તેમ લાગતું હતું. તેની જાળીઓની મધ્યમાં રત્નોનાં પાંજરા જાણે તેની આંખો હોય તેવા પ્રતીત થતાં હતાં. તેમાં મણિઓ અને કનકની સ્તૂપિકાઓ હતી. તેમાં સાક્ષાત્ અથવા ચિત્રિત શતપત્ર અને પુંડરીક કમળ વિકસિત થઈ રહ્યાં હતાં. તે ભવન તિલકરત્નો અને અર્ધચંદ્રોથી યુક્ત હતાં અર્થાત્ ભીંતો ચંદન આદિના આલેખનથી અર્ચિત હતી. તે ભવનો અનેક પ્રકારની મણિમય માળાઓથી અલંકૃત હતાં; અંદર અને બહારથી સ્નિગ્ધ હતાં. તેના આંગણામાં સુવર્ણની મનોજ્ઞ રેતી બિછાવેલી હતી. તે ભવન સુખપ્રદ સ્પર્શવાળા હતાં, ઘણાં જ શોભનીય હતાં. તેને જોતાં જ ચિત્તમાં પ્રસન્નતા થતી હતી, ***યાવત્*** તે મહેલ પ્રતિરૂપ હતાં, અત્યંત મનોહર હતાં.

**૬ तेसिं मज्झे एगं भवणं अणेगखंभसयसण्णिविट्ठं लीलट्ठियसालभंजियागे अब्भुग्गयसुकयवइरवेइयातोरणवररइयसालभंजियासुसिलिट्ठविसिट्ठलट्ठसंठियपसत्थ वेरुलियखंभणाणामणिकणगरयणखचितउज्जलं बहुसमसुविभत्तणिचियरमणिज्ज भूमिभागं ईहामिय** *जाव* **भत्तिचित्तं खंभुग्गयवइर वेइयापरिगयाभिरामं विज्जाहरजमल जुयलजुत्तं अच्चीसहस्स मालीणीयं पिवं रूवगसहस्सकलियं भिसमाणं भिब्भिसमाणं चक्खुल्लोयणलेसं सुहफासं सस्सिरीयरूवं कंचणमणिरयणथूभियागं णाणाविह पंचवण्ण घंटापडागपरिमंडियग्गसिहरं धवलमरीचिकवयं विणिम्मुयंतं लाउल्लोइयमहियं** *जाव* **गंधवट्टिभूयं पासादीयं दरिसणिज्जं अभिरूवं पडिरूवं ।**

**ભાવાર્થ :** તેણે તે બત્રીસ મહેલોની વચમાં એક ઉત્તમ ભવનનું નિર્માણ કરાવ્યું હતું. જે અનેક સેંકડો

સ્તંભો ઉપર આધારિત હતું. તેમાં લીલાયુક્ત અનેક પૂતળીઓ સ્થાપિત કરી હતી. તેમાં ઊંચા અને સુનિર્મિત વજરત્નનાં વેદિકા અને તોરણ હતાં. મનોહર નિર્મિત પૂતળીઓ સહિત ઉત્તમ, મોટા અને પ્રશસ્ત વૈડૂર્ય રત્નના સ્તંભ હતા. તે વિવિધ પ્રકારના મણિઓ, સુવર્ણ તથા રત્નોથી જડેલા હોવાને કારણે ઉજ્જવળ દેખાતા હતા. તેનો ભૂમિ ભાગ એકદમ સમ, વિશાળ, પાકો અને રમણીય હતો. આ ભવનમાં ઈહામૃગ, બળદ, ઘોડા, મનુષ્ય, મગર આદિનાં ચિત્ર ચિત્રિત હતાં. સ્તંભો પર બનેલી વજરત્નની વેદિકાથી યુક્ત હોવાને કારણે તે સુંદર દેખાતું હતું, સમાન શ્રેણીમાં સ્થિત વિદ્યાધરોનાં યુગલ યંત્ર દ્વારા ચાલતાં દેખાતાં હતાં. તે ભવન સૂર્યની ભાંતિ હજારો કિરણોથી યુક્ત હોવાથી દેદીપ્યમાન અને તેજોમય દેખાતું હતું. તેને જોતાં જ જોનારની આંખ તેમાં સ્થિર બની જતી હતી. તેનો સ્પર્શ સુખપ્રદ હતો અને રૂપ શોભા સંપન્ન હતું. તેમાં સુવર્ણ, મણિ અને રત્નોની સ્તૂપિકાઓ હતી. તેનું પ્રધાન શિખર વિવિધ પ્રકારના પાંચ વર્ણોથી અને ઘંટ સહિત પતાકાઓથી સુશોભિત હતું, તે ચારે બાજુ દેદીપ્યમાન કિરણોના સમૂહને ફેલાવી રહ્યું હતું. તે લીપેલ, ઘોળેલ અને ચંદરવાથી યુક્ત હતું, ***યાવત્*** તે ભવન ગંધવટી જેવું જણાતું હતું. તે ચિત્તને પ્રસન્ન કરનાર, દર્શનીય, અભિરૂપ અને પ્રતિરૂપ તથા ઘણું જ મનોહર હતું.

### ધન્યકુમારનું પાણિગ્રહણ :-

**૭ तए णं सा भद्दा सत्थवाही तं धण्णं दारयं बत्तीसाए इब्भवरकण्णगाणं एगदिवसेणं पाणिं गेण्हावेइ । बत्तीसओ दाओ । तं जहा– बत्तीसं हिरण्णकोडीओ, बत्तीसं सुवण्णकोडीणो, बत्तीसं मउडे मउडप्पवरे, बत्तीस कुंडलजुयले कुंडलजुयलप्पवरे, बत्तीसं हारे हारप्पवरे, बत्तीसं अद्धहारे अद्धहारप्पवरे, बत्तीसं एगावलीओ एगावलिप्पवराओ, एवं मुत्तावलीओ, एवं कणगावलीओ, एवं रयणावलीओ, बत्तीसं कडगजोए कडगजोयप्पवरे, एवं तुडियजोए, बत्तीसं खोमजुयलाइं खोमजुयलप्पवराइं, एवं पडगजुयलाइं, एवं पट्टजुयलाइं एवं दुगुल्लजुयलाइं, बत्तीसं सिरीओ, बत्तीसं हिरीओ, एवं धिईओ, कित्तीओ बुद्धीओ, लच्छीओ, बत्तीसं णंदाइं, बत्तीसं भद्दाइं, बत्तीसं तले तलप्पवरे सव्वरयणामए, बत्तीसं णगरवरभवणकेऊ, बत्तीसं झए झयप्पवरे, बत्तीसं वये वयप्पवरे दसगोसाह– स्सिएणं वएणं, बत्तीसं णाडगाइं णाडगप्पवराइं बत्तीसइबद्धेणं णाडएणं, बत्तीसं आसे आसप्पवरे सव्वरयणामए सिरिघरपडिरूवए, बत्तीसं हत्थी हत्थिप्पवरे सव्वरयणामए सिरिघरपडिरूवए, बत्तीसं जाणाइं जाणप्पवराइं, बत्तीसं जुगाइं जुगप्पवराइं, एवं सिवियाओ, एवं संदमाणीओ, एवं गिल्लीओ थिल्लीओ, बत्तीसं वियडजाणाइं वियडजाणप्पवराइं, बत्तीसं रहे पारिजाणिए, बत्तीसं रहे संगामिए, बत्तीसं**

आसे आसप्पवरे, बत्तीसं हत्थी हत्थिपवरे, बत्तीसं गामे गामप्पवरे दसकुलसाहस्सिएणं गामेणं, बत्तीसं दासे दासप्पवरे, एवं चेव दासीओ, एवं किंकरे, एवं कंचुइज्जे, एवं वरिसधरे, एवं महत्तरए, बत्तीसं सोवण्णिए ओलंबणदीवे, बत्तीसं रुप्पामए ओलंबणदीवे, बत्तीसं सुवण्णरुप्पामए ओलंबणदीवे, बत्तीसं सोवण्णिए उक्कंचणदीवे, बत्तीसं पंचरदीवे, एवं चेव तिण्णि वि, बत्तीसं सोवण्णिय थाले, बत्तीसं रुप्पमए थाले, बत्तीसं सुवण्णरुप्पमए थाले, बत्तीसं सोवण्णियाओ पत्तीओ ३, बत्तीसं सोवण्णियाइं थासयाइं ३, बत्तीसं सोवण्णियाइं मल्लगाइं ३, बत्तीसं सोवण्णियाओ तलियाओ ३, बत्तीसं सोवण्णियाओ कावइयाओ ३, बत्तीसं सोवण्णिए अवएडए ३, बत्तीसं सोवण्णियाओ अवयक्काओ ३, बत्तीसं सोवण्णिए पायपीढए ३, बत्तीसं सोवण्णियाओ भिसियाओ ३, बत्तीसं सोवण्णियाओ करोडियाओ ३, बत्तीसं सोवण्णिए पल्लंके ३, बत्तीसं सोवण्णियाओ पडिसेज्जाओ ३, बत्तीसं हंसासणाइं, बत्तीसं कोंचासणाइं, एवं गरुलासणाइं, उण्णयासणाइं, पणयासणाइं, दीहासणाइं, भद्दासणाइं, पक्खासणाइं, मगरासणाइं, बत्तीसं पउमासणाइं, बत्तीसं दिसासोवत्थियासणाइं, बत्तीसं तेल्लसमुग्गे, जहा रायप्पसेणइज्जे, *जाव* बत्तीसं सरिसवसमुग्गे, बत्तीसं खुज्जाओ (जहा उव-वाइए) *जाव* बत्तीसं पारिसीओ, बत्तीसं छत्ते, बत्तीसं छत्तधारिणीओ चेडीओ, बत्तीसं चामराओ, बत्तीसं चामरधारिणीओ चेडीओ, बत्तीसं तालियंटे, बत्तीसं तालियंटधारिणीओ चेडीओ, बत्तीसं करोडियाओ, बत्तीसं करोडियाधारिणीओ चेडीओ, बत्तीसं खीरधाईओ *जाव* बत्तीसं अंकधाईओ, बत्तीसं अंगमद्दियाओ, बत्तीसं उम्मद्दियाओ, बत्तीसं ण्हावियाओ, बत्तीसं पसाहियाओ, बत्तीसं वण्णगपेसीओ, बत्तीसं चुण्णगपेसीओ, बत्तीसं कीडाकारीओ, बत्तीसं दवकारीओ, बत्तीसं उवत्थाणियाओ, बत्तीसं णाडइज्जाओ, बत्तीसं कोडुंबियणीओ, बत्तीसं महाणसिणीओ, बत्तीसं भंडारीणीओ, बत्तीसं अज्झाधारिणीओ, बत्तीसं पुप्फधारणीओ, बत्तीसं पाणिधारणीओ, बत्तीसं बलिकारीओ, बत्तीसं सेज्जाकारीओ, बत्तीसं अब्भिंतरियाओ पडिहारीओ, बत्तीसं बाहिरियाओ पडिहारीओ, बत्तीसं मालाकारीओ, बत्तीसं पेसणकारीओ, अण्णं वा सुबहुं हिरण्णं वा सुवण्णं वा कंसं वा दूसं वा विउलं धण कणग० *जाव* संतसारसावएज्जं, अलाहि जाव आसत्तमाओ कुलवंसाओ पकामं दाउं, पकाम भोत्तुं, पकामं परिभाएउं ।

**तए णं से धण्णे कुमारे एगमेगाए भज्जाए एगमेगं हिरण्णकोडिं दलयइ** *जाव* **एगमेगं पेसणकारिं दलयइ, अण्णं वा सुबहुं हिरण्णं वा** *जाव* **परिभाएउं । तए णं से धण्णे कुमारे उप्पिं पासाय वरगए** *जाव* **माणुस्सए कामभोगे भुंजमाणे विहरइ ।**

**ભાવાર્થ** : ત્યાર પછી ભદ્રા સાર્થવાહીએ એક દિવસે બત્રીસ શ્રેષ્ઠિવરોની કન્યાઓ સાથે ધન્યકુમારનું પાણિગ્રહણ કરાવ્યું. તેને બત્રીસ–બત્રીસ વસ્તુઓ ધન્યકુમારને પ્રીતિદાનના રૂપમાં આપી. જેમ કે– બત્રીસ કરોડ ચાંદીના સિક્કા, બત્રીસ કરોડ સોનાના સિક્કા, બત્રીસ શ્રેષ્ઠ મુગટ, બત્રીસ શ્રેષ્ઠ કુંડલની જોડી, બત્રીસ ઉત્તમ હાર, બત્રીસ ઉત્તમ અર્ધહાર, બત્રીસ ઉત્તમ એકસરા હાર, બત્રીસ મોતીના હાર, બત્રીસ કનકાવલી હાર, બત્રીસ રત્નાવલી હાર, બત્રીસ ઉત્તમ કડાઓની જોડી, બત્રીસ ઉત્તમ બાજુબંધની જોડી, બત્રીસ (ટસર) વસ્ત્ર–જોડ, બત્રીસ પટ્ટ–યુગલ, બત્રીસ દુકુલયુગલ, બત્રીસ શ્રીદેવી, બત્રીસ હ્રીદેવી, બત્રીસ ધૃતિદેવી, બત્રીસ કીર્તિદેવી, બત્રીસ બુદ્ધિદેવી અને બત્રીસ લક્ષ્મી દેવીઓની પ્રતિમા, બત્રીસ નંદ, બત્રીસ ભદ્ર, બત્રીસ ભવન તળમાં પાથરવાના આસન વગેરે સર્વ રત્નમય, નગરના શ્રેષ્ઠ ભવનોમાં પ્રધાન બત્રીસ ભવન, બત્રીસ ઉત્તમ ધ્વજ, દસ હજાર ગાયોનું એક વ્રજ– ગોકુળ, તેવા બત્રીસ ઉત્તમ ગોકુળ. બત્રીસ મનુષ્યો દ્વારા કરેલું એક નાટક, તેવા બત્રીસ ઉત્તમ નાટક, લક્ષ્મીગૃહ સમાન રત્નોના બત્રીસ ઉત્તમ ઘોડા રત્નોના બત્રીસ ઉત્તમોત્તમ હાથી, બત્રીસ ઉત્તમ યાન, બત્રીસ ઉત્તમ યુગ્ય(એક પ્રકારનું વાહન) બત્રીસ શિબિકાઓ, બત્રીસ સ્યન્દ– માનિકાઓ, બત્રીસ હાથીની અંબાડી, બત્રીસ થિલ્લી–ઘોડાના પલાણ, બત્રીસ ખુલ્લા યાન, બત્રીસ ક્રીડા કરવાના રથ, બત્રીસ સંગ્રામિક રથ, બત્રીસ ઉત્તમ અશ્વ, બત્રીસ ઉત્તમ હાથી, દશ હજાર પરિવાર જેમાં રહેતા હોય એવા બત્રીસ ગામ, બત્રીસ ઉત્તમ દાસ, બત્રીસ ઉત્તમ દાસીઓ, બત્રીસ ઉત્તમ કિંકર, બત્રીસ દ્વાર રક્ષક, બત્રીસ અંતઃ પુર રક્ષક, બત્રીસ અંતઃપુરના કાર્યનો વિચાર કરનારા, બત્રીસ સોનાના, બત્રીસ ચાંદીના, બત્રીસ સોના–ચાંદીના લટકવાવાળા દીપક, બત્રીસ સોનાના, બત્રીસ ચાંદીના, બત્રીસ સોના–ચાંદીના દંડયુક્ત દીપક–મશાલ, આ પ્રકારે સોના, ચાંદી અને સોના–ચાંદી આ ત્રણે પ્રકારના બત્રીસ પંજર–દીપક આપ્યા તથા સોના, ચાંદી, સોના–ચાંદીના બત્રીસ થાળ, બત્રીસ થાળીઓ, બત્રીસ કટોરા, બત્રીસ રકાબીઓ, બત્રીસ ચમચા, બત્રીસ સાણસી, બત્રીસ તવા, બત્રીસ બાજોઠ, બત્રીસ આસન વિશેષ, બત્રીસ લોટા, બત્રીસ પલંગ, બત્રીસ નાના પલંગ, બત્રીસ હંસ આસન, બત્રીસ ક્રૌંચ આસન, બત્રીસ ગરુડ આસન, બત્રીસ ઉન્નતાસન, બત્રીસ નીચા આસન, બત્રીસ દીર્ઘાસન, બત્રીસ ભદ્રાસન, બત્રીસ પક્ષાસન, બત્રીસ મકરાસન, બત્રીસ પદ્માસન, બત્રીસ દિક્‌સ્વસ્તિકાસન, બત્રીસ તેલના ડબ્બા ઈત્યાદિ સર્વ રાજપ્રશ્રીય સૂત્ર અનુસાર જાણી લેવું જોઈએ ***યાવત્*** બત્રીસ સરસવના ડબ્બા, બત્રીસ કુબ્જા દાસીઓ ઈત્યાદિ સર્વ ઔપપાતિક સૂત્રની અનુસાર જાણી લેવું જોઈએ ***યાવત્*** બત્રીસ પારસ(ઈરાન) દેશની દાસીઓ, બત્રીસ છત્ર, બત્રીસ છત્ર ધારણ કરનારી દાસીઓ, બત્રીસ ચામર, બત્રીસ ચામર ઢોળનારી દાસીઓ, બત્રીસ પંખા, બત્રીસ પંખા વીંઝનારી દાસીઓ, બત્રીસ તાંબૂલના કરંડિયા, બત્રીસ તાંબૂલના કરંડિયા ધારણ કરનારી દાસીઓ, બત્રીસ દૂધ પીવડાવનારી ધાવમાતા, ***યાવત્*** બત્રીસ અંકધાત્રીઓ, અંગને માલીશ કરનારી બત્રીસ દાસીઓ, સ્નાન કરાવનારી બત્રીસ દાસીઓ, બત્રીસ અલંકાર પહેરાવનારી દાસીઓ, બત્રીસ ચંદન

ઘસનારી દાસીઓ, બત્રીસ તાંબૂલચૂર્ણ પીસનારી, બત્રીસ ક્રીડા કરાવનારી, બત્રીસ પરિહાસ કરાવનારી, બત્રીસ સભામાં પાસે રહેનારી, બત્રીસ નાટક કરાવનારી, બત્રીસ સાથે જનારી, બત્રીસ રસોઈ બનાવનારી, બત્રીસ ભંડારની રક્ષા કરનારી, બત્રીસ ધ્વજા રાખનારી, બત્રીસ પુષ્પ ધારણ કરનારી માલણ, બત્રીસ હસ્ત ધારણ કરનારી, બત્રીસ બલિ કરનારી, બત્રીસ પથારી પાથરનારી, બત્રીસ આભ્યંતર અને બત્રીસ બાહ્ય પ્રતિહારિકા–દાસીઓ, બત્રીસ માળા બનાવનારી, બત્રીસ પ્રેષ્ય કર્મ કરનારી અથવા પીસવાનું કામ કરનારી દાસીઓ આપી. તે સિવાય વિપુલ ચાંદી, સોનું, કાસું, વસ્ત્ર તથા વિપુલ ધન, કનક ***યાવત્*** સારભૂત ધન આપ્યું જે સાત પેઢી સુધી ઈચ્છાપૂર્વક દેવા અને ભોગવવાને માટે પર્યાપ્ત હતું. ત્યારે ધન્યકુમારે પ્રત્યેક પત્નીને એક એક કરોડ ચાંદી, એક એક કરોડ સોનું ઈત્યાદિ પૂર્વ પ્રમાણે વસ્તુઓ આપી દીધી ***યાવત્*** એક એક પ્રેષ્ય કર્મ કરનારી દાસી તથા પુષ્કળ ચાંદી–સોનું આદિ વિભક્ત કરી દીધું, ***યાવત્*** ઊંચા મહેલોમાં મનુષ્ય સંબંધી સુખ ભોગવતાં રહેવા લાગ્યા.

## વિવેચન :–

ઉક્ત સૂત્રમાં ધન્યકુમારના લગ્ન સંસ્કાર અને સાંસારિક સુખોના અનુભવના વિષયમાં કથન કરવામાં આવ્યું છે. આ સર્વ વર્ણન જ્ઞાતા સૂત્રના પ્રથમ અથવા પાંચમા અધ્યયનની સમાન છે. માટે જિજ્ઞાસુએ ત્યાંથી વિશેષ પ્રમાણમાં જાણી લેવું.

## પ્રભુનું પદાર્પણ અને ધન્યકુમારનું ધર્મશ્રવણ :–

**૮ तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे** *जाव* **समोसढे । परिसा णिग्गया । राया जहा कोणिओ तहा जियसत्तू णिग्गओ । तए णं तस्स धण्णस्स तं चेव जहा जमाली तहा णिग्गओ । णवरं पायचारेणं** *जाव* **पज्जुवासइ । तए णं समणे भगवं महावीरे धण्णस्स कुमारस्स तीसे य महइमहालियाए इसि परिसाए** *जाव* **धम्मं परिकहेइ । परिसा पडिगया ।**

**ભાવાર્થ :** તે કાળે અને તે સમયે નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કાકંદી નગરીમાં પધાર્યા. પરિષદ નીકળી. કોણિક રાજાની જેમ જિતશત્રુ રાજા પણ દર્શન માટે નીકળ્યા. જમાલીકુમારની સમાન ધન્યકુમાર પણ સાજ સજી નીકળ્યા. વિશેષતા એ છે કે ધન્યકુમાર પગે ચાલીને ભગવાનની સેવામાં પહોંચ્યા, ***યાવત્*** ભગવાન મહાવીર સ્વામીએ ધન્યકુમારને અને મહાન પરિષદને ધર્મોપદેશ આપ્યો. પરીષદ પાછી ગઈ.

## ધન્યકુમારનો વૈરાગ્યભાવ :–

**૯ तए णं धण्णे कुमारे समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा,**

**णिसम्म हट्ठ-तुट्ठ *जाव* हियए, उट्ठाए उट्ठेइ उट्ठेत्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ करेत्ता वंदइ णमंसइ वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**सद्दहामि णं भंते ! णिग्गंथं पावयणं । पत्तियामि णं भंते ! णिग्गंथं पावयणं । रोएमि णं भंते ! णिग्गंथं पावयणं । अब्भुट्ठेमि णं भंते ! णिग्गंथं पावयणं । एवमेयं भंते ! तहमेयं भंते ! अवितहमेयं भंते ! असंदिद्धमेयं भंते ! *जाव* से जहेयं तुब्भे वयह, जं णवरं अम्मयं भद्दं सत्थवाहिं आपुच्छामि । तए णं अहं देवाणुप्पियाणं अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वयामि ।**

**अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह ।**

**ભાવાર્થ :** શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે ધર્મ સાંભળી અને હૃદયમાં ધારણ કરી, ધન્યકુમાર હર્ષિત અને સંતુષ્ટ હૃદયવાળા થયા ***યાવત્*** ઊભા થઈ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણવાર પ્રદક્ષિણા (આવર્તન) કરી, વંદન નમસ્કાર કર્યા અને આ પ્રમાણે કહ્યું–

હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર શ્રધ્ધા કરું છું. હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર વિશ્વાસ કરું છું. હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન પર રુચિ કરું છું. હે ભગવન્ ! હું નિર્ગ્રંથ પ્રવચન અનુસાર પ્રવૃત્તિ કરવાને માટે તત્પર થયો છું. હે ભગવન્ ! આ નિર્ગ્રંથ પ્રવચન સત્ય છે, તથ્ય છે, શંકા વગરનું છે, જે પ્રમાણે આપ કહો છો તેમ જ છે. હે ભગવન્ ! હું મારી માતા ભદ્રા સાર્થવાહીની આજ્ઞા લઈને ગૃહવાસનો ત્યાગ કરીને, મુંડિત થઈ આપની પાસે અણગાર ધર્મ સ્વીકાર કરવા ઈચ્છું છું.

ભગવાને કહ્યું– હે દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઊપજે તેમ કરો. ધર્મ કાર્યમાં ક્ષણ માત્ર પણ પ્રમાદ ન કરો.

**પ્રવ્રજ્યા પ્રસ્તાવ :–**

**१० तए णं से धण्णे कुमारे समणेणं भगवया महावीरेणं एवं वुत्ते समाणे हट्ठ-तुट्ठे समणं भग वं महावीरं तिक्खुत्तो वंदइ णमंसइ वंदित्ता णमंसित्ता, *जाव* जेणेव अम्मयाओ तेणेव उवागच्छइ, उवागच्छित्ता अम्मयाओ जएणं विजएणं वद्धावेइ जएणं विजएणं वद्धावित्ता एवं वयासी– एवं खलु अम्मयाओ! मए समणस्स भगवओ महावीरस्स अंतियं धम्मे णिसंते, से वि य मे धम्मे इच्छिए, पडिच्छिए, अभिरुइए । तए णं धण्णं कुमारं अम्मयाओ एवं वयासी– धण्णेसि णं तुमं जाया, कयत्थेसि णं तुमं जाया, कयपुण्णेसि णं तुमं जाया, कयलक्खणेसि णं तुमं जाया, जं णं तुमे समणस्स भगवओ**

**महावीरस्स अंतियं धम्मे णिसंते, से वि य धम्मे इच्छिए, पडिच्छिए, अभिरुइए ।**

**तएणं से धण्णेकुमारे अम्मयाओ दोच्चंपि एवं वयासी- एवं खलु अम्मयाओ! मए समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मे णिसंते** *जाव* **अभि- रुइए । तए णं अहं अम्मयाओ ! संसारभउव्विग्गे, भीए जम्म-जरा- मरणेणं, तं इच्छामि णं अम्मयाओ ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे समणस्स भगवओ महावीरस्स अंतियं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए ।**

**ભાવાર્થ :** જ્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના પૂર્વોક્ત વચનો સાંભળીને ધન્યકુમાર હર્ષિત અને સંતુષ્ટ થયા. તેણે ભગવાનને વંદન–નમસ્કાર કર્યા ***યાવત્*** પોતાના માતા પાસે આવ્યા અને જય–વિજય શબ્દોથી વધાવીને આ પ્રમાણે બોલ્યા, હે માતા ! મેં શ્રમણ ભગવાન મહાવીર પાસે ધર્મ સાંભળ્યો છે તે ધર્મ મને ઈષ્ટ, અત્યંત ઈષ્ટ અને રુચિકર લાગ્યો છે.

ત્યારે માતાએ ધન્યકુમારને કહ્યું– બેટા ! તું ધન્ય છો, કૃતાર્થ છો, પુણ્યશાળી છો, ભાગ્યશાળી છો કે તે ભગવાનના શ્રીમુખે ધર્મ સાંભળ્યો અને તે ધર્મ તને અત્યંત પ્રિય અને રુચિકર લાગ્યો.

ત્યારે ધન્યકુમારે બીજી વાર માતાને આ પ્રમાણે કહ્યું કે– હે માતા ! હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છું. જન્મ, જરા અને મૃત્યુના ભયથી ભયભીત થયો છું, માટે હે માતા ! હું આપની આજ્ઞા લઈને શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરીને અણગાર ધર્મ સ્વીકાર કરવા ઈચ્છું છું.

### માતાની મમતા :–

**११ तए णं सा धण्णस्स कुमारस्स माया तं अणिट्ठं, अकंतं, अप्पियं अमणुण्णं अमणामं, असुयपुव्वं फरुसं गिरं सोच्चा मुच्छिया** *जाव* **रोयमाणी, कंदमाणी, तिप्पमाणी, सोयमाणी, विलवमाणी धण्णं कुमारं एवं वयासी- तुमं सि णं जाया ! अम्हं इट्ठे, कंते, पिए, मण्णुणे, मणामे, थेज्जे, वेसासिए, सम्मए, अणुमए, बहुमए भंडकरंडगसमाणे रयणे रयणभूए, जीवियउस्सासे हिययणंदिजणणे उंबरपुप्फमिव दुल्लहे सवणयाए किमंग पुण पासणसाए ! तं णो खलु जाया ! अम्हे इच्छामो तुब्भं खणमवि विप्पओगं सहित्तए, तं अच्छाहि ताव जाया ! जाव ताव अम्हे जीवामो, तओ पच्छा अम्हेहिं कालगएहिं समाणेहिं परिणयवये, वड्ढियकुलवंस- तंतुकज्जम्मि णिरवयक्खे समणस्स भगवओ महावीरस्स अंतियं मुंडे भवित्ता अगाराओ अणगारियं**

पव्वइहिसि ।

**ભાવાર્થ** : ધન્યકુમારની માતા તેના એવા અનિષ્ટ, અકાન્ત, અપ્રિય, અમનોજ્ઞ, મનને અપ્રિય, અશ્રુતપૂર્વ– જે પહેલાં ક્યારે ય ન સાંભળેલ એવા આઘાતજનક વચન સાંભળી મૂર્છિત થઈ ગઈ ***યાવત્*** ભાનમાં આવ્યા પછી આંખમાં અસ્ખલિત અશ્રુપ્રવાહ સાથે આક્રંદ અને શોક કરતી, વિલાપ કરતી આ પ્રકારે કહેવા લાગી– હે પુત્ર ! તું મને ઈષ્ટ, કાંત, પ્રિય, મનોજ્ઞ, મણામ (મનગમતા) આધારભૂત, વિશ્વાસપાત્ર સંમત, અનુમત, બહુમત, આભૂષણોની પેટી તુલ્ય, રત્ન સ્વરૂપ, રત્ન તુલ્ય, જીવનના શ્વાસ સમાન અને હૃદયને આનંદદાયક છે. ઉદુંબર–ઊમરાના પુષ્પની સમાન તારું નામ સાંભળવું પણ દુર્લભ છે, તો તારા દર્શન દુર્લભ હોય એમાં તો કહેવું જ શું ? માટે હે પુત્ર ! તારો વિયોગ મારાથી એક ક્ષણ પણ સહન થઈ શકતો નથી માટે જ્યાં સુધી અમે જીવતાં છીએ ત્યાં સુધી ઘરમાં જ રહો. જ્યારે અમારું મૃત્યુ થઈ જાય અને તારી ઉંમર પરિપક્વ થઈ જાય અને કુળવંશની વૃદ્ધિ થઈ જાય ત્યારે તું સંસારથી નિરપેક્ષ થઈ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીની પાસે મુંડિત થઈ અણગાર ધર્મ સ્વીકાર કરજે.

## ધન્યકુમારની વૈરાગ્યવાણી :–

**૧૨** **तए णं धण्णे कुमारे अम्मयं एवं वयासी– तहेव णं तं अम्मयाओ ! जं णं तुब्भे ममं एवं वयह– तुमं सि णं जाया ! अम्हं इट्ठे कंते *जाव* पव्वइहिसि । एवं खलु अम्मयाओ ! माणुस्सए भवे अणेगजाइ–जरा–मरण–रोग सारीरमाणस पकामदुक्ख–वेयण–वसण–सओवद्दवाभिभूए, अधुवे, अणिइए, असासए संज्झब्भ– रागसरिसे, जलबुब्बुयसमाणे, कुसग्गजलबिंदुसण्णिभे, सुविणगदंसणोवमे, विज्जु– लयाचंचले, अणिच्चे, सडणपडणविद्धंसणधम्मे, पुव्विं वा पच्छा वा अवस्स विप्प– जहियव्वे भविस्सइ, से केस णं जाणइ अम्मयाओ ! के पुव्विं गमणयाए, के पच्छा गमणयाए ? तं इच्छामि णं अम्मयाओ ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे समणस्स भगवओ महावीरस्स अंतियं मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइत्तए ।**

**ભાવાર્થ** : ત્યારે ધન્યકુમારે પોતાના માતાને આ પ્રમાણે કહ્યું કે– હે માતા ! હમણાં આપે કહ્યું કે– હે પુત્ર ! તું અમને ઈષ્ટ, કાંત, પ્રિય આદિ છો ***યાવત્*** અમારા મૃત્યુ પછી તું દીક્ષા અંગીકાર કરજે ઈત્યાદિ પરંતુ હે માતા ! આ મનુષ્ય જીવન જન્મ, જરા, મરણ, રોગ, વ્યાધિ તથા શારીરિક અને માનસિક દુઃખોની અત્યંત વેદનાથી સેંકડો કષ્ટોથી, આપત્તિઓથી પીડિત છે. આ મનુષ્ય જીવન અધ્રુવ, અનિત્ય અને અશાશ્વત છે. સંધ્યાના રંગોની સમાન, પાણીના પરપોટા સમાન, કુશાગ્ર પર રહેલાં જલબિંદુ સમાન, સ્વપ્ન દર્શનની સમાન તથા વિજળીના ઝબકારાની સમાન ચંચળ અને અનિત્ય છે. સડવું, પડવું, ગળવું અને નષ્ટ થવું તેનો સ્વભાવ છે. પહેલાં કે પછી એક દિવસ તેને અવશ્ય છોડવું પડશે તો હે માતા ! આ વાતનો નિર્ણય

કોણ કરી શકે છે કે આપણામાંથી પહેલાં કોણ જશે ? અને પછી કોણ જશે ? માટે હે માતા ! આપ મને આજ્ઞા આપો. આપની આજ્ઞા મળ્યાથી હું શ્રમણ ભગવાન મહાવીરની પાસે મુંડિત થઈ ગૃહવાસનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરવા ઈચ્છું છું.

## ધન્યકુમારની દીક્ષા :–

**૧૩** **तए णं तं धण्णं कुमारं भद्दा सत्थवाही जाहे णो संचाएइ** *जाव* **जियसत्तुं आपुच्छइ । इच्छामि णं देवाणुप्पिया ! धण्णस्स दारयस्स णिक्खममाणस्स छत्त-मउड-चामराओ य विदिण्णाओ ।**

**तए णं जियसत्तू राया भद्दं सत्थवाहिं एवं वयासी- अच्छाहि णं तुमं देवाणुप्पिए ! सुणिवुत्तवीसत्था, अहण्णं सयमेव धण्णस्स दारयस्स णिक्खमणसक्कारं करिस्सामि ।**

**सयमेव जियसत्तू णिक्खमणं करेइ, जहा थावच्चापुत्तस्स कण्हो ।**

**तए णं धण्णे दारए सयमेव पंचमुट्ठियं लोयं करेइ** *जाव* **पव्वइए ।**

**तए णं धण्णे दारए अणगारे जाए ईरियासमिए** *जाव* **गुत्तबंभयारी ।**

**ભાવાર્થ :** જ્યારે ધન્યકુમારની માતા ભદ્રા સાર્થવાહી તેને સમજાવવામાં સફળ ન થઈ ત્યારે તેણે ધન્યકુમારને પ્રવ્રજ્યા લેવાની આજ્ઞા આપી. જે પ્રમાણે **થાવર્ચાપુત્ર**ની માતાએ **કૃષ્ણ** પાસેથી છત્ર, ચામર આદિની યાચના કરી તે રીતે ભદ્રાએ પણ જિતશત્રુ રાજા પાસેથી છત્ર, ચામર આદિની યાચના કરી. ત્યારે જિતશત્રુ રાજાએ ભદ્રા સાર્થવાહીને કહ્યું– હે દેવાનુપ્રિયે ! તમે નિશ્ચિંત રહો, હું પોતે જ ધન્યકુમારનો દીક્ષા ઉત્સવ કરીશ. ત્યાર પછી જે રીતે કૃષ્ણે થાવર્ચાપુત્રનો દીક્ષા મહોત્સવ સંપન્ન કર્યો હતો, તે જ રીતે જિતશત્રુ રાજાએ પોતે જ ધન્યકુમારનો દીક્ષા મહોત્સવ કર્યો.

ધન્યકુમારે સ્વયં જ પંચમુષ્ટિ લોચ કર્યો ***યાવત્*** દીક્ષા અંગીકાર કરી. ત્યાર પછી ધન્યકુમાર ઈર્યા સમિતિથી યુક્ત ***યાવત્* ગુપ્તબ્રહ્મચારી** અણગાર થઈ ગયા .

## વિવેચન :–

જ્યારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કાકંદીનગરીમાં પધાર્યા ત્યારે નગર પરિષદની સાથે ધન્યકુમાર પણ ભગવાનના દર્શન કરવા તથા તેમની પાસેથી ઉપદેશામૃતનું પાન કરવા માટે તેમની સેવામાં ઉપસ્થિત થયા. ધન્યકુમાર પર એ ઉપદેશનો એવો પ્રભાવ પડ્યો કે તરત જ સંપૂર્ણ સાંસારિક ભોગ વિલાસને ત્યજીને અણગાર બની ગયા. પ્રસ્તુત સૂત્રમાં સંક્ષિપ્ત કરેલા પાઠનો વિસ્તાર ઔપપાતિક સૂત્ર, ભગવતી સૂત્ર અને જ્ઞાતાસૂત્રના આધારે જાણી લેવો જોઈએ.

દીક્ષાની અનુમતિ પ્રાપ્ત કરવાના પ્રસંગે પ્રતોમાં જે પાઠ મૂળ અને અર્થ આપ્યા છે તે જમાલીના પ્રસંગના છે. તેમાં **"अम्मापियरो"** (માતા–પિતા)નો ઉલ્લેખ છે, પરંતુ ધન્યકુમારના વિષયમાં તે ઘટિત થતું નથી. કારણ કે આ અધ્યયનના પ્રારંભમાં તેની માતા ભદ્રાનું જ કથન છે, પિતાનો કોઈ પણ પ્રકારનો ઉલ્લેખ નથી માટે અહીં કેવળ માતાનો સ્વીકાર કરવો જોઈએ. વાચકોએ આ ધ્યાનમાં રાખવું જોઈએ. બીજું એ પણ સમજવાનું છે કે ધન્યકુમાર સિવાય ભદ્રાના બીજા ઘણા પુત્રો હતા માટે એક પુત્રનો પાઠ જમાલી માટેના ભગવતી સૂત્રના પાઠથી અહીં લીધેલ છે; તેને સુધારીને સમજવો જોઈએ.

**अम्मयाओ :**– ભગવતી સૂત્ર શ. ૯, ઉદ્દે. ૩૩ માં દેવાનંદા બ્રાહ્મણી માટે **'अम्मगा'** શબ્દનો પ્રયોગ છે. અહીં તેનો જ સન્માનાર્થ **'अम्मयाओ'** બહુવચન પ્રયોગ છે, તેથી તેનો અર્થ– હે પૂજ્ય માતાજી, એવો થાય છે. "માતા પિતા" એવો અર્થ અહીં ઉપયુક્ત નથી. કારણ કે આ અધ્યયનમાં ધન્યકુમારના પિતાનો નામોલ્લેખ નથી.

## ધન્યમુનિની તપશ્ચર્યાનો અભિગ્રહ :–

**૧૪ तए णं से धण्णे अणगारे जं चेव दिवसे मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए, तं चेव दिवसं समणं भगवं महावीरं वंदइ णमंसइ वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए समाणे जावज्जीवाए छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं आयंबिलपरिग्गहिएणं तवोकम्मेणं अप्पाणं भावेमाणे विह–रित्तए । छट्ठस्स वि य णं पारणयंसि कप्पइ मे आयंबिलं पडिगाहेत्तए णो चेव णं अणायंबिलं । तं पि य संसट्ठं णो चेव णं असंसट्ठं । तं पि य णं उज्झियधम्मियं णो चेव णं अणुज्झिय धम्मियं । तं पि य जं अण्णे बहवे समण माहण अतिहि–किवण वणीमगा णावकंखंति ।**

**अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह ।**

**तए णं से धण्णे अणगारे समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे हट्ठ–तुट्ठे जावज्जीवाए छट्ठं छट्ठेणं अणिक्खित्तेणं तवोकम्मेणं अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી ધન્ય અણગાર જે દિવસે પ્રવ્રજિત થયા, ગૃહસંસાર ત્યાગ કરી અણગાર બન્યા, તે જ દિવસે શ્રમણ ભગવાન મહાવીરને વંદન અને નમસ્કાર કર્યા, વંદન અને નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું–

હે ભંતે ! આપની આજ્ઞા લઈ જીવનપર્યંત નિરંતર છઠ–છઠ તપથી તથા આયંબિલના પારણાથી

હું મારા આત્માને ભાવિત કરીને વિચરણ કરવા ઈચ્છું છું. છઠ્ઠ તપના પારણામાં પણ મને આયંબિલનો આહાર કરવો કલ્પે છે. પરંતુ આયંબિલ સિવાયનો આહાર ગ્રહણ કરવો કલ્પતો નથી. તે પણ **સંસૃષ્ટ** હાથ આદિથી લેવું કલ્પે છે અસંસૃષ્ટ હાથ આદિથી લેવું કલ્પતું નથી. **ઉજ્જિત ધર્મવાળો** આહાર (ફેંકી દેવા યોગ્ય) ગ્રહણ કરવો કલ્પે છે. અનુજ્જિત ધર્મવાળો આહાર કલ્પતો નથી. જેને લેવાની અન્ય ઘણા શ્રમણ, બ્રાહ્મણ, અતિથિ, કૃપણ અને ભિખારી ઈચ્છા ન કરે, તેવા ભક્ત–પાન કલ્પે છે

ભગવાને કહ્યું– હે દેવાનુપ્રિય ! જેમ તમને સુખ ઊપજે તેમ કરો, પરંતુ પ્રમાદ ન કરવો. ત્યાર પછી તે ધન્ય અણગાર ભગવાન મહાવીરની આજ્ઞા લઈ હર્ષિત અને સંતુષ્ટ થઈ જીવન પર્યંત નિરંતર છઠ્ઠ તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

## વિવેચન :–

આ સૂત્રમાં ધન્ય અણગારની આહાર અને શરીર વિષયક અનાસક્તિનું તથા રસેન્દ્રિય સંયમનું વિશેષ રૂપે પ્રતિપાદન કર્યું છે. તે દીક્ષા ગ્રહણ કરી ત્યારથી તેઓ જ ધર્મમાં એવા તલ્લીન થઈ ગયા કે દીક્ષાના પ્રથમ દિવસથી તેને ઉગ્ર તપ કરવાના ભાવ જાગૃત થયા. તેમણે નિર્ણય કરીને ભગવાનને વિનંતી કરી કે– હે ભગવન્ ! હું આપની આજ્ઞાથી જીવનભર છઠ્ઠ તપનું આયંબિલપૂર્વક પારણું કરું. તેની આ પ્રકારની ધર્મરુચિ જોઈને શ્રી ભગવાને આજ્ઞા આપી. ધન્ય અણગારે પોતાની પ્રતિજ્ઞા અનુસાર તપ અંગીકાર કરી લીધું. સૂત્રોકત કથનથી ફલિત થાય છે કે સાધકો એ વિનય, નમ્રતા અને ગુરુ આજ્ઞા કે સ્વીકૃતિપૂર્વક જ તપશ્ચર્યા કરવાની હોય છે. ગુરુ આજ્ઞાપૂર્વકની જ કોઈપણ સાધના સાધકને સફળતા પ્રાપ્ત કરાવે છે.

**उज्झिय धम्मियं** :– ટીકામાં કહ્યું છે– **उज्झित धम्मियं ति, उज्झितं–परित्यागः स एव धर्म–पर्यायो यस्यास्तीति उज्झित धर्मः ।** જે અન્ન સર્વથા ત્યાગ કરી દેવા યોગ્ય અથવા ફેંકી દેવા યોગ્ય હોય તે ઉજ્જિત ધર્મ છે. **આયંબિલ**ના દિવસે ધન્ય અણગાર જે અન્નને પ્રાયઃ કોઈ ઈચ્છતું નથી એવો જ આહાર લેતા હતા.

## ધન્યમુનિની ગોચરી અને તેનો આહાર :–

**૧૫ तए णं से धण्णे अणगारे पढमछट्ठखमणपारणयंसि पढमाए पोरिसीए सज्झायं करेइ । बीयाए पोरिसीए झाणं झियायइ, तइयाए पोरिसीए अतुरियमचवलमसंभंते मुहपोत्तियं पडिलेहेइ, पडिलेहित्ता भायणाइं वत्थाइं पडिलेहेइ पडिलेहित्ता, भायणाइं पमज्जइ पमज्जित्ता, भायणाइं उग्गहेइ उग्गहित्ता, जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता**

**समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी– इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए छट्ठक्खमण– पारणगंसि काकंदीए णयरीए उच्च–णीय–मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियाए अडित्तए ।**

**अहासुहं देवाणुप्पिया मा पडिबंधं करेह ।**

**ભાવાર્થ** : ત્યાર પછી ધન્ય અણગારે પ્રથમ છઠ્ઠના પારણાના દિવસે પ્રથમ **પોરસી**– પ્રહરમાં **સ્વાધ્યાય** કરીને, બીજા પ્રહરમાં ધ્યાન કર્યું. ત્રીજા પ્રહરમાં શારીરિક શીઘ્રતા રહિત, માનસિક ચપળતા રહિત, આકુળતા અને ઉત્સુકતા રહિત થઈ મુખવસ્ત્રિકાનું પ્રતિલેખન કર્યું. પછી પાત્ર અને વસ્ત્રોની પ્રતિલેખના કરી. ત્યાર પછી પાત્રને જોયાં, જોઈ લીધા બાદ પાત્ર ઝોળીમાં લઈ જ્યાં શ્રમણ ભગવાન મહાવીર બિરાજમાન હતા ત્યાં આવ્યા, ત્યાં આવી ભગવાનને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે નિવેદન કર્યું– હે ભગવન્ ! આજે મારે છઠ્ઠના પારણાનો દિવસ છે તેથી આપ આજ્ઞા આપો તો હું કાકંદીનગરીમાં **ઊંચ, નિમ્ન અને મધ્યમ કુળ**માં ભિક્ષા વિધિ અનુસાર ભિક્ષા લેવા પ્રસ્થાન કરવા ઈચ્છું છું.

શ્રમણ ભગવાન મહાવીરે ધન્ય અણગારને કહ્યું– હે દેવાનુપ્રિય ! જે પ્રમાણે તમને સુખ ઊપજે તેમ કરો, વિલંબ ન કરો.

**१६ तए णं धण्णे अणगारे समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे समणस्स भगवओ महावीरस्स अंतियाओ सहसंबवणाओ उज्जाणाओ पडिणिक्खमइ, पडिणिक्खमित्ता अतुरियमचवलमसंभंते जुगंतरपलोयणाए दिट्ठीए पुरओ रियं सोहमाणे सोहमाणे जेणेव काकंदी णगरी तेणेव उवागच्छइ, उवागच्छित्ता काकंदीए णयरीए उच्च णीय–मज्झिमाइं कुलाइं घरसमुदाणस्स भिक्खायरियं अडमाणे आयंबिलं, पडिगाहेइ णो अणायंबिलं** *जाव* **णावकंखंति ।**

**तए णं से धण्णे अणगारे ताए अब्भणुणाए पययाए पयत्ताए पग्गहियाए एसणाए एसमाणे जइ भत्तं लभइ, तो पाणं ण लभइ, अह पाणं लभइ तो भत्तं ण लभइ ।**

**तए णं से धण्णे अणगारे अदीणे अविमणे अकलुसे अविसादी अपरितंतजोगी जयणघडणजोगचरित्ते अहापज्जत्तं समुदाणं पडिगाहेइ । पडिगाहित्ता काकंदीओ णयरीओ पडिणिक्खमइ पडिणिक्खमित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ, उवागच्छित्ता समणस्स भगवओ महावीरस्स अदूरसामंते गमणागमणाए पडिक्कमइ एसणमणेसणं आलोएइ, आलोएत्ता भत्तपाणं पडिदंसेइ ।**

**तए णं से धण्णे अणगारे समणेणं भगवया महावीरेणं अब्भणुण्णाए समाणे अमुच्छिए अगिद्धे अगढिए अणज्झोववण्णे बिलमिव पण्णगभूएणं अप्पाणेणं आहारं आहारेइ आहारित्ता संजमेण तवसा अप्पाणं भावेमाणे विहरइ ।**

**ભાવાર્થ :** શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા પ્રાપ્ત કરીને ધન્ય અણગાર ભગવાન પાસેથી સહસ્રામ્ર– વનમાંથી નીકળ્યા, નીકળીને શીઘ્રતા રહિત, ચપળતા રહિત અને આકુળતા તથા ઉત્સુકતા રહિત, ધૂંસર પ્રમાણ ભૂમિને જોતાં, **ઈર્યાસમિતિ**પૂર્વક કાકંદી નગરીમાં ગયા. ત્યાં ઉચ્ચ, નિમ્ન અને મધ્યમ કુળોમાં ફરતાં આયંબિલને યોગ્ય આહાર જ ધન્ય અણગારે ગ્રહણ કર્યો. સરસ આહાર ગ્રહણ કરવાની આકાંક્ષા કરી નહીં ***યાવત્*** કોઈ ઈચ્છે નહીં એવો ઉજ્જિત ધર્મ આહાર ગ્રહણ કર્યો.

ત્યાર પછી ધન્ય અણગારને સુવિહિત, ઉત્કૃષ્ટ પ્રયત્નવાળી, ગુરુજનો દ્વારા અનુજ્ઞાત અને પૂર્ણતયા સ્વીકૃત એષણાથી ગવેષણા કરતાં ક્યારેક ભોજન પ્રાપ્ત થયું તો પાણી પ્રાપ્ત થયું નહીં અને ક્યારેક પાણી પ્રાપ્ત થયું તો ભોજન પ્રાપ્ત થયું નહીં.

(આવી અવસ્થામાં પણ)ધન્ય અણગાર અદીન, અવિમન અર્થાત્ પ્રસન્ન ચિત્તે, કષાયમુક્ત વિષાદરહિત અપરિશ્રાન્તયોગી અર્થાત્ નિરંતર સમાધિ ભાવે યથાયોગ્ય સામુદાનિક ભિક્ષાન્નને ગ્રહણ કરી કાકંદી નગરીની બહાર નીકળ્યા, ભગવાનની પાસે આવ્યા. શ્રમણ ભગવાન મહાવીરની સેવામાં ઉપસ્થિત થઈ ગમનાગમનનું પ્રતિક્રમણ કર્યું, એષણા સંબંધી લાગેલા દોષોની આલોચના કરી, ગોચરીમાં લાવેલાં આહાર–પાણી બતાવ્યાં.

ત્યાર પછી ધન્ય અણગારે શ્રમણ ભગવાન મહાવીરની આજ્ઞા લઈ અમૂર્છિત, આસક્તિ રહિત, ભોજનમાં રાગ રહિત અનાસક્ત ભાવથી આહાર કર્યો. જે રીતે સર્પ બિલમાં (દરમાં) પ્રવેશ કરતી વેળાએ બીજા કોઈ લક્ષ્ય વિના કેવળ પ્રવેશ કરવાનો જ લક્ષ્ય રાખે છે તેમ ધન્ય અણગારે આહાર કરવાના લક્ષ્ય માત્રથી જ અને સ્વાદની આસક્તિથી રહિત થઈને આહાર કર્યો. આહાર કરીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા.

## વિવેચન :–

અહીં સૂત્રકારે ધન્ય અણગારની દઢ પ્રતિજ્ઞાનું વર્ણન કર્યું છે. સ્વાધ્યાય અને ધ્યાન, સંયમ અને તપ; તે જ સાધક જીવનનાં મુખ્ય અંગ છે. ધન્ય અણગારે સ્વાધ્યાય અને ધ્યાનમાં વિશેષ તલ્લીન બનવા માટે દઢ પ્રતિજ્ઞા કરી. જીવનપર્યંત છઠ્ઠનાં પારણે છઠ્ઠ અને પારણામાં આયંબિલ કરવી. આયંબિલમાં ઉજ્જિતધર્મા આહાર જ ગ્રહણ કરવો. આ પ્રતિજ્ઞાનું તેમણે વૈરાગ્યભાવે પાલન કર્યું.

**बिलमिव पण्णगभूएणं :–** આ સૂત્રમાં સાધકની આહાર કરવાની રીત પ્રદર્શિત કરી છે– જેમ સર્પ બીજા કોઈ લક્ષ્ય વિના માત્ર પોતાની દેહ રક્ષા માટે જ દરમાં પ્રવેશ કરે છે તેમ સાધક પણ રસાસ્વાદ

વગેરે કોઈ પણ અન્ય લક્ષ્ય વિના માત્ર સંયમ નિર્વાહ માટે જ આહાર કરે છે, રસાસ્વાદ માટે આહાર કરતા નથી. અહીં ભોજનને ચાવવા માટેનો નિષેધ ન સમજવો પરંતુ સ્વાદવૃત્તિ, દેહાસક્તિ વગેરે લક્ષ્યોનો નિષેધ સમજવો જોઈએ. એક માત્ર શરીર અને સંયમ નિર્વાહની વૃત્તિથી જ આહાર કરવાનું લક્ષ્ય હોવું જોઈએ. એ સમજાવવા માટે જ સર્પના દરમાં પ્રવેશ કરવાની ઉપમા આપેલ છે કારણ કે સર્પને દરમાં જવામાં શરીર રક્ષા સિવાય બીજું કોઈ પણ લક્ષ્ય હોતું નથી.

ધન્યમુનિ કોઈ પણ જાતની આસક્તિ વગર આહાર કરી સંયમયોગમાં પોતાના આત્માને દઢ કરતા હતા એટલું જ નહીં પરંતુ અપ્રાપ્ત જ્ઞાન આદિની પ્રાપ્તિને માટે પણ હંમેશાં પ્રયત્નશીલ રહેતા હતા.

## ધન્ય મુનિનું તપોમય જીવન :-

**१७ तए णं समणे भगवं महावीरे अण्णया कयाइ काकंदीओ णगरीओ सहसंबवणाओ उज्जाणाओ पडिणिक्खमइ । पडिणिक्खमित्ता बहिया जणवय विहारं विहरइ ।**

**तए णं से धण्णे अणगारे समणस्स भगवओ महारीरस्स तहारूवाणं थेराणं अंतिए सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ । अहिज्जित्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । तए णं से धण्णे अणगारे तेणं उरालेणं विउलेण पयत्तेणं पग्गहिएणं कल्लाणेणं सिवेणं धण्णेणं मंगल्लेणंसस्सिरीएणं उदग्गेणं उदत्तेणं उत्तमेणं उदारेणं महाणुभागेणं तवोकम्मेणं सुक्के लुक्खे णिम्मंसे अट्ठिचम्मावणद्धे किडिकिडियाभूए किसे धमणिसंतए जाए यावि होत्था, जीवंजीवेणं गच्छइ, जीवंजीवेण चिट्ठइ, भासं भासित्ता वि गिलाइ, भासं भासमाणे गिलाइ, भासिस्सामीति गिलायइ । से जहाणामए कट्ठसगडिया इ वा पत्तसगडिया इवा पत्त तिल भंडग सगडिया इ वा ए रंडकट्ठसगडिया इ वा इंगालसगडिया इ वा उण्हे दिण्णा सुक्का समाणी ससद्दं गच्छइ, ससद्दं चिट्ठइ, एवामेव धण्णे वि अणगारे ससद्दं गच्छइ, ससद्दं चिट्ठइ, उवचिए तवेणं, अवचिए मंस-सोणिएणं, हुयासणे विव भासरासि पडिच्छण्णे, तवेणं, तेएणं, तव-तेयसिरीए अईव अईव उवसोभेमाणे उवसोभेमाणे चिट्ठइ ।**

**ભાવાર્થ :** ત્યાર પછી શ્રમણ ભગવાન મહાવીર સ્વામી કોઈ સમયે કાકંદી નગરીના સહસ્રામ્રવન ઉદ્યાનમાંથી નીકળ્યા અને બહાર જનપદોમાં વિહાર કરવા લાગ્યા.

ધન્ય અણગારે શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના તથારૂપ સ્થવિરોની પાસે સામાયિક આદિ અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. પછી તે સંયમ અને તપથી પોતાના આત્માને ભાવિત કરતાં વિચરવા લાગ્યા. ત્યારે તે ધન્ય અણગાર મહાન, વિપુલ, પ્રદત્ત, પ્રગૃહીત, કલ્યાણરૂપ, શિવરૂપ, ધન્યરૂપ, મંગલરૂપ, શ્રીસંપન્ન, ઉત્તમ ઉત્તરોત્તર વૃદ્ધિ યુક્ત ઉદાત્ત–ઉજ્જવળ ઉત્તમ, ઉદાર અને મહાન પ્રભાવશાળી તપથી સુકાઈ ગયા, રૂક્ષ થઈ ગયા, માંસ રહિત થઈ ગયા. તેના શરીરનાં હાડકાં દેખાવાં લાગ્યાં અને ચામડી લબડવા માંડી. ચાલતા સમયે હાડકાંનો અવાજ સંભળાવા લાગ્યો. તે કૃશ–દુર્બળ બની ગયા. તેમની નસો દેખાવા લાગી. તે પોતાના આત્મબળથી જ ચાલતા, ફરતા અને ઊભા રહેતા હતા. તે એટલા દુર્બળ બની ગયા કે બોલતી વેળાએ પણ તેને થાક લાગી જતો હતો. ભાષા બોલતા પહેલાં 'હું ભાષા બોલીશ' એવો વિચાર કરવા માત્રથી જ ખેદ પામતા હતા. જેમ સૂકી લાકડી ભરેલી ગાડી, એરંડાની લાકડી ભરેલી ગાડી, કોલસાથી ભરેલી ગાડી, આ સર્વ ગાડીઓ તડકામાં સારી રીતે સુકાવીને જ્યારે ચાલે છે ત્યારે ખડ ખડ અવાજ કરતી ચાલે છે અને અવાજ કરતી ઊભી રહે છે. તેમ ધન્ય અણગાર ચાલતા હતા ત્યારે તેનાં હાડકાં ખડ ખડ અવાજ કરતા, ઊભા રહેતા તો પણ ખડ ખડ અવાજ કરતા. જો કે તે શરીરથી દુર્બળ બની ગયા હતા, જાણે હાડચામથી મઢેલા નસો જાળવાળું હાડપિંજર જ હોય, તેમ લાગતું હતું. પણ તપથી પુષ્ટ હતા. તેનું માંસ અને લોહી સૂકાઈ ગયું હતું. રાખના ઢગલામાં દાબેલા અગ્નિની જેમ તેઓ તપ તેજથી અત્યંત શોભતા હતા.

## વિવેચન :–

સંપૂર્ણ વિષય સુગમતાથી જ જાણી શકાય છે. ઉલ્લેખનીય ફક્ત એટલું જ છે કે તપ અને સંયમની કસોટી પર ચડીને ધન્ય અણગારનું શરીર અવશ્ય કૃશ બની ગયું હતું પરંતુ તેનાથી તેનો આત્મા અલૌકિક બળવાન બની ગયો હતો અને પ્રતિદિન વધતું જતું મુખનું તેજ ઢાંકેલી અગ્નિની સમાન દેદીપ્યમાન બની રહ્યું હતું.

## ધન્ય મુનિના પગ અને આંગળીઓની કૃશતા :–

**૧૮** **धण्णस्स णं अणगारस्स पायाणं अयमेयारूवे तवरूवलावण्णे होत्था– से जहाणामए सुक्कछल्ली इ वा कट्ठपाउया इ वा जरग्ग ओवाहणा इ वा, एवामेव धण्णस्स अणगारस्स पाया सुक्का लुक्खा णिम्मंसा अट्ठिचम्मछिरत्ताए पण्णायंति, णो चेव णं मंससोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स पायंगुलियाणं अयमेयारूवे तवरूवलावण्णे होत्था– से जहाणामए कलसंगलिया इ वा मुग्गसंगलिया इ वा माससंगलिया इ वा, तरुणिया छिण्णा, उण्हे दिण्णा, सुक्का समाणी मिलायमाणी चिट्ठइ, एवामेव धण्णस्स पायंगुलियाओ सुक्काओ लुक्खाओ णिम्मंसाओ**

**अट्ठिचम्मछिरत्ताए पण्णायंति, णो चेव णं मंस सोणियत्ताए ।**

**ભાવાર્થ** : ધન્ય અણગારનું તપયુક્ત પગનું રૂપ, લાવણ્ય આ પ્રમાણે થઈ ગયું હતું– જેમ વૃક્ષની સુકાયેલી ડાળ, કાષ્ટની ચાખડી અથવા જૂના પગરખાં હોય, તેમ ધન્ય અણગારના પગ સૂકાઈ ગયા હતા, રૂક્ષ અને માંસ વગરના હતા. તેમાં હાડકાં, ચામડાં અને શિરાઓ જ દેખાતાં હતા પરંતુ માંસ અને લોહી દેખાતા ન હતા.

ધન્ય અણગારની પગની આંગળીઓનું તપયુક્ત રૂપ–લાવણ્ય આ પ્રકારે થઈ ગયું હતું– જેમ વટાણા, મગ અને અડદની શીંગ હોય અને તે કોમળ શીંગને કાપીને તડકામાં સુકવવાથી જે રીતે તે સુકાઈ અને મુરઝાઈ જાય છે, તે જ રીતે ધન્ય અણગારના પગોની આંગળીઓ સુકાઈ ગઈ હતી, રૂક્ષ થઈ ગઈ હતી અને નિર્માંસ થઈ ગઈ હતી. તેમાં હાડકાં, ચામડાં અને શિરાઓ જ દેખાતાં હતાં, માંસ અને લોહી તેનામાં દેખાતાં ન હતા.

**વિવેચન :–**

અહીં સૂત્રકારે ધન્ય અણગારની શારીરિક સ્થિતિમાં કેટલું પરિવર્તન થઈ ગયું હતું. તે વિષયનું પ્રતિપાદન કર્યું છે. તપ કરવાથી તેના બન્ને પગ એવા સૂકાઈ ગયા હતા કે જાણે સુકાયેલ વૃક્ષની છાલ, કાષ્ટની ચાખડી અથવા જૂના પગરખાં જ હોય. તેના પગમાં અને પગની આંગળીઓમાં માંસ અને લોહી દેખાતાં ન હતાં, ફક્ત હાડકાં, ચામડાં અને નસો જ દેખાતી હતી.

**જંઘા, ઘૂંટણ અને ઊરુની કૃશતા :–**

**१९** **धण्णस्स णं अणगारस्स जंघाणं अयमेयारूवे तवरूवलावण्णे होत्था– से जहानामए काकजंघा इ वा, कंक जंघा इ वा, ढेणियालियाजंघा इ वा एवामेव धण्णस्स अणगारस्स जंघाओ सुक्काओ लुक्खाओ णिम्मंसाओ अट्ठिचम्मछिरत्ताए पण्णायंति, णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स जाणूणं अयमेयारूवे तवरूवलावण्णे होत्था– से जहाणामए कालिपोरे इ वा मयूरपोरे इ वा ढेणियालियापोरे इ वा एवामेव धण्णस्स अणगारस्स जाणू सुक्का लुक्खा णिम्मंसा अट्ठिचम्मछिरत्ताए पण्णायंति, णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारसस ऊरुस्स अयमेयारूवे तवरूवलावण्णे होत्था– से जहाणामए सामकरिल्ले इ वा बोरकरिल्ले इ वा सल्लइकरिल्ले इ वा, सामलिकरिल्ले इ वा, तरुणिए उण्हे दिण्णे, सुक्के समाणे मिलायमाणे**

**चिट्ठइ, एवामेव धण्णस्स अणगारस्स ऊरू सुक्का लुक्खा णिम्मंसा अट्ठिचम्मछिरत्ताए पण्णायंति, णो चेव णं मंस सोणियत्ताए ।**

**ભાવાર્થ :** ધન્ય અણગારની જંઘાઓ(પિંડીઓ)નું તપોજનિત રૂપ, લાવણ્ય આ પ્રકારનું થઈ ગયું હતું– જેમ કાક પક્ષી, કંક પક્ષી અને ઢેણિક પક્ષીની જંઘા હોય તેમ ધન્ય અણગારની જંઘા સૂકાઈ ગઈ હતી, રૂક્ષ થઈ ગઈ હતી, નિર્માંસ થઈ ગઈ હતી. તેમાં હાડકાં, ચામડાં અને નાડીઓ જ દેખાતાં હતાં, માંસ અને લોહી તેમાં દેખાતાં ન હતા.

ધન્ય અણગારના જાનું(ઘૂંટણો)નું તપોજન્ય રૂપ, લાવણ્ય આ પ્રકારનું થઈ ગયું હતું– જેમ કાલી નામની વનસ્પતિની પર્વ સંધિ, મયૂર પક્ષી તથા ઢેણિક પક્ષીની પર્વ સંધી હોય તેમ ધન્ય અણગારના ઘૂંટણ સુકાઈ ગયા હતા, રૂક્ષ થઈ ગયા હતા, નિર્માંસ થઈ ગયા હતા. તેમાં હાડકાં, ચામડાં અને શિરાઓ જ દેખાતાં હતાં, માંસ અને લોહી તેમાં દેખાતાં ન હતા.

ધન્ય અણગારના ઊરુઓ–સાથળોનું તપોજન્ય રૂપ, લાવણ્ય આ પ્રકારનું થઈ ગયું હતું– જેમ બોર, શલ્યકી તથા શાલ્મલિ વૃક્ષોની કોમળ કૂંપળ કાપીને તડકામાં નાંખવાથી સુકાઈ ગઈ હોય, કરમાઈ ગઈ હોય, તેમ ધન્ય અણગારના ઊરુ પણ સુકાઈ ગયા હતા, કરમાઈ ગયા હતા. તેમાં હાડકાં, ચામડાં અને શિરાઓ જ જોવાતાં હતાં. માંસ અને લોહી તેમાં દેખાતાં નહોતા.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ધન્ય અણગારની જંઘા, ઘૂંટણ અને ઊરુઓનું વર્ણન કર્યું છે. તીવ્રતર તપના પ્રભાવથી ધન્ય અણગારની જંઘાઓ, ઘૂંટણો અને સાથળો માંસ અને લોહીના અભાવના કારણે કાકજંઘા નામની વનસ્પતિ જે સ્વભાવથી જ સુકાયેલી હોય છે તેવા પ્રતીત થતાં હતાં. કહેવાનું તાત્પર્ય એ છે કે ધન્ય અણગાર કર્મ નિર્જરાના હેતુથી તપશ્ચર્યામાં એ પ્રકારે તન્મય થઈ ગયા હતા કે પોતાના શરીરથી પણ નિરપેક્ષ થઈ ગયા. તેને શરીરનો મોહ લેશમાત્ર પણ રહ્યો ન હતો. તેમણે કઠોરમાં કઠોર તપ અંગીકાર કર્યું તેથી તેનાં અંગોપાંગમાં સર્વત્ર ફક્ત હાડકાં, ચામડાં અને નસોની જાળ જ જોવામાં આવતી હતી. શરીરધારી હોવા છતાં પણ તે અશરીરી બની જવા સમર્થ થઈ ગયા હતા.

## કમ્મર, ઉદર અને પાંસળીઓ આદિ :–

**૨૦** **धण्णस्स णं अणगारस्स कडिपत्तस्स इमेयारूवे तवरूव लावण्णे होत्था– से जहाणामए उट्टपादे इ वा जरग्गवपाए इ वा, महिसपाए इ वा एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स उयरभायणस्स इमेयारूवे तव रूव लावण्णे होत्था– से जहाणामए सुक्क दिए(दीविए) इ वा, भज्जणय कभल्ले इ वा**

**कट्ठकोलंबए इ वा एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स पासुलिय-कडयाणं इमेयारूवे तवरूव लावण्णे होत्था- से जहाणामए थासयावली इ वा, पाणावली इ वा, मुंडावली इ वा एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स पिट्ठि-करंडयाणं इमेयारूवे तवरूव लावण्णे होत्था- से जहा णामए कण्णावली इ वा गोलावली इ वा वट्टयावली इ वा एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स उरकडयस्स इमेयारूवे तवरूव लावण्णे होत्था- से जहा णामए चित्तकट्टरे इ वा वीयणपत्ते इ वा तालियंटपत्ते इ वा एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**ભાવાર્થ** : ધન્ય અણગારની કમ્મરનું તપશ્ચર્યાજનિત રૂપ–લાવણ્ય આ પ્રકારનું થઈ ગયું હતું– જેમ રીતે ઊંટના પગ, વૃદ્ધ બળદના પગ અને વૃદ્ધ ભેંસના પગ હોય તેમ ***યાવત્*** માંસ અને લોહી તેમની કમ્મરમાં રહ્યાં ન હતા.

ધન્ય અણગારના તપજનિત પેટનું લાવણ્ય આ પ્રકારનું થઈ ગયું હતું– જેમ સુકાયેલી મશક હોય, ચણા આદિ ભૂંજવાની લોઢી હોય, લોટ બાંધવાની કથરોટ હોય, તેમ ***યાવત્*** ધન્ય અણગારના પેટમાં માંસ અને લોહી રહ્યાં ન હતા.

ધન્ય અણગારની પાંસળીઓનું તપશ્ચર્યાના કારણે લાવણ્ય આ પ્રકારનું થઈ ગયું હતું– જેમ રકાબીઓની પંક્તિ હાથની(હાથના પંજાઓની) પંક્તિ, વિશેષ પ્રકારની ખૂંટોની પંક્તિઓ ગણી શકાય છે તેમ તેની પાંસળીઓ ગણી શકાતી હતી. તેવી જ રીતે ***યાવત્*** માંસ અને લોહી તેમની પાંસળીઓમાં દેખાતાં ન હતા.

ધન્ય અણગારના પૃષ્ઠ પ્રદેશ– કરોડરજ્જુના ઉપરના ભાગનું સ્વરૂપ એવું થઈ ગયું હતું – જેમ મુગટની કિનારીઓનો ભાગ પરસ્પર ચોટાડેલા ગોળ અને ચપટા પત્થરોની પંક્તિ અથવા લાખના બનાવેલા બાળકોને રમવાના લખોટાની પંક્તિ હોય. તેમ ***યાવત્*** ધન્ય અણગારનો કરોડરજ્જુમાં માંસ અને લોહી દેખાતાં નહોતા.

ધન્ય અણગારના વક્ષઃસ્થળ અર્થાત્ છાતીનું તપોજન્ય રૂપ લાવણ્ય આ પ્રકારનું થઈ ગયું હતું– જેમ વાંસની ટોપલીનો નીચેનો ભાગ, વાંસની ખપાટનો પંખો અથવા તાડપત્રનો પંખો હોય, તેમ જ ***યાવત્*** ધન્ય અણગારની છાતી એકદમ કૃશ, માંસ અને લોહીથી રહિત થઈ ગઈ હતી.

## વિવેચન :–

આ સૂત્રમાં ધન્ય અણગારના કટિ, પેટ, પાંસળીઓ, પૃષ્ઠ ભાગ અને વક્ષઃસ્થળનું ઉપમાઓ દ્વારા વર્ણન કરવામાં આવ્યું છે. તેનો કટિ પ્રદેશ તપના કારણે માંસ અને રક્તથી રહિત થઈને ઊંટ અથવા વૃદ્ધ બળદના પગ સમાન થઈ ગયો હતો. તેનું પેટ પણ સુકાઈને સુકાયેલી મશક, ચણા વગેરે શેકવા માટેની લોઢી અથવા લોટ બાંધવાની કથરોટની સમાન થઈ ગયું હતું. તેની પાંસળીઓ પણ સુકાઈ ગઈ હતી, તે ગણી શકાતી હતી. કરોડરજ્જુના મણકાઓ મુગટોની કિનારીઓ, પથ્થરના ગોળાઓની અથવા લાખ આદિથી બનાવેલાં બાળકોનાં રમકડાંઓની પંક્તિ જેવા લાગતા હતા. તપને કારણે ધન્ય અણગારની છાતીમાં ફેરફાર થઈ ગયો હતો. તેમાંથી માંસ અને રક્ત સુકાઈ ગયેલ હતાં અને તે પાંસળીઓની હાર, વાંસ અથવા તાડનાં પાનનો બનેલો પંખો હોય તેવી પ્રતીત થઈ રહી હતી.

આ સર્વ અવયવોનું વર્ણન ઉપમા અલંકારથી કર્યું હોવાથી અભ્યાસ કરનારને સમજવામાં સુગમતા થાય છે. ઉપરોકત વર્ણનથી સ્પષ્ટ થાય છે કે પૌદ્ગલિક ભોજન–પાણીના ત્યાગથી શરીરને પોષણ મળતું ન હોવાથી શરીર શુષ્ક બની જાય છે પરંતુ તપસ્વી સાધકનો આત્મા બળવત્તર બને છે.

ધન્ય અણગારનું શરીર જો કે સુકાઈને કાંટા જેવું બની ગયું હતું પરંતુ તેની આત્મિક તેજસ્વિતા અત્યંત વધી ગઈ હતી.

## બાહુ, હાથ, આંગળી :–

**૨૧ धण्णस्स णं अणगारस्स बाहाणं इमेयारूवे तवरूव लावण्णे होत्था– से जहाणामए समिसंगलिया इ वा बाहायासंगलिया इ वा, अगत्थियसंगलिया इ वा, एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स हत्थाणं इमेयारूवे तवरूव लावण्णे होत्था– से जहाणामए सुक्कछगणिया इ वा, वडपत्ते इ वा, पलासपत्ते इ वा, एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स हत्थंगुलियाणं इमेयारूवे तवरूव लावण्णे होत्था– से जहाणामए कलसंगलिया इ वा, मुग्गसंगलिया इ वा, माससंगलिया इ वा, तरुणिया छिण्णा आयवे दिण्णा सुक्का समाणी मिलायमाणी चिट्ठंति एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**ભાવાર્થ** : ધન્ય અણગારના બાહુ અર્થાત્ ભુજાઓનું તપોજન્ય રૂપ, લાવણ્ય આ પ્રકારે થઈ ગયું હતું–

જેમ શમી વૃક્ષની સુકાયેલી લાંબી લાંબી સીંગો, બાહાયા–વૃક્ષવિશેષ (ગરમાળા)ના વૃક્ષની સુકાયેલી લાંબી લાંબી સીંગો અથવા અગથિયા વૃક્ષની સુકાયેલી લાંબી લાંબી સીંગો હોય, તેમ ***યાવત્*** ધન્ય અણગારની ભુજાઓ પણ માંસ અને રક્તથી રહિત થઈ સૂકાઈ ગઈ હતી.

ધન્ય અણગારની હાથોની(હથેળીની)અવસ્થા તપશ્ચર્યાના કારણે આ પ્રકારે થઈ ગઈ હતી– જેમ સૂકું છાણ, વડના સૂકાં પાંદડા, પલાશના સૂકાં પાંદડાં હોય, તેમ ***યાવત્*** ધન્ય અણગારના હાથ પણ માંસ અને રક્તથી રહિત થઈ ગયા હતા.

ધન્ય અણગારની હાથની આંગળીઓનું સ્વરૂપ ઉગ્ર તપના કારણે આ પ્રકારે થઈ ગયું હતું– જેમ વટાણાની સુકાયેલી સીંગો, મગની સુકાયેલી સીંગો, અડદની સુકાયેલી સીંગો હોય; તે કોમળ સીંગો કાપીને તડકામાં સુકવવાથી જેમ સૂકાઈ જાય છે તેમ ***યાવત્*** ધન્ય અણગારના હાથની આંગળીઓમાં માંસ અને લોહી રહ્યું ન હતું.

## વિવેચન :–

આ સૂત્રમાં ધન્ય અણગારની ભૂજાઓ, હાથ અને આંગળીઓનું ઉપમા અલંકારથી વર્ણન કરવામાં આવ્યું છે. તેની ભૂજાઓ અન્ય અંગોની સમાન જ તપના કારણે સુકાઈ ગઈ હતી અને શમી વગેરે વૃક્ષોની સૂકાયેલી સીંગોની જેમ લાગતી હતી.

**बाहाया :–** શબ્દના અર્થનો નિર્ણય કરવો કઠિન છે. આ ક્યા વૃક્ષની અને કયા દેશમાં પ્રચલિત સંજ્ઞા છે તે કહેવું મુશ્કેલ છે. વૃત્તિકાર શ્રી અભયદેવ સૂરિએ પણ આનો અર્થ વૃક્ષ વિશેષ જ લખ્યો છે. સંભવ છે કે તે સમયે કોઈ પ્રતમાં આ નામ લોક પ્રચલિત ન હોય, વર્તમાને ગરમાળાનું વૃક્ષ જણાય છે. તત્ત્વ કેવળી ગમ્ય.

ધન્ય અણગારના હાથની પણ આ જ દશા હતી. તેનું પણ માંસ અને લોહી સુકાઈ ગયું હતું. જેમ સુકાયેલાં છાણાં હોય અથવા સુકાયેલાં વડ અને પલાશ–ખાખરાનાં પાન હોય તેમ તેના હાથ પ્રતીત થતા હતા. હાથની આંગળીઓમાં પણ કૃશતા આવી ગઈ હતી. જેમ વટાણા, મગ અથવા અડદની સીંગો, જેને કોમળ અવસ્થામાં જ તોડીને તડકામાં સૂકવી દીધી હોય, તેવી તેની આંગળીઓ થઈ ગઈ હતી. પહેલાંના લોહી અને માંસ તેનામાં દષ્ટિગોચર પણ થતાં ન હતાં. કોઈ તેને ઓળખી શકતું હોય તો ફક્ત હાડકાં અને ચામડીથી જ, જે તેનામાં શેષ રહી ગયાં હતાં.

"બાહુ" શબ્દ જોકે સંસ્કૃત ભાષામાં ઉકારાંત છે, છતાં પણ પ્રાકૃત ભાષામાં સ્ત્રીલિંગની વિવક્ષા થવા પર આકારાંત થઈ જાય છે. માટે સૂત્રમાં આવેલું **"बाहाणं"** પદ પ્રાકૃત વ્યાકરણની દષ્ટિથી શુદ્ધ છે.

## ગર્દન, દાઢી, હોઠ અને જીભ :–

**૨૨ धण्णस्स णं अणगारस्स गीवाए इमेयारूवे तवरूव लावण्णे होत्था से**

**जहाणामए करगगीवा इ वा, कुंडियागीवा इ वा, उच्चट्ठवणए इ वा एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स हणुयाए इमेयारूवे तवरूव लावण्णे होत्था- से जहाणामए लाउयफले इ वा, हकुवफले इ वा, अंबगट्ठिया इ वा, आयवे दिण्णा सुक्का समाणी मिलायमाणी चिट्ठंति, एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स उट्ठाणं इमेयारूवे तवरूव लावण्णे होत्था- से जहाणामए सुक्कजलोया इ वा, सिलेसगुलिया इ वा, अलत्तगुलिया इ वा, एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स जिब्भाए इमेयारूवे तवरूव लावण्णे होत्था- से जहाणामए वडपत्ते इ वा, पलासपत्ते इ वा, सागपत्ते इ वा, एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**ભાવાર્થ :** ધન્ય અણગારની ગ્રીવા અથવા ગરદન તપશ્ચર્યાને કારણે આ પ્રકારની થઈ ગઈ હતી– જેમ કમંડળનો કાંઠો–ગ્રીવા, નાની કૂંડી(નાના લોટા)ની ગ્રીવા, સુરાહીની ગ્રીવા, તેમ ***યાવત્*** ધન્ય અણગારની ગ્રીવા માંસ અને રક્તથી રહિત થઈ ગઈ હતી.

ધન્ય અણગારની દાઢીનું તપોજન્ય રૂપ, લાવણ્ય આ પ્રકારે થઈ ગયું હતું– જેમ તૂંબડાનું સુકાયેલું ફળ, હકૂબ નામની એક વનસ્પતિ અર્થાત્ હિંગોટાનું સૂકું ફળ અથવા કેરીની સુકાઈ ગયેલી ગોઠલી હોય તેમ ***યાવત્*** ધન્ય અણગારની દાઢીમાં માંસ અને રક્ત દેખાતાં ન હતા.

ધન્ય અણગારના હોઠોનું તપોજન્ય રૂપ, લાવણ્ય આ પ્રકારે થઈ ગયું હતું– જેમ સુકાયેલી જળો, સુકાયેલી **શ્લેષગુટિકા** (એક જાતનો લેપ) પદાર્થની ગોળી, અળતા નામની વનસ્પતિની ગોળી હોય, તેમ ***યાવત્*** ધન્ય અણગારના હોઠ સુકાઈને માંસ અને રક્તથી રહિત થઈ ગયા હતા.

ધન્ય અણગારની જીભનું તપોજન્ય રૂપ, લાવણ્ય આ પ્રકારે થઈ ગયું હતું– જેમ વડના સુકાયેલાં પાંદડાં, પલાસનાં સુકાયેલાં પાંદડાં, સાગ વૃક્ષનાં સુકાયેલાં પાંદડાં હોય તેમ ***યાવત્*** ધન્ય અણગારની જીભ પણ માંસ અને રુધિર રહિત થઈ ગઈ હતી.

## વિવેચન :–

ધન્ય અણગારની ડોકમાં અન્ય અવયવોની સમાન માંસ અને રક્તનો અભાવ થઈ ગયો હતો માટે તે સ્વાભાવિક લાંબી દેખાતી હતી. સૂત્રકારે તેની ઉપમા લાંબા મુખવાળા સુરાહી આદિ પાત્રોથી આપી છે, એના માટે સૂત્રમાં "ઉચ્ચસ્થાપનક" શબ્દ આપેલ છે.

ધન્ય અણગારની દાઢી પણ પહેલાં માંસ અને રક્તથી પરિપૂર્ણ હતી. તે તપશ્ચર્યાને કારણે કૃશ થઈ ગઈ હતી. જે હોઠ પહેલાં બિમ્બફળની સમાન લાલ વર્ણના હતા તે તપના કારણે સુકાઈને બિલકુલ ફિક્કા થઈ ગયા હતા. તપશ્ચર્યાને કારણે તેની જીભ પણ સુકાઈને વટવૃક્ષનાં પાંદડાં સમાન અથવા પલાશનાં પાંદડાં સમાન નીરસ અને લૂખી થઈ ગઈ હતી.

ઉક્ત વિવેચનથી સ્પષ્ટ થાય છે કે ધન્ય અણગારનું તપઅનુષ્ઠાન આત્મશુદ્ધિને માટે જ હતું. શરીરના મોહથી તે સર્વથા મુક્ત થઈ ગયા હતા. આ પ્રકારનું ઉત્કૃષ્ટ તપ જ આત્મશુદ્ધિનું સામર્થ્ય દાખવી શકે છે અને તેનાથી કર્મોની નિર્જરા પણ થઈ શકે છે. તેમાં વિશેષ લક્ષમાં લેવા યોગ્ય એ છે કે સમ્યક્તપ પણ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન પૂર્વક જ થઈ શકે છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનના અભાવમાં કરવામાં આવેલું તપ બાલ તપ છે. કદાચ તેને દેવગતિ પ્રાપ્ત થઈ જાય પરંતુ તેને આરાધક જેવી ઉચ્ચ દેવગતિ પ્રાપ્ત થતી નથી. તેમજ તેને સર્વ કર્મોથી મુક્ત સર્વોત્તમ લોકોત્તર પદની પ્રાપ્તિ પણ થતી નથી.

**નાક, આંખ અને મસ્તક :–**

**૨૩ धण्णस्स णं अणगारस्स णासाए इमेयारूवे तवरूव लावण्णे होत्था– से जहाणामए अंबपेसिया इ वा, अंबाडगपेसिया इ वा, माउलिंगपेसिया इ वा तरुणिया छिण्णा, सुक्का समाणी मिलायमाणी चिट्ठंति, एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स अच्छीणं इमेयारूवे तवरूव लावण्णे होत्था– से जहाणामए वीणाछिड्डे इ वा, वद्धीसगछिड्डे इ वा, पभाइयतारिगा इ वा एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स कण्णाणं इमेयारूवे तवरूव लावण्णे होत्था– से जहाणामए मूलाछल्लिया इ वा, वालुंकछल्लिया इ वा कारेल्लयछल्लिया इ वा, एवामेव** *जाव* **णो चेव णं मंस सोणियत्ताए ।**

**धण्णस्स णं अणगारस्स सीसस्स इमेयारूवे तवरूव लावण्णे होत्था– से जहाणामए तरुणगलाउए इ वा, तरुणगएलालुए इ वा, सिण्हालए इ वा तरुणए छिण्णे, आयवे दिण्णे, सुक्के समाणे मिलायमाणे चिट्ठइ, एवामेव धण्णस्स अणगारस्स सीसं सुक्कं लुक्खं णिम्मंसं अट्ठि–चम्म–छिरत्ताए पण्णायइ, णो चेव णं मंस–सोणियत्ताए ।**

**एवं सव्वत्थ णवरं उयर-भायण-कण्ण-जीहा-उट्ठा एएसिं अट्ठी ण भण्णइ, चम्म-छिरत्ताए पण्णायइ त्ति भण्णइ ।**

**ભાવાર્થ** : ધન્ય અણગારના નાકનું તપોજન્ય રૂપ, લાવણ્ય આ પ્રકારનું થઈ ગયું હતું– જેમ કેરીની સુકાયેલી ચીર, આમ્રાતક –આમળાંની સુકાયેલી ચીર, માતુલિંગ–બીજોરાની સુકાયેલી ચીર હોય, આ કોમળ ચીરને તડકામાં સુકવવાથી જે પ્રકારે તે સૂકાઈ જાય છે, સંકોચાઈ જાય છે તેમ ***યાવત્*** ધન્ય અણગારનું નાક પણ માંસ અને રક્તથી રહિત થઈ સુકાઈ ગયું હતું.

ધન્ય અણગારની આંખોનું તપોજન્ય રૂપ, લાવણ્ય આ પ્રકારે થઈ ગયું હતું– જેમ વીણાનું છિદ્ર, બંસરીનું છિદ્ર તથા પ્રભાતિક તારકા અર્થાત્ પ્રભાતકાલના તેજ રહિત તારા હોય. તેમ ***યાવત્*** ધન્ય અણગારની આંખો પણ માંસ અને રક્તથી રહિત થઈ ઊંડી ઉતરી ગઈ હતી. (તે પ્રકાશહીન, તેજહીન થઈ ગઈ હતી અર્થાત્ આંખોમાં કીકી માત્ર ટમટમતી દેખાતી હતી.)

ધન્ય અણગારના કાનનું તપોજન્ય રૂપ, લાવણ્ય આ પ્રકારનું થઈ ગયું હતું– જેમ મૂળાની, કાકડી (ચીભડા)ની કારેલાની ઉતારેલી લાંબી–પાતળી છાલ હોય, તેમ ***યાવત્*** ધન્ય અણગારના કાન પણ માંસ અને લોહીથી રહિત થઈ ગયા હતા.

ધન્ય અણગારના મસ્તકનું તપોજન્ય રૂપ, લાવણ્ય આ પ્રકારનું થઈ ગયું હતું– જેમ સુકાયેલાં તૂંબડા, સુકાયેલાં બટાટા, સુકાયેલા તરબૂચ, આ કોમળ ફળોને કાપીને તડકામાં સૂકવવાથી જેમ સુકાઈ જાય છે, કરમાઈ જાય છે. તેવી જ રીતે ધન્ય અણગારનું મસ્તક પણ સુકાઈ ગયું હતું, રૂક્ષ થઈ ગયું હતું, નિર્માંસ થઈ ગયું હતું. તેમાં હાડકાં, ચામડી અને નસો જ શેષ દેખાતા પરંતુ માંસ અને લોહી તેમાં દેખાતાં ન હતા.

ધન્ય અણગારના તપઃપૂત શરીરનું સમસ્ત અંગોનું આ સામાન્ય વર્ણન છે. વિશેષતા એ છે કે પેટ, કાન, જીભ અને હોઠ; આ અવયવોમાં હાડકાંઓનું કથન ન કરવું જોઈએ. કેવળ ચામડી અને શિરાઓ જ જોવાતી હતી એમ કથન કરવું જોઈએ.

## વિવેચન :-

આ સૂત્રમાં ધન્ય અણગારનાં પૂર્વોક્ત અંગોની સમાન જ ઉપમા અલંકારથી નાક, કાન, આંખ અને મસ્તકનું વર્ણન કરવામાં આવ્યું છે, અર્થ મૂળ પાઠથી જ સ્પષ્ટ છે. આ સૂત્રોમાં અનેક પ્રકારનાં કંદ, મૂળ, ફળ, અને સીંગ સાથે ધન્ય અણગારનાં અવયવોની તુલના કરી છે.

આ પ્રકારે સૂત્રકારે ધન્ય અણગારના પગથી લઈ મસ્તક સુધીના સર્વ અંગોનું વર્ણન કર્યું છે તેમાં ઘણો પાઠ એક સરખો છે, વિશેષતા ફક્ત એટલી જ છે કે પેટ, જીભ, કાન અને હોઠોની સાથે હાડકાં શબ્દનો અન્વય કરવો ન જોઈએ, કારણ કે તેમાં હાડકાં હોતાં નથી.

ધન્ય અણગારની ઉત્કૃષ્ટ તપ સાધનાથી શુષ્ક થયેલા તેમના શરીરના વિસ્તૃત વર્ણનનો શાસ્ત્રકારનો ગંભીર આશય પ્રતીત થાય છે. આત્મશુદ્ધિ માટે પુરુષાર્થશીલ સાધકો દેહ પ્રતિ સર્વથા નિર્લિપ્ત હોય છે, તે ધન્ય અણગારના દેહના વર્ણનથી સ્પષ્ટ થાય છે.

## ધન્યમુનિની આંતરિક તેજસ્વિતા :-

**૨૪ धण्णे णं अणगारे सुक्केणं भुक्खेणं लुक्खेणं पायजंघोरुणा, विगयतडि-करालेणं कडिकडाहेणं, पिट्ठिमवस्सिएणं उदरभायणेणं जोइज्जमाणेहिं पासुलिकडएहिं, अक्खसुत्तमाला इव गणेज्जमाणेहिं पिट्ठिकरंडगसंधीहिं, गंगातरंगभूएणं उरकडग- देसभाएणं, सुक्कसप्पसमाणाहिं बाहाहिं, सिढिलकडाली विव लंबंतेहि य अग्गहत्थेहिं, कंपणवाइओ वेवमाणीए विव सीसघडीए, पम्माणवयणकमले, उब्भडघडमुहेव उच्छुड्डणयणकोसे जीवंजीवेणं गच्छइ, जीवंजीवेणं चिट्ठइ, भासं भासित्ता गिलाइ, भासं भासमाणे गिलाइ, भासं भासिस्सामि त्ति गिलाइ । से जहाणामए इंगालसगडिया इ वा एवं जहा खंदओ तहा** *जाव* **हुयासणे इव भासरासिपलिच्छण्णे तवेणं तेएणं तवतेयसिरीए अईव अईव उवसोभेमाणे उवसोभेमाणे चिट्ठइ ।**

**ભાવાર્થ** : ઘોર તપસ્વી તે ધન્ય અણગાર માંસ આદિના અભાવના કારણે શુષ્ક અને ભૂખને કારણે અત્યંત નિર્બળ અને પગ આદિ અવયવો કૃશ થઈ જવાના કારણે રૂક્ષ દેખાતા હતા. તેમનો કટિભાગ કાચબાની પીઠની જેમ અથવા કઢાઈની જેમ અને માંસ રહિત થવાના કારણે હાડકાં ઉપર દેખાવાથી વિકૃત દષ્ટિગોચર થતો હતો. માંસ-મજ્જા અને રક્તના અભાવમાં પીઠથી સંલગ્ન પેટ, માંસરહિત હોવાના કારણે પાંસળીઓ સ્પષ્ટ દેખાતી હતી અને રૂદ્રાક્ષની માળાના મણકાની સમાન સ્પષ્ટ ગણી શકાય તેવી કરોડ-રજ્જુની સંધિઓ હતી. ગંગાના તરંગોની જેમ સ્પષ્ટ દેખાતાં હાડકાંવાળું તેનું વક્ષઃસ્થળ હતું. તેની ભુજાઓ સુકાયેલા સર્પ સમાન લાંબી અને સુકાયેલી હતી. ઘોડાની ઢીલી લગામની સમાન તેના આગળના હાથ લટકી રહ્યા હતા. કંપવાગ્રસ્ત રોગીની જેમ તેનું મસ્તક ધ્રૂજતું હતું. તેનું મુખકમળ મ્લાન થઈ ગયું હતું. તેની આંખો ઊંડી ઉતરી ગઈ હતી. તેથી તૂટેલા મોઢાવાળા ઘડાની સમાન વિકૃત દષ્ટિગોચર થતી હતી અર્થાત્ ઊંડી કુપ્પી સમાન થઈ ગઈ હતી. દીર્ઘ તપથી ક્ષીણ શરીરી તે ધન્ય અણગાર પોતાના શરીરના બળથી નહીં પરંતુ પોતાના આત્મબળથી જ ગમન કરતા હતા કે પોતાના આત્મબળથી જ ઊભા રહેતા હતા અને બેસતા હતા. ભાષા બોલતાં તે થાકી જતાં હતા. બોલતી વખતે તેને કષ્ટનો અનુભવ થતો હતો. ત્યાં સુધી કે "હું બોલીશ" આ વિચાર માત્રથી જ તે કષ્ટનો અનુભવ કરતા હતા. જ્યારે ચાલતા ત્યારે તેના શરીરનાં હાડકાંઓ કોલસાથી ભરેલી ગાડીની સમાન અવાજ કરતાં હતાં.

આ પ્રકારે સ્કંદક અણગારની જેમ ધન્ય અણગારની પણ શરીરની કૃશતા થઈ ગઈ હતી ***યાવત્***

તો પણ તે રાખના ઢગલાથી ઢાંકેલી આગની સમાન અંદર ને અંદર જ આત્મતેજથી પ્રદીપ્ત બની રહ્યા હતા. તે ધન્ય અણગાર તપના તેજથી અને તપ તેજની શોભા–આભાથી અત્યંત સુશોભિત થઈ રહ્યા હતા.

## વિવેચન :–

અહીં એક જ સૂત્રમાં સૂત્રકારે પ્રકારાંતરથી ધન્ય અણગારના સર્વ અવયવોનું વર્ણન કર્યું છે. ધન્ય અણગારનાં પગ, જંઘા અને ઊરુ માંસ આદિના અભાવથી અત્યંત સુકાઈ ગયાં હતાં અને હંમેશાં ભૂખ્યા રહેવાને કારણે બિલકુલ રૂક્ષ થઈ ગયાં હતાં. તેમાં નામ માત્રની ચરબી શેષ રહી ન હતી. તેમનું પેટ બિલકુલ સુકાઈ ગયું હતું અને પાંસળી એક–એક અલગ–અલગ ગણી શકાતી હતી. પીઠની પણ આ જ દશા હતી. તે પણ દોરામાં પરોવેલી રૂદ્રાક્ષની માળાના મણકાની સમાન કરોડના મણકા અલગ અલગ ગણી શકાતા હતા. ઉરનો પ્રદેશ એવો દેખાતો હતો જાણે ગંગાના તરંગો હોય. ભૂજાઓ સુકાઈને સુકાયેલા સર્પની સમાન થઈ ગઈ હતી. હાથ ઘોડાની ઢીલી લગામની સમાન લટકી ગયા હતા. મસ્તકની સ્થિરતા પણ ચાલી ગઈ હતી. અતિ ઉગ્ર તપના કારણે જે મુખ પહેલાં ખીલેલા કમળ સમાન શોભાયમાન હતું, તે હવે કરમાઈ ગયું હતું. હોઠ સુકાઈ જવાથી વિકૃત થઈ ગયા હતા. તેની બન્ને આંખો અંદર ચાલી ગઈ હતી તેથી તેમનું મુખ ફૂટેલા ઘડાના મોઢા સમાન વિકરાળ દેખાતું હતું. શારીરિક બળ બિલકુલ ક્ષીણ થઈ ગયું હતું. તે ફક્ત આત્માની જ શક્તિથી ચાલતા હતા અને ઊભા રહેતા હતા. આ રીતે સર્વથા દુર્બળ હોવાને કારણે તેના શરીરની એ દશા થઈ ગઈ હતી કે ભાષણ કરવામાં પણ તેને અત્યંત શ્રમ પડતો હતો, થાક લાગતો હતો. અત્યંત કષ્ટની સાથે તે કંઈ પણ કહેતા હતા. શરીર એટલું ખખડી ગયું હતું કે જ્યારે તે ચાલતાં ત્યારે હાડકાંઓ પરસ્પર અથડાવાના કારણે કોલસાની ભરેલી ગાડીની જેમ અવાજ આવતો હતો. તેનો આત્મા તપના તેજ અને કાંતિથી તથા અલૌકિક સુંદરતાથી શોભી રહ્યો હતો. તેઓ આત્મિક તેજથી દેદીપ્યમાન હતા.

## રાજા શ્રેણિકની જિજ્ઞાસા અને સમાધાન :–

**૨૫** **तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे, गुणसिलए चेइए, सेणिए राया । तेणं कालेणं तेणं समएणं समणे भगवं महावीरे समोसढे । परिसा णिग्गया । धम्मकहा । परिसा पडिगया । तए णं से सेणिए राया समणस्स भगवओ महावीरस्स अंतिए धम्मं सोच्चा णिसम्म समणं भगवं महावीरं वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**इमासिं णं भंते ! इंदभूइ पामोक्खाणं चोद्दसण्हं समणसाहस्सीणं कयरे अणगारे महादुक्करकारए चेव महाणिज्जरतराए चेव ?**

**एवं खलु सेणिया ! इमासिं इंदभूइ पामोक्खाणं चोद्दसण्हं समणसाहस्सीणं**

**धण्णे अणगारे महादुक्करकारए चेव महाणिज्जरतराए चेव ।**

**ભાવાર્થ** : તે કાળે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ગુણશીલક ચૈત્ય હતું. ત્યાં શ્રેણિક નામના રાજા હતા. તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી પધાર્યા. પરિષદ નીકળી. રાજા શ્રેણિક પણ નીકળ્યા. પ્રભુએ ધર્મકથા કહી. પરિષદ પાછી ચાલી ગઈ. ત્યાર પછી શ્રેણિક રાજાએ શ્રમણ ભગવાન મહાવીરના સાનિધ્યમાં ધર્મ સાંભળી, વિચાર કરી ભગવાનને વંદન નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું–

હે ભંતે ! આપના આ ઈન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં કયા અણગાર મહાદુષ્કરકારક છે અને મહાનિર્જરાકારક છે ?

ભગવાને ઉત્તર આપ્યો– હે શ્રેણિક ! આ ઈન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં ધન્ય અણગાર મહાદુષ્કરકારક છે અને મહાનિર્જરાકારક છે.

**પ્રભુના શ્રીમુખે ધન્ય અણગારની પ્રશંસા :–**

**૨૬ से केणट्ठेणं भंते ! एवं वुच्चइ– इमासिं इंदभूइ पामोक्खाणं चोद्दसण्हं समणसाहस्सीणं धण्णे अणगारे महादुक्करकारए चेव महाणिज्जरतराए चेव ?**

**एवं खलु सेणिया ! तेणं कालेणं तेणं समएणं काकंदी णामं णयरी** *जाव* **से धण्णे अणगारे उप्पिं पासायवरगए** *जाव* **पच्चणुभवमाणे विहरइ ।**

**तए णं अहं अण्णया कयाई पुव्वाणुपुव्वीए चरमाणे गामाणुगामं दूइज्जमाणे जेणेव काकंदी णयरी जेणेव सहसंबवणे उज्जाणे तेणेव उवागए । उवागमित्ता अहापडिरूवं उग्गहं उग्गिण्हामि संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरामि । परिसा णिग्गया, तहेव** *जाव* **पव्वइए** *जाव* **बिलमिव पण्णग भूएणं अप्पाणेणं आहारं आहारेइ । धण्णस्स णं अणगारस्स पादाणं आढत्तं सरीरवण्णओ सव्वो उच्चारेयव्वो** *जाव* **तव तेय सिरीए अईव अईव उवसोभेमाणे उवसोभेमाणे चिट्ठइ ।**

**से तेणट्ठेणं सेणिया ! एवं वुच्चइ इमासिं चउद्दसण्हं समणसाहस्सीणं धण्णे अणगारे महादुक्करकारए महाणिज्जरतराए चेव ।**

**ભાવાર્થ** : શ્રેણિક રાજાએ પૂછયું, હે ભંતે ! આપે કઈ દષ્ટિથી કહ્યું કે આ ઈન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં ધન્ય અણગાર જ મહાદુષ્કર કારક છે, મહાનિર્જરાકારક છે ?

હે શ્રેણિક ! તે કાળે અને તે સમયે કાકંદી નામની નગરી હતી ***યાવત્*** ત્યાં શ્રેષ્ઠ મહેલોમાં ઉપરના માળે ધન્યકુમાર માનુષિક સુખોમાં લીન હતા.

પછી હું પૂર્વાનુક્રમથી ચાલતાં ચાલતાં એક ગામથી બીજા ગામમાં વિહાર કરતાં કરતાં જ્યાં કાકંદી નગરી હતી અને જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાન હતું ત્યાં આવ્યો. ત્યાં આવીને સાધુજનોને યોગ્ય સ્થાનની યાચના કરી. સંયમ તપથી આત્માને ભાવિત કરતો રહ્યો હતો, પરિષદ નીકળી ***યાવત્*** ધન્યકુમાર પ્રવ્રજિત થયા ***યાવત્*** તે સર્પના દરમાં પ્રવેશ કરવાની જેમ અનાસક્ત ભાવે આહાર કરે છે. ધન્ય અણગારના પગથી લઈ મસ્તક સુધી સંપૂર્ણ શરીરનું વર્ણન પૂર્વવત્ ભગવાને રાજા શ્રેણિકને કહી સંભળાવ્યું ***યાવત્*** તે તપના પ્રખર તેજથી અત્યંત સુશોભિત થઈ રહ્યા છે.

હે શ્રેણિક ! આ દૃષ્ટિથી હું કહું છું કે આ ઈન્દ્રભૂતિ પ્રમુખ ચૌદ હજાર શ્રમણોમાં ધન્ય અણગાર મહાદુષ્કરકારક છે અને મહાનિર્જરા કારક છે.

## રાજા શ્રેણિક દ્વારા ધન્યમુનિની સ્તુતિ :–

**૨૭ तए णं से सेणिए राया समणस्स भगवओ महावीरस्स अंतिए एयमट्ठं सोच्चा णिसम्म हट्ठ तुट्ठे समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ, करित्ता, वंदइ णमंसइ वंदित्ता णंमसित्ता जेणेव धण्णे अणगारे तेणेव उवागच्छइ उवागच्छित्ता धण्णं अणगारं तिक्खुत्तो आयाहिणं पायाहिणं करेइ करित्ता वंदइ णमंसइ वंदित्ता णमंसित्ता एवं वयासी–**

**धण्णे सि णं तुमं देवाणुप्पिया ! सुपुण्णे सि णं तुमं देवाणुप्पिया, सुकयत्थे सि णं तुमं देवाणुप्पिया, कयलक्खणे सि णं तुमं देवाणुप्पिया, सुलद्धे णं देवाणुप्पिया तव माणुस्सए जम्मजीवियफले त्ति कट्टु वंदइ णमंसइ, वंदित्ता णमंसित्ता जेणेव समणे भगवं महावीरे तेणेव उवागच्छइ उवागच्छित्ता समणं भगवं महावीरं तिक्खुत्तो आयाहिणं पयाहिणं करेइ करेत्ता वंदइ णमंसइ वंदित्ता णमंसित्ता जामेव दिसं पाउब्भूए, तामेव दिसं पडिगए ।**

**ભાવાર્થ** : ત્યાર પછી શ્રેણિક રાજાએ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ કહેલા આ અર્થને સાંભળી, તેના પર વિચાર કરી, હર્ષિત અને સંતુષ્ટ થઈ શ્રમણ ભગવાન મહાવીર સ્વામીને ત્રણ આવર્તન–પ્રદક્ષિણા કરી વંદન નમસ્કાર કર્યા, વંદન–નમસ્કાર કરીને જ્યાં ધન્ય અણગાર હતા ત્યાં આવ્યા, આવીને ધન્ય અણગારને ત્રણ આવર્તન સાથે વંદન–નમસ્કાર કર્યા, વંદન – નમસ્કાર કરી તે આ પ્રમાણે કહેવા લાગ્યા–

હે દેવાનુપ્રિય ! આપ ધન્ય છો, આપ પુણ્યશાળી છો, આપ કૃતાર્થ છો, આપ સુકૃતલક્ષણ છો ! હે દેવાનુપ્રિય ! તમે મનુષ્યજન્મ અને મનુષ્યજીવનને સફળ કર્યું છે.

આ પ્રમાણે કહીને તેણે ધન્ય અણગારને ફરી વંદન, નમસ્કાર કર્યા અને વંદન, નમસ્કાર કરીને જ્યાં શ્રમણ ભગવાન મહાવીર હતા ત્યાં ગયા, જઈને શ્રમણ ભગવાન મહાવીરને વંદન નમસ્કાર કર્યા, વંદન તથા નમસ્કાર કરીને જે દિશામાંથી આવ્યા હતા તે દિશા તરફ ચાલ્યા ગયા.

## વિવેચન :–

પ્રસ્તુત બે સૂત્રમાં પ્રભુ મહાવીર અને રાજા શ્રેણિક દ્વારા ધન્ય અણગારની પ્રશંસા થઈ છે. ઉચ્ચ કોટિના સાધકની સાધના કેવી હોય ? અને કેવી સાધના હોય ત્યારે તે અન્યને માટે પ્રેરણાપ્રદ બને છે તે ધન્ય અણગારની સાધનાથી સ્પષ્ટ થાય છે.

સમ્યક્ તપ અનંત કર્મની નિર્જરાનું પ્રધાન સાધન છે. અનંત તીર્થંકરોએ તેમજ અન્ય સર્વ સાધકોએ તપનો માર્ગ અપનાવ્યો છે. સંસારના સર્વ ભૌતિક ભાવોને છોડ્યા પછી સંયમ માર્ગને પરિપક્વ બનાવવા માટે તપ સાધના અનિવાર્ય છે. ધન્ય અણગારે દેહ પરની આસક્તિનો સર્વથા ત્યાગ કર્યો, ઉગ્ર તપની આરાધના કરી, તેથી તેનું શરીર અત્યંત કૃશ થઈ ગયું. તેમ છતાં તેની આત્મશક્તિ ઉત્તરોત્તર વધતી ગઈ હતી. શરીરની શક્તિ કરતા આત્મશક્તિ અનંતગુણી છે, ઉત્સાહ સાથે તપ સંયમની સાધના કરે ત્યારે જ તેનો અનુભવ થાય છે. તે ઉપરાંત અહીં ઉલ્લેખનીય છે કે ગુણીજનોના ગુણાનુવાદ નિઃસંકોચપણે કરવા જ જોઈએ. તેમજ ગુણવાન વ્યક્તિને ધન્યવાદ, સાધુવાદ આપી તેનો ઉત્સાહ વધારવો જોઈએ અને તેની અનુમોદના કરવી જોઈએ. સાક્ષાત્ તીર્થંકરે પોતાના જ શિષ્યના ઉગ્ર તપની, ઉત્કૃષ્ટ સંયમની અને અનાસક્ત ભાવની સ્વમુખે પ્રશંસા કરી. તે પ્રસંગ સાધકોને માટે પ્રેરક છે. ધન્યમુનિ યથાર્થનામા તથા ગુણા સિદ્ધ થયા અર્થાત્ ધન્યતાને પ્રાપ્ત થયા. સાક્ષાત્ તીર્થંકર દેવ સ્વમુખેથી જેની પ્રશંસા કરે તેનાથી અધિક ધન્યતા શી હોઈ શકે ? સંક્ષેપમાં કહીએ તો ધન્યમુનિએ તપ–સંયમની ઉત્કૃષ્ટ ભાવે આરાધના કરીને મનુષ્ય જન્મને ધન્ય અને સફળ બનાવ્યો.

## ધન્યમુનિની અંતિમ આરાધના અને સર્વાર્થસિદ્ધ ગમન :–

**૨૮ तए णं तस्स धण्णस्स अणगारस्स अण्णया कयाइ पुव्वरत्तावरत्तकालसमयंसि धम्मजागरियं जागरमाणस्स इमेयारूवे अज्झत्थिए** *जाव* **समुप्पज्जित्था–**

**एवं खलु अहं इमेणं उरालेणं तवोकम्मेणं किसे धमणिसंतए जाए एवं जहा खंदओ तहेव चिंता । आपुच्छणं । थेरेहिं सद्धिं विउलं पव्वयं दुरूहइ । मासिया संलेहणा । णवमासा परियाओ** *जाव* **कालेमासे कालं किच्चा उड्ढं चंदिम सूर–गहगण–णक्खत्त–तारारूवाणं** *जाव* **णवगेवेज्जे विमाण पत्थडे उड्ढं दूरं वीईवइत्ता सव्वट्ठसिद्धे विमाणे देवत्ताए उववण्णे ।**

**थेरा तहेव ओयरंति** *जाव* **इमे से आयारभंडए ।**

ત્યાર પછી ક્યારેક પૂર્વાર્દ્ધ રાત્રિના સમયે ધન્ય અણગારના મનમાં ધર્મ જાગરણ અર્થાત્ આત્મ વિચારણા કરતાં કરતાં એવી ભાવના ઉત્પન્ન થઈ–

હું આ પ્રકારના ઉદાર તપ કર્મથી શુષ્ક–નીરસ શરીરવાળો થઈ ગયો છું ઇત્યાદિ જેમ સ્કંદક અણગારે વિચાર કર્યો હતો તેમ જ ચિંતન કર્યું. ભગવાનની અનુમતિ લીધી અને સ્થવિરોની સાથે વિપુલગિરિ પર ચઢ્યા. એક માસની સંલેખના કરી, નવ માસની દીક્ષાપર્યાયનું પાલન કરી, કાળ ધર્મ પામીને ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારા ***યાવત્*** નવ ગ્રૈવેયક વિમાન પ્રસ્તટોને પાર કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા.

ધન્યમુનિના સ્વર્ગગમન પછી સેવા કરનારા સ્થવિરમુનિ વિપુલ પર્વતથી નીચે ઊતર્યા ***યાવત્*** "ધન્યમુનિનાં આ ઉપકરણો છે" આ પ્રકારે ભગવાનને નિવેદન કર્યું.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્રમાં ધન્ય અણગારની અંતિમ આરાધનાનું વર્ણન કર્યું છે. સૂત્રકારે ધન્ય અણગારની તુલના સ્કંદક અણગારની આરાધના સાથે કરી છે. સ્વાધ્યાય, ધ્યાન, સંયમ, તપમાં લીન બનેલા ધન્ય અણગારને એક સમયે મધ્ય રાત્રિએ ચિંતન કરતાં કરતાં વિચાર ઉત્પન્ન થયો કે મારામાં વર્તમાને ઉત્થાન, કર્મ, બલ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ વિદ્યમાન છે અને શાસનપતિ શ્રમણ ભગવાન મહાવીર પણ વિદ્યમાન છે. આ સર્વ પ્રકારની સુવિધાઓમાં જ મારે જીવનની ચરમ સાધના કરી લેવી જોઈએ. આ વિચાર આવતા તેમણે પ્રાતઃકાલે શ્રમણ ભગવંતની આજ્ઞા પ્રાપ્ત કરી, આત્મ વિશુદ્ધિને માટે પાંચ મહાવ્રતોનું પુનઃ આરોપણ કર્યું તથા ઉપસ્થિત શ્રમણો અને શ્રમણીઓની સાથે ક્ષમાયાચના કરી, તથારૂપ સ્થવિરોની સાથે ધીરે ધીરે વિપુલગિરિ ઉપર ચડી ગયા. ત્યાં પહોંચીને તેણે કાળાવર્ણની પૃથ્વી શિલાપટ્ટની પ્રતિલેખના કરી. ઘાસનો સંસ્તારક બિછાવ્યો અને પદ્માસન લગાવીને બેસી ગયા. પછી બન્ને હાથ જોડ્યા. હાથ જોડીને આવર્તન કરીને પૂર્વ દિશા તરફ મુખ રાખી **"णमोत्थुणं"**ના પાઠથી સર્વ સિદ્ધોને નમસ્કાર કર્યા. તે જ રીતે પોતાના ધર્મગુરુ ભગવાન મહાવીરને પણ નમસ્કાર કર્યા અને કહ્યું–

હે ભગવન્ ! ત્યાં બિરાજમાન આપ સર્વ ભાવોને જોઈ રહ્યા છો માટે મારી વંદનાનો સ્વીકાર કરજો. મેં પહેલાં જ આપની સમક્ષ અઢાર પાપોનો ત્યાગ કર્યો હતો. હવે હું આપની સાક્ષીએ જ તેનો પુનઃ જીવનપર્યંત પરિત્યાગ કરું છું. તેમજ અન્ન, પાણી, ખાદ્ય અને સ્વાદ્યરૂપ ચારે આહારનો આજીવન પરિત્યાગ કરું છું. મારા સંયમમાં સહાયક શરીરનો પણ અંતિમ રૂપથી ત્યાગ કરું છું. હવે પાદપોપગમન નામનું અનશનવ્રત ધારણ કરું છું. આ પ્રકારે શ્રી શ્રમણ ભગવાનને વંદના કરી, તેમની સાક્ષીએ સંથારો ગ્રહણ કર્યો અને તે જ ભાવોમાં લીન રહેવા લાગ્યા. તેમણે સંયમ જીવનમાં સામાયિક આદિથી લઈને ૧૧ અંગોનો અભ્યાસ કર્યો. નવ માસ પર્યંત દીક્ષા પર્યાયનું પાલન કર્યું. એક માસની સંલેખના કરી, સાઠ ભક્ત આહારનું છેદન કરી, આલોચના પ્રતિક્રમણપૂર્વક ઉત્તમ સમાધિ મરણને પ્રાપ્ત કર્યું.

**સાઠભક્ત :–** પ્રત્યેક દિવસના આહાર કરવાના બે ભક્ત હોય છે. આ રીતે એક માસના સાઠ ભક્ત થઈ

જાય છે. આ વિષયમાં વૃત્તિકારનું કહેવું છે કે– **प्रतिदिन भोजनद्वयस्य परित्यागात्त्रिंशता दिनैः षष्ठिभक्तानां त्यक्ता भवति ।** આ પ્રકારે ધન્ય અણગારે એક માસ પર્યંત અનશન ધારણ કર્યું. તો સાઠ ભક્તનો પરિત્યાગ થયો. ત્યાર પછી શરીરનો પરિત્યાગ કરી ધન્ય અણગાર સર્વોત્કૃષ્ટ દિવ્યલોક સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉત્પન્ન થયા ઈત્યાદિ કથન સ્પષ્ટ છે.

**परिणिव्वाण वत्तियं काउस्सग्गं :–** જ્યારે તેની સાથે ગયેલા સ્થવિરોએ જોયું કે ધન્ય અણગાર આયુષ્ય પૂર્ણ કરી સ્વર્ગવાસી બન્યા છે ત્યારે તેમણે પરિનિર્વાણ(અવસાન) સંબંધી કાયોત્સર્ગ કર્યો. આ શબ્દની વ્યાખ્યા– **परिनिर्वाणम्– मरणं यत्र यच्छरीरस्य परिष्ठापनं तदपि परिनिर्वाणमेव, तदेव प्रत्ययो हेतुर्यस्य स परिनिर्वाण प्रत्ययाः ।** ભાવ એ છે કે મૃત્યુ પછી જે ધ્યાન કરવામાં આવે છે તેને પરિનિર્વાણ સંબંધી કાયોત્સર્ગ કહે છે. અહીં પાસે રહેનારા સ્થવિરોએ ધન્ય અણગારનું મૃત્યુ જોઈ, કાયોત્સર્ગ– ધ્યાન કર્યું. પછી તેનાં વસ્ત્ર, પાત્ર આદિ લઈને શ્રમણ ભગવાન મહાવીરની પાસે આવી ધન્ય અણગારના સમાધિ મરણનું સમસ્ત વૃતાંત સંભળાવ્યું. તેના ગુણોને વર્ણવ્યા, ઉપશમ ભાવની પ્રશંસા કરી તથા તેના વસ્ત્ર આદિ ઉપકરણ શ્રી ભગવાનને સોંપી દીધાં.

પ્રસ્તુત સૂત્રમાં ધન્ય અણગારની અંતિમ આરાધના અને તેના ફળ સ્વરૂપ દેવલોક ગમન, પર્યંતનું વર્ણન છે.

સાધક જીવન ક્ષણક્ષણની જાગૃતિનો સંદેશ છે. તેમ છતાં સમગ્ર જીવનમાં ક્યારેક જાણતાં કે અજાણતાં સ્ખલના થઈ જાય, દોષ સેવન થઈ જાય તો અંતિમ સમયે તેની આલોચના કરવી અત્યંત જરૂરી છે. દોષની પરંપરા આ ભવમાં જ પૂર્ણ થઈ જાય તે માટે આ પ્રકારની અંતિમ સાધના–આરાધના છે.

**અંતિમ શુદ્ધિ અને પુનઃ દીક્ષા :–** ક્ષમા ભાવની શુદ્ધિ માટે બધા સાથે ક્ષમાયાચના પણ જરૂરી છે અને પૂર્ણ શુદ્ધ સંયમની આરાધના માટે પુનઃ મહાવ્રતારોપણ એટલે છેદોપસ્થાપનીય–નવી દીક્ષાનો સ્વીકાર કરવી તે પણ હિતાવહ છે, અર્થાત્ દીક્ષા લેતી વખતે જે અઢાર પાપોનો ત્યાગ કરેલો છે, તેના પુનઃ પચ્ચક્ખાણ કરવા એ પણ અંતિમ સાધનાની વિધિમાં સમાવિષ્ટ છે. પુનઃ પચ્ચક્ખાણથી ત્યાગ ભાવોની અને સંસ્કારોની શુદ્ધિ, સ્મૃતિ, ઉત્સાહ અને દઢતા આદિ ગુણોની પુષ્ટિ થાય છે.

### ધન્ય અણગારનું ભવિષ્ય અને મુક્તિ :–

**૨૯** **भंते ! त्ति भगवं गोयमे तहेव आपुच्छइ जहा खंदयस्स । भगवं वागरेइ** *जाव* **सव्वट्ठसिद्धे विमाणे उववण्णे ।**

**धण्णस्स णं भंते ! देवस्स केवइयं कालं ठिई पण्णत्ता ?**

**गोयमा ! तेत्तीसं सागरोवमाइं ठिई पण्णत्ता ।**

**से णं भंते ! ताओ देवलोगाओ कहिं गच्छिहिइ ? कहिं उववज्जिहिइ ?**

**गोयमा ! महाविदेहे वासे सिज्झिहिइ ।**

હે ભંતે ! આ પ્રમાણે સંબોધન કરીને ગૌતમ સ્વામીએ સ્કંદક અણગારના વિષયમાં પ્રશ્ન કર્યો હતો અને પ્રભુએ તેનો ઉત્તર આપ્યો તેમ ધન્ય અણગારના વિષયમાં પ્રશ્નોત્તર થયા ***યાવત્*** ધન્ય અણગાર સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા છે.

ગૌતમ– હે ભંતે ! **ધન્ય દેવ**ની સ્થિતિ કેટલા કાળની કહી છે ?

પ્રભુ મહાવીર– હે ગૌતમ ! ત્યાં તેની તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે.

ગૌતમ– હે ભંતે ! તે ધન્યદેવ દેવલોકથી ચ્યવીને ક્યાં જશે ? અને ક્યાં ઉત્પન્ન થશે ?

પ્રભુ મહાવીર– હે ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે અને મહાવિદેહ ક્ષેત્રથી સિદ્ધ થશે.

**નિક્ષેપ :–**

**૩૦ एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते ।**

**।।पढमं अज्झयणं समत्तं ।।**

શ્રી સુધર્માસ્વામીએ કહ્યું– હે જંબૂ ! નિર્વાણ પ્રાપ્ત શ્રમણ ભગવાન મહાવીરે ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનનો આ પ્રમાણે અર્થ કહ્યો છે.

**॥ વર્ગ–૩ / ૧ સંપૂર્ણ ॥**

# વર્ગ ૩ અધ્યયન-૨

## સુનક્ષત્ર

**સુનક્ષત્રકુમારની સમૃદ્ધિ અને સંયમ તપ :-**

**१** **उक्खेवओ बिइयस्स ।**

**एवं खलु जंबू ! तेणं कालेणं तेणं समएणं काकंदी णयरी । जियसत्तू राया । तत्थ णं काकंदीए णयरीए भद्दा णामं सत्थवाही परिवसइ, अड्डा** *जाव* **अपरिभूया । तीसे णं भद्दाए सत्थवाहीए पुत्ते सुणक्खत्ते णामं दारए होत्था अहीण पंचिंदिय** *जाव* **सुरूवे । पंचधाइपरिक्खित्ते, जहा धण्णो तहा** *जाव* **उप्पिं पासायवरगए** *जाव* **पच्चणुभवमाणा विहरइ ।**

**तेणं कालेणं तेणं समएणं समणस्स भगवओ महावीरस्स समोसरणं । जहा धण्णो तहा सुणक्खत्तो वि णिग्गओ । जहा थावच्चापुत्तस्स तहा सुणक्खत्तस्स णिक्खमणं** *जाव* **अणगारे जाए ईरियासमिए** *जाव* **बंभयारी ।**

**तए णं से सुणक्खत्ते अणगारे जं चेव दिवसं समणस्स भगवओ महावीरस्स अंतिए मुंडे भवित्ता अगाराओ अणगारियं पव्वइए तं चेव दिवसं, एवं जहेव धण्णो तहेव अभिग्गहं अभिगिण्हइ** *जाव* **बिलमिवपण्णग भूएणं अप्पाणेणं आहारं आहारेइ, आहारेत्ता संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । सामी बहिया जणवय-विहारं विहरइ । एक्कारस अंगाइं अहिज्जइ** *जाव* **संजमेणं तवसा अप्पाणं भावेमाणे विहरइ । तए णं से सुणक्खत्ते अणगारे तेणं उरालेणं** *जाव* **जहा खंदओ ।**

**ભાવાર્થ :** બીજા અધ્યયનનો પ્રારંભ પ્રથમ અધ્યયનની જેમ સમજવો.

જંબૂ અણગારે આર્ય સુધર્માસ્વામીને પૂછ્યું- "હે ભંતે ! જો શ્રમણ ભગવાન મહાવીર સ્વામીએ ત્રીજા વર્ગના પ્રથમ અધ્યયનનો આ (પૂર્વોક્ત) અર્થ કહ્યો છે, તો બીજા અધ્યયનનો શું અર્થ કહ્યો છે ?

હે જંબૂ ! તે કાળે અને તે સમયે કાકંદી નામની નગરી હતી. ત્યાં જિતશત્રુ રાજા રાજ્ય કરતા હતા. કાકંદી નગરીમાં ભદ્રા નામની એક સાર્થવાહી રહેતી હતી. તે સંપન્ન ***યાવત્*** સમાજમાં સન્માનિત હતી. તે ભદ્રા સાર્થવાહીને સુનક્ષત્ર નામનો પુત્ર હતો. તે પરિપૂર્ણ અંગોપાંગવાળો ***યાવત્*** સુરૂપ હતો. પાંચ ધાવમાતાઓથી તેનું પાલન પોષણ થતું હતું. ધન્યકુમારની જેમ તેનું પાણીગ્રહણ બત્રીસ કન્યાઓ સાથે થયું ***યાવત્*** તે શ્રેષ્ઠ મહેલમાં ઉપર માનુષિક સુખો ભોગવતો રહેવા લાગ્યો.

તે કાળે અને તે સમયે શ્રમણ ભગવાન મહાવીર સ્વામી ત્યાં પધાર્યા. ધન્યકુમારની જેમ સુનક્ષત્ર પણ ધર્મદેશના શ્રવણ કરવા માટે નીકળ્યા. થાવચ્ચ્ચા પુત્રની જેમ સુનક્ષત્રકુમારનું નિષ્ક્રમણ જાણવું. ***યાવત્*** અણગાર થઈ ગયા, ઈર્યાસમિતિવંત ***યાવત્*** બ્રહ્મચારી બની ગયા.

ત્યાર પછી તે સુનક્ષત્ર અણગાર જે દિવસે ભગવાન મહાવીરની પાસે મુંડિત થઈ ગૃહસ્થ જીવનનો ત્યાગ કરી સંયમ ધર્મમાં પ્રવ્રજિત થયા તે જ દિવસે તેમણે ધન્ય અણગારની જેમ અભિગ્રહ ગ્રહણ કર્યો ***યાવત્*** જેમ સાપ દરમાં પ્રવેશ કરે તેમ અનાસક્ત ભાવે આહાર કરતાં સંયમ અને તપથી આત્માને ભાવિત કરવા લાગ્યા. ત્યાર પછી પ્રભુએ બહાર જનપદોમાં વિહાર કર્યો. સુનક્ષત્ર અણગારે અગિયાર અંગોનો અભ્યાસ કર્યો. સંયમ અને તપથી આત્માને ભાવિત કરી વિચરણ કરવા લાગ્યા, ત્યાર પછી સુનક્ષત્ર મુનિ તે ઉદારતપથી સ્કંદક અણગારની જેમ કૃશ થઈ ગયા.

## વિવેચન :–

અહીંથી સૂત્રકાર ત્રીજા વર્ગનાં શેષ અધ્યયનોનું વર્ણન કરે છે. આ સૂત્રમાં સુનક્ષત્ર અણગારનું વર્ણન કરેલ છે એ પણ ભદ્રા માતાના પુત્ર અને ધન્ય અણગારના સગા ભાઈ હતા. સૂત્રનો અર્થ મૂળ પાઠથી જ સ્પષ્ટ છે. સંક્ષિપ્ત પાઠ માટે સૂત્રકારે થાવર્ચાપુત્ર અને ધન્ય અણગારનો નિર્દેશ કરેલ છે. પાઠકોએ થાવર્ચાપુત્રના વિષયમાં જાણવાને માટે "જ્ઞાતાધર્મકથા સૂત્ર"ના પાંચમા અધ્યયનનો અભ્યાસ કરવો જોઈએ અને ધન્ય અણગારનું વર્ણન આ વર્ગના પ્રથમ અધ્યયનમાં આવી ગયું છે.

**उक्खेवओ :–** અધ્યયનના પ્રારંભમાં આવતા આ પદથી નીચેનો પાઠ ગ્રહણ કરવો જોઈએ.

**जइ णं भंते ! समणेणं भगवया महावीरेणं** *जाव* **संपत्तेणं णवमस्स अंगस्स अणुत्तरोववाइय दसाणं तच्चस्स वग्गस्स पढमस्स अज्झयणस्स अयमट्ठे पण्णत्ते, दोच्चस्स णं भंते ! अज्झयणस्स के अट्ठे पण्णत्ते ?**

આ પ્રકારનો પાઠ પ્રત્યેક અધ્યયનના પ્રારંભમાં છે. તેને **"उक्खेवओ "** શબ્દથી સંક્ષિપ્ત કરવામાં આવ્યો છે. બીજા સૂત્રમાં પણ આ જ શૈલીનું અનુસરણ કરવામાં આવ્યું છે.

જે પ્રકારે શ્રમણ ભગવાન મહાવીરની પાસે દીક્ષિત થઈ ધન્ય અણગારે પારણાના દિવસે આયંબિલ અભિગ્રહ ધારણ કર્યું હતું, તે જ પ્રમાણે સુનક્ષત્ર અણગારે પણ કર્યું અને સુનક્ષત્ર અણગારનું શરીર પણ

તે તપથી કૃશ થઈ ગયું.

## અનશન આરાધના અને આગામી ભવમાં મુક્તિ :-

**૨ तेणं कालेणं तेणं समएणं रायगिहे णयरे । गुणसिलए चेइए । सेणिए राया । सामी समोसढे । परिसा णिग्गया । राया णिग्गओ । धम्मकहा । राया पडिगओ । परिसा पडिगया ।**

**तए णं तस्स सुणक्खत्तस्स अणगारस्स अण्णया कयाइ पुव्वरत्तावरत्त-कालसमयंसि धम्म-जागरियं सेसं जहा खंदयस्स णवरं बहु वासा परियाओ** *जाव* **सव्वट्ठसिद्धे विमाणे देवत्ताए उववण्णे । तेत्तीसं सागरोवमाइं ठिई** *जाव* **महाविदेहे सिज्झिहिइ ।**

**ભાવાર્થ** : તે કાળે અને તે સમયે રાજગૃહ નામનું નગર હતું. ત્યાં ગુણશીલક નામનું ચૈત્ય હતું. શ્રેણિક રાજા ત્યાં રાજ્ય કરતા હતાં. ભગવાન મહાવીર સ્વામી નગરીમાં પધાર્યા. પરિષદ ભગવાનના દર્શન માટે નીકળી. રાજા પણ નીકળ્યા. પ્રભુએ ધર્મકથા કહી. રાજા પાછા ચાલ્યા ગયા. પરિષદ પણ પાછી ફરી ગઈ.

સુનક્ષત્ર અણગારે એકદા પૂર્વાર્ધરાત્રિના સમયે ધર્મ જાગરણ કરતાં કરતાં આત્મચિંતન કર્યું વગેરે વર્ણન સ્કંધક અણગારની જેમ જાણવું. વિશેષ, એ છે કે તેમણે ઘણા વર્ષો સુધી સંયમનું પાલન કર્યું ***યાવત્*** સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાં તેની તેત્રીસ સાગરોપમની સ્થિતિ છે ***યાવત્*** મહાવિદેહ ક્ષેત્રથી સિદ્ધ થશે.

## વિવેચન :-

**पुव्वरत्तावरत्तकालसमयंसि :-** આ શબ્દના બે અર્થ થાય છે– (૧) મધ્યરાત્રિ. આ સમય એવો છે કે જ્યારે વાતાવરણ એકદમ શાંત હોય છે માટે ધર્મજાગરણ કરનારનું ચિત્ત એકાગ્ર થઈ જાય છે અને તેમાં પૂર્ણ સ્થિરતા આવી જાય છે. વિચારધારા ઘણી સ્વચ્છ રહે છે અને મસ્તકમાં ઘણા ઉચ્ચ વિચારની સ્ફૂરણા થાય છે, આ કારણથી ધન્ય આદિ અણગારોના તે સમયના વિચાર તેને સન્માર્ગે લઈ ગયા (૨) રાત્રિનો પૂર્વભાગ અને પશ્ચિમ વિભાગ અર્થાત્ સૂતી વખતે અને ઊઠતી વખતે સાધકે ધર્મ જાગરણ કરવાનું હોય છે. દશવૈકાલિક સૂત્રની બીજી ચૂલિકામાં તે બન્ને સમયે પોતાના ગુણોના વિકાસનું અને અવગુણ શોધવાનું ચિંતન કરવાનું કહેલ છે.

**॥ વર્ગ-૩ / ૨ સંપૂર્ણ ॥**

# વર્ગ–૩ અધ્યયન ૩ થી ૧૦

## ઈસિદાસ આદિ

**१** **एवं सुणक्खत्त गमेणं सेसा वि अट्ठ अज्झयणा भाणियव्वा । णवरं आणुपुव्वीए दोण्णि रायगिहे, दोण्णि साकेए, दोण्णि वाणियग्गामे । णवमो हत्थिणा पुरे । दसमो रायगिहे । णवण्हं भद्दाओ जणणीओ, णवण्हं वि बत्तीसओ दाओ । णवण्हं णिक्खमणं थावच्चापुत्तस्स सरिसं । वेहल्लस्स(णिक्खमणं)पिया करेइ । छम्मासा वेहल्लए । णव धण्णे । सेसाणं बहू वासा । मासं संलेहणा । सव्वट्ठसिद्धे सव्वे । महाविदेहे सिज्झिस्संति । एवं दस अज्झयणाणि ।**

**ભાવાર્થ** : આ પ્રકારે સુનક્ષત્ર અણગારના વર્ણનની જેમ શેષ આઠ કુમારોનાં આઠ અધ્યયનોનું વર્ણન પણ સમજી લેવું જોઈએ. વિશેષ એ છે કે અનુક્રમથી બે કુમારો રાજગૃહમાં, બે કુમારો **સાકેત**માં, બે કુમારો **વાણિજ્યગ્રામ**માં, નવમા કુમાર હસ્તિનાપુરમાં અને દસમા કુમાર રાજગૃહમાં ઉત્પન્ન થયા. નવકુમારની માતા ભદ્રા હતી. નવકુમારોનું પાણિગ્રહણ બત્રીસ–બત્રીસ કન્યાઓ સાથે થયું, બત્રીસ બત્રીસ વસ્તુઓ તેને પ્રીતિદાન રૂપે આપવામાં આવી. નવકુમારોનું અભિનિષ્ક્રમણ થાવર્ચાપુત્રની જેમ જાણવું. વેહલ્લનો દીક્ષા મહોત્સવ તેના પિતાએ કર્યો. વેહલ્લ અણગારની દીક્ષાપર્યાય છ માસની, ધન્ય અણગારની દીક્ષાપર્યાય નવ માસની, શેષ સર્વની દીક્ષાપર્યાય ઘણા વર્ષોની છે. સર્વની એક માસની સંલેખના, સર્વાર્થસિદ્ધ વિમાનમાં ઉપપાત (જન્મ), સર્વ મહાવિદેહ ક્ષેત્રથી સિદ્ધ થશે. આ પ્રકારે દસ અધ્યયન પૂર્ણ થયાં.

**વિવેચન :–**

આ વર્ગમાં દસ આત્માઓનું વર્ણન છે જેમાં નવની માતા ભદ્રા કહેલ છે પરંતુ તેઓની નગરી જુદી–જુદી બતાવેલ છે. નવની દીક્ષા ભદ્રાએ કરી હતી અને દસમાં વેહલ્લકુમારની દીક્ષા પિતાએ કરી હતી એમ બતાવેલ છે. જેની નગરી રાજગૃહી હતી. ભદ્રા માતા કાકંદી નગરીની હતી. આ બધા વર્ણનો પરથી આ અધ્યયનમાં વર્ણિત કુમારો સગા ભાઈઓ હતા કે જુદા જુદા હતા તેનો કંઈ પણ નિર્ણય કરી શકાય નહીં. સૂત્રની સંક્ષિપ્ત પદ્ધતિના કારણે આ બધા ખુલાસા મળતા નથી.

**નિક્ષેપ :–**

**२** **एवं खलु जंबू ! समणेणं भगवया महावीरेणं आइगरेणं** *जाव* **सिद्धिगइणामधेयं**

**ठाणं संपत्तेणं अणुत्तरोववाइयदसाणं तच्चस्स वग्गस्स अयमट्ठे पण्णत्ते ।**

**ભાવાર્થ** : આર્ય સુધર્માસ્વામીએ કહ્યું– "હે જંબૂ ! ધર્મનો પ્રારંભ કરનારા ***યાવત્*** સિદ્ધગતિ નામના સ્થાનને સમ્યક્ પ્રકારે પ્રાપ્ત કરનાર શ્રમણ ભગવાન મહાવીરે અનુત્તરોપપાતિક દશાના ત્રીજા વર્ગનો આ અર્થ કહ્યો છે.

## વિવેચન :–

પ્રસ્તુત સૂત્ર ઉપસંહાર રૂપ છે. અંતિમ સૂત્રમાં શ્રી સુધર્માસ્વામીએ ભગવાન મહાવીરના અનંત ગુણાત્મક, પૂર્ણ વિશુદ્ધ વ્યક્તિત્ત્વને પ્રગટ કરીને કહ્યું છે કે હે જંબૂ ! સૂત્રોકત ભાવો સર્વજ્ઞ પ્રભુ મહાવીરે જે પ્રમાણે પ્રગટ કર્યા હતા, તે જ પ્રમાણે મેં તમને કહ્યા છે. અર્થાત્ આગમના ભાગો સર્વજ્ઞ કથિત છે. આ પ્રકારના કથનથી આગમના ભાવોની પ્રામાણિકતા પ્રગટ થાય છે, પાઠકોની આગમના ભાવો પ્રતિ શ્રદ્ધા દઢતમ થાય છે, તે ભાવો સહજતયા ગ્રાહ્ય બની જાય છે.

તે ઉપરાંત ઉપરોકત કથનપદ્ધતિથી સુધર્માસ્વામીની પરમાત્મા પ્રતિ શ્રદ્ધા ભકિત અને લઘુતા, નિરાભિમાનતા, નમ્રતા જેવા ગુણો પ્રગટ થાય છે. आइगरे... सिद्धिगइणामधेयं ठाणं संपत्ताण... અહીં નમોત્થુણંના સંક્ષિપ્ત પાઠ દ્વારા પરમાત્માના ગુણોનું કથન છે.

## પરિશેષ :–

**३ अणुत्तरोववाइयदसाणं एगो सुयक्खंधो । तिण्णि वग्गा । तिसु चेव दिवसेसु उद्दिसिज्जंति । तत्थ पढमे वग्गे दस उद्देसगा । बिइए वग्गे तेरस उद्देसगा । तइए वग्गे दस उद्देसगा । तओ सुयखंधो समुद्दिस्सइ, तओ अणुण्णविज्जइ, दोसु दिवसेसु ।**

અનુત્તરોપપાતિક દશાનો એક શ્રુતસ્કંધ છે. ત્રણ વર્ગ છે. ત્રણ દિવસોમાં ઉદ્દિષ્ટ થાય છે અર્થાત્ ભણાવવામાં આવે છે. તેના પ્રથમ વર્ગમાં દશ ઉદ્દેશક છે. બીજા વર્ગમાં તેર ઉદ્દેશક છે. ત્રીજા વર્ગમાં દશ ઉદ્દેશક છે. ત્યાર પછી સંપૂર્ણ શ્રુતસ્કંધનો સમુદ્દેશ કરાય છે પછી બીજાને ભણાવવાની આજ્ઞા દેવામાં આવે છે. સમુદ્દેશ અને અનુજ્ઞા વિધિ પણ બે દિવસમાં થાય છે.

## વિવેચન :–

પ્રસ્તુત આગમમાં સ્કંદક અણગારના વર્ણનનો નિર્દેશ કરવામાં આવ્યો છે. તેમજ દીક્ષાના પ્રસંગમાં થાવર્ચા પુત્રનું કથન છે. તેમાં સ્કંદકમુનિનું વર્ણન પાંચમા અંગ ભગવતી સૂત્રના બીજા શતકમાં છે અને થાવર્ચા પુત્રનું વર્ણન છટ્ઠા અંગ જ્ઞાતાધર્મકથાના પાંચમા અધ્યયનમાં છે. આ "અનુત્તરોપપાતિક સૂત્ર"

નવમું અંગ છે, માટે સૂત્રકારે તે વર્ણનનું અહીં પુનરાવર્તન ઉચિત ન સમજતાં ફક્ત તે બન્નેના નામનો ઉલ્લેખ કર્યો છે. પાઠકોએ આ વિષયમાં સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે ઉક્ત સૂત્રોનો અવશ્ય અભ્યાસ કરવો જોઈએ. કારણ કે અહીં શ્રી શ્રમણ ભગવાન મહાવીરની પાસે ધર્મકથા સાંભળવા જવું, ત્યાં વૈરાગ્યની ઉત્પત્તિ, દીક્ષા મહોત્સવ, પરમ ઉચ્ચ કોટિનું તપકર્મ, શરીરનું કૃશ થવું, ધર્મ જાગરણ, અનશન વ્રતની ભાવના, અનશન કરી સર્વાર્થસિદ્ધ વિમાનોમાં ઉત્પન્ન થવું, ભવિષ્યમાં મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થઈ સિદ્ધગતિ પ્રાપ્ત કરવી ઈત્યાદિ વિષયનું સંક્ષેપમાં કથન કરવામાં આવેલ છે.

**सेसं जहा णायाधम्मकहाणं तहा णेयव्वं :–** કેટલીક પ્રતોમાં અંતિમ સૂત્રમાં શેષ વર્ણન માટે सेसं जहा णायाधम्मकहाणं तहा णयव्वं સૂત્રપાઠ જોવા મળે છે. પરંતુ જ્ઞાતાસૂત્રમાં ઉદ્દેશક સમુદ્દેશક વિષય કોઈ સૂત્રપાઠ નથી. માટે પ્રસ્તુત પ્રતમાં सेसं जहा णायाधम्मकहा... વાળો સૂત્રપાઠ ગ્રહણ કર્યો નથી.

એ સૂત્રનું તાત્પર્ય એ છે કે ત્રણ વર્ગનું ત્રણ દિવસમાં અધ્યયન કરાવવાનું હોય છે. પછી એક દિવસ આખા સૂત્રનો સમુદ્દેશ–પરાવર્તન(પુનરાવર્તન) કરાય છે. પછી એક દિવસ આખા સૂત્રની બધી સૂચનાઓ સાથે સંશોધન શુદ્ધિ કરાવી બીજાને અધ્યયન કરાવવાની અનુજ્ઞા–આજ્ઞા આપવામાં આવે છે.

**॥ વર્ગ–૩ / ૩ થી ૧૦ સંપૂર્ણ ॥**

**॥ અનુત્તરોપપાતિક સૂત્ર સંપૂર્ણ ॥**

કોષ્ટક વર્ગ પ્રથમ

| ક્રમ | વ્યક્તિ | માતા | પિતા | સ્થાન | ગુરુ | દીક્ષા | તપ | સંલેખના | સ્થાન | ગતિ | મોક્ષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જાલિકુમાર | ધારિણી | શ્રેણિક | રાજગૃહ | ભગવાન મહાવીર | ૧૬ વર્ષ | ગુણરત્ન | એક માસ | રાજગૃહ વિપુલ ગિરિ | વિજય વિમાન | મહાવિદેહ થી |
| ૨ | મયાલિ | " | " | " | " | " | " | " | " | વૈજયંત વિમાન | " |
| ૩ | ઉપજાલિ | " | " | " | " | " | " | " | " | જયંત વિમાન | " |
| ૪ | પુરુષસેન | " | " | " | " | " | " | " | " | અપરાજિત વિમાન | " |
| ૫ | વારિષેણ | " | " | " | " | " | " | " | " | સર્વાર્થ સિદ્ધ વિમાન | " |
| ૬ | દીર્ઘદંત | " | " | " | " | " | " | " | " | " | " |
| ૭ | લષ્ટદંત | " | " | " | " | " | " | " | " | અપરાજિત વિમાન | " |
| ૮ | વેહલ્લકુમાર | ચેલણા | " | " | " | " | " | " | " | જયંત વિમાન | " |
| ૯ | વેહાયસકુમાર | " | " | " | " | " | " | " | " | વૈજયંત વિમાન | " |
| ૧૦ | અભયકુમાર | નંદાદેવી | " | " | " | " | " | " | " | વિજય વિમાન | " |

# દ્વિતીય વર્ગ કોષ્ટક

| ક્રમ | વ્યક્તિ | માતા | પિતા | સ્થાન | ગુરુ | દીક્ષા | તપ | સંલેખના | સ્થાન | ગતિ | મોક્ષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | દીર્ઘસેન | ધારિણી | શ્રેણિક | રાજગૃહ | ભગવાન મહાવીર | ૧૬ વર્ષ | ગુણરત્ન | એકમાસ | રાજગૃહ વિપુલ પર્વત | વિજય વિમાન | મહાવિદેહ થી |
| ૨ | મહાસેન | " | " | " | " | " | " | " | " | " | " |
| ૩ | લષ્ટદંત | " | " | " | " | " | " | " | " | વૈજયંત વિમાન | " |
| ૪ | ગૂઢદંત | " | " | " | " | " | " | " | " | " | " |
| ૫ | શુદ્ધદંત | " | " | " | " | " | " | " | " | જયંત વિમાન | " |
| ૬ | હલ્લકુમાર | " | " | " | " | " | " | " | " | " | " |
| ૭ | દ્રુમ | " | " | " | " | " | " | " | " | અપરાજિત વિમાન | " |
| ૮ | દ્રુમસેન | " | " | " | " | " | " | " | " | " | " |
| ૯ | મહાદ્રુમસેન | " | " | " | " | " | " | " | " | સર્વાર્થ સિદ્ધ વિમાન | " |
| ૧૦ | સિંહ | " | " | " | " | " | " | " | " | " | " |
| ૧૧ | સિંહસેન | " | " | " | " | " | " | " | " | " | " |
| ૧૨ | મહાસિંહસેન | " | " | " | " | " | " | " | " | " | " |
| ૧૩ | પુણ્યસેન | " | " | " | " | " | " | " | " | " | " |

# તૃતીય વર્ગ કોષ્ટક

| ક્રમ | વ્યક્તિ | માતા | પિતા | સ્થાન | ગુરુ | દીક્ષા | તપ | સંલેખના | સ્થાન | વિમાન | મોક્ષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ધન્ય કુમાર | ભદ્રા | – | કાકંદી | ભગવાન મહાવીર | ૯ માસ | ગુણરત્ન | એક માસ | રાજગૃહ વિપુલ પર્વત | સર્વાર્થ–સિદ્ધ | મહાવિદેહ થી |
| ૨ | સુનક્ષત્ર | " | – | " | " | " | " | " | " | " | " |
| ૩ | ઋષિદાસ | " | – | રાજગૃહ | " | " | " | " | " | " | " |
| ૪ | પેલ્લક | " | – | " | " | " | " | " | " | " | " |
| ૫ | રામપુત્ર | " | – | સાકેત | " | " | " | " | " | " | " |
| ૬ | ચન્દ્રિકકુમાર | " | – | " | " | " | " | " | " | " | " |
| ૭ | પૃષ્ટિકુમાર | " | – | વાણિજ્ય ગ્રામ | " | " | " | " | " | " | " |
| ૮ | પેઢાલપુત્ર | " | – | " | " | " | " | " | " | " | " |
| ૯ | પોષ્ટિલ | " | – | હસ્તિનાપુર | " | " | " | " | " | " | " |
| ૧૦ | વેહલ્લ કુમાર | " | – | રાજગૃહ | " | ૬ માસ | " | " | " | " | " |

## પરિશિષ્ટ–૧

## અકારાદિના ક્રમથી કેટલાક શબ્દોના અર્થ

| શબ્દાર્થ | શબ્દાર્થ |
|---|---|
| **अ(य)** = અને | **अट्ठमस्स** = આઠમાનું |
| **अंगस्स** = અંગ સૂત્રનું | **अट्ठि–चम्म–छिरत्ताए** = હાડકાં, ચામડાં, અને નસો રૂપે |
| **अंगाइं** = અંગ સૂત્રો (બહુવચન) | **अट्ठी** = અસ્થિ, હાડકાં |
| **अंतं** = અંત, અવસાન, મૃત્યુ | **अट्ठे** = અર્થ |
| **अंतिए** = સમીપ, પાસે, નજીક | **अडमाणे** = ફરતાં થકાં |
| **अंतेवासी** = શિષ્ય, સાથે રહેનાર | **अड्ढा** = સમૃદ્ધ, ઐશ્વર્યશાળી |
| **अंबगुट्ठिया** = આંબાની ગોઠલી | **अणंतं** = અનંત, અંતરહિત |
| **अंबगपेसिया** = કેરીની ચીર | **अणगारं** = અણગારનો |
| **अंबाडगपेसिया** = આમ્રાતક–આંબળાની ચીર | **अणगारस्स** = અણગારનું, માયા મમતાને છોડીને ઘરનો ત્યાગ કરનારા સાધુનું |
| **अकलुसे** = ક્રોધ આદિ કષાયોથી રહિત | **अणगारे** = અણગાર |
| **अक्खयं** = અક્ષય, ક્યારે ય નાશ નહીં થનારું | **अणज्झोववण्णे** = વિષયોમાં અનાસક્ત |
| **अक्खसुत्त माला** = રૂદ્રાક્ષની માળા | **अणायंबिलं** = અનાચામ્લ, આયંબિલ તપ રહિત |
| **अगत्थिय–संगलिया** = અગત્સ્ય વૃક્ષની ફળી | **अणिक्खित्तेणं** = અનિક્ષિપ્ત, નિરંતર, કોઈ ડચણ વિના |
| **अग्ग हत्थेहिं** = હાથના પંજાથી | **अणुज्झिय–धम्मियं** = ઉપયોગી, રાખવા યોગ્ય |
| **अच्छीणं** = આંખોનું | **अणुत्तरोववाइयदसाणं** = અનુત્તરોપપાતિક દશા નામવાળું નવમા અંગશાસ્ત્રનું |
| **अज्ज** = આર્ય | **अणेग खंभसय सण्णिविट्ठं** = અનેક સેંકડો સ્તંભોથી યુક્ત |
| **अज्झयणस्स** = અધ્યયનનું | **अण्णया** = અન્યદા, કોઈ સમય, અન્ય |
| **अज्झयणा** = અધ્યયનો | **अदीणे** = દીનતાથી રહિત |
| **अज्झयणे** = અધ્યયનમાં | **अपराजिए** = અપરાજિત નામના અનુત્તર |
| **अट्ठ** = આઠ | |
| **अट्ठट्ठओ दाओ** = આઠ–આઠની સંખ્યામાં પદાર્થો દીધા (પ્રીતિદાનમાં આપ્યા) | |
| **अट्ठण्हं** = આઠના (વિષયમાં) | |

વિમાનમાં

**अपरितंतजोगी** = અવિશ્રાંત, નિરંતર સમાધિયુક્ત

**अपरिभूया** = અતિરસ્કૃત, સન્માનિત

**अपुणरावत्तयं** = જ્યાંથી પાછું ન ફરવું પડે

**अप्पडिहय–वर–णाण–दंसण–धरेणं** = વિઘ્ન–બાધાથી રહિત શ્રેષ્ઠ જ્ઞાન અને દર્શનને ધારણ કરનારા

**अप्पाणं** = પોતાના આત્માને

**अप्पाणेणं** = આત્માથી

**अब्भणुण्णाए** = આજ્ઞા થવા પર, આજ્ઞા મળી જવા પર

**अज्झत्थिए** = અંદર ઉત્પન્ન થયેલો વિચાર

**अब्भुग्गय–मुस्सिते** = મોટા અને ઊંચા

**अब्भुज्जताए** = ઉદ્યમવાળી, તત્પરતાથી યુક્ત

**अभओ** = અભયકુમાર

**अभयदएणं** = અભય દેનારા

**अभयस्स** = અભયકુમારનું

**अभये** = અભયકુમાર

**अभिग्गहं** = અભિગ્રહ, પ્રતિજ્ઞા, આહાર આદિ કરવાની મર્યાદા બાંધવી

**अमुच्छिए** = કોઈ પણ પ્રકારની લાલસાથી રહિત અનાસક્ત

**अम्मयं** = માતાને

**अम्मयाओ** = પૂજ્ય માતા, સન્માન યુક્ત સંબોધન, માતા–પિતા, હે માતાજી !

**अयं** = આ

**अचलं** = અચલ, સ્થિર

**अरुयं** = આધિ વ્યાધિથી રહિત

**अलं** = પૂર્ણ

**अलत्तग–गुलिया** = મહેંદી–અળતાની ગોળી

**अवकंखंति** = ચાહે છે, ઈચ્છે છે

**अवि** = પણ

**अविमणे** = દુઃખિત ચિત્ત વિના

**अविसादी** = વિષાદ(ખેદ) વિના

**अव्वाबाहं** = બાધાથી રહિત

**असंसट्ठं** = ભરેલા હાથોથી રહિત

**असि** = છે

**अहं(हं)** = હું

**अह** = અથ, પક્ષાંતર અથવા પ્રારંભ સૂચક અવ્યય

**अहापज्जत्तं** = આવશ્યકતા અનુસાર

**अहापडिरूवं** = યથાયોગ્ય, ઉચિત

**अहासुहं** = સુખ અનુસાર

**अहिज्जइ** = અધ્યયન કરે છે,

**अहीए** = અધ્યયન કર્યું, શીખ્યું

**अहीण** = હીનતા રહિત, પૂરા

**आइगरेण** = આદિ–પ્રારંભ કરનારા

**आइल्लाणं** = શરૂઆતના, પહેલાંના

**आउक्खएणं** = આયુષ્યનો ક્ષય થવાથી (પ્રદેશ ક્ષય)

**आणुपुव्वीए** = અનુક્રમથી

**आपुच्छइ–ति** = પૂછી રહ્યો છે, પૂછી રહી છે

**आपुच्छणं** = પૂછવું

**आपुच्छामि** = પૂછું છું

**आयंबिलं** = એક પ્રકારનું તપ

**आयंबिल–परिग्गहिएणं** = આયંબિલ– તપની રીતથી ગ્રહણ કરેલું

**आयवे** = તડકામાં

**आयार–भंडए** = સંયમ પાળવાનાં ઉપકરણો

**आयाहिणं–पयाहिणं** = જમણી બાજુથી પ્રારંભ કરાવતી પ્રદક્ષિણા–આવર્તન

**आरण्णच्चुए** = આરણ અગિયારમો દેવલોક, અચ્યુત બારમો દેવલોક

**आहरइ** = લાવે છે

**आहारं** = ભોજન

**आहारेइ** = કરે છે, ભોજન કરે છે

**आहिते** = કહેવાયેલું છે

**इ–इति** = પરિચય બોધક અથવા સમાપ્તિનો સૂચક અવ્યય છે

**इंगाल सगडिया** = કોલસાની ગાડી

**इंदभूइ पामोक्खाणं** = ઈન્દ્રભૂતિ આદિમાં

**इच्छामि** = ઈચ્છું છું

**इब्भवर कण्णगाणं** = ધનવાન શ્રેષ્ઠિઓની કન્યાઓનું

**इमासिं** = આમાં

**इमे** = આ

**इमेणं** = આનાથી

**इमेयारूवे** = આ પ્રકારના (નું)

**इसिदासे** = ઋષિદાસ કુમાર

**ईर्यासमिए** = ઈર્યા સમિતિવાળા, યતના પૂર્વક ચાલનાર

**उक्कमेणं** = ઉત્ક્રમથી, ઉલટા ક્રમથી

**उक्खेवओ** = ઉત્ક્ષેપ, પ્રારંભ વાક્ય, શરૂઆતના વાક્યો

**उग्गहं** = અવગ્રહ, આજ્ઞા, ક્ષેત્ર

**उच्च–मज्झिम–णीय** = ઉત્તમકુળ, મધ્યમકુળ અને નિમ્નકુળોથી

**उच्चट्ठवण्णए** = ઊંચા કે લાંબા ગળાવાળું વાસણ

**उज्जाणओ** = ઉદ્યાનથી, બગીચાથી

**उज्जाणे** = ઉદ્યાન, બગીચો

**उज्झियधम्मियं** = નિરુપયોગી, ફેંકી દેવા યોગ્ય

**उट्टपाद** = ઊંટના પગ

**उट्ठाणं** = હોઠોની

**उड्ढ** = ઊંચે

**उण्हे** = ગરમીમાં

**उदरं** = પેટ

**उदर–भायण** = ઉદર ભાજન, પેટરૂપી પાત્ર

**उदर–भायणेणं** = ઉદર ભાજનથી

**उदर–भायणस्स** = ઉદર ભાજનની

**उप्पिं** = ઉપર

**उब्भड–घडमुहे** = ઘડાના મુખની જેમ વિકરાળ ખુલ્લા મુખવાળા

**उम्मुक्क–बालभावं** = બાલભાવથી મુક્ત

**उयरंति** = ઊતરે છે

**उर–कडग–देसभाएणं** = વક્ષસ્થલ (છાતી) રૂપી ચટ્ટાઈના એક દેશથી

**उर–कडयस्स** = છાતીરૂપી ચટ્ટાઈની

**उवयालि** = ઉપજાલિ કુમાર

**उववज्जिहिंति** = ઉત્પન્ન થશે

**उववण्णे** = ઉત્પન્ન થયો

**उववाओ** = ઉપપાત, ઉત્પત્તિ

**उवसोभेमाणे** = શોભાયમાન થતાં

**उवागच्छइ** = આવે છે

**उवागए** = આવ્યા

**उव्वुड–णयणकोसे** = જેની આંખ અંદર ઘુસી

ગઈ છે

**ऊरुस्स** = સાથળના

**ऊरू** = સાથળ

**एएसिं** = તેને

**एक्कारस** = અગિયાર

**एगदिवसेणं** = એક જ દિવસમાં

**एयं** = આ

**एयारूवे** = આ પ્રકારનું

**एवं** = આ પ્રકારે

**एव** = જ, નિશ્ચયાર્થક બોધક અવ્યય

**एवामेव** = આ પ્રકારે, એવી જ રીતે

**एसणाए** = ઉપયોગપૂર્વક આહાર આદિની ગવેષણાથી

**ओयरंति** = ઊતરે છે

**ओरालेणं** = ઉદાર, પ્રધાન

**कइ** = કેટલા

**कंकजंघा** = કંક નામના પક્ષીની જંઘા

**कंपण-वाइयो** = કંપનવાયુના રોગવાળી વ્યક્તિ

**कट्ठ-कोलंबए** = લાકડાના કોલંબ–પાત્ર વિશેષ

**कट्ठपाउया** = લાકડાની પાદુકા

**कडिकडाहेणं** = કમર રૂપી કડાઈ, કમરનો ભાગ

**कडिपत्तस्स** = કમરની

**कण्ण** = કાન

**कण्णाणं** = કાનોની

**कण्हो** = કૃષ્ણ વાસુદેવ

**कयरे** = ક્યાં, કોણ, કેટલા

**कयाइ** = ક્યારે, કદાચિત્

**कण्णावली** = કાનનાં ભૂષણોની હાર

**कप्पइ** = કલ્પે છે,ખપે છે, યોગ્ય છે

**कप्पे** = કલ્પ, વૈમાનિક દેવોનાં સૌધર્મ આદિ વિમાન

**कय-लक्खणे** = સુંદર લક્ષણવાળા

**कयाइ** = કદાચિત્

**करग-गीवा** = માટીનાં નાનાં વાસણની ગ્રીવા અર્થાત્ ગળું

**करेइ** = કરે છે

**करेंति** = કરી રહ્યા છે

**करेह** = કરો

**कल-संगलिया** = કલાય ધાન્ય વિશેષની ફળ

**कलाओ** = ૭૨ કલાઓ

**कलाय-संगलिया** = એક જાતના ધાન્ય વિશેષની સીંગ, ચણાની સીંગ

**कहिं** = ક્યાં

**कहेइ** = કહે છે

**काउस्सग्गं** = કાયોત્સર્ગ, ધર્મધ્યાન

**काक जंघा** = કાગડાની જાંઘ, કાકજંઘા નામની ઔષધિ વિશેષ

**कारेइ** = કરાવે છે

**कारल्लय-छल्लिया** = કારેલાની છાલ

**कालं** = કાળ, સમય

**कालं** = મૃત્યુ

**काल-मासे** = મૃત્યુના સમયે

**कालिपोरा** = કાલિ નામની વનસ્પતિ વિશેષનું પર્વ, સંધિસ્થાન

**कालेणं** = કાલથી, સમયથી, સમયમાં

**काहिइ** = કરશે

**किच्चा** = કરીને

**कुंडिया–गीवा** = કમંડળનું મુખ

**के** = કોણ

**केणट्ठेण** = ક્યા કારણથી

**केवइयं** = કેટલા

**कोणिओ** = કોણિક રાજા

**खंदओ** = ખંધક સંન્યાસી

**खंदग वत्तव्वया** = ખંધક સંબંધી કથન

**खंदयस्स** = ખંધક સંન્યાસીનું

**खलु** = નિશ્ચયથી

**खीरधाई** = દૂધ પીવડાવનારી માતા

**गंगा तरंग भूएणं** = ગંગાના તરંગોની સમાન થયેલાં

**गच्छइ** = જાય છે

**गच्छिहिइ** = જાશે

**गणेज्ज–माला** = ગણવામાં આવતી માળા

**गणेज्ज–माणेहिं** = ગણતરી કરવાથી

**गए** = ગયા

**गामाणुगामं** = એક ગામથી બીજા ગામ

**गिलाइ** = ખેદિત થાય, દુખિત થાય, બીમાર છે

**गीवाए** = ગર્દનની, ડોકનું

**गुणरयण** = ગુણરત્ન સંવત્સર નામનું તપ

**गुणसिलए** = ગુણશિલક નામનું ઉદ્યાન

**गूढदंते** = ગૂઢદંતકુમાર

**गिण्हंति** = ગ્રહણ કરે છે

**गेण्हावेइ** = ગ્રહણ કરાવે છે

**गेवेज्ज विमाण पत्थडे** = ગ્રૈવયક દેવોના નિવાસ સ્થાનના પ્રાન્તભાગ, પ્રસ્તટ

**गोयम पुच्छा** = ગૌતમનું પૂછવું

**गोयमा** = હે ગૌતમ !

**गोलावली** = એક પ્રકારના ગોળ પત્થરોની પંક્તિ

**चउद्दसण्हं** = ચૌદનું, ચૌદમું

**चंदिम** = ચન્દ્ર વિમાન

**चंदिमा** = ચન્દ્રિકા કુમાર

**चक्खुदएणं** = જ્ઞાનચક્ષુના દેનારા

**चम्मच्छिरत्ताए** = ચામડી અને શિરાઓના રૂપમાં

**चरेमाणे** = ચાલતાં થકાં, વિહાર કરતાં થકાં

**चलंतेहिं** = ચાલતા થકાં, હાલતા થકાં

**चिंतणा** = ધર્મચિંતન

**चिंता** = ધર્મચિંતન, ચિંતા

**चिट्ठइ** = સ્થિત છે, રહે છે, રહી છે

**चित्त–कटरे** = ગાયને ચરવાના કુંડના નીચેનો હિસ્સો

**चेइए** = ચૈત્ય, ઉદ્યાન, બગીચો

**चेल्लणाए** = ચેલણારાણીના

**चेव** = જ, ઠીક જ

**चोद्दसण्हं** = ચૌદનું, ચૌદમું

**छट्ठंछट्ठेणं** = છઠ–છઠ તપથી **छट्ठस्सवि** = છઠ ભક્ત પર પણ

**छत्तचामराओ** = છત્ર અને ચામરોથી

**छ मासा** = છ મહિના

**छिण्णा** = તોડેલી

**जं** = જે

**जंघाणं** = જંઘાઓનું

**जणणीओ** = માતાઓ

**जणवयविहारं** = દેશમાં વિહાર

**जहा** = જેવી રીતે

**जमालि** = જમાલિ કુમાર

**जम्मं** = જન્મ

**जम्मजीवियफले** = જન્મ અને જીવનનું ફળ

**जयंते** = જયંત વિમાનમાં

**जयण–घडण–जोगचरित्ते** = જયન–(પ્રાપ્ત યોગોમાં ઉદ્યમ), ઘટન (અપ્રાપ્ત યોગોની પ્રાપ્તિ માટે ઉદ્યમ) અને યોગ (મન આદિ ઈન્દ્રિયોનો સંયમ) થી યુક્ત ચારિત્રવાળા

**जरग्ग–ओवाणहा** = જૂના પગરખાં

**जरग्गव–पाद** = વૃદ્ધ બળદનો પગ (ખુર)

**जहा** = જેમ, જેવી રીતે

**जहाणामए** = જેમ કે કોઈ, જેમ કે

**जा** = જેવી

**जाणएणं** = જાણનાર

**जाणूणं** = જાનુઓના

**जाणेत्ता** = જાણીને

**जाए** = થઈ ગયા, થયા, જન્મ્યા

**जामेव** = જેવી, જે

**जाली** = જાલી અણગારને

**जालिस्स** = જાલીની

**जावज्जीवाए** = જીવનપર્યંત

**जाहे** = જ્યારે

**जिणेण** = રાગ દ્વેષને સર્વથા જીતનાર જિન ભગવાને

**जियसत्तू** = જિતશત્રુ રાજા

**जिब्भाए** = જીભની

**जीवेण** = જીવની શક્તિથી

**जीहा** = જીભ

**जेणेव** = જે તરફ, જ્યાં

**जोइज्जमाणेहिं** = જોવામાં આવતી

**ठाणं** = સ્થાનને

**ठिई** = સ્થિતિ

**ढेणालिया–जंघा** = ઢેણિક પક્ષીની જંઘા

**ढेणालियापोरा** = ઢેણિક પક્ષીનાં સંધિસ્થાન

**ण** = નહીં (નિષેધાત્મક), નહિ

**णयरी** = નગરી

**णगरीए** = નગરીમાં

**णगरीओ** = નગરીથી

**णगरे** = નગર

**णमंसइ** = નમસ્કાર કરે છે

**णवरं** = વિશેષતા બોધક અવ્યય

**णाणत्तं** = અલગતા, ભિન્નતા

**णाम** = નામ

**णामे** = નામવાળા

**णिक्खंतो** = નીકળ્યા, ગૃહસ્થપણાને છોડી દીક્ષિત બની ગયા

**णिक्खमणं** = નિષ્ક્રમણ, દીક્ષા થવી

**णिग्गया** = નીકળી

**णिग्गते** = નીકળ્યા

**णिम्मंसं** = માંસ રહિત

**णो** = નહીં, નિષેધાત્મક અવ્યય

**तए** = તેના પછી

**तओ** = ત્રણ

**तं** = તે

**तं जहा** = તે આ રીતે છે

**तच्चस्स** = ત્રીજા

**तए** = તેના પછી

**तत्थ** = ત્યાં

**तरुणए** = કોમળ

**तरुणग–लाउए** = કોમળ તૂંબડા

**तरुणिका** = નાની, કોમળ

**तव** = તારું

**तव–तेय–सिरीए** = તપ અને તેજની લક્ષ્મીથી

**तव–रूव–लावण्णे** = તપના કારણે ઉત્પન્ન થયેલી તેજસ્વીતા

**तवसा** = તપથી

**तवेणं** = તપથી

**तवो–कम्मं** = તપ ક્રિયાને

**तवो–कम्मेणं** = તપકર્મથી

**तस्स** = તેના

**तहा** = તેની જેમ

**तहारूवाणं** = તથારૂપ, શસ્ત્રોમાં વર્ણન કરેલું છે તેવા ગુણોથી યુક્ત સાધુઓનું

**तहेव** = તે પ્રકારે

**ताए** = તે

**ताओ** = ત્યાંથી

**तामेव** = તેવી રીતે, તે જ

**तारएणं** = બીજાને તારનાર

**तालियंट–पत्ते** = તાડનાં પાંદડાંનો પંખો

**ति** = ઈતિ, સમાપ્તિ અથવા પરિચય બોધક અવ્યય

**ति कट्टु** = આ પ્રમાણે કરીને

**तिक्खुत्तो** = ત્રણવાર

**तिण्णं** = ત્રણ

**तिण्हं** = ત્રણનું

**तित्थयरेणं** = ચાર તીર્થોની સ્થાપના કરનાર તીર્થંકરથી

**तिण्णाणं** = સંસાર–સાગરથી પાર થયેલા

**तीसे** = તેની, તે

**तुब्भेणं** = આપથી

**तुमं** = આપ

**ते** = તે

**तेएणं** = તેજથી

**तेणं** = તે

**तेणट्ठेणं** = આ કારણથી

**तेणेव** = તે પ્રકારે, તે જ

**तेतीसं** = તેત્રીસ

**तेरस** = તેર

**तेरसण्हवि** = તેરેયને

**तेरसमे** = તેરમું

**तेरसवि** = તેરની, તેરેયની

**तेसिं** = તેના, તેને, તેઓને, તે

**तो** = તો

**त्ति** = આ પ્રમાણે

**थावच्चापुत्तस्स** = થાવર્ચા પુત્રની, થાવર્ચા નામની ગાથા પત્નીનો પુત્ર જેણે એક હજાર મનુષ્યોની સાથે સંયમ અંગીકાર કર્યો

**थावच्चापुत्तो** = થાવર્ચા પુત્ર

**थासयावली** = રકાબી, તાસક, તબકડીઓની પંક્તિ

**थेराणं** = સ્થવિર ભગવંતોનું

**थेरेहिं** = સ્થવિરોથી

**दाओ** = દાન, પ્રીતિદાન

**दारए** = બાળક

**दारयं** = બાળકને

**दिण्णा** = દીધેલી, દીધી

**दिसं** = દિશાને

**दुरुहंति** = આરોહણ કરે છે, ઉપર ચડે છે

**देवस्स** = દેવોની

**देवत्ताए** = દેવ રૂપથી

**देवलोगाओ** = દેવલોકથી

**देवाणुप्पियाणं** = દેવોને પ્રિય (આપ)નું

**देवाणुप्पिया** = દેવોને પ્રિય (તમે)

**देवी** = રાજમહર્ષિ, પટ્ટરાણી

**दोच्चस्स** = બીજાનું

**दोण्हं** = બેનું

**दोण्णि** = બંને

**धण्णस्स** = ધન્યકુમારનું, ધન્ય અણગારનું

**धण्णे** = ધન્યકુમાર, ધન્ય અણગાર

**धम्मकहा** = ધર્મકથા

**धम्म जागरियं** = ધર્મ જાગરણ

**धम्मदएणं** = શ્રુત અને ચરિત્ર રૂપ ધર્મ દેનાર

**धम्म–वर–चाउरंत–चक्कवट्टिणा** = ચારે ઉત્તમ દિશાઓ ઉપર અખંડ શાસન કરનાર ધર્મના ઉત્તમ ચક્રવર્તી

**धारिणीसुया** = ધારિણી દેવીના પુત્ર

**णगरीए** = નગરીમાં

**णगरे** = નગર

**णवं** = નવ

**णवण्हं** = નવેની

**णवमस्स** = નવમાનું

**णव–मास–परियाओ** = નવ મહિનાની સંયમ પર્યાય

**णवमे** = નવમું

**णवमो** = નવમું

**णामं** = નામવાળા

**णासाए** = નાકની

**णिसम्म** = ધ્યાનપૂર્વક સાંભળી

**पंच** = પાંચ

**पंचण्हं** = પાંચ, પાંચની

**पंच–धाइ–परिक्खित्तो** = પાંચ ધાવમાતા ઓથી ઘેરાયેલા

**पंच–धाइ–परिग्गहिय** = પાંચ ધાવમાતા ઓથી ગ્રહણ કરાયેલા

**पगइ–भद्दए** = પ્રકૃતિથી ભદ્ર, સૌમ્ય સ્વભાવવાળા

**पग्गहियाए** = ગ્રહણ કરેલી, સ્વીકારેલી

**पज्जुवासइ** = સેવા કરે છે, સેવામાં બેસે છે

**पडिगए** = ચાલ્યો ગયો

**पडिगया** = ચાલી ગઈ

**पडिग्गाहेइ** = ગ્રહણ કરે છે

**पडिग्गाहित्तए** = ગ્રહણ કરવાને માટે

**पडिणिक्खमइ** = બહાર નીકળે છે

**पडिदंसेइ** = દેખાડે છે

**पडिबंध** = પ્રતિબંધ, વિઘ્ન, મોડું થવું

**पढम–छट्ठक्खमण–पारणगंसि** = પ્રથમ છટ્ઠ તપના પારણામાં

**पढमस्स** = પ્રથમ

**पढमाए** = પહેલી

**पढमे** = પહેલા (અધ્યયન)માં

**पण्णग–भूएणं** = સર્પની સમાન

**पण्णायंति** = દેખાય છે

**पत्त चीवराइं** = પાત્રો અને વસ્ત્રોને

**पययताए** = વધારે પ્રયત્નથી, પ્રયત્નપૂર્વક

**परिणिव्वाण–वत्तियं** = મૃત્યુના ઉપલક્ષ્યમાં કરવામાં આવતી

**परियाओ** = સંયમ અવસ્થા, દીક્ષાનો કાળ

**परिवसइ(ति)** = રહે છે (હતી)

**परिसा** = પરિષદ, શ્રોતાનો સમૂહ

**पलासपत्ते** = પલાશ (ઢાક)નાં પાંદડા

**पव्वइए** = પ્રવ્રજિત થયેલ

**पव्वयामि** = પ્રવ્રજિત થયેલ છું. દીક્ષા ગ્રહણ કરું છું

**पव्वाय–वदण–कमले** = જેનું મુખ કમળકરમાઈ ગયેલ છે

**पाउणित्ता** = પાલન કરી

**पाउब्भूए** = પ્રકટ થયેલ

**पांसुलि कडएहिं** = પાંસળીઓની પંક્તિથી

**पासुलि कडाए** = પાર્શ્વ ભાગનાં હાડકાંઓના કટકાઓ

**पाणं** = પાણી

**पाणावली** = એક પ્રકારના વાસણોની પંક્તિ, હાથના પંજાની પંક્તિ

**पाणि** = હાથ

**पायजंघोरुणा** = પગ, જાંઘ અને સાથળોથી

**पादाणं** = પગોની

**पाभातिय–तारिगा** = પ્રાતઃ કાળના તારા

**पायंगुलियाए** = પગની આંગળીઓને

**पायचारेणं** = પગે ચાલીને

**पाया** = પગ

**पारणयंसि** = પારણાં કર્યા બાદ, પારણામાં

**पासायवडिंसए** = શ્રેષ્ઠ મહેલમાં

**पि** = પણ

**पिट्ठि–करंडयाणं** = પીઠનાં હાડકાંઓના ઉન્નત પ્રદેશોની

**पिट्ठिमवस्सिएणं** = પીઠમાં રહેલા

**पिट्ठिमाइया** = પૃષ્ઠિ આદિ

**पिया** = પિતા

**पुच्छइ** = પૂછે છે

**पुट्टिले** = પોષ્ઠિલ કુમાર

**पुत्ते** = પુત્ર

**पुण्णसेणे** = પુણ્યસેનકુમાર

**पुरिससेणे** = પુરુષસેન કુમાર

**पुव्वरत्तावररत्तकाल समयंसि** = મધ્ય રાત્રિના સમયમાં, પહેલી અને પાછલી રાત્રિએ

**पुव्वाणुपुव्वीए** = અનુક્રમથી

**पेल्लए** = પેલ્લક કુમાર

**पोरिसीए** = પોરુષી, પ્રહર, દિવસ અથવા રાતનો ચોથો ભાગ

**फुट्टंतेहिं** = ઘણા મોટા અવાજથી વગાડાતાં મૃદંગ આદિ વાદ્યોના નાદથી યુક્ત

**बंभयारी** = બ્રહ્મચારી

**बत्तीसं** = બત્રીસ

**बत्तीसाए** = બત્રીસથી

**बत्तीसाओ** = બત્રીસ

**बद्धीसग–छिड्डे** = બદ્ધીસક નામના વાજાનો છેદ

**बहवे** = ઘણાં

**बहिया** = બહાર

**बहू** = ઘણાં

**बारस** = બાર

**बालत्तणं** = બાળપણ

**बावत्तरिं** = બોત્તેર

**बाहाणं** = ભુજાઓની

**बाहाया–संगलिया** = બાહાય નામના વૃક્ષની સીંગ

**बाहाहिं** = ભુજાઓથી

**बिलमिव** = બિલમાં જેમ, દરમાં જેમ

**वीणा–छिड्डे** = વીણાનાં છિદ્ર

**बुद्धेणं** = બુદ્ધ, જ્ઞાની

**बोद्धव्वे** = જાણવું જોઈએ

**बोर करिल्ले** = બોરની કૂંપળ

**बोहएणं** = બીજાને બોધ કરાવનાર

**भज्जणय कभल्ले** = ચણા આદિ શેકવાની કડાઈ, તવો

**भत्तं** = ભાત, ભોજન

**भद्दं** = ભદ્રા સાર્થવાહીને

**भद्दा** = ભદ્રા નામવાળી

**भद्दाए** = ભદ્રા સાર્થવાહીનું

**भद्दाहिं** = ભદ્રા સાર્થવાહીથી

**भण्णइ** = કહેવાય છે

**भवणे** = ભવન

**भवित्ता** = થઈને

**भाणियव्वं** = કહેવું જોઈએ

**भावेमाणे** = ભાવના કરતાં

**भासं** = ભાષા, વચન

**भासरासि पलिच्छण्णे** = રાખના ઢગલાથી ઢાંકેલી

**भासिस्सामि** = બોલીશ

**भुक्खेणं** = ભૂખથી

**भोगसमत्थे** = ભોગ ભોગવામાં સમર્થ

**मंस सोणियताए** = માંસ અને રક્તરૂપે

**मग्गदएणं** = મોક્ષ માર્ગ દેખાડનારા

**मज्झ** = વચમાં

**ममं** = મારું

**मयूरपोरा** = મોરનું પર્વ (સંધિ સ્થાન)

**महया** = ઘણું મોટું

**महब्बले** = મહાબલ કુમાર

**महाणिज्जरतराए** = ઘણાં કર્મોની નિર્જરા કરનાર

**महादुक्करकारए** = અત્યંત દુષ્કર તપ કરનાર

**महादुमसेणमाई** = મહાદ્રુમસેન આદિ

**महादुमसेण** = મહાદ્રુમસેન કુમાર

**मा** = નહિ, નહીં, નિષેધાત્મક અવ્યય

**माणुस्सए** = મનુષ્ય સંબંધી

**मातुलिंगपेसिया** = બીજોરાની ચીર

**माया** = માતા

**मास संगलिया** = અડદની સીંગ

**मासिया** = એક માસની

**मिलायमाणी** = કરમાતી થકી

**मुंडावली** = ખંભાની હાર, ખૂંટાઓની પંક્તિ

**मुंडे** = મુંડિત

**मुग्ग संगलिया** = મગની સીંગ

**मुच्छिया** = મૂર્છિત

**मूलाछल्लिया** = મૂળાનાં છિલકા, છાલ

**मेहो** = મેઘ કુમાર

**मुक्केणं** = સ્વયં મુક્ત

**मोयएणं** = બીજાને સંસાર સાગરથી મુક્ત કરાવનાર

**राया** = રાજા

**रिद्धित्थिमिय समिद्धे** = ધન ધાન્યથી યુક્ત, ભયરહિત અને સર્વ પ્રકારના ઐશ્વર્યથી યુક્ત

**लट्ठदंते** = લષ્ટદંત કુમાર

**लभइ** = પ્રાપ્ત કરે છે

**लाउयफले** = તૂંબડાનું ફળ

**लुक्ख** = રૂક્ષ

**लोगणाहाणं** = ત્રણ લોકના સ્વામી

**लोगपज्जोयगरेणं** = લોકમાં ઉદ્યોત કરનાર, લોકમાં પ્રકાશ કરનાર

**लोगप्पदीवेण** = લોકમાં દીપક સમાન

**वंदइ** = વંદના કરે છે

**वग्गस्स** = વર્ગનો

**वग्गा** = વર્ગ

**वट्टयावली** = લાખ આદિના બનાવેલાં બાળકોનાં રમકડાની પંક્તિ

**वडपत्ते** = વડનાં પાંદડા

**वत्तव्वया** = વક્તવ્ય, વિષય

**वयासी** = કહેવા લાગ્યો, બોલ્યો

**वा** = વિકલ્પ અર્થે, બોધક અવ્યય

**वारिसेण** = વારિસેનકુમાર

**वालुंक छल्लिया** = ચીભડાની છાલ

**वावि** = પણ

**वासा** = વર્ષ

**वासाइं** = ઘણાં વર્ષ

**वासे** = ક્ષેત્રમાં

**विउलं** = વિપુલગિરિ પર્વત

**विगत तडि करालेणं** = નદીના કિનારા સમાન ભયંકર પ્રાંત ભાગોથી

**विजए** = વિજય વિમાનમાં

**विजय–विमाणे** = વિજય વિમાનમાં

**विपुलं** = વિપુલગિરિ નામનો પર્વત

**विमाणे** = વિમાનમાં

**वियणपत्ते** = વાંસ આદિના પંખા

**विहरइ** = વિચરણ કરે છે

**विहरामि** = વિચરણ કરું છું

**विहरित्तए** = વિહાર કરવાને માટે

**वीइवइत्ता** = ઉલ્લંઘન કરીને,

**वुच्चइ** = કહેવામાં આવે છે

**वुत्तपडिवुत्तया** = સવાલ જવાબ

**वुत्ते** = કહેવાઈ ગયેલ છે, કહેવા પર

**वेजयंते**= વૈજયંત વિમાનમાં

**वेवमाणीए** = ધ્રુજતી

**वेहल्ल वेहायसा** = વેહલ્લ કુમાર અને વિહાયસ કુમાર

**वेहल्लस्स** = વેહલ્લકુમારને

**वेहल्ले** = વેહલ્લકુમાર

**संचाएइ** = સમર્થ હોય છે

**संजमे** = સંયમમાં, સાધુ વૃત્તિમાં

**संजमेण** = સંયમથી

**संपत्ते** = મોક્ષને પ્રાપ્ત થયેલ

**संलेहणा** = સંલેખના, શારીરિક અથવા માનસિક તપ દ્વારા કષાય આદિનો નાશ કરવો, અનશન વ્રત
**संसट्ठ** = ભોજનથી લિપ્ત(હાથો) આદિથી દેવામાં આવતું
**सच्चेव** = તે જ
**सत्त** = સાત
**सत्थवाहिं** = સાર્થવાહીને
**सत्थवाही** = સાર્થવાહી, વ્યાપારમાં નિપુણ સ્ત્રી, સાર્થવાહની પત્નિ
**सद्धिं** = સાથે
**समएणं** = સમયથી, સમયમાં
**समणं** = શ્રમણને
**समणस्स** = શ્રમણ ભગવાનનો
**समणे** = શ્રમણ ભગવાન
**समणेणं** = શ્રમણ ભગવાન દ્વારા
**समाणी** = થવા પર
**समाणे** = થવા પર
**समि-संगलिया** = શમી વૃક્ષની સીંગ
**समोसढे** = પધાર્યા, વિરાજમાન થયા
**समोसरणं** = પધારવું, તીર્થંકરનું પધારવું
**सयं** = આપો આપ, સ્વયં
**सयं-सबुद्धेणं** = સ્વયં બોધિ પ્રાપ્ત કરનાર
**सरण दएणं** = શરણ દેનાર
**सरिस** = સમાન
**सरीर वण्णओ** = શરીરનું વર્ણન જાણવું
**सल्लइ-करिल्ले** = શલ્ય વૃક્ષની કૂંપળ
**सव्वट्ठसिद्धे** = સર્વાર્થ સિદ્ધ વિમાનમાં
**सवत्थ** = સર્વત્ર, સર્વના વિષયમાં
**सव्वो** = સર્વ
**सव्वोउय** = સર્વ ઋતુઓમાં(હર્યા ભર્યા રહેનાર)
**सहस्संब वणे** = હજાર આંબાનાં વૃક્ષવાળો બગીચો
**सा** = તે
**साकेय-साएए** = સાકેતપુરમાં
**साग-पत्ते** = શાકનાં પાંદડાં
**सागरोवमाइं** = સાગરોપમ, સમયનો એક વિભાગ
**साम करिल्ले** = પ્રિયંગુ વૃક્ષની કૂંપળ
**सामण्ण परियागं** = સાધુની પર્યાય, દીક્ષા કાળ
**सामली-करिल्ले** = સેમલવૃક્ષની કૂંપળ
**सामाइयमाइयाइं** = સામાયિક આદિ
**सामी** = સ્વામી, મહાવીર સ્વામી
**साहस्सीणं** = હજારોમાં
**सिज्झणा** = સિદ્ધિ
**सिज्झिहिइ** = સિદ્ધ થશે
**सिढिल कडाली व अग्गहत्थे** = ઘોડાના મોઢા પર બાંધવાની ચામડાની કોથળીની જેમ ઢીલા, લટકી ગયેલા હાથ
**सिण्हालए** = સેફાલક નામનું ફળ
**सिद्धिगइ णामधेयं** = સિદ્ધિગતિ નામવાળા
**सिलेस गुलिया** = શ્લેષની ગોળી
**सिवं** = કલ્યાણ સ્વરૂપ
**सीस** = શિર
**सीस-घडीए** = મસ્તકરૂપી ઘટથી
**सीसस्स** = મસ્તકની
**सीहे** = સિંહકુમાર
**सीहो** = સિંહ
**सुकयत्थे** = સફળ, સુકૃતાર્થ

**सुक्कं** = સુકાયેલ

**सुक्क–छगणिया** = સુકાયેલું છાણ–સુકાયેલું છાણું

**सुक्क छल्ली** = સુકાયેલી છાલ

**सुक्कदीविए** = સુકાયેલી મશક

**सुक्क–सप्प–समाणाहिं** = સુકાયેલા સર્પની સમાન

**सुक्का** = સુકાયેલી

**सुणक्खत्त गमेण** = સુનક્ષત્ર અણગારની સમાન

**सुपुण्णे** = ઉત્કૃષ્ટ પુણ્યવાન

**सुमिणे** = સ્વપ્નમાં

**सुरूवे** = સુંદર રૂપવાન

**सुलद्धे** = સારી રીતે પ્રાપ્ત

**सुहमस्स** = સુધર્માનામના ગણધરના

**सुहुयहुयासणे इव** = સારી રીતે બળેલી અગ્નિ સમાન

**से** = તે, તેનું

**से** = પ્રારંભ બોધક અવ્યય

**सेणिए** = શ્રેણિક રાજા

**सेणिओ** = શ્રેણિક રાજા

**सेणिया** = હે શ્રેણિક !

**सेसं** = શેષ વર્ણન, બાકી રહેલ

**सेसा** = બાકી રહેલી

**सेसाणं** = બાકીનું

**सेसाणवि** = બાકીનું પણ

**सेसावि** = શેષ પણ

**सोच्चा** = સાંભળીને

**सोणियत्ताए** = લોહીના રૂપે

**सोलस** = સોળ

**हकुबफले** = હકુબ વનસ્પતિનું ફળ

**हट्ठतुट्ठ** = પ્રસન્ન અને સંતુષ્ટ

**हणुयाए** = ચિબુક, દાઢી, હડપચીની

**हत्थंगुलियाणं** = હાથોની આંગળીઓની

**हत्थाणं** = હાથોની

**हत्थिणापुरे** = હસ્તિનાપુરમાં

**हल्ले** = હલકુમાર

**हुयासणे** = અગ્નિની સમાન

**होइ** = હોય છે

**होत्था** = હતી

**ક્રિયાપદ શબ્દાર્થ**

**अडइ** = ઘૂમવું, ફરવું

**अहिज्जइ** = અધ્યયન કરવું

**कहेइ** = કહે છે

**करेन्ति** = કરે છે

**करेह** = કર

**कारेह** = કરાવ

**काहिइ** = કરશે

**करित्ता** = કરીને

**करित्तए** = કરવું જોઈએ

**किच्चा** = કરીને

**कहेइ** = કહે છે

**कप्पइ** = યોગ્ય છે, કલ્પનીય છે

**कमइ** = ઘૂમવું (ફરવું)

**णिक्खमइ** = નીકળ્યા નીકળે છે

**णिक्खमित्ता** = નીકળીને

**पडिणिक्खमइ** = નીકળ્યા
**पडिणिक्खमित्ता** = નીકળીને
**णिक्खंतो** = દીક્ષિત થયા
**उवागए** = આવ્યા
**उवागमित्ता** = આવીને
**पडिगए** = ચાલ્યા ગયા
**पडिगया** = ચાલીગઈ
**णिग्गया** = નીકળી
**गच्छइ** = જાય છે
**गच्छित्ता** = જઈને
**गच्छिहिइ** = જાશે, જશે
**गच्छित्तए** = જાવું
**उवागच्छइ** = આવે છે
**गणेइ** = ગણે છે
**गणेज्जमाणे** = ગણીને, ગણતાં
**गेण्ह** = ગ્રહણ કરવું, ગ્રહણ કર
**उग्गिण्हामि** = વિશેષથી ગ્રહણ કરું છું
**गिलाइ** = ગ્લાનિ કરવી, ખેદ કરવો
**गेण्हाइ** = ગ્રહણ કરે
**गेण्हावेइ** = ગ્રહણ કરાવે
**पडिगाहित्तए** = ગ્રહણ કરવો
**पडिगाहित्ता** = ગ્રહણ કરીને
**चरइ** = ચાલે છે
**चरमाणे** = ચાલતાં, ચાલીને
**चिट्ठइ** = ઊભું રહે છે, ઊભા રહે છે
**जाणइ** = જાણે છે
**जाणित्ता** = જાણીને
**जोइज्जा** = જોવું
**जोइज्जमाणे** = જોતાં
**उत्तरंति** = ઊતરે છે
**अवयरंति** = પાર જાય છે
**ओयरंति** = પ્રગટ થાય છે
**दूइज्जमाणे**= ઘૂમતાં, ફરતાં
**उद्दिस्सइ** = ઉદ્દેશ કરવું,ભણાવવું
**पडिदंसेइ** = બતાવવું, દેખાડવું
**णमंसइ** = નમસ્કાર કરે છે
**णमंसित्ता** = નમસ્કાર કરીને
**पज्जुवासइ** = સેવા કરવી, સેવામાં બેસવું
**पज्जुवासित्ता** = પર્યુપાસના કરીને
**पण्णायंति** = દેખાય છે, જોવાય છે
**पाउणित्ता** = પ્રાપ્ત કરીને
**पण्णत्ते** = કહ્યું છે, કહ્યા છે
**पुच्छइ** = પૂછે છે
**आपुच्छामि** = પૂછું છું
**आपुच्छित्ता** = પૂછીને
**भण्णइ** = કહે છે
**भाणियव्वं** = કહેવું જોઈએ
**भवमाणे** = થતાં
**भवित्ता** = થઈને
**भासिस्सामि** = બોલીશ
**मिलायमाणी** = કરમાતી, ખેદિત થતી
**रुह** = ચડવું
**लभइ** = મેળવે છે
**वंदइ** = વંદના કરે છે

**वंदित्ता** = વંદના કરીને
**वागरेइ** = કહે છે
**वागरित्ता** = કહીને
**वय** = બોલવું
**वयासी** = બોલ્યા
**परिवसइ** = રહે છે
**वय** = જવું
**पव्वयामि** = સંયમ ગ્રહણ કરું છું
**पव्वइत्ता** = દીક્ષા લઈને
**पव्वइए** = દીક્ષિત થયા
**संचाएइ** = કરી શકે, શક્ય થાય
**सिज्झइ** = સિદ્ધ થાય છે
**सिज्झइत्ता** = સિદ્ધ થઈને
**सिज्झिहिइ** = સિદ્ધ થશે
**सिज्झिस्संति** = સિદ્ધ થશે
**सोच्चा णिसम्म** = સાંભળીને વિચારીને
**उवसोभेमाणे** = સુશોભિત થતાં
**समोसढे** = પધાર્યા
**हर** = લેવું
**आहारेइ** = આહાર કરે છે
**आहारित्ता** = આહાર કરીને
**विहरेइ** = વિચરે છે
**विहरित्ता** = વિચરીને
**विहरित्तए** = વિચરવું
**होइ** = થાય છે
**होत्था** = હતા
**णेयव्वा** = લઈ જવું, જાણવું

**અવ્યયપદ શબ્દાર્થ**

**अंतं** = અંત, અવસાન, મૃત્યુ
**अंतिए** = સમીપ, નજીક, પાસે
**अण्णया** = અન્યદા, કોઈ સમયે
**अलं** = સમર્થ, પૂર્ણ
**अवि** = પણ
**अह** = અથ, પક્ષાંતર, આરંભ, શરૂઆત
**अहापज्जत्तं** = પર્યાપ્ત, સંપૂર્ણ
**अहापडिरूवं** = યથાયોગ્ય
**अहासुहं** = સુખથી, સુખ થાય તેમ
**आणुपुव्वीए** = અનુક્રમથી
**इ–इति** = સમાપ્તિ, પૂર્ણ
**इमेयारूवे** = આ પ્રકારે
**उच्चं** = ઊંચા
**उड्ढं** = ઉપર
**उप्पिं** = ઉપર
**एवं** = આ પ્રકારે
**एव** = જ, નિશ્ચય
**एवामेव** = આવી જ રીતે
**कइ** = કેટલા
**कयाइ** = ક્યારે
**कहिं** = ક્યાં
**केवइयं** = કેટલાં
**खलु** = નિશ્ચય, ખરેખર
**चेव** = ઠીક જ
**जइ** = જો
**जं** = જે

**जया** = જ્યારે

**जहा** = (યથા)જેમ

**जहाणामए** = જેમ કે

**जामेव** = જે, જ્યાંથી

**जाव** = ત્યાં સુધી, યાવત્

**जावज्जीवाए** = જ્યાં સુધી જીવે ત્યાં સુધી, યાવજ્જીવન

**जाहे** = જ્યારે

**जेणेव** = જ્યાં

**णं** = વાક્ય અલંકાર

**ण** = નહીં

**णवरं** = વિશેષ

**णाणत्तं** = નાનાત્વ, ભિન્નતા

**णामं** = નામ

**णो** = નહીં

**तएणं** = અનંતર (પછી)

**तं जहा** = તે આ પ્રકારે

**तत्थ** = ત્યાં

**तहा** = તથા, તે પ્રકાર

**तहेव** = તે પ્રકારે

**तामेव** = તે જ

**ति** = સમાપ્ત

**ति कट्टु** = આ પ્રમાણે કરીને

**तेणं** = તે

**तेणेव** = તે બાજુ, તે તરફ, ત્યાં

**दूरं** = દૂર

**णवरं** = વિશેષ, ફેરફાર

**णामं** = નામ

**पि** = પણ

**मा** = નિષેધ, નહીં, નહિ

**य** = અને

**वा** = વિકલ્પ, અથવા

**वावि** = અપિ, પણ, અથવા

**सच्चेव** = તે જ, તેવી જ રીતે

**सद्धिं** = સાથે

**सयं** = સ્વયં, પોતાની મેળે

**सव्वत्थ** = સર્વત્ર

**से** = તે, આ

**हु** = નિશ્ચય, ખરેખર

## પરિશિષ્ટ : ૨

## વિવેચિત પારિભાષિક શબ્દો :–

| | પૃષ્ટ નં. |
|---|---|
| **अंग** :– અંગસૂત્ર = ગણધર રચિત જૈન આગમ સાહિત્ય. આચારાંગ સૂત્રથી દષ્ટિવાદ સૂત્ર સુધીના ૧૨ અંગસૂત્ર છે. (વર્તમાને દષ્ટિવાદ સૂત્રનો વિચ્છેદ થયો છે). | ૧ |
| **अंतगडदसा** :– અંતગડદશા = આઠમું અંગસૂત્ર, તેમાં તે જ ભવમાં સંસારનો અંત કરનારા, મોક્ષ પ્રાપ્ત કરનારા, સાધકોનાં જીવનનું વર્ણન છે. | ૧ |
| **अणगार** :– અણગાર = જેનું આગાર એટલે ઘર ન હોય, ત્યાગી સાધુ, ભિક્ષુ. | ૨ |
| અપરિશ્રાંતયોગી = ખેદ – શોક રહિત યોગવાળા, સંયમ સાધનામાં ખેદ રહિત સાધક. | ૩૧ |
| અભિગ્રહ = પ્રતિજ્ઞા, પચ્ચક્ખાણ, બાધા. વિશેષ પ્રકારનો નિયમ લેવો, અભિગ્રહ. | ૫૦ |
| **आयार–भंडए** :– આચાર પાલન માટેનાં ઉપકરણો, પાત્ર, મુહપત્તિ, રજોહરણ આદિ. | ૬ |
| આયંબિલ :– તપ વિશેષ, લૂખો અને સ્વાદ રહિત આહાર ગ્રહણ કરવો, સ્વાદને જીતવાની સાધના, લૂખા પદાર્થને પાણીમાં પલાળી નિઃસ્વાદ (નિરસ) બનાવીને ખાવું. | ૨૮ |
| **आउक्खय–भवक्खय–ठिइक्खय** :– (૧) આયુષ્યક્ષય– આયુષ્ય કર્મના દલિકોનો ક્ષય, પ્રદેશોનો ક્ષય (૨) ભવક્ષય– ભવનો ક્ષય, વર્તમાન મનુષ્ય, નારક આદિ પર્યાયનો અંત (૩) સ્થિતિક્ષય– ભોગવવા યોગ્ય આયુષ્યકર્મની સ્થિતિની સમાપ્તિ. | ૭ |
| ઈરિયાસમિતિ :– ચાલવા ફરવામાં, આવવા જવામાં ઉપયોગ (વિવેક) રાખનારા, સાવધાનીથી ગમન કરનારા, ઈર્યાસમિતિવંત કહેવાય છે. | ૩૧ |
| ઉપપાત :– દેવ અને નરકના જન્મને અથવા જન્મ–મરણની પ્રક્રિયાને ઉપપાત કહે છે. | ૬ |
| **उज्झियधम्मिय** :– ઉજ્ઝિતધર્મી = જે છોડવા યોગ્ય, ફેંકવા યોગ્ય, ઘરમાં રાખવાનો કે ખાવાનો ન હોય એવો પરિશેષ આહાર. | ૨૯ |
| **काउस्सग्ग** :– કાયોત્સર્ગ = કાયિક મમત્વનો પરિત્યાગ અને શારીરિક ક્રિયાઓનો પરિત્યાગ, ધ્યાનની મુદ્રામાં સ્થિર રહેવું. | ૫ |
| **गुणरयण तवोकम्म** :– ગુણરત્ન સંવત્સરતપ, આ તપ સોળ માસનું છે, જેમાં પ્રથમ મહિનામાં નિરંતર એક ઉપવાસ, બીજામાં નિરંતર બે અને ક્રમશઃ વધતાં સોળમા મહિનામાં નિરંતર સોળ ઉપવાસ કરવાના હોય છે. | ૫ |
| **गुत्तबंभयारी** :– ગુપ્તબ્રહ્મચારી = આત્માની સાક્ષીએ મન વચન, કાયાનો સંયમ કરનારા બ્રહ્મચારી ભિક્ષુ. | ૨૭ |

**छट्ठ :–** છઠ = એક સાથે બે ઉપવાસ અર્થાત્ બે દિવસ આહારનો સંપૂર્ણ પરિત્યાગ કરવો. ૨૮
છઠ, આ બે ઉપવાસની સંજ્ઞા છે.

**जयण–घडण जोग–चरित्त :–** (૧) યતન = યત્ન, યતના, વિવેક, પ્રાણી રક્ષા કરવી ૩૧
(૨) ઘટન = પ્રયત્ન, ઉદ્યમ, પુરુષાર્થ (૩) યોગ = સંબંધ, મિલાપ, જોડાવું, જેમાં યતના અને ઉદ્યમ છે. આ પ્રકારનું ચારિત્ર અથવા ચારિત્રવાળી વ્યક્તિ.

**तव :–** તપ = જેનાથી ઈચ્છાનો નિરોધ થાય, કર્મોનો ક્ષય થાય, આત્મભાવનું પોષણ થાય ૫૦
છે, તે તપ કહેવાય છે. શાસ્ત્રમાં તેના બાર પ્રકાર કહ્યાં છે.

**थेर :–** સ્થવિર = વૃદ્ધ. આગમમાં સ્થવિરના ત્રણ પ્રકાર કહ્યાં છે– ૧. વય સ્થવિર = ૬૦ ૫
વર્ષની ઉંમરવાળા સાધુ ૨. પ્રવ્રજ્યા સ્થવિર = ૨૦ વર્ષની દીક્ષા પર્યાયવાળા સાધુ ૩. શ્રુત સ્થવિર = ઠાણાંગસૂત્ર, સમયાંગસૂત્ર સુધીનાં અગિયાર શાસ્ત્રોને ધારણ કરનાર સાધુ.

**परिणिव्वाणवत्तियं काउस्सग्गं :–** શ્રમણોનાં (સાધુઓનાં) અવસાનના નિમિત્તે ૫
થતી કાયોત્સર્ગની ક્રિયા.

પોરસી = એક પ્રહરનો સમય, પુરુષ પ્રમાણ છાયાથી માપ કરાય તેને પોરસી કહે છે. ૩૦

**बिलमिव पणगभूएणं** = સર્પ દરમાં પ્રવેશ કરે તેમ અનાસક્તભાવે આહારનો મુખમાં ૩૧
પ્રવેશ કરાવે.

**संयम :–** મનનો નિરોધ, ઈન્દ્રિય નિગ્રહ, યત્નાપૂર્વક જીવ હિંસા આદિનો ત્યાગ. ૧૦
૧૭ પ્રકારનો સંયમ છે.

**समुदाण :–** સામુદાનિક = સંપન્નતાની અપેક્ષાએ ઉચ્ચ, નિમ્ન અને મધ્યમ કુળના લક્ષ્ય ૩૦
વિના સહજ ભિક્ષા માટે ફરવું તેને સામુદાનિક ભિક્ષા(ગોચરી) કહેવાય છે.

**सज्झाय :–** સ્વાધ્યાય, શાસ્ત્રવાચન, પરાવર્તન ઈત્યાદિ. સ્વાધ્યાયના પાંચ પ્રકાર છે. ૩૦

**समण :–** શ્રમણ, શ્રમશીલ મુનિ, નિર્ગ્રંથ, કષાયોને અને ઈચ્છાઓને શમન કરનારા, ૧
પાપોના ત્યાગી.

**संलेहणा :–** સંલેખના, શારીરિક અને માનસિક તપથી કષાય આદિ આત્મ વિકારોને ૪૭
તથા કાયાને કૃશ કરવા. મરણની પૂર્વ અનશન યુક્ત સાધના, સંથારો કરવો.

**समोसढे :–** સમવસરણ. તીર્થંકરનું પધારવું, બાર પ્રકારની પરિષદ–સભાનું મળવું, ૫
જ્યાં ભગવાન બિરાજમાન હોય છે, દેવો દ્વારા કરાતી વિશિષ્ટ સભાની રચના.

**सागरोवम :–** સાગરોપમ, કાળ વિશેષ. દસ ક્રોડા ક્રોડી પલ્યોપમ પરિમિત કાળ. જેના ૭
દ્વારા નારકી અને દેવોનું આયુષ્ય માપવામાં આવે છે. અસંખ્ય વર્ષોનાં કાળનું ઉપમા સૂચક નામ છે.

## પરિશિષ્ટ–૩

## વિશિષ્ટ સ્થાન, વ્યક્તિ અને શબ્દોનો પરિચય

### વિશિષ્ટ સ્થાન :–

પૃષ્ટાંક

**૧. રાજગૃહ :–** રાજગૃહ ભારતનું એક સુંદર, સમૃદ્ધ અને વૈભવશાળી નગર હતું. ૧
મગધ જનપદની રાજધાની તથા જૈન સંસ્કૃતિ અને બૌદ્ધ સંસ્કૃતિનું એક મુખ્ય કેન્દ્ર હતું. આ પુણ્યશાળી અને પવિત્ર નગરીમાં ભગવાને ૧૪ ચાતુર્માસ કર્યા હતા. હજારો લાખો માનવોએ આ જગ્યાએ ભગવાન મહાવીરની વાણી સાંભળી હતી અને શ્રાવક ધર્મ તથા સાધુ ધર્મને સ્વીકાર્યો હતો. આ નગર પ્રાચીન યુગમાં ક્ષિતિપ્રતિષ્ઠિત નામથી પ્રસિદ્ધ હતું. તેનો નાશ થયા પછી તે જ જગ્યાએ ઋષભપુર નગર વસ્યું. તેનો નાશ થયા પછી કુશાગ્રપુર નગર વસ્યું. જ્યારે એ નગર પણ બળી ગયું ત્યારે રાજા શ્રેણિકના પિતા રાજા પ્રસેનજિતે રાજગૃહ વસાવ્યું. જે વર્તમાનમાં રાજગૃહ નામથી પ્રસિદ્ધ છે. તેનું બીજું નામ ગિરિવ્રજ પણ હતું કારણ કે તેની આસપાસ પાંચ પર્વત છે. રાજગૃહ બિહાર પ્રાંતમાં પટનાથી પૂર્વ–દક્ષિણ અને ગયાથી પૂર્વોત્તર દિશામાં સ્થિત છે. બૌદ્ધ ગ્રંથોમાં પણ રાજગૃહનો વારંવાર ઉલ્લેખ મળે છે.

**૨. કાકંદી :–** જિતશત્રુ રાજાની રાજધાની અને ઘોર તપસ્વી ધન્ય અણગારની જન્મભૂમિ ૧૫
છે. આ ઉત્તર ભારતની પ્રાચીન અને પ્રસિદ્ધ નગરી હતી. ભગવાન મહાવીર સ્વામીના સમયમાં આ નગરીમાં જિતશત્રુ રાજા રાજ્ય કરતા હતા.

કાકંદી નગરીની બહાર 'સહસ્રામ્રવન' નામનું એક સુંદર ઉદ્યાન હતું. ભગવાનનાં સમવસરણ અહીં થયાં હતાં. ધન્ય અણગારની દીક્ષા પણ આ જ ઉદ્યાનમાં થઈ હતી. વર્તમાનમાં ગોરખપુરથી દક્ષિણ પૂર્વમાં ત્રીસ માઈલ પર નુનખાર સ્ટેશનથી બે માઈલ ક્યાંક કાકંદી નગરી હશે.

**૩. વાણિજયગ્રામ :–** મગધ દેશનું એક પ્રાચીન નગર હતું. આ કોશલ દેશની રાજધાની ૫૩
હતી. આચાર્ય હેમચંદ્રાચાર્યે સાકેત, કોશલ અને અયોધ્યા, આ ત્રણેયને એક જ કહ્યું છે.

**૪. સાકેતનગર :–** સાકેતનગરની સમીપ જ ઉત્તરકુરુ નામનું એક સુંદર ઉદ્યાન હતું, ૫૩
તેમાં પાશામૃગ નામનું એક યક્ષાયતન હતું. સાકેત નગરનાં રાજાનું નામ મિત્રનંદી અને રાણીનું નામ શ્રીકાંતા હતું, વર્તમાનમાં ફૈજાબાદ જિલ્લામાં, ફૈજાબાદથી પૂર્વોત્તરમાં ૬ માઈલ પર સર્યૂનદીનાં દક્ષિણ તટ ઉપર સ્થિત વર્તમાન અયોધ્યાની નજીક જ પ્રાચીન સાકેતનગર હોવું જોઈએ, એવી ઈતિહાસજ્ઞોની માન્યતા છે.

**૫. હસ્તિનાપુર :–** ભારતનું પ્રસિદ્ધ પ્રાચીન નગર અને મહાભારત કાળના કુરુદેશનું ૫૩
એક સુંદર અને મુખ્ય નગર હતું. ભારતના પ્રાચીન સાહિત્યમાં આ નગરનાં અનેક નામ ઉપલબ્ધ છે. ૧. હસ્તિની ૨. હસ્તિનપુર ૩. હસ્તિનાપુર ૪. ગજપુર આદિ.

આજકાલ હસ્તિનાપુરનું સ્થાન મેરઠથી ૨૨ માઈલ પૂર્વોત્તર અને બિજનૌરથી દક્ષિણ પશ્ચિમના ખૂણામાં બૂઢી ગંગા નદીના દક્ષિણ ખૂણા પર સ્થિત છે.

**૬. ગુણશિલક ચૈત્ય :–** રાજગૃહ નગરની બહાર ઈશાન ખૂણામાં એક ચૈત્ય (ઉદ્યાન) ૪
હતું. રાજગૃહની બહાર અન્ય ઘણાં ઉદ્યાન હશે પરંતુ ભગવાન મહારવીર ગુણશિલક ઉદ્યાનમાં જ વિરાજતા હતા.

અહીં ભગવાનની પાસે સેંકડો શ્રમણ અને શ્રમણીઓ તથા હજારો શ્રાવક–શ્રાવિકાઓ બન્યાં હતાં. વર્તમાનમાં "ગુણાવા" જે નવાદા સ્ટેશનથી લગભગ ત્રણ માઈલ દૂર છે, પ્રાચીનકાળનું આ જ ગુણશિલક ચૈત્ય મનાય છે. ગુણશીલ એ નામ પ્રચલિત છે અને ગુણશિલક એ અર્થ પણ થાય છે.

**૭. વિપુલગિરિ :–** રાજગૃહ નગરની પાસેનો એક પર્વત, આગમોમાં અનેક સ્થળે ૫
તેનો ઉલ્લેખ મળે છે. ઘણા સાધકોએ અહીં સંથારો કર્યો હતો એટલે કે સ્થવિરોની દેખરેખમાં ઘોર તપસ્વી અહીં આવીને અનશન કરતા હતા. જૈન સાહિત્યમાં આવા પાંચ પર્વતોનો ઉલ્લેખ મળે છે– ૧. વૈભારગિરિ ૨. વિપુલગિરિ ૩. ઉદયગિરિ ૪. સુવર્ણગિરિ ૫. રત્નગિરિ.

મહાભારતમાં પાંચ પર્વતોનાં નામ આ છે– વૈભાર, વારાહ, વૃષભ, ઋષિગિરિ અને ચૈત્યક. વાયુપુરાણમાં પણ પાંચ પર્વતોનો ઉલ્લેખ મળે છે. જેમ કે– વૈભાર, વિપુલ, રત્નકુટ, ગિરિવ્રજ અને રત્નાચલ.

ભગવતી સૂત્રના શતક ૨, ઉદ્દેશા ૫ માં રાજગૃહના વૈભાર પર્વતની નીચે મહાતપોપતીરપ્રભવ નામના ઉષ્ણજલમય પ્રસ્રવણ–નિર્ઝરનો ઉલ્લેખ છે, જે આજે પણ વિદ્યમાન છે.

બૌદ્ધ ગ્રંથોમાં આ નિર્ઝરનું નામ "તપોદ" મળે છે, જે સંભવતઃ "તપ્તોદક"થી બન્યું હશે.

ચીની યાત્રી ફાહિયાને પણ તે પર્વતને જોયો હતો.

**૮. સહસ્રામ્રવન :–** આગમોમાં આ ઉદ્યાનનો પ્રચુર ઉલ્લેખ મળે છે. કાંકદી નગરીની ૧૫
બહાર પણ આ નામનું એક સુંદર ઉદ્યાન હતું. જ્યાં ધન્યકુમાર અને સુનક્ષત્રકુમારની

દીક્ષા થઈ હતી.

સહસ્રામ્રવનનો ઉલ્લેખ નિમ્નલિખિત નગરોની બહાર પણ આવે છે– ૧. કાકંદીની બહાર ૨. ગિરનાર પર્વત ઉપર ૩. કામ્પિલ્ય નગરની બહાર ૪. પાંડુ મથુરાની બહાર ૫. મિથિલા નગરીની બહાર ૬. હસ્તિનાપુરની બહાર આદિ.

## વિશિષ્ટ વ્યક્તિ :–

**૧. ગણધર ગૌતમ (ઈન્દ્રભૂતિ) :–** ગૌતમસ્વામીનું મૂળ નામ ઈન્દ્રભૂતિ છે પરંતુ ગોત્રતઃ ગૌતમ નામથી આબાલ–વૃદ્ધોમાં પ્રસિદ્ધ છે. ૬

મગધદેશના ગોવર ગ્રામના રહેવાસી, ગૌતમ ગોત્રીય બ્રાહ્મણ વસુભૂતિના આ જ્યેષ્ઠ પુત્ર હતા. તેમની માતાનું નામ પૃથિવી હતું.

ઈન્દ્રભૂતિ વૈદિક ધર્મના પ્રખર વિદ્વાન હતા, ગંભીર વિચારક હતા, મહાન તત્ત્વવેત્તા હતા.

એકવાર ઈન્દ્રભૂતિ સોમિલ આર્યના નિમંત્રણ પર પાવાપુરીમાં થનારા યજ્ઞોત્સવમાં ગયા હતા. ત્યારે ભગવાન મહાવીર પણ પાવાપુરીની બહાર મહાસેન ઉદ્યાનમાં પધાર્યા હતા. ભગવાનનો મહિમા જોઈને ઈન્દ્રભૂતિ તેમને પરાજિત કરવાની ભાવનાથી ભગવાનના સમવસરણમાં આવ્યા. પરંતુ તે સ્વયં પરાજિત થઈ ગયા. પોતાના મનનો સંશય દૂર થઈ જતાં તે પોતાના પાંચસો શિષ્ય સહિત ભગવાનના શિષ્ય થઈ ગયા. ગૌતમ પ્રથમ ગણધર થયા.

આગમોમાં અને આગમેતર સાહિત્યમાં ગૌતમસ્વામીના જીવન વિષયક અનેક ઉલ્લેખો પ્રાપ્ત થાય છે.

ગૌતમ, ભગવાન મહાવીરના પટ્ટશિષ્ય હતા. ભગવાનના ધર્મશાસનના તે કુશળ શાસ્તા હતા, પ્રથમ ગણધર હતા.

ઈન્દ્રભૂતિ ગૌતમ દીક્ષાના સમયે ૫૦ વર્ષના હતા, ૩૦ વર્ષ સાધુ પર્યાયમાં અને ૧૨ વર્ષ કેવલી પર્યાયમાં રહ્યા. અંતે ગુણશિલક ચૈત્યમાં માસિક અનશન કરીને ભગવાનના નિર્વાણનાં ૧૨ વર્ષ પછી ૯૨ વર્ષની વયે નિર્વાણને પ્રાપ્ત થયા.

શાસ્ત્રમાં ગણધર ગૌતમનો પરિચય આ રીતે આપ્યો છે– તેઓ ભગવાનના જ્યેષ્ઠ શિષ્ય હતા. સાત હાથ ઊંચા હતા, તેમના શરીરનું સંસ્થાન અને સંહનન ઉત્કૃષ્ટ પ્રકારનું હતું. સુવર્ણરેખાની સમાન ગૌરવર્ણના હતા. તેઓ ઉગ્રતપસ્વી, મહાતપસ્વી, ઘોર તપસ્વી, ઘોર બ્રહ્મચારી અને વિપુલ તેજોલેશ્યાથી સંપન્ન હતા. શરીરમાં અનાસક્ત

હતા; ચૌદ પૂર્વધર હતા; મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ, આ ચાર જ્ઞાનના ધારક હતા. તેઓ સર્વાક્ષર સન્નિપાતિ લબ્ધિના ધારક હતા. તેઓ ભગવાન મહાવીરની પાસે ઉક્કડુ(ઉત્કટ) આસનથી મસ્તક ઝુકાવીને બેસતા હતા, ધ્યાન મુદ્રામાં સ્થિર રહીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં વિચરતા હતા.

ગણધર ગૌતમના જીવનની એક વિશિષ્ટ ઘટનાનો ઉલ્લેખ ઉપાસકદશાંગ સૂત્રમાં આ પ્રમાણે છે– આનંદ શ્રાવકે જ્યારે પોતાને અમુક મર્યાદા સુધીના અવધિજ્ઞાન પ્રાપ્તિની વાત તેઓને કરી, ત્યારે તેમણે કહ્યું– આટલી મર્યાદા સુધીનું અવધિજ્ઞાન શ્રાવકને ન હોઈ શકે. ત્યારે આનંદે કહ્યું– મને આટલું સ્પષ્ટ દેખાય છે, અતઃ મારું કથન સદ્ભૂત છે. આ સાંભળી ગણધર ગૌતમ શંકિત થઈ ગયા અને પોતાની શંકાનું નિવારણ કરવા માટે ભગવાનની પાસે પહોંચ્યા, ભગવાને આનંદ શ્રાવકની વાતને સત્ય કહી અને આનંદ શ્રાવકની ક્ષમાપના કરવા માટે કહ્યું. ગૌતમ સ્વામીએ આનંદ શ્રાવકની પાસે જઈ ક્ષમાયાચના કરી.

વિપાક સૂત્રમાં મૃગાપુત્ર રાજકુમારનું જીવન વર્ણિત છે. તે ભયંકર રોગગ્રસ્ત હતો. તેના શરીરમાંથી અસહ્ય દુર્ગંધ આવતી હતી, જેથી એને તલઘરમાં (ભોંયરામાં) રખાતો હતો. એકવાર ગણધર ગૌતમ મૃગાપુત્રને જોવા ગયા. તેની બીભત્સ રુગ્ણ અવસ્થા જોઈને ચાર જ્ઞાનના ધારક, ચતુર્દશપૂર્વી અને દ્વાદશાંગ વાણીના પ્રવાહક ગણધર ગૌતમે કહ્યું– મેં નરક તો જોઈ નથી, પરંતુ આ જ નરક છે અર્થાત્ આ વ્યક્તિનું દુઃખ નરક જેવું જ દેખાય છે. – *[વિપાકસૂત્ર]*

ગૌતમના સંબંધમાં એક બીજી ઘટના પ્રચલિત છે– ગણધર ગૌતમ દ્વારા પ્રતિબોધિત શિષ્યોને કેવળજ્ઞાન થઈ જતું હતું. પરંતુ ગૌતમને થતું ન હતું. એકદા ગૌતમ ખિન્ન થઈ ગયા હતા, ત્યારે ભગવાને કહ્યું – ગૌતમ ! મારા શરીર ત્યાગના પશ્ચાત્ હું અને તું સમાન થઈ જઈશું, તું અધીર ન બન. આ રીતે ભગવાનના કહેવા પર ગૌતમ સ્વામી સંતુષ્ટ થયા. –*[ભગવતી સૂત્ર ]*

ઈન્દ્રભૂતિ ગૌતમ સત્યના મહાન શોધક હતા. પોતાનું બધું જ ભૂલીને તેઓ ભગવાનના ચરણોમાં જ સર્વતોભાવથી સમર્પિત થઈ ગયા હતા.

**૨. ગણધર સુધર્માસ્વામી :–** ભગવાન મહાવીરના પાંચમા ગણધર હતા અને ૧
જંબુસ્વામીના ગુરુ હતા. તેનો પૂર્વ પરિચય આ પ્રકારે છે– તે કોલ્લાક સન્નિવેશના રહેવાસી અગ્નિ વૈશ્યાયન ગોત્રીય બ્રાહ્મણ હતા. તેના પિતાનું નામ ધમ્મિલ તથા માતાનું નામ ભદ્દિલા હતું. તે વેદોના પ્રખર જ્ઞાતા અને અનેક વિદ્યાઓમાં પારંગત હતા, પાંચસો શિષ્યોના પૂજનીય, વંદનીય અને આદરણીય ગુરુ હતા. જન્માંતર સાદશ્યવાદમાં તેની

શ્રદ્ધા હતી. **''पुरुषो वै पुरुषत्वमश्नुते पशवः पशुत्वम्''** અર્થાત્ પુરુષ મરીને પુરુષ જ થાય છે અને પશુ મરીને પશુ જ થાય છે પરંતુ સુધર્માસ્વામીને વેદોમાં જન્માંતર વૈસાદશ્યવાદના સમર્થક વાક્ય પણ પ્રાપ્ત થતા. જેમ કે **''श्रृगालो वै एष जायते, यः सपुरीषो दह्यते''**. સુધાર્માસ્વામી બન્ને પ્રકારના પરસ્પર વિરુદ્ધ વાક્યોથી સંશયયુક્ત થઈ ગયા હતા.

ભગવાન મહાવીરે પૂર્વાપર વેદ વાક્યોનો સમન્વય કરીને જન્માંતર–વૈસાદશ્યવાદને સિદ્ધ કર્યો. તેની શંકાનું સમ્યક્ સમાધાન ભગવાને વેદ વાક્યોથી કર્યું , તેમની ભ્રાંતિનું નિવારણ થયું. ૫૦ વર્ષની વયે તેમણે દીક્ષા લીધી. ૪૨ વર્ષ સુધી તેઓ છદ્મસ્થ રહ્યા, મહાવીર નિર્વાણનાં ૧૨ વર્ષ પછી તેઓ કેવળી થયા, અને ૧૮વર્ષ કેવળી અવસ્થામાં રહ્યા.

ગણધરોમાં સુધર્માસ્વામીનું પાંચમું સ્થાન છે. તે સર્વ ગણધરોથી દીર્ઘ જીવી હતા. ભગવાન મહાવીર સ્વામીની હૈયાતીમાં નવ ગણધર કેવળજ્ઞાન–દર્શન પામ્યા હતા અને પ્રભુવીરના નિર્વાણ બાદ ગૌતમ સ્વામી કેવળ જ્ઞાનદર્શન પામ્યા. તેથી વીરપ્રભુની પાટ પરંપરા સુધર્મા સ્વામીથી ચાલી હતી. પ્રભુવીરની વાણી તેમની શિષ્ય પરંપરાથી આપણને મળેલ છે.

**૩. જંબૂસ્વામી :–** આર્ય સુધર્માસ્વામીના પરમ વિનીત શિષ્ય તથા આર્ય પ્રભવ ૧
સ્વામીના પ્રતિબોધક હતા. આગમોમાં ઘણી જગ્યાએ જંબૂસ્વામી એક પરમ જિજ્ઞાસુના રૂપમાં દેખાય છે.

જંબૂકુમાર રાજગૃહ નગરના સમૃદ્ધ વૈભવશાળી ઈભ્ય શેઠના પુત્ર હતા. તેમના પિતાનું નામ ઋષભદત્ત અને માતાનું નામ ધારિણી હતું. જંબૂકુમારની માતાએ જંબૂકુમારના જન્મ પહેલાં સ્વપ્નમાં જંબૂવૃક્ષ જોયું હતું, તેથી પુત્રનું નામ જંબૂકુમાર રાખ્યું.

સુધર્માસ્વામીની દિવ્યવાણીથી જંબૂકુમારના મનમાં વૈરાગ્ય જાગૃત થયો. અનાસક્ત જંબૂકુમારને માતા પિતાના અત્યંત આગ્રહથી વિવાહ સ્વીકૃત કરવા પડ્યા અને આઠ ઈભ્યવર શ્રેષ્ઠી કન્યાઓની સાથે વિવાહ થયા.

વિવાહની પ્રથમ રાત્રિએ જંબૂકુમાર પોતાની આઠ નવવિવાહિતા પત્નીઓને પ્રતિબોધ આપી રહ્યા હતા. તે સમયે એક ચોર ચોરી કરવા આવ્યો. તેનું નામ પ્રભવ હતું. જંબૂકુમારની વૈરાગ્ય પૂર્ણ વાણી શ્રવણ કરીને તે પણ પ્રતિબુદ્ધ થયા. ૫૦૧ ચોર, ૮ પત્નીઓ, આઠે પત્નીઓનાં ૧૬ માતા–પિતા, જંબૂકુમારનાં માતા–પિતા અને સ્વયં જંબૂકુમાર; આ રીતે ૫૨૮ વ્યક્તિઓએ એક સાથે સુધર્માસ્વામીની પાસે દીક્ષા ગ્રહણ

કરી.

જંબૂકુમાર ૧૬ વર્ષ ગૃહસ્થાવાસમાં રહ્યા. ૨૦ વર્ષ છદ્મસ્થપણે રહ્યા, ૪૪ વર્ષ કેવળી પર્યાયમાં રહ્યા, ૮૦ વર્ષનું આયુષ્ય ભોગવીને પોતાની પાટ પર પ્રભવ સ્વામીને સ્થાપિત કરી સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થયા. જંબૂસ્વામી આ અવસર્પિણી કાળના અંતિમ કેવળી હતા.

વર્તમાને ઉપલબ્ધ અંગ આગમ શાસ્ત્રો સુધર્માસ્વામી અને જંબૂસ્વામી, એ આ બે ગુરુ શિષ્યના સંવાદરૂપ ઉત્થાનિકાથી સંકળાયેલ આપણને પ્રાપ્ત થયા છે. જો કે તે ઉત્થાનિકાઓ ઘણી પાછળથી સૂત્રમાં જોડાયેલ છે છતાં વર્તમાને વિદ્યમાન શ્રુતજ્ઞાનમાં તે ગુરુ શિષ્યનો અનંત ઉપકાર છે.

**૪. શ્રેણિક રાજા :–** મગધ દેશના સમ્રાટ હતા. અનાથી મુનિથી પ્રતિબોધિત થઈને ૪
ભગવાન મહાવીર સ્વામીના પરમ ભક્ત થઈ ગયા હતા.

રાજા શ્રેણિકનું વર્ણન જૈન ગ્રંથો તથા બૌદ્ધ ગ્રંથોમાં પ્રચુર માત્રામાં મળે છે. ઈતિહાસકાર કહે છે કે શ્રેણિક રાજા હૈહય કુળ અને શિશુનાગ વંશના હતા. બૌદ્ધ ગ્રંથોમાં 'સેનિય' અને બિંબિસાર' આ બે નામ મળે છે. જૈનગ્રંથોમાં સેણિય ભિંભસાર અને ભંભાસાર નામ ઉપલબ્ધ છે.

ભિંભસાર અને ભંભાસાર નામ કેવી રીતે પડ્યાં ? આ સંબંધમાં શ્રેણિકના જીવનનો એક સુંદર પ્રસંગ છે.

શ્રેણિકના પિતા રાજા પ્રસેનજિત કુશાગ્રપુરમાં રાજ્ય કરતા હતા. એક દિવસની વાત છે– રાજમહેલમાં અચાનક આગ લાગી. દરેક રાજકુમાર પોત–પોતાની પ્રિય વસ્તુ લઈને બહાર ભાગ્યા. કોઈ હાથી લઈને, કોઈ અશ્વ લઈને, કોઈ રત્નમણિ લઈને ભાગ્યા. પરંતુ શ્રેણિક રાજા માત્ર એક 'ભંભા' લઈને જ બહાર નીકળ્યા હતા.

શ્રેણિકને જોઈને બીજા ભાઈઓ હસી રહ્યા હતા. પરંતુ પિતા પ્રસેનજિત પ્રસન્ન હતા, કારણ કે શ્રેણિકે અન્ય બધી વસ્તુ છોડીને એક માત્ર રાજ્યચિહ્નની રક્ષા કરી હતી.

આના ઉપરથી રાજા પ્રસેનજિતે તેનું નામ 'ભિંભસાર' અથવા 'ભંભાસાર' રાખ્યું. ભિંભસાર શબ્દ જ સંભવતઃ આગળ ચાલીને ઉચ્ચારણ ભેદથી બિંબસાર બની ગયું.

**૫. ધારિણી દેવી :–** શ્રેણિક રાજાની પટ્ટરાણી હતી. ધારિણીનો ઉલ્લેખ આગમોમાં ૪
પ્રચુર માત્રામાં મળે છે. સંસ્કૃત સાહિત્યનાં નાટકોમાં પ્રાયઃ રાજાની સૌથી મોટી રાણીના નામની આગળ 'દેવી' વિશેષણ લગાડાય છે. જેનો અર્થ થાય છે–રાણીઓમાં સૌથી

મોટી અભિષિક્ત રાણી અર્થાત્ પટ્ટરાણી.

રાજા શ્રેણિકની અનેક રાણીઓ હતી, તેમાં ધારિણી મુખ્ય હતી. તેથી ધારિણીની આગળ 'દેવી' વિશેષણ પ્રયુક્ત થયું છે. દેવીનો અર્થ છે– પૂજ્યા.

મેઘકુમાર આ જ ધારિણી દેવીના પુત્ર હતા. જેમણે ભગવાન મહાવીરની પાસે દીક્ષા ગ્રહણ કરી હતી.

**૬. ચેલ્લણા :–** રાજા શ્રેણિકની રાણી અને વૈશાલીના અધિપતિ ચેટક રાજાની પુત્રી ૯ હતી. ચેલ્લણા સુંદરી, ગુણવતી, બુદ્ધિમતી, ધર્મપરાયણ નારી હતી. શ્રેણિક રાજાને ધાર્મિક બનાવવામાં જૈનધર્મ પ્રતિ અનુરક્ત કરવામાં ચેલ્લણાનું ઘણું યોગદાન હતું.

ચેલ્લાણાને રાજા શ્રેણિકના પ્રતિ પ્રગાઢ અનુરાગ હતો, તેનું પ્રમાણ **''निरयावलिका''** સૂત્રમાં મળે છે. કોણિક, હલ્લ અને વિહલ્લ આ ત્રણે ય ચેલ્લણાના પુત્ર હતા.

**૭. નંદા :–** શ્રેણિકની રાણી હતી, તેણે ભગવાન મહાવીરની પાસે દીક્ષા ગ્રહણ કરી, ૯ ૧૧ અંગોનું અધ્યયન કર્યું, ૨૦ વર્ષ સુધી સંયમનું પાલન કર્યું, અંતમાં સંથારો કરીને મોક્ષ પ્રાપ્ત કર્યો.

**૮. જિતશત્રુ રાજા :–** શત્રુને જીતનારા. જે રીતે બૌદ્ધ જાતકોમાં પ્રાયઃ બ્રહ્મદત્ત રાજાનું ૧૫ નામ આવે છે તે રીતે જૈનગ્રંથોમાં પ્રાયઃ જિતશત્રુ રાજાનું નામ આવે છે. જિતશત્રુની સાથે પ્રાયઃ ધારિણીનું નામ પણ આવે છે. કોઈ પણ કથાના પ્રારંભમાં કોઈ પણ એક રાજાનું નામ બતાવવું, આ કથાકારોની પુરાતન પદ્ધતિ રહી છે.

આ નામનો ભલે કોઈ એક રાજા ન પણ હોય. તથાપિ કથાકાર પોતાની કથાના પ્રારંભમાં આ નામોનો ઉપયોગ કરે છે. આમ તો જૈન સાહિત્યના કથાગ્રંથોમાં જિતશત્રુ રાજાનો ઉલ્લેખ આવે છે. નિમ્નલિખિત નગરોના રાજાનું નામ જિતશત્રુ બતાવ્યું છે. (૧) વાણિજ્ય ગ્રામ (૨) ચંપાનગરી (૩) ઉજ્જયિની (૪) સર્વતોભદ્ર નગર (૫) મિથિલા નગરી (૬) પાંચાલ દેશ (૭) આમલકલ્પા નગરી (૮) સાવત્થી નગરી(૯) વાણારસી નગરી (૧૦) આલભિકા નગરી (૧૧) પોલાસપુર.

**૯. ભદ્રા સાર્થવાહી :–** કાકંદી નગરીના ધન્યકુમાર અને સુનક્ષત્રકુમારની માતા ભદ્રા ૧૫ સાર્થવાહી છે. કાકંદી નગરીમાં ભદ્રા સાર્થવાહીનું બહુમાન હતું. ભદ્રાના પતિનો ઉલ્લેખ મળતો નથી. ભદ્રાની સાથે પ્રયુક્ત સાર્થવાહી વિશેષણ એ સિદ્ધ કરે છે કે તે સાધારણ વ્યાપાર જ નહીં પરંતુ સાર્વજનિક કાર્યોમાં પણ મહત્વપૂર્ણ ભાગ લેતી હશે અને દેશ તથા પરદેશમાં મોટા પાયે વ્યાપાર કરતી હશે અથવા સાર્થવાહની પત્ની હોવાથી પણ

સાર્થવાહી કહી શકાય છે.

**૧૦. પંચધાત્રી :–** શિશુનુ લાલન–પાલન કરનારી પાંચ પ્રકારની ધાવ માતાઓ. ૫૦
શિશુ પાલન પણ માનવજીવનની એક કળા છે, એક મહાન દાયિત્વ પણ છે. કોઈ શિશુને જન્મ દેવા માત્રથી જ માતા–પિતાનું ગૌરવ વધતું નથી. માતા પિતાનું વાસ્તવિક ગૌરવ બાળકના લાલન પાલનની પદ્ધતિથી જ અંકાય છે.

પ્રાચીન સાહિત્યનાં અધ્યયનથી જાણી શકાય છે કે પ્રાચીન કાળમાં રાજકુટુંબોમાં અને સંપન્ન ઘરોમાં શિશુ પાલનને માટે ધાવ માતાઓ રખાતી હતી, જેને ધાત્રી કહેવાય છે. ધાવ માતાઓ પાંચ પ્રકારની હતી– ૧. ક્ષીરધાત્રી– દૂધ પીવડાવનારી ૨. મજ્જનધાત્રી– સ્નાન કરાવનારી ૩. મંડનધાત્રી– સાજ–શૃંગાર કરાવનારી ૪. ક્રીડાધાત્રી–રમત–ગમત કરાવનારી, મનોરંજન કરાવનારી ૫. અંકધાત્રી– ખોળામાં રાખનારી.

**૧૧. મહાબલ :–** બલરાજાનો પુત્ર, સુદર્શન રાજાનો જીવ મહાબલ કુમાર. હસ્તિનાપુર ૧૬
નગરનો રાજા બલ અને તેની રાણી પ્રભાવતી હતી. એકવાર રાત્રે અર્ધનિંદ્રામાં રાણીએ સ્વપ્ન જોયું– એક સિંહ આકાશથી ઊતરીને તેના મુખમાં પ્રવેશ કરી રહ્યો છે. સિંહનું સ્વપ્ન જોઈને રાણી જાગી ગઈ અને રાજા બલના શયનખંડમાં જઈને સ્વપ્ન સંભળાવ્યું. રાજાએ મધુર સ્વરમાં કહ્યું–સ્વપ્ન ઘણું શ્રેષ્ઠ છે. તું તેજસ્વી પુત્રની માતા બનીશ. પ્રાતઃ રાજસભામાં રાજાએ સ્વપ્ન પાઠકોને પણ સ્વપ્નનું ફળ પૂછ્યું. સ્વપ્ન પાઠકોએ કહ્યું–રાજન્ ! સ્વપ્ન શાસ્ત્રમાં ૪૨ સામાન્ય અને ૩૦ મહાસ્વપ્ન છે. આ પ્રકારે કુલ ૭૨ સ્વપ્ન કહ્યાં છે.

તીર્થંકરોની માતા અને ચક્રવર્તીની માતા ૩૦ મહાસ્વપ્નોમાંથી આ ૧૪ સ્વપ્નો જુએ છે– (૧) હાથી (ગજ), (૨) વૃષભ (બળદ), (૩) સિંહ, (૪) લક્ષ્મી, (૫) પુષ્પમાળા, (૬) ચંદ્ર, (૭) સૂર્ય, (૮) ધ્વજા, (૯) કળશ (કુંભ), (૧૦) પદ્મસરોવર, (૧૧) સમુદ્ર, (૧૨) દેવવિમાન, (૧૩) રત્નરાશિ, (૧૪) નિર્ધૂમ અગ્નિ.

રાજન્ ! પ્રભાવતી દેવીએ એક મહાસ્વપ્ન જોયું છે. અતઃ તેનું ફળ અર્થલાભ, ભોગલાભ, પુત્રલાભ અને રાજ્યલાભ થાય. કાલાંતરમાં પુત્રનો જન્મ થયો, જેનું નામ મહાબલકુમાર રાખવામાં આવ્યું. કલાચાર્યની પાસે ૭૨ કળાઓનો અભ્યાસ કરીને મહાબલકુમાર કુશળ થઈ ગયા.

આઠ રાજકન્યાઓની સાથે મહાબલકુમારના વિવાહ કરવામાં આવ્યા. મહાબલકુમાર ભૌતિક સુખોમાં લીન થઈ ગયા.

એકદા મહાબલકુમારે ભગવાનનો ઉપદેશ શ્રવણ કરી દીક્ષિત થઈ મુનિધર્મ અંગીકાર કર્યો. ત્યાર પછી મહાબલમુનિએ ૧૪ પૂર્વોનું અધ્યયન કર્યું, અનેક પ્રકારનું તપ કર્યું, ૧૨ વર્ષ શ્રમણ પર્યાય પાળીને, બ્રહ્મલોક કલ્પમાં દેવરૂપમાં ઉત્પન્ન થયા.

*–ભગવતી શતક ૧૧, ઉદ્દેશક ૧૧.*

**૧૨. કોણિક :–** રાજા શ્રેણિકની રાણી ચેલ્લણાના પુત્ર, અંગ દેશની રાજધાની, ચંપાનગરીના અધિપતિ, ભગવાન મહાવીર સ્વામીના પરમ ભક્ત હતા. ૨૩

કોણિક રાજા એક પ્રસિદ્ધ રાજા હતા. જૈનાગમોમાં અનેક સ્થાને અનેક પ્રકારે તેનું વર્ણન મળે છે.

ભગવતી, ઔપપાતિક અને નિરયાવલિકા સૂત્રમાં કોણિકનું વિસ્તૃત વર્ણન છે. રાજ્યલોભને કારણે એણે પોતાના પિતા શ્રેણિકને કેદમાં નાંખી દીધા હતા. શ્રેણિકના મૃત્યુ પછી કોણિકે અંગદેશમાં ચંપાનગરીને પોતાની રાજધાની બનાવી હતી.

પોતાના સહોદર ભાઈ હલ્લ અને વિહલ્લ પાસેથી હાર અને સેચનક હાથીને લઈ લેવા પોતાના નાના ચેટક રાજા સાથે ભયંકર યુદ્ધ કર્યું, તે યુદ્ધ કોણિક–ચેટકયુદ્ધ પ્રસિદ્ધ છે.

**૧૩. જમાલી :–** વૈશાલીના ક્ષત્રિયકુંડના એક રાજકુમાર હતા. એકવાર ભગવાન ક્ષત્રિયકુંડ ગ્રામમાં પધાર્યા. જમાલી પણ ઉપદેશ સાંભળવા માટે આવ્યા. ૨૩

પોતાની આઠ પત્નીઓનો ત્યાગ કરીને તેણે પાંચસો ક્ષત્રિયકુમારોની સાથે ભગવાનની પાસે દીક્ષા લીધી.

જમાલીએ ભગવાનના સિદ્ધાંત વિરુદ્ધ પ્રરૂપણા કરી હતી, તેથી તે નિહ્નવ કહેવાયા.

*–ભગવતી શતક ૯, ઉદ્દેશક ૩૩.*

**૧૪. થાવર્ચાપુત્ર :–** દ્વારકા નગરીની સમૃદ્ધ થાવર્ચા ગાથાપત્નીનો પુત્ર જેણે એક હજાર પુરુષોની સાથે ભગવાન નેમનાથ પાસે દીક્ષા ગ્રહણ કરી. દીક્ષા મહોત્સવ શ્રી કૃષ્ણે કર્યો હતો. ૨૭

થાવર્ચાપુત્ર અણગારે ૧૪ પૂર્વોનું અધ્યયન કર્યું, અનેક પ્રકારે તપ કર્યું, અંતે સર્વ પ્રકારનાં દુઃખોનો અંત કરીને સિદ્ધ, બુદ્ધ અને મુક્ત થઈ ગયા.

*–જ્ઞાતાસૂત્ર, અધ્યયન–૫.*

**૧૫. મેઘકુમાર :–** મગધ સમ્રાટ શ્રેણિક અને ધારિણી દેવીના પુત્ર હતા. જેમણે ભગવાન મહાવીર સ્વામીની પાસે દીક્ષા ગ્રહણ કરી હતી. ૫

એકવાર ભગવાન મહાવીર રાજગૃહના ગુણશિલક ઉદ્યાનમાં પધાર્યા. મેઘકુમારે પણ ઉપદેશ સાંભળ્યો. માતા પિતા પાસે અનુમતિ લઈને ભગવાનની પાસે દીક્ષા ગ્રહણ કરી.

જે દિવસે દીક્ષા ગ્રહણ કરી તે રાત્રે મુનિઓનાં ગમનાગમનથી, પગની રજ અને ઠોકર લાગવાથી મેઘમુનિ વ્યાકુળ થઈ ગયા.

ભગવાને તેમને પૂર્વભવોનું સ્મરણ કરાવીને સંયમમાં ધીરજ રાખવાનો ઉપદેશ આપ્યો, તેથી મેઘમુનિ સંયમમાં સ્થિર થયા.

મેઘ મુનિએ એક માસની સંલેખના કરી, સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવરુપે ઉત્પન્ન થયા. મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધારણ કરીને સિદ્ધ થશે.
*–[જ્ઞાતા સૂત્ર, અધ્યયન– ૧]*

**૧૬. સ્કન્દક :–** સ્કન્દક સંન્યાસી શ્રાવસ્તિ નગરીના રહેવાસી, ગર્દભાલી પરિવ્રાજકના શિષ્ય અને ગૌતમ સ્વામીના પૂર્વ મિત્ર હતા. ભગવાન મહાવીરના શિષ્ય પિંગલક નિર્ગ્રંથના પ્રશ્નોના ઉત્તર ન દઈ શક્યા. ફળ સ્વરૂપે શ્રાવસ્તિના લોકો પાસે જ્યારે સાંભળ્યું કે ભગવાન મહાવીર અહીં પધાર્યા છે, ત્યારે તેમની પાસે ગયા અને પ્રશ્નોનું સમાધાન મળવાથી તે ભગવાન મહાવીરના શિષ્ય થઈ ગયા. ૫

સ્કન્દક મુનિએ સ્થવિરોની પાસે રહીને ૧૧ અંગોનું અધ્યયન કર્યું, ભિક્ષુની ૧૨ પ્રતિમાઓની ક્રમથી આરાધના કરી, ગુણરત્ન સંવત્સર તપ કર્યું, તેમનું શરીર દુર્બલ, ક્ષીણ અને અશક્ત થઈ ગયું. અંતમાં રાજગૃહીની પાસે વિપુલગિરિ ઉપર જઈને તેઓએ એક માસની સંલેખના કરી, કાળ કરીને ૧૨ મા દેવલોકમાં ગયા, મહાવિદેહ ક્ષેત્રથી સિદ્ધ થશે. સ્કન્દકમુનિની દીક્ષા પર્યાય ૧૨ વર્ષની હતી.

*–ભગવતી શતક – ૨, ઉદ્દેશ ૧.*

**૧૭. શ્રી કૃષ્ણ :–** શ્રી કૃષ્ણ વાસુદેવ. તેમની માતાનું નામ દેવકી અને પિતાનું નામ વાસુદેવ હતું. કૃષ્ણનો જન્મ પોતાના મામા કંસના કારાવાસમાં (જેલમાં) મથુરામાં થયો હતો. ૨૭

જરાસંઘના ઉપદ્રવોને કારણે શ્રીકૃષ્ણે વ્રજભૂમિને છોડીને દૂર સૌરાષ્ટ્રમાં જઈને દ્વારકા નગરી વસાવી.

શ્રીકૃષ્ણ ભગવાન નેમનાથના પરમ ભક્ત હતા. ભવિષ્યમાં તે "અમમ" નામના તીર્થંકર થશે. જૈન સાહિત્યમાં સંસ્કૃત અને પ્રાકૃત બન્ને ભાષાઓમાં શ્રીકૃષ્ણનું જીવન વિસ્તૃત રૂપમાં મળે છે.

દ્વારકાનો વિનાશ થઈ ગયા પછી શ્રીકૃષ્ણનું મૃત્યુ જરાકુમારના હાથે થયું.

**૧૮. લષ્ઠદંત :–** આ નામનો ઉલ્લેખ પ્રથમ વર્ગમાં પણ આવી ચૂક્યો છે. ત્યાં માતા ધારિણી તથા પિતા શ્રેણિક છે અને ઉપપાત જયંત વિમાનમાં કહ્યો છે. દ્વિતીય વર્ગમાં પણ લષ્ઠદંત નામનો ઉલ્લેખ આવે છે અને ત્યાં પણ માતા ધારિણી તથા પિતા શ્રેણિક જ છે તથા ઉપપાત વૈજયન્ત વિમાનમાં બતાવ્યો છે. પ્રશ્ન થાય છે કે શું આ લષ્ઠદંત એક જ વ્યક્તિનું નામ છે અથવા ભિન્ન વ્યક્તિઓનું એક જ નામ છે ? એક જ વ્યક્તિના નામની શક્યતા જણાતી નથી. એક વ્યક્તિનો અલગ–અલગ ઉપપાત ન હોઈ શકે અને સંખ્યા પ્રથમ વર્ગની ૧૦ અને આ વર્ગની ૧૩ બન્ને મળીને ૨૩ થવી જોઈએ. આ પણ એક વ્યક્તિ માનવાથી કેવી રીતે થઈ શકે ? "શ્રમણ ભગવાન મહાવીર" પુસ્તકના લેખક પુરાતત્ત્વવેત્તા આચાર્ય કલ્યાણ વિજયજીએ પોતાના ઉક્ત પુસ્તકના પૃ. ૯૩ ઉપર તીર્થંકર જીવનવાળા પ્રકરણમાં લખ્યું છે–"શ્રેણિકની ઉપયુક્ત ઘોષણાનો ઘણો સુંદર પ્રભાવ પડ્યો. અન્યાન્ય નાગરિકો સિવાય જાલિકુમાર, મયાલિ, ઉપયાલિ, પુરુષસેન, વારિષેણ, દીર્ઘદંત, લષ્ટદંત, વેહલ્લ, વેહાસ, અભય, દીર્ઘસેન, મહાસેન, લષ્ટદંત, ગૂઢદંત, શુદ્ધદંત, હલ્લ, દ્રુમ, દ્રુમસેન, મહાદ્રુમસેન, સિંહ, સિંહસેન, મહાસિંહસેન તથા પૂર્ણસેન વગેરે શ્રેણિકના આ ત્રેવીસ પુત્રો અને નંદા, નંદામતિ, નંદોત્તરા, નંદસેણિયા, મરુતા, સુમરુતા, મહામરુતા, મરુદેવા, ભદ્રા, સુભદ્રા, સુજાતા, સુમના અને ભૂતદત્તા નામની શ્રેણિકની તેર રાણીઓએ પ્રવ્રજિત થઈને ભગવાન મહાવીરના શ્રમણ સંઘમાં પ્રવેશ કર્યો." અસ્તુ વિભિન્ન સ્થળોએ આવેલ લષ્ટદંત નામ કોઈ એક વ્યક્તિનું ન હોય, ભિન્ન વ્યક્તિનું જ હોવાથી સૂત્રોક્ત ઉલ્લેખની સંગતિ થઈ શકે છે. ૧૧

**૧૯. ધન્ય અણગાર : ધન્યદેવ :–** મનુષ્યગતિ અથવા તિર્યંચગતિથી જે પ્રાણી દેવગતિમાં જન્મ લે છે, તેનું ત્યાં નવું નામ હોય છે. પરંતુ તેના પૂર્વ જન્મનું જ નામ વ્યવહારથી કથાઓમાં ચાલે છે, જે એકાંત નથી. ૪૮

ધન્યમુનિનું નામ ધન્યદેવ પડ્યું. દુર્દુર મરીને દેવ થયો તો તેનું નામ પણ દુર્દુર દેવ પડ્યું અને પ્રદેશી રાજાનું નામ સૂર્યાભ થયું.

## વિશિષ્ટ શબ્દ :-

**૧. શ્લેષ ગુટિકા :–** "શ્લેષ" શબ્દનો વાસ્તવિક અર્થ છે ચિપકવું – ચોંટવું. જ્યારે કોઈ ૩૯
કાગળના બે ટુકડાને ચિપકાવવાના હોય છે, ત્યારે ગુંદ આદિનો ઉપયોગ કરાય છે. તે શ્લેષ છે.

પ્રતીત થાય છે કે પ્રસ્તુત પ્રસંગમાં 'શ્લેષ' શબ્દનો અર્થ ગુંદ આદિ ચિપકાવનારી વસ્તુ છે. 'શ્લેષ' અર્થાત્ ગુંદની ગુટિકા–ગોળી તેનો અર્થ થાય છે, ગુંદની લાંબી વાટ. આ અર્થ અહીં સંગત બેસે છે. તેવા ધન્યકુમારના હોઠ થઈ ગયા હતા. પરંતુ "શ્લેષ" શબ્દ કફ અર્થનો વાચક નથી.

આચાર્ય હેમચંદ્રના કથનાનુસાર કફ, શ્લેષ્મ, વલાશ, સ્નેહભૂ અને ખર; આ પાંચ નામ શ્લેષ્મનાં છે. આમાં 'શ્લેષ' શબ્દ નથી આવ્યો.

**૨. ચાઉરંત :–** "ચાઉરંત" શબ્દનો અર્થ ચાર અંત. આખી પૃથ્વી ચાર દિશાઓમાં આવી જાય છે. જેમ ચક્રવર્તી રાજા ક્ષત્રિય ધર્મનું ઉત્તમ રીતિથી પાલન કરતાં, તે ચારે દિશાઓનો અંત કરે છે, ચારે ય દિશાઓ ઉપર વિજય મેળવે છે, આખી પૃથ્વી પર પોતાનું પ્રભુત્વ સ્થાપિત કરે છે. તેમ ભગવાન મહાવીરે ચાર અંતવાળા મનુષ્યગતિ, દેવગતિ, તિર્યંચગતિ અને નરકગતિ રૂપ સંસાર ઉપર, વાસ્તવિક લોકોત્તર ધર્મનું પાલન કરતાં વિજય પ્રાપ્ત કર્યો. તેમણે લોકોત્તર ક્ષાત્ર ધર્મથી પોતાના અંતરંગ વૈરી રાગ–દ્વેષ તથા ક્રોધ, માન, માયા, લોભ આદિને જીતીને પૂર્ણરૂપથી વિજય પ્રાપ્ત કર્યો. ભગવાન ધર્મના ચક્રવર્તી છે. અતઃ આ તેની ઉપમા છે.

**૩. છટ્ઠં છટ્ઠેણં :–** શાસ્ત્રમાં આવતાં ચઉત્થ, છઠ, અટ્ઠમ વગેરે બધા તપસ્યાનાં રૂઢ ૨૮
નામો છે અર્થાત્ ચઉત્થ, છઠ આદિ ઉપવાસ, છઠ વગેરેના નામ છે. નામ સાર્થક, યૌગિક, રૂઢ અનેક પ્રકારનાં હોય છે. તેના શબ્દાર્થ કરી ઉપવાસમાં ચાર ભક્તનો ત્યાગ, છઠમાં છ ભક્ત અર્થાત્ છ વાર ભોજનનો ત્યાગ આવા અર્થની કલ્પના પણ કરવામાં આવે છે. તેની વિચારણા આ પ્રમાણે છે–

ચોથા આરામાં આહારની ઈચ્છા એક દિવસમાં એક વાર થાય તેનો ભક્ત એક જ થાય છે. જો કે ચોથા આરાના છેલ્લા સમયે બે ભક્ત માની લઈએ તો પણ ગૌતમ સ્વામી વગેરેના જીવનભર છઠને પારણે છઠનો બંધ બેસતો નથી કારણ કે દિવસનાં બે ભક્ત ગણાય તેમાંનો એક ભક્ત પેલાના છઠમાં ગણાઈ જાય અને બીજો ભક્ત આગળ ના છઠમાં ગણાઈ જાય, તો પારણાને દિવસે જે આહાર કરશે તે ત્રીજો ભક્ત થશે, જે યોગ્ય ન કહેવાય. એટલે એક દિવસના બે ભક્તનો ત્યાગ માનીને અર્થ કરતાં નિરંતર

જીવનભર છઠને પારણે છઠ કરનારાઓને છ ભક્તનો ત્યાગ કરવો જરૂરી હોય તો પછી પારણું ક્યારેય થાય નહીં. આ જ રીતે ચઉત્થના પારણે ચઉત્થ, અઠ્ઠમના પારણે અઠ્ઠમ કરનારને તેટલા ભક્તના ત્યાગ ગણવાથી પારણાનો કોઈ સમય રહે જ નહીં માટે એમ માનવામાં આવે છે કે ચઉત્થભક્ત, છઠ, અઠ્ઠમ આદિ આ નામ સંજ્ઞા છે જેનો શબ્દાર્થ ઘટવો જરૂરી હોતો નથી. આગમમાં આવા કેટલા બધા નામો છે જેનો ત્યાં કંઈ અર્થ ઘટિત થતો નથી. વ્યાકરણ અનુસાર તથા વ્યવહાર અનુસારે પણ બધાં નામો સાર્થક જ હોય એવો કોઈ નિયમ થતો નથી.

**૪. આયંબિલ :–** "આયંબિલ" શબ્દ એક સામાસિક શબ્દ છે. તેમાં બે શબ્દ છે– ૨૮
આયામ અને અમ્લ. આયામનો અર્થ છે બધા, સમસ્ત અને અમ્લનો અર્થ છે રસ. બધા રસોનો, સ્વાદનો પૂર્ણ રીતે ત્યાગ કરવો તે આયંબિલ તપ છે. અભિધાન રાજેન્દ્ર કોશમાં બતાવેલ છે કે એક કે બે કોઈ પણ રૂક્ષ ખાદ્યપદાર્થ પાણીમાં પલાળી નીરસ કરી ખાવા તે આયંબિલ છે.

**૫. સંસૃષ્ટ :–** ગૃહસ્થ ભોજન કરી રહ્યા હોય અને મુનિરાજ ગૌચરીને માટે ગૃહસ્થના ૨૯
ઘરે પહોંચે, ત્યારે ભોજન કરતાં દાતાના હાથ શાક, દાળ, ચોખા વગેરેથી અથવા કોઈ રસાળ પદાર્થથી લિપ્ત હોય અર્થાત્ સંસૃષ્ટ હોય અને તે દાતા તે જ સંસૃષ્ટ હાથે ભિક્ષા દેવા તત્પર હોય, તો એવા ભિક્ષાન્નને સંસૃષ્ટ અન્ન કહેવાય છે. પ્રસ્તુતમાં ધન્ય અણગારને આવા સંસૃષ્ટ હાથથી દેવાયેલ અન્ન લેવાનો સંકલ્પ હતો. શાસ્ત્રોમાં તેના અનેક ભંગ કરીને વિવેચન કરાયું છે.

**૬. ઉચ્ચ, નિમ્ન, મધ્યમ કુળ :–**પ્રસ્તુતમાં ઉચ્ચ, નિમ્ન અથવા મધ્યમ શબ્દ કોઈ ૩૦
જાતિ અથવા વંશની અપેક્ષાથી વિવક્ષિત નથી. માત્ર સંપત્તિવાન કુળને લોકો ઉચ્ચકુળ કહે છે. સંપતિવિહીન કુળને નિમ્ન કુળ કહે છે અને સાધારણકુળ મધ્યમકુળ કહેવાય છે. જાતિ અથવા વંશની વિવક્ષા નથી. આચારાંગ સૂત્રમાં કહેલ છે કે લોકમાં જે અજુગુપ્સિત, અગર્હિત કુલ છે તેવા ઘરોમાં જૈન મુનિને ગોચરી જવાનું હોય છે. નિશીથ સૂત્રમાં જુગુપ્સિત ગર્હિત કુળમાં ગોચરી જવાનું પ્રાયશ્ચિત્ત કહેલ છે માટે અહીં ઉચ્ચ નિમ્ન શબ્દપ્રયોગથી સંપન્ન તથા અસંપન્ન અર્થ કરવો ઉચિત છે.

**૭. सामाइयमाइयाइं एगारस अंगाइं :–** સામાયિક આદિ અગિયાર અંગનું ૫
અધ્યયન કર્યું. કોઈ પણ સંયમ સાધકને અધ્યયન કરવામાં સર્વ પ્રથમ સમાયિક આદિ છ આવશ્યક રૂપ સામાયિક પ્રતિક્રમણનું જ અધ્યયન કરવામાં આવે છે. તેથી એના સહિત અગિયાર અંગ અથવા બાર અંગનું અધ્યયન કરવાનો પાઠ આવે છે. આચારાંગ આદિનો સમાવેશ **एगारस अंगाइं** માં થઈ જાય છે. સામાયિક વગેરે આવશ્યક સૂત્ર

છે. આવશ્યક સૂત્ર આચારાંગ આદિ અંગસૂત્રોથી પણ પ્રાથમિક અને આવશ્યક છે માટે **सामाइयमाइयाइं एगारस अंगाइं** આવો પાઠ ઉપલબ્ધ થાય છે. સૂત્રપાઠમાં જ્યાં નવ દિક્ષીત સાધુના અધ્યયન માટે एगारस अंगाइं પાઠ હોય ત્યાં પણ સામાયિક આદિ અગિયાર અંગનું અધ્યયન કર્યું, તેમ સમજી લેવું.

**૮. उक्कमेणं सेसा :–** શેષ ઉત્ક્રમથી ઉત્પન્ન થયા. ૯

કોઈપણ ગણનામાં ક્રમશઃ પ્રથમથી અંતિમ સુધી જવું, તેને અનુક્રમ કહે છે જેમ કે– પાંચ અનુત્તર વિમાનની ગણનામાં વિજય, વૈજયંત, જયંત, અપરાજિત, સર્વાર્થસિદ્ધ વિમાન, આ અનુક્રમ છે. તેનાથી વિપરીત અંતિમથી પ્રથમ સુધીની ગણનાને ઉત્ક્રમ કહે છે. સર્વાર્થસિદ્ધ વિમાનથી વિજય વિમાન પર્યંતની ગણના ઉત્ક્રમ છે.

અનુત્તરોપપાતિક સૂત્રના પ્રથમ વર્ગના પ્રથમ અધ્યયનમાં દશ કુમારોનું દેવલોક સંબંધી ઉપપાત = જન્મ વર્ણન કરાયું છે. જે આ પ્રકારે છે–

જાલી, મયાલિ, ઉપજાલી, પુરુષસેન તથા વારિષેણ અનુક્રમથી વિજય, વૈજયંત જયંત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધમાં ઉત્પન્ન થયા. દીર્ઘદંત સર્વાર્થસિદ્ધ માં ઉત્પન્ન થયા.

શેષ ચાર ઉત્ક્રમથી ઉત્પન્ન થયા. જેમ કે અપરાજિતમાં લષ્ટદંત, જયંતમાં વેહલ્લ, વૈજયંતમાં– વેહાયસ અને વિજયમાં અભય. આ રીતે ઉત્ક્રમથી અનુત્તર વિમાનમાં જવાનું કથન કરેલ છે.

## ગુરુ પ્રાણ આગમ બત્રીસીના
## શ્રુત સહયોગી દાતાઓ

**: પ્રથમ આગમ વિમોચક :**

માતુશ્રી ચંપાબેન શાંતીલાલ પરષોત્તમદાસ સંઘવી તથા
માતુશ્રી મૃદુલાબેન નવનીતરાય શાંતીલાલ સંઘવી ના સ્મરણ સાથે
સૌ. કુંદનબેન જયંતીલાલ શાંતીલાલ સંઘવી
શ્રી નવનીતરાય શાંતીલાલ સંઘવી
શ્રી રાજીવ જયંતીલાલ, શ્રી શૈલેશ નવનીતરાય, શ્રી હિરેન નવનીતરાય સંઘવી

**શ્રુતાધાર**

- માતુશ્રી કુસુમબેન શાંતિલાલ શાહ
  હસ્તે – સુપુત્ર શ્રી ઈપ્સિત – ડો. નીતા શાહ, શ્રી ભાષિત – દર્શિતા શાહ — મુંબઈ
- માતુશ્રી સવિતાબેન ડો. નાનાલાલ શાહ (હેમાણી)
  સુપુત્ર શ્રી સતીષ – રશ્મિ શાહ, સુપુત્રી શ્રીમતી ડો. ભારતી – ડો. રશ્મિકાંત શાહ — U.S.A.
- સાધ્વી સુબોધિકા (ભદ્રા) જૈન ટ્રસ્ટ, માતુશ્રી લલિતાબેન પોપટલાલ શાહ (હેમાણી)
  બહેન–શ્રીમતી લતા શરદ શાહ, શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી — આકોલા
- શ્રીમતી દત્તા ગિરીશ શાહ (પૂ. સુબોધિકાબાઈ મ. ના ભાઈ–ભાભી) સુપુત્ર
  શ્રી મુંજાલ – વિજ્યા , શ્રી ભાવિન – તેજલ, સુપુત્રી નિવિશા મનીષ મહેતા — U.S.A.
- પૂ. આરતીબાઈ મ. ના બહેનો – શ્રીમતી સરોજબેન જશવંતરાય દોમડિયા
  શ્રીમતી હર્ષાબેન વસંતરાય લાઠીયા હસ્તે – શ્રી અલકેશ, શ્રી પ્રિયેશ, શ્રી હેમલ — મુંબઈ
- માતુશ્રી જયાબેન શાંતીલાલ કામદાર, માતુશ્રી રમાબેન છોટાલાલ દફતરી
  હસ્તે શ્રીમતી પ્રેમિલાબેન કિરીટભાઈ દફતરી — U.S.A.
- ડો. ભરતભાઈ ચીમનલાલ મહેતા
  સુપુત્ર–ચી. મલય, સુપુત્રી શ્રીમતી વિરલ આશિષ મહેતા — રાજકોટ
- માતુશ્રી વિજ્યાલક્ષ્મીબહેન માણેકચંદ શેઠ
  સુપુત્ર શ્રી દિલસુખભાઈ શેઠ, શ્રી ચંદ્રકાંતભાઈ શેઠ (શેઠ બિલ્ડર્સ) — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- શ્રી રતિગુરુ ચેરીટેબલ ટ્રસ્ટ, હસ્તે ટી. આર. દોશી — રાજકોટ
- માતુશ્રી હીરાગૌરી હરિલાલ દોશી, શ્રીમતી પૂર્ણિમાબેન નરેન્દ્ર દોશી
  હસ્તે – નરેન્દ્ર – મીના દોશી, કુ. મેઘના, કુ. દેશના — રાજકોટ

| | |
|---|---|
| • માતુશ્રી કાશ્મીરાબેન કાંતિભાઈ શેઠ<br>હસ્તે – શ્રીમતી હેતલ સંજય શેઠ, કુ. ઉપાસના, કુ. કીંજલ | રાજકોટ |
| • માતુશ્રી જશવંતીબેન શાંતીલાલ તુરખીયા, શ્રીમતી ભાવના દિલીપ તુરખીયા<br>હસ્તે – દિલીપ એસ. તુરખીયા, સુપુત્ર – શ્રી પારસ – રિદ્ધિ તુરખીયા | મુંબઈ |
| • માતુશ્રી કિરણબેન પ્રવીણચંદ્ર દોશી<br>હસ્તે સુપુત્ર શ્રી નીરવ – તેજલ દોશી, કુ. પ્રિયાંશી, કુ. ઝીલ | મુંબઈ |
| • માતુશ્રી મંજુલાબેન છબીલદાસ ચૂડગર<br>હસ્તે – સુપુત્ર શ્રી કેતન – આરતી ચૂડગર, કુ. ધ્રુવી | મુંબઈ |
| • શ્રી લક્ષ્મીચંદભાઈ જસાણી પરિવાર | રાજકોટ |
| • શ્રી પ્રવિણભાઈ ગંભીરદાસ પારેખ | મુંબઈ |
| • કુ. વિધિ ગિરીશ જોશી, કુમાર કુશાન ગિરીશ જોશી<br>હસ્તે – શ્રીમતી નીલાબેન ગિરીશભાઈ જોશી | મુંબઈ |
| • શ્રી પરેશભાઈ સુમતીભાઈ શાહ | મુંબઈ |
| • શ્રી કિશોરભાઈ શાહ | મુંબઈ |
| • શ્રી રમેશભાઈ ગટુલાલ કામદાર | ચેમ્બુર |
| • માતુશ્રી લીલાવતીબેન નીમચંદ નથુભાઈ દોશી, સ્વ. કિશોરકુમાર નીમચંદ દોશી,<br>સ્વ. મૃદુલા કુંદનકુમાર મહેતા. હસ્તે – હર્ષદ અને કુમકુમ દોશી | કલકત્તા |
| • માતુશ્રી તારાબેન મોદી | કલકત્તા |
| • માતુશ્રી મધુકાંતાબેન નંદલાલ ભીમાણી<br>હસ્તે – શ્રી રાજેશભાઈ ભીમાણી | કલકત્તા |
| • માતુશ્રી કીકીબેન દેસાઈ, હસ્તે – શ્રી શૈલેશભાઈ–મીનાબેન દેસાઈ | મુંબઈ |
| • શ્રી અંજલભાઈ ઢાંકી | મુંબઈ |
| • ગુરુભક્ત | રાજકોટ |
| • શ્રી હેમેન્દ્રભાઈ પૂંજાણી | |
| • માતુશ્રી ચંપકબેન શશીકાંતભાઈ મહેતા, હસ્તે – સુપુત્રી શ્રી કિરીટ–અરૂણા,<br>શ્રી અજય – નીતા, શ્રી કમલેશ – દિવ્યા, સુપુત્રી – નિરૂપમા – નિરંજન દોશી | મુંબઈ |
| • માતુશ્રી નર્મદાબેન રૂગનાથ દોશી, હસ્તે – શ્રી કાંતીભાઈ રૂગનાથ દોશી | કલકત્તા |
| • શ્રી હેમલતાબેન નટવરલાલ મણીયાર | વડોદરા |
| • માતુશ્રી અમૃતબેન ભગવાનજી અવલાણી પરિવાર<br>હસ્તે – શ્રી રમણીકભાઈ ભગવાનજી અવલાણી | કલકત્તા |
| • શ્રી કેશવજીભાઈ શાહ પરિવાર | કલકત્તા |

## શ્રુત અનુમોદક

- શ્રીમતી ડો. ભારતીબેન – ડો. રશ્મિકાંત કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી લતાબેન – શ્રી શરદભાઈ કાંતીલાલ શાહ — U.S.A.
- શ્રીમતી હર્ષા ભૂપેન્દ્ર મોદી, શ્રીમતી જીમિતા હિરેન મોદી,
  શ્રીમતી ડો. શ્રુતિ મહેશ વર્મા, શ્રીમતી ભવિતા જયંત ઈંગળે — આકોલા
- શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી પ્રાણ મહિલા મંડળ, હસ્તે – અધ્યક્ષા સૌ. હર્ષાબેન મોદી — આકોલા
- માતુશ્રી નિર્મળાબેન લાલચંદ ભરવાડા — કોલ્હાપુર
- શ્રી પરેશભાઈ રમેશચંદ્ર સુતરીયા — મુંબઈ
- માતુશ્રી સુશીલાબેન કાંતીલાલ પંચમીયા — મુંબઈ
- શ્રી મીનાબેન હરીશભાઈ દેસાઈ — કલકત્તા

## શ્રુત સદસ્ય

- શ્રી પારિતોષ આર. શાહ — મુંબઈ
- શ્રીમતી રાજુલ રજનીકાંત શાહ — મુંબઈ
- જૈન જાગૃતિ સેન્ટર — વાશી (મુંબઈ)
- શ્રી મુકુન્દ આર. શેઠ — મુંબઈ
- શ્રી કેતનભાઈ શાહ — મુંબઈ
- શ્રીમતી ગુણવંતીબેન પ્રફુલ્લચંદ્ર દોમડીયા — મુંબઈ
- શ્રી સુધીરભાઈ પી. શાહ — મુંબઈ
- શ્રી રાજેશ કલ્યાણભાઈ ગાલા — મુંબઈ
- શ્રીમતી મૃદુલાબેન નવનીતરાય સંઘવી
  હસ્તે – સૌ. હીના શૈલેશ સંઘવી, સૌ. સોનલ હિરેન સંઘવી — કલકત્તા


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર


આગમ શાસ્ત્ર
આગમ શાસ્ત્ર

PARASDHAM

Vallabh Baug Lane, Tilak Road,
Ghatkopar (E), Mumbai - 400 077.
Tel : 32043232.

www.parasdham.org
www.jainaagam.org